नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૪૩

# ઉત્તરાધ્યયન

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૪૩

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૪૩) ઉત્તરાધ્યયન

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી- ૨૦૭૬, ચૈત્ર સુદ-૬

અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

-: ટાઈપ સેટિંગ :-

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

-: પ્રિન્ટર્સ :-

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૪૩ ‘ઉત્તરાધ્યયન’

## મૂલ સૂત્ર– ૪ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | અધ્યયન | | | અધ્યયન | |
| ૧ | વિનયશ્રુત | ૦૦૬ | ૧૯ | મૃગાપુત્ર | ૦૬૧ |
| ૨ | પરિષહવિભક્તિ | ૦૧૧ | ૨૦ | મહાનિર્ગ્રંથ | ૦૬૬ |
| ૩ | ચાતુરંગીય | ૦૧૫ | ૨૧ | સમુદ્રપાલીય | ૦૭૦ |
| ૪ | અસંખય | ૦૧૭ | ૨૨ | રથનેમી | ૦૭૨ |
| ૫ | અકામમરણ | ૦૧૯ | ૨૩ | કેસી-ગૌતમ | ૦૭૫ |
| ૬ | ક્ષુલ્લકનિર્ગ્રંથીય | ૦૨૨ | ૨૪ | પ્રવચનમાતા | ૦૮૦ |
| ૭ | ઉરભિજ્જં | ૦૨૪ | ૨૫ | યજ્ઞીય | ૦૮૨ |
| ૮ | કાપિલિય | ૦૨૭ | ૨૬ | સામાચારી | ૦૮૪ |
| ૯ | નમિપ્રવ્રજ્યા | ૦૨૯ | ૨૭ | ખલુંકીય | ૦૮૭ |
| ૧૦ | દ્રુમપત્રક | ૦૩૩ | ૨૮ | મોક્ષમાર્ગગતિ | ૦૮૯ |
| ૧૧ | બહુશ્રુતપૂજા | ૦૩૬ | ૨૯ | સમ્યક્ત્વપરાક્રમ | ૦૯૩ |
| ૧૨ | હરિકેશી | ૦૩૯ | ૩૦ | તપમાર્ગગતિ | ૧૦૨ |
| ૧૩ | ચિત્ર-સંભૂતિ | ૦૪૩ | ૩૧ | ચરણવિધિ | ૧૦૪ |
| ૧૪ | ઈષુકારીય | ૦૪૬ | ૩૨ | પ્રમાદસ્થાન | ૧૦૬ |
| ૧૫ | તે-ભિક્ષુ | ૦૫૦ | ૩૩ | કર્મપ્રકૃતિ | ૧૧૧ |
| ૧૬ | બ્રહ્મચર્યસમાધિસ્થાન | ૦૫૨ | ૩૪ | લેશ્યાઅધ્યયન | ૧૧૩ |
| ૧૭ | પાપશ્રમણ | ૦૫૫ | ૩૫ | અણગારમાર્ગગતિ | ૧૧૭ |
| ૧૮ | સંયત | ૦૫૭ | ૩૬ | જીવાજીવવિભક્તિ | ૧૧૮ |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ) | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं)** | 04 |
| | **-3- आगममञ्जूषा मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु)** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |
| | | | | | |

**1**-આગમ સાહિત્ય કુલ પુસ્તક) **518**

2-આગમેતર સાહિત્ય કુલ પુસ્તક) **085**

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય **603**

# [૪૩] ઉત્તરાધ્યયન

## મૂલસૂત્ર-૪- ગુજરાતી ભાવાનુવાદ

## અધ્યયન-૧ 'વિનયશ્રુત'

**સૂત્ર-૧**

જે સાંસારિક સંયોગોથી મુક્ત છે, અનગારગૃહત્યાગી) છે, ભિક્ષુ છે. તેમના વિનયધર્મનું અનુક્રમથી નિરૂપણ કરીશ, તેને મારી પાસેથી ધ્યાનથી સાંભળો.

**સૂત્ર-૨**

જે ગુરુની આજ્ઞાનું પાલન કરે છે, ગુરુના સાન્નિધ્યમાં રહે છે અને ગુરુના ઇંગિત અને આકારને જાણે છે, તે વિનીત કહેવાય છે.

**સૂત્ર-૩**

જે ગુરુની આજ્ઞાનું પાલન કરતો નથી. ગુરુના સાન્નિધ્યમાં રહેતો નથી, ગુરુ પ્રત્યનીક છે, અસંબુદ્ધ તત્ત્વબોધથી રહિત) છે, તે અવિનીત કહેવાય છે.

**સૂત્ર-૪**

જેમ સડેલા કાનવાળી કૂતરી ધૃણા સાથે બધા સ્થાનોથી કાઢી મૂકાય છે. તે જ પ્રકારે દુઃશીલ, પ્રત્યનીક, વાચાળ શિષ્યને બધેથી કાઢી મૂકાય છે.

**સૂત્ર-૫**

જે પ્રમાણે સુવર ચોખાના ભૂસાને છોડીને વિષ્ઠાને ખાય છે તે પ્રમાણે મૃગબુદ્ધિ પશુબુદ્ધિવાળો અજ્ઞાની) શિષ્ય શીલનો ત્યાગ કરી દુઃશીલતામાં રમણ કરે છે.

**સૂત્ર-૬**

પોતાના હીતને ઇચ્છતો ભિક્ષુ સડેલ કાનવાળી કૂતરી અને વિષ્ઠાભોજી સુવર સમાન દુઃશીલથી થનારી મનુષ્યની હીન સ્થિતિને સમજીને પોતાને વિનયમાં સ્થાપિત કરે છે.

**સૂત્ર-૭**

એ કારણે વિનય કરવો જોઈએ, જેનાથી શીલની પ્રાપ્તિ થાય. જે બુદ્ધપુત્ર છે, મોક્ષાર્થી છે. તે શિષ્યને ક્યાંયથી પણ કાઢી મૂકાતો નથી.

**સૂત્ર-૮**

શિષ્ય જ્ઞાની ગુરુજનોની પાસે સદા પ્રશાંતભાવથી રહે, વાચાળ ન બને, અર્થપૂર્ણ પદોને શીખે, નિરર્થક વાતોને છોડી દે.

**સૂત્ર-૯**

ગુરુ દ્વારા અનુશાસિત થતા શિષ્ય કોપ ન કરે, તે પંડિત ક્ષમાને આરાધે, ક્ષુદ્ર સાથે સંસર્ગ, હાસ્ય અને ક્રીડાનો પણ ત્યાગ કરે.

**સૂત્ર-૧૦**

શિષ્ય આવેશમાં આવી કોઈ ચાંડાલિક અકર્મ ન કરે, બકવાસ ન કરે, અધ્યયન કાલે અધ્યયન કરે, પછી

એકાકી ધ્યાન કરે.

સૂત્ર-૧૧

આવેશથી કદાચ કોઈ શિષ્ય ચાંડાલિક વ્યવહાર કરી પણ લે તો તેને કદી ન છૂપાવે, કર્યો હોય તો કર્યો છે, તેમ કહે અને ન કર્યો હોય તો 'ન કર્યો' તેમ કહે.

સૂત્ર-૧૨

જેમ અડીયલ ઘોડાને વારંવાર ચાબૂકની જરૂરત હોય છે, તેમ શિષ્ય ગુરુના વારંવાર આદેશ વચનોની અપેક્ષા ન કરે. પરંતુ જેમ આકીર્ણ અશ્વ ચાબૂકને જોઈને જ ઉન્માર્ગને છોડી દે, તે રીતે યોગ્ય શિષ્ય ગુરુના સંકેત માત્રથી પાપકર્મને છોડી દે.

સૂત્ર-૧૩

આજ્ઞામાં ન રહેનારા, વિચાર્યા વિના બોલનારા, કુશીલ, મૃદુ સ્વભાવવાળા શિષ્યો ગુરુને પણ ક્રોધિત કરે છે. ગુરુને મનોનુકૂલ ચાલનારા, પટુતાથી કાર્ય કરનાર, જલદી કુપિત થનારા દુરાશ્રય ગુરુને પણ પ્રસન્ન કરી લે છે.

સૂત્ર-૧૪

પૂછ્યા વિના કાંઈ ન બોલે, પૂછે ત્યારે અસત્ય ન કહે, કદાચ ક્રોધ આવી જાય તો, તેને નિષ્ફળ કરે. આચાર્યની પ્રિય અને અપ્રિય, બંને શિક્ષાઓને ધારણ કરે.

સૂત્ર-૧૫

પોતાના આત્માનું જ દમન કરવું જોઈએ, કેમ કે આત્મા જ નિશ્ચે દુર્દમ છે. આત્માને દમનાર આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

સૂત્ર-૧૬

સંયમ અને તપ વડે મારા આત્માને દમવો તે સારુ છે પણ વધ અને બંધન દ્વારા બીજાથી હું દમન કરાઉં તે સારું નથી.

સૂત્ર-૧૭

જાહેરમાં કે ખાનગીમાં વાણીથી કે કર્મથી ક્યારેય આચાર્યોની પ્રતિકૂળ આચરણ ન કરવું જોઈએ.

સૂત્ર-૧૮

આચાર્યની જોડે ન બેસે, આગળ કે પીઠ પાછળ ન બેસે. ગુરુની બહુ જ નિકટ જાંઘ અડાડીને ન બેસે. સંથારામાં જ રહીને ગુરુના કથિત આદેશની સ્વીકૃતિ રૂપ ઉત્તર ન આપે.

સૂત્ર-૧૯

ગુરુ સામે પલાઠી મારીને ન બેસે, બંને હાથોથી શરીર બાંધીને ન બેસે તથા પગને ફેલાવીને ન બેસે.

સૂત્ર-૨૦

ગુરુની કૃપાને ઈચ્છનારો મોક્ષાર્થી શિષ્ય, આચાર્યો દ્વારા બોલાવાતા કોઈપણ સ્થિતિમાં મૌન ન રહે પણ નિરંતર તેમની સેવામાં ઉપસ્થિત રહે.

સૂત્ર-૨૧

ગુરુ દ્વારા એક કે અનેકવાર બોલાવાતા બુદ્ધિમાન શિષ્ય બેસી ન રહે, પણ આસન છોડીને, તેમના આદેશને યત્નપૂર્વક સ્વીકારે.

સૂત્ર-૨૨

આસન કે શય્યા ઉપર બેસીને ગુરુને કોઈ વાત ન પૂછે, પણ તેમની સમીપે આવીને ઉત્કટુક આસને બેસીને,

હાથ જોડીને પૂછે.

સૂત્ર–૨૩

એ પ્રમાણે વિનયયુક્ત શિષ્ય વડે પૂછાતા, ગુરુ સૂત્ર – અર્થ અને તદુભય, તે બંનેનું યથાશ્રુત નિરૂપણ કરે.

સૂત્ર–૨૪

ભિક્ષુ અસત્યનો પરિહાર કરે, નિશ્ચયાત્મક ભાષા ન બોલે, ભાષાદોષનો પરિહાર કરે અને સદા માયાનું વર્જન કરે.

સૂત્ર–૨૫

કોઈ પૂછે તો પણ પોતાના માટે, બીજાના માટે કે બંનેને માટે સાવદ્ય ભાષા ન બોલે, નિરર્થક ન બોલે, મર્મભેદક વચન ન કહે.

સૂત્ર–૨૬

લુહારની શાળામાં, ઘરોમાં, ઘરોની વચ્ચે સંધિમાં, રાજમાર્ગમાં એકલા મુનિ, એકલી સ્ત્રી સાથે ઊભા ન રહે કે વાત ન કરે.

સૂત્ર–૨૭

“પ્રિય અથવા કઠોર શબ્દથી આચાર્ય મારા ઉપર જે અનુશાસન કરે છે, તે મારા લાભને માટે છે.” એમ વિચારી પ્રયત્નપૂર્વક તેમના અનુશાસનને સ્વીકારે.

સૂત્ર–૨૮

કઠોર કે કોમળ અનુશાસન, દુષ્કૃત્યનું નિવારક થાય છે, બુદ્ધિમાન શિષ્ય તેને હિતકર માને છે, અસાધુને માટે તે દ્વેષનું કારણ બને છે.

સૂત્ર–૨૯

ભયરહિત, મેધાવી, પ્રબુદ્ધ શિષ્ય ગુરુના કઠોર અનુશાસનને પણ હિતકર માને છે. પણ તે જ ક્ષમા અને ચિત્ત વિશુદ્ધિકર અનુશાસન મૂર્ખને માટે દ્વેષનું નિમિત્ત થઈ જાય છે.

સૂત્ર–૩૦

શિષ્ય એવા આસને બેસે કે જે ગુરુના આસનથી નીચુ હોય, જેમાંથી અવાજ નીકળતો ન હોય, સ્થિર હોય. આસનથી વારંવાર ન ઉઠે, પ્રયોજન હોય તો પણ ઓછા ઊઠે, સ્થિર અને શાંત બેસે, ચપળતા ન કરે.

સૂત્ર–૩૧

ભિક્ષુ સમયે જ ભિક્ષાને માટે નીકળે અને સમયે જ પાછા ફરે. અકાળે કોઈ કાર્ય ન કરે. બધા કાર્ય સ્વ–સ્વકાળે જ આચરે.

સૂત્ર–૩૨

ભિક્ષાર્થે ગયેલ ભિક્ષુ, ભોજનાર્થે એકઠા થયેલા લોકોની પંક્તિમાં ન ઊભા રહે. મર્યાદાનુરૂપ એષણા કરીને ગૃહસ્થ દત્ત આહાર સ્વીકારે અને શાસ્ત્રોક્ત કાળે પરિમિત ભોજન કરે.

સૂત્ર–૩૩

જો પહેલાંથી અન્ય ભિક્ષુ ગૃહસ્થના દ્વારે ઊભા હોય તો તેમનાથી અતિ દૂર કે અતિ નિકટ ન રહે. દેનાર ગૃહસ્થની દૃષ્ટિ સામે ન ઊભા રહે. પણ એકાંતમાં એકલા ઊભા રહે, ભિક્ષુને ઉલ્લંઘીને ભોજન લેવા ન જાય.

સૂત્ર–૩૪

સંયમી મુનિ પ્રાસુક અને પરકૃત આહાર લે, પરંતુ ઘણા ઊંચા કે નીચા સ્થાનેથી લાવેલ કે અતિ નજીક કે

દૂરથી દેવાતો આહાર ન લે.

સૂત્ર-૩૫

સંયમીમુનિ; પ્રાણી અને બીજોથી રહિત, ઉપરથી ઢાંકેલ અને સંવૃત્ત મકાનમાં, પોતાના સહધર્મી સાથે, ભોજનને જમીન ઉપર ન પડવા દેતો યતનાપૂર્વક આહાર કરે.

સૂત્ર-૩૬

આહાર કરતી વેળાએ મુનિ, ખાદ્ય પદાર્થના સંબંધમાં આ આહાર સારો કરેલ છે, સુપક્વ છે, સારી રીતે છેદેલ છે, તેમાંની ચીકાશ કે કડવાશ સારી રીતે દૂર કરેલ છે, ઘી વગેરે સારા પ્રમાણમાં છે,, સુનિષ્ઠિત છે, સુલષ્ટ છે, ઇત્યાદિ પ્રશંસાયુક્ત સાવદ્ય વચનને મુનિ વર્જે.

સૂત્ર-૩૭

જે રીતે વાહક સારા ઘોડાને ચલાવતા પ્રસન્ન થાય તે રીતે મેધાવી શિષ્યને શિક્ષા આપતા આચાર્ય એ જ રીતે પ્રસન્ન થાય છે, અને અબોધ શિષ્યને શિક્ષા આપતા આચાર્ય કે ગુરુ, ગલિત અશ્વને ચલાવતા વાહકની માફક ખિન્ન થાય છે ખેદ પામે છે).

સૂત્ર-૩૮

ગુરુના કલ્યાણકારી અનુશાસનને પાપદષ્ટિવાળો શિષ્ય ઠોકર, થપ્પડ, આક્રોશ અને વધ સમાન કષ્ટકારી સમજે છે.

સૂત્ર-૩૯

ગુરુ મને પુત્ર, ભાઈ, સ્વજન સમજી શિક્ષા આપે છે. એમ સમજી વિનીત શિષ્ય તેને કલ્યાણકારી માને છે, પાપ દષ્ટિ શિષ્ય હિતાનુશાસનથી પોતાને દાસ સમાન હીન સમજે છે.

સૂત્ર-૪૦

શિષ્ય, આચાર્યને ન કોપિત કરે અને સ્વયં પણ ન કોપે. તે આચાર્યનો ઉપઘાત કરનાર ન થાય કે ન છિદ્રગવેષી બને.

સૂત્ર-૪૧

શિષ્ય) જો આચાર્યને કુપિત થયેલા જાણે તો પ્રીતિ વચનોથી તેમને પ્રસન્ન કરે, અંજલિ જોડી તેમને શાંત કરીને કહે કે હું ફરી આવું કરીશ નહીં.

સૂત્ર-૪૨

જે વ્યવહાર ધર્મથી અર્જિત છે, સદા પ્રબુદ્ધ આચાર્યો વડે આચરિત છે, તે વ્યવહારને આચરતો મુનિ કદી નિંદાને ન પામે.

સૂત્ર-૪૩

શિષ્ય) આચાર્યના મનોગત કે વાણીગત ભાવોને જાણીને, તેને પહેલાં વાણીથી ગ્રહણ કરે, પછી કાર્ય રૂપે પરિણત કરે.

સૂત્ર-૪૪

વિનયી શિષ્ય ગુરુ દ્વારા પ્રેરિત ન કરાયા છતાં પણ કાર્ય કરવાને માટે સદા પ્રસ્તુત રહે. પ્રેરણા થતા તત્કાળ યથોપદિષ્ટ કાર્યને સારી રીતે સંપન્ન કરે છે.

સૂત્ર-૪૫

વિનયનું સ્વરૂપ જાણીને) મેધાવી શિષ્ય વિનમ્ર બને છે, તેની લોકમાં કીર્તિ થાય છે. જેમ પૃથ્વી, પ્રાણીને

માટે આધારરૂપ છે, તેમ વિનીત ધર્માચરણ કરનારને આધારરૂપ બને છે.

સૂત્ર–૪૬

પૂર્વ સંસ્તુત અને સંબુદ્ધ વિનયી શિષ્ય ઉપર આચાર્ય પ્રસન્ન રહે છે, પ્રસન્ન થઈને તે તેમને અર્થ ગંભીર વિપુલ શ્રુતનો લાભ કરાવે છે.

સૂત્ર–૪૭

તે શિષ્ય પૂજ્યશાસ્ત્ર અર્થાત જેનું શાસ્ત્રજ્ઞાન લોકોમાં સન્માનિત થાય છે, તેના બધા સંશયો નષ્ટ થાય છે. તે ગુરુના મનને પ્રિય થાય છે, કર્મસંપદા યુક્ત થાય છે, તપ–સામાચારી અને સમાધિ સંપન્ન થાય છે. પાંચ મહાવ્રતોનું પાલન કરીને તે મહાન દ્યુતિવાન થાય છે.

સૂત્ર–૪૮

તે દેવ, ગંધર્વ અને મનુષ્યોથી પૂજિત વિનયી શિષ્ય મલ અને પંકથી નિર્મિત આ દેહનો ત્યાગ કરીને શાશ્વત સિદ્ધ થાય છે અથવા અલ્પકર્મી મહાઋદ્ધિ સંપન્ન દેવ થાય છે – તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૧ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૨ 'પરીષહ વિભક્તિ'

**સૂત્ર–૪૯/૧**

હે આયુષ્યમાન્ ! મેં સાંભળેલ છે કે – ભગવંતે આ પ્રમાણે કહેલ છે.

નિશ્ચે આ બાવીસ પરીષહો છે, જે કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવંત મહાવીર વડે કહેવાયેલ છે. જેને સાંભળીને, જાણીને, પરિચિત કરી, પરાજિત કરી ભિક્ષાચર્યા માટે પર્યટન કરતા મુનિ, પરીષહો સ્પૃષ્ટ થવા છતાં વિચલિત ન થાય

**સૂત્ર–૪૯/૨**

તે બાવીશ પરીષહો કયા કહ્યા છે ? તે બાવીશ પરીષહો જે ભગવંત મહાવીરે કહ્યા છે, તે નિશ્ચે આ પ્રમાણે છે–

**સૂત્ર–૪૯/૩**

૧) ક્ષુધા પરીષહ, ૨) તૃષા પરીષહ, ૩) શીત પરીષહ, ૪) ઉષ્ણ પરીષહ, ૫) દંશમશક પરીષહ,
૬) અચેલ પરીષહ, ૭) અરતિ પરીષહ, ૮) સ્ત્રી પરીષહ, ૯) ચર્યા પરીષહ, ૧૦) નિષદ્યા પરીષહ,
૧૧) શય્યાપરીષહ, ૧૨) આક્રોશપરીષહ, ૧૩) વધપરીષહ,૧૪) યાચના પરીષહ ૧૫) અલાભપરીષહ
૧૬) રોગ પરીષહ, ૧૭) તૃણ સ્પર્શ પરીષહ, ૧૮) જલ્લ પરીષહ, ૧૯) સત્કાર–પુરસ્કાર પરીષહ,
૨૦) પ્રજ્ઞા પરીષહ, ૨૧) અજ્ઞાન પરીષહ, ૨૨) સમ્યક્ત્વ પરીષહ.

**સૂત્ર–૫૦**

કાશ્યપ ગોત્રીય ભગવંત મહાવીરે પરીષહોના જે ભેદ બતાવેલ છે, તે હું તમને કહું છું. તે તમે અનુક્રમે મારી પાસેથી સાંભળો.

**સૂત્ર–૫૧ , ૫૨**

ભૂખથી પીડાતા દેહવાળો તપસ્વી ભિક્ષુ, મનોબળથી યુક્ત થઈ, ફળ આદિ ન છેદે, ન છેદાવે. ન સ્વયં રાંધે, ન રંધાવે,

ક્ષુધા વેદનાથી કાકજંઘા સમાન શરીર દુર્બળ થઈ જાય, કૃશ થઈ જાય, ધમનીઓ દેખાવા લાગે તો પણ અશન–પાનની મર્યાદાનો જાણકાર મુનિ અદીમનથી સંયમમાં વિચરણ કરે.

**સૂત્ર–૫૩, ૫૪**

અનાચારમાં જુગુપ્સા રાખનાર, લજ્જાવાન સંયમી મુનિ તૃષાથી પીડિત થતા પણ સચિત્ત જળને ન સેવે, પણ અચિત્ત જળની ગવેષણા કરે.

આવાગમન શૂન્ય નિર્જન માર્ગમાં પણ તીવ્ર તૃષાથી વ્યાકુળ થવા છતાં અને મોઢું પણ સૂકાઈ જાય તો પણ અદીન ભાવે તે પરીષહને સહન કરે.

**સૂત્ર–૫૫, ૫૬**

વિચરતા અને વિરત એવા રૂક્ષ શરીરી થઈ વિચરતા મુનિને શીતકાલાદિમાં શીતનો સ્પર્શ થાય છે, તો પણ જિનશાસનને સમજીને પોતાની યથોચિત મર્યાદાનું કે સ્વાધ્યાયાદિ પ્રાપ્ત કાળનું ઉલ્લંઘન ન કરે.

શીત લાગતા મુનિ એવું ન વિચારે કે મારી પાસે શીતનું નિવારણ નથી. શરીરનું કોઈ ત્રાણ–વસ્ત્રાદિ નથી, તો હું અગ્નિનું સેવન કરું.

**સૂત્ર–૫૭, ૫૮**

ઉષ્ણભૂમિ આદિના પરિતાપથી અને તૃષાના દાહથી અથવા ગ્રીષ્મના પરિતાપથી પીડિત થતા પણ મુનિ સાતાને માટે આકુળતા ન કરે.

ઉષ્ણતા વડે પરેશાન થવા છતાં પણ સ્નાનની ઇચ્છા ન કરે, જળ વડે શરીરને સિંચિત ન કરે, વીંઝણા આદિથી પોતાને માટે હવા ન કરે.

**સૂત્ર-૫૯, ૬૦**

મહામુનિ ડાંસ અને મચ્છરોનો ઉપદ્રવ થાય તો પણ સમભાવ રાખે. જેમ યુદ્ધના મોરચે હાથી બાણોની પરવા ન કરતો શત્રુનું હનન કરે છે તેમ મુનિ પરીષહની પરવા ન કરતા અંતરંગ શત્રુને હણે.

દંશમશક પરીષહ, તેનાથી ત્રાસ ન પામે, તેને નિવારે નહીં, મનમાં પણ તેમના પ્રત્યે દ્વેષ ન કરે. માંસ અને લોહીને ભોગવે તો પણ દંશમશકની ઉપેક્ષા કરે, પણ તેમને હણે નહીં.

**સૂત્ર-૬૧, ૬૨**

વસ્ત્રોના અતિ જીર્ણ થવાથી, હવે હું અચેલક થઈ જઈશ. અથવા નવા વસ્ત્રો મળતા હું ફરી સચેલક થઈ જઈશ. એવું મુનિ ન વિચારે.

મુનિ ક્યારેક અચેલક થાય છે, ક્યારેક સચેલક પણ થઈ જાય છે. બંનેને સંયમ હિતકારી જાણીને જ્ઞાની તેમાં ખેદ ન કરે.

**સૂત્ર-૬૩, ૬૪**

એક ગામથી બીજે ગામ વિચરણ કરતા અકિંચન અણગારના મનમાં જો સંયમ પ્રત્યે અરતિ પ્રવેશે, તો તે પરીષહને સહન કરે.

વિરત, આત્મરક્ષિક, ધર્મમાં રમણ કરનાર, નિરારંભી મુનિ અરતિ પરત્વે પીઠ કરી ઉપશાંત ભાવે વિચરણ કરે.

**સૂત્ર-૬૫, ૬૬**

"લોકમાં જે સ્ત્રીઓ છે, તે પુરુષોને માટે બંધન છે." જેઓ આ જાણે છે, તેનું શ્રામણ્ય સુકૃત-સફળ છે.

"બ્રહ્મચારીને માટે સ્ત્રીઓ પંક સમાન છે." મેધાવી મુનિ આ સમજીને કોઈ રીતે સંયમી જીવનનો વિનિઘાત ન થવા દે, પણ આત્મગવેષક બને.

**સૂત્ર-૬૭, ૬૮**

શુદ્ધ ચર્યાથી લાઢમુનિ એકલા જ પરીષહોને પરાજિત કરી ગામ, નગર, નિગમ કે રાજધાનીમાં વિચરણ કરે.

ભિક્ષુ ગૃહસ્થાદિથી અસમાન થઈ વિચરે. પરિગ્રહ ન કરે, ગૃહસ્થોથી અસંસક્ત રહે. સર્વત્ર અનિકેત ભાવે પરિભ્રમણ કરે

**સૂત્ર-૬૯, ૭૦**

સ્મશાનમાં, શૂન્યગૃહમાં, વૃક્ષના મૂળમાં એકાકિમુની અચપળ ભાવથી બેસે. બીજા કોઈ પ્રાણીને કષ્ટ ન આપે

ઉક્ત સ્થાને બેઠેલા એવા તેમને જો કોઈ ઉપસર્ગ થાય તો તેને સમ ભાવે ધારણ કરે, અનિષ્ટની શંકાથી ભયભીત થઈને, ત્યાંથી ઉઠીને અન્ય સ્થાને ન જાય.

**સૂત્ર-૭૧, ૭૨**

સારી કે ખરાબ શય્યા – ઉપાશ્રયને કારણે તપસ્વી અને સક્ષમ ભિક્ષુ સંયમ-મર્યાદાનો ભંગ ન કરે, પાપદૃષ્ટિ સાધુ જ મર્યાદાને તોડે છે.

પ્રતિરિક્ત ઉપાશ્રય પામીને પછી તે કલ્યાણકારી હોય કે પાપક, તેમાં મુનિ એમ વિચારીને રહે કે – એક રાતમાં શું થશે ? એ પ્રમાણે ત્યાં સહન કરે.

**સૂત્ર-૭૩, ૭૪**

જો કોઈ સાધુને આક્રોશ કરે, તો તે તેમના પ્રત્યે ક્રોધ ન કરે. ક્રોધી અજ્ઞાની સદૃશ હોય છે. તેથી સાધુએ તેમાં

સંજ્વલિત ન થવું.

દારુણ ગ્રામકંટક જેવી ખૂંચતી કઠોર ભાષા સાંભળી, સાધુ મૌન રહે. ઉપેક્ષા કરે. પણ તેને મનમાં ન લાવે.

સૂત્ર–૭૫, ૭૬

તાડનાદિ કરવા છતાં ભિક્ષુ ક્રોધ ન કરે. મનમાં પણ પ્રદ્વેષ ન કરે. તિતિક્ષાને શ્રેષ્ઠ અંગ જાણીને, મુનિધર્મનું ચિંતન કરે.

સંયત અને દાંત શ્રમણને કદાચ કોઈ ક્યાંય મારે–પીટે, તો તે ચિંતન કરે કે આત્માનો નાશ થતો નથી.

સૂત્ર–૭૭, ૭૮

નિશ્ચે અણગાર ભિક્ષુની આ ચર્યા સદા દુષ્કર છે કે તેમણે વસ્ત્ર, પાત્રાદિ બધું યાચનાથી મળે છે. તેની પાસે કંઈ અયાચિત ન હોય.

ગૌચરીને માટે ઘરમાં પ્રવિષ્ટ સાધુને માટે ગૃહસ્થ સામે હાથ પ્રસારવો સરળ નથી, તેથી ગૃહવાસ જ શ્રેષ્ઠ છે, મુનિ એવું ન ચિંતવે.

સૂત્ર–૭૯, ૮૦

ગૃહસ્થોના ઘેર ભોજન તૈયાર થઈ જતા સાધુ આહારની એષણા કરે. આહાર પ્રાપ્ત થાય કે ન થાય, સંયમી મુનિ તેના માટે અનુતાપ ન કરે.

“આજે મને કંઈ ન મળ્યુ, કદાચ કાલે મળી જાય.” જે એ પ્રમાણે વિચારે છે, તેને ‘અલાભ’ પીડા આપતુ નથી.

સૂત્ર–૮૧, ૮૨

રોગ ઉત્પન્ન થયો જાણીને વેદનાથી પીડિત થઈને દીન ન બને. વ્યાધિથી વિચલિત પ્રજ્ઞાને સ્થિર કરે અને પ્રાપ્ત પીડાને સમભાવે સહે.

આત્મગવેષક મુનિ ચિકિત્સાને અભિનંદે નહીં, આ જ તેનું શ્રામણ્ય છે કે તે રાગ ઉત્પન્ન થતા તેની ચિકિત્સા ન કરે, ન કરાવે.

સૂત્ર–૮૩, ૮૪

અચેલક અને રૂક્ષ શરીરી સંયત તપસ્વી સાધુને તૃણ ઉપર સૂવાથી શરીરને કષ્ટ થાય છે.

નિપાતથી તેને ઘણી જ વેદના થાય છે. એમ જાણીને તૃણસ્પર્શથી પીડિત મુનિ વસ્ત્ર ધારણ ન કરે.

સૂત્ર–૮૫, ૮૬

ગ્રીષ્મમાં મેલથી, રજથી કે પરિતાપથી શરીરના લિપ્ત થઈ જવાથી મેધાવી મુનિ સાતાને માટે વિલાપ ન કરે.

નિર્જરાપ્રેક્ષી મુનિ અનુત્તર આર્યધર્મને પામીને શરીર વિનાશની અંતિમ ક્ષણો સુધી શરીર ઉપર જલ્લ–પરસેવાજન્ય મેલને રહેવા દે. તેને સમભાવે સહે.)

સૂત્ર–૮૭, ૮૮

રાજાદિ વડે કરાતા અભિવાદન, સત્કાર અને નિમંત્રણને જે અન્ય ભિક્ષુ સ્વીકારે છે, તેની મુનિ સ્પૃહા ન કરે.

અનુત્કર્ષી, અલ્પ ઇચ્છાવાળા, અજ્ઞાત કુળોથી ભિક્ષા લેનારા અલોલુપ ભિક્ષુ રસોમાં ગૃદ્ધ ન થાય. પ્રજ્ઞાવાન બીજાને સન્માન મળતું જોઈ અનુતાપ ન કરે.

સૂત્ર–૮૯, ૯૦

નિશ્ચે મેં પૂર્વે અજ્ઞાનરૂપ ફળ દેનારા અપકર્મ કરેલ છે, જેથી હું કોઈના દ્વારા કોઈ વિષયમાં પૂછે ત્યારે કંઈ પણ ઉત્તર આપવાનું જાણતો નથી.

અજ્ઞાનરૂપ ફળ દેનારા પૂર્વકૃત્ કર્મ પરિપક્વ થવાથી ઉદયમાં આવે. એ પ્રમાણે કર્મના વિપાકને જાણીને મુનિ

પોતાને આશ્વસ્ત કરે.

**સૂત્ર-૯૧, ૯૨**

હું વ્યર્થ જ મૈથુનાદિ સાંસારિક સુખોથી વિરક્ત થયો અને સુસંવરણ કર્યું. કેમ કે ધર્મ કલ્યાણકારી છે કે પાપક છે, તે હું જાણતો નથી.

તપ અને ઉપધાનનો સ્વીકાર કરુ છું. પ્રતિજ્ઞાઓ પણ પાળુ છું. એ પ્રમાણે વિચરવા છતાં મારું છદ્મસ્થત્વ તો દૂર થતું નથી. આ પ્રમાણે મુનિ ચિંતન ન કરે.

**સૂત્ર-૯૩, ૯૪**

"નિશ્ચે જ પરલોક નથી, તપસ્વીની ઋદ્ધિ પણ નથી, અથવા હું તો ઠગાયો છું." એ પ્રમાણે સાધુ ચિંતવે નહીં.

"પૂર્વકાળમાં જિન થયા હતા, વર્તમાનમાં છે અને ભાવિમાં થશે." એવું જે કહે છે, તે જૂઠ બોલે છે, એ પ્રમાણે સાધુ વિચારે નહીં.

**સૂત્ર-૯૫**

ભગવંત મહાવીરે આ બધા પરીષહો પ્રરૂપેલ છે. તે જાણીને સાધુ ક્યાંય કોઈપણ પરીષહથી પરાજિત ન થાય. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૨ નો અનુવાદ પૂર્ણ

## અધ્યયન-૩ 'ચાતુરંગીય'

**સૂત્ર-૯૬**

જીવોને આ સંસારમાં ચાર પરમ અંગો દુર્લભ છે – મનુષ્યત્વ, શ્રુતિધર્મ શ્રવણ), તે ધર્મમાં શ્રદ્ધા અને સંયમમાં પુરુષાર્થ.

**સૂત્ર-૯૭**

વિવિધ પ્રકારના કર્મોને કરીને, વિવિધ જાતિઓમાં ઉત્પન્ન થઈને પૃથક્ રૂપે પ્રત્યેક સંસારી જીવ સમસ્ત વિશ્વને સ્પર્શ કરી લે છે.

**સૂત્ર-૯૮**

પોતાના કરેલા કર્મો મુજબ જીવ ક્યારેક દેવલોકમાં, ક્યારેક નરકમાં, ક્યારેક અનુત્તરનિકાયમાં જન્મ લે છે.

**સૂત્ર-૯૯**

આ જીવ ક્યારેક ક્ષત્રિય, ક્યારેક ચાંડાલ, ક્યારેક બોક્કસ, ક્યારેક કીટ-પતંગ અને ક્યારેક કુંથુ-કીડી થઈ જાય છે.

**સૂત્ર-૧૦૦, ૧૦૧**

એ પ્રમાણે આવર્તરૂપ યોનિચક્રમાં ભ્રમણ કરતા એવા સંસાર-દશાથી નિર્વેદ પામતા નથી, જેમ ક્ષત્રિયો દીર્ઘકાળ સુધી ઐશ્વર્યાદિનો ઉપભોગ કરવા છતા નિર્વેદને પામતા નથી.

કર્મોના સંગથી સંમૂઢ અને દુઃખી તથા અત્યંત વેદનાયુક્ત પ્રાણી મનુષ્યેતર યોનિઓમાં જન્મ લઈને ફરી ફરી વિનિઘાત-ત્રાસ પામે છે.

**સૂત્ર-૧૦૨**

કાલક્રમાનુસાર કદાચ મનુષ્યગતિ નિરોધક કર્મોનો ક્ષય થવાથી જીવોને શુદ્ધિ પ્રાપ્ત થાય છે. તેના ફળ રૂપે તેને મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે.

**સૂત્ર-૧૦૩**

મનુષ્ય શરીર પ્રાપ્ત થવા છતાં પણ ધર્મનું શ્રવણ દુર્લભ છે, જેને સાંભળીને જીવ તપ, ક્ષમા અને અહિંસાને પ્રાપ્ત કરે છે.

**સૂત્ર-૧૦૪**

કદાચિત્ ધર્મનું શ્રવણ થઈ પણ જાય, તો પણ તેની શ્રદ્ધા થવી ઘણી દુર્લભ છે. ઘણા લોકો નૈયાયિક માર્ગને અર્થાત મોક્ષમાર્ગને સાંભળીને પણ વિચલિત થાય છે.

**સૂત્ર-૧૦૫**

શ્રુતિ અને શ્રદ્ધા પામીને પણ સંયમમાં પુરુષાર્થ ઘણો દુર્લભ છે. ઘણાને સંયમમાં રૂચિ હોવા છતાં પણ તેને સમ્યક્ સ્વીકારી શકતા નથી.

**સૂત્ર-૧૦૬**

મનુષ્યત્વ પામીને જે ધર્મને સાંભળે છે, તેમાં શ્રદ્ધા કરે છે, તે તપસ્વી સંયમમાં પુરુષાર્થથી સંવૃત્ત થઈ, કર્મરજને દૂર કરે છે.

**સૂત્ર-૧૦૭**

ઋજુભૂત અર્થાત પૂર્ણપણે સરળ હોય છે, તેને આત્મશુદ્ધિ પ્રાપ્ત થાય છે, અને જે આત્મશુદ્ધ હોય છે, તેના

જીવનમાં જ ધર્મ ટકી રહે છે, તે ધર્મવાળો ઘીથી સિંચિત અગ્નિવત્ પરમ–નિર્વાણને પામે છે.

**સૂત્ર–૧૦૮**

કર્મોના હેતુઓને દૂર કરીને અને ક્ષમાથી યશનોસંયમનો) સંચય કરીને તે પાર્થિવ શરીર છોડીને ઉર્ધ્વ દિશા પ્રતિ જાય છે.

**સૂત્ર–૧૦૯, ૧૧૦**

વિશાળ શીલપાલનથી યક્ષ થાય, ઉત્તરોત્તર સમૃદ્ધિથી મહાશુક્લવત દીપ્તિમાન થાય છે. સ્વર્ગથી ચ્યવવાનો જ નથી તેમ માને છે. દિવ્ય ભોગોને માટે પોતાને અર્પિત કરેલો દેવ કામરૂપ વિકુર્વવા સમર્થ હોય છે. તથા ઉર્ધ્વકલ્પોમાં શતપૂર્વ વર્ષો સુધી રહે છે.

**સૂત્ર–૧૧૧**

ત્યાં યથાસ્થાને રહીને, આયુ–ક્ષય થતા તે દેવ ત્યાંથી પાછો ફરીને મનુષ્ય યોનિને પામે છે. ત્યાં દશાંગ ભોગ સામગ્રી યુક્ત થાય છે.

**સૂત્ર–૧૧૨, ૧૧૩**

૧. ક્ષેત્ર, ૨. વાસ્તુ, ૩. સુવર્ણ, ૪.પશુ અને દાસ–પુરુષ એ ચાર કામસ્કંધ જ્યાં હોય ત્યાં તે ઉત્પન્ન થાય છે.

તે સન્મિત્રોથી યુક્ત, જ્ઞાતિમાન, ઉચ્ચ ગોત્રીય, સુંદર વર્ણવાન, નીરોગ, મહાપ્રાજ્ઞ, યશોબલી થાય.

**સૂત્ર–૧૧૪, ૧૧૫**

જીવનપર્યન્ત અનુપમ માનુષી ભોગો ભોગવીને પણ પૂર્વના વિશુદ્ધ સદ્ધર્મ આરાધક હોવાથી નિર્મળ બોધિનો અનુભવ કરે છે.

આ ચાર અંગોને દુર્લભ જાણીને સંયમને અંગીકાર કરે છે. પછી તપ વડે બધા કર્મોને નિવારીને શાશ્વત સિદ્ધ થાય છે. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૩ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૪ 'અસંસ્કૃત'

**સૂત્ર-૧૧૬**

તૂટેલ જીવન સાંધી શકાતું નથી. માટે પ્રમાદ ન કરો. વૃદ્ધાવસ્થામાં કોઈ શરણ નથી, એમ વિચારો કે પ્રમાદી, હિંસક અને અસંયમી મનુષ્ય તે સમયે કોનું શરણ લેશે ?

**સૂત્ર-૧૧૭**

જે મનુષ્ય અજ્ઞાનતાને કારણે પાપ પ્રવૃત્તિઓથી ધનનું ઉપાર્જન કરે છે, તેઓ વાસનાની જાળમાં પડેલા અને વૈરાનુબદ્ધ થઈ મરીને નરકમાં જાય છે.

**સૂત્ર-૧૧૮**

જેમ સંધિમુખમાં પકડાયેલો પાપકારી ચોર પોતાના કર્મોથી છેદાય છે, તેમજ જીવ પોતાના કરેલા કર્મોના કારણે આ લોક કે પરલોકમાં છેદાય છે. કરેલા કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી.

**સૂત્ર-૧૧૯**

સંસારી જીવ પોતાના અને બીજાના માટે સાધારણ જે કર્મો કરે છે. પરંતુ તે કર્મના ફળના ઉદયના સમયે કોઈ પણ બંધુ બાંધવતા દેખાડતો નથી. તે પાપમાં ભાગીદાર થતો નથી.)

**સૂત્ર-૧૨૦**

પ્રમત્ત મનુષ્ય આ લોકમાં કે પરલોકમાં ધનથી રક્ષણ પામતો નથી. અંધારામાં જેનો દીપ બુઝાઈ ગયો હોય, તેને પહેલાં પ્રકાશમાં જોયેલો માર્ગ પણ જોયા છતાં ન જોયેલો જેવો થઈ જાય છે. તેમ અનંત મોહના કારણે પ્રમત્ત વ્યક્તિ મોક્ષ માર્ગને જોવા છતાં જોતો નથી.

**સૂત્ર-૧૨૧**

આશુપ્રજ્ઞ જ્ઞાની સૂતેલા લોકો મધ્યે પણ પ્રતિક્ષણ જાગતો રહે. પ્રમાદમાં એક ક્ષણને માટે પણ વિશ્વાસ ન કરે. સમય ભયંકર છે. શરીર દુર્બળ છે. તેથી ભારંડ પક્ષીવત્ અપ્રમાદી થઈ વિચરણ કરે.

**સૂત્ર-૧૨૨**

સાધુ પદે-પદે પરિશંકિત થતો ચાલે, નાના નાના દોષને પણ પાશજાળ) સમજીને સાવધાન રહે. નવા-નવા ગુણોના લાભ માટે જીવનને સુરક્ષિત રાખે. લાભ ન થાય તો પરિજ્ઞાનપૂર્વક શરીરને છોડી દે.

**સૂત્ર-૧૨૩**

શિક્ષિત અને કવચધારી અશ્વ જેમ યુદ્ધમાં જય પામે છે, તેમ જ સ્વચ્છંદતાના નિરોધથી સાધુ સંસારથી પાર પામે છે. પૂર્વજીવનમાં અપ્રમત્ત થઈને વિચરણ કરનારો મુનિ જલદીથી મોક્ષને પામે છે.

**સૂત્ર-૧૨૪**

"જે પૂર્વમાં અપ્રમત્ત નથીતે પછી પણ અપ્રમત્ત ન થઈ શકે" આવી ધારણા શાશ્વતવાદીઓની છે. પરંતુ આયુષ્યના શિથિલ થવાથી અને મૃત્યુ સમયે શરીર છૂટવાની સ્થિતિ આવતા તે વિષાદને પામે છે.

**સૂત્ર-૧૨૫**

કોઈ પણ વ્યક્તિ મૃત્યુ સમયે જલદીથી વિવેકને પ્રાપ્ત ન કરી શકે. તેથી હમણાથી જ કામનાનો પરિત્યાગ કર. સમત્વ દૃષ્ટિથી લોકને સારી રીતે જાણીને આત્મરક્ષક મહર્ષિ અપ્રમત્ત થઈને વિચરણ કરે.

**સૂત્ર-૧૨૬, ૧૨૭**

વારંવાર મોહગુણો ઉપર વિજય પામવામાં યત્નશીલ, સંયમમાં વિચરણ કરતા શ્રમણને અનેક પ્રકારના

પ્રતિકૂળ સ્પર્શ પરેશાન કરે છે. પરંતુ સાધુ તેના મનથી પણ દ્વેષ ન કરે.

અનુકૂળ સ્પર્શ ઘણા લોભામણા હોય છે. પરંતુ સાધુ તથા પ્રકારના વિષયોમાં મન ન લગાડે. ક્રોધથી પોતાને બચાવે, માન અને માયા ન સેવે, લોભનો ત્યાગ કરે.

સૂત્ર–૧૨૮

જે સંસ્કારહીન છે, તુચ્છ અને પરપ્રવાદી છે, રાગ અને દ્વેષમાં ફસાયેલા છે, વાસનાઓના દાસ છે, તેઓ ધર્મરહિત છે, એમ જાણીને તેની દુગંછા કરતો શરીરભેદની અંતિમ ક્ષણ સુધી ગુણની કાંક્ષા કરે. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૪ નો અનુવાદ પૂર્ણ

## અધ્યયન-૫ 'અકામ-મરણીય'

**સૂત્ર-૧૨૯**

સંસાર એક સાગર જેવો છે, તેનો પ્રવાહ વિશાળ છે. તેને તરીને જવો દુઃસ્તર છે. જેને કેટલાક તરી ગયા છે, તેમાં એ મહાપ્રાજ્ઞ ભગવંત મહાવીરે) આ પ્રમાણે સ્પષ્ટ કરેલ છે –

**સૂત્ર-૧૩૦**

મારણાંતિકના બે સ્થાનો કહેલા છે – અકામ-મરણ, સકામ-મરણ.

**સૂત્ર-૧૩૧**

બાળજીવોને અકામ-મરણ વારંવાર થાય છે, પંડિતોને અકામ-મરણ ઉત્કૃષ્ટથી એકવાર થાય છે.

**સૂત્ર-૧૩૨ થી ૧૩૪**

મહાવીર ભગવંતે તે બેમાં આ પહેલાં સ્થાનના વિષયમાં કહેલ છે કે – કામગૃદ્ધ બાળજીવ ક્રૂર કર્મ કરે છે.

જે કામભોગોમાં આસક્ત હોય છે તે કૂટનર્ક) પ્રતિ જાય છે અને કહે છે, "પરલોક મેં જોયો નથી અને આ રતિ સુખ આંખોની સામે છે.

આ કામભોગ સંબંધી સુખ હસ્તગત છે, ભાવિ સુખ સંદિગ્ધ છે. કોણ જાણે છે કે પરલોક છે કે નહીં ?"

**સૂત્ર-૧૩૫**

હું સામાન્ય લોકો સાથે રહીશ, એમ માનીને અજ્ઞાની મનુષ્ય ભ્રષ્ટ થાય છે. પરંતુ છેલ્લે તે કામ ભોગાનુરાગથી કષ્ટ જ પામે છે.

**સૂત્ર-૧૩૬**

પછી તે ત્રસ અને સ્થાવર જીવો પ્રતિ દંડનો પ્રયોગ કરે છે. પ્રયોજનથી કે નિષ્પ્રયોજનથી પ્રાણી સમૂહની હિંસા કરે છે.

**સૂત્ર-૧૩૭**

જે હિંસક, બાલ, મૃષાવાદી, માયાવી, ચુગલીખોર તથા શઠ હોય છે તે મદ્ય અને માંસનું સેવન કરીને એમ માને છે કે તે જ શ્રેય છે.

**સૂત્ર-૧૩૮**

તે શરીર અને વાણીથી મત્ત હોય છે, ધન અને સ્ત્રીમાં આસક્ત રહે છે. તે રાગ અને દ્વેષથી એ રીતે કર્મમલ સંચિત કરે છે, જે રીતે શિશુનાગ પોતાના મુખ અને શરીરથી માટીનો સંચય કરે છે.

**સૂત્ર-૧૩૯**

તે ભોગાસક્ત રોગથી આક્રાંત થઈ, ગ્લાન થઈ, પરિતાપ કરે છે. પોતાના કરેલા કર્મોને યાદ કરીને પરલોકથી ભયભીત થાય છે.

**સૂત્ર-૧૪૦**

મેં તે નરક સ્થાનો સાંભળેલા છે, જે શીલરહિત ધર્માચરણ વિનાના)ક્રૂરકર્મી અજ્ઞાની જીવોની ગતિ છે અને જ્યાં તીવ્ર વેદના થાય છે.

**સૂત્ર-૧૪૧**

જેવુ મેં પરંપરાથી સાંભળેલ છે કે – તે નરકોમાં ઔપપાતિક અર્થાત નરકમાં ઉપજવાના કુમ્ભીરૂપ સ્થાન છે, તેમાં જીવોનો દુઃખપૂર્વક જન્મ થાય છે. આયુ ક્ષીણ થયા પછી, કૃત કર્માનુસાર. ત્યાં જતા પ્રાણી પરિતાપ કરે છે

અર્થાત અતિશય દુઃખ ભોગવતા પશ્ચાત્તાપ કરે છે.

**સૂત્ર–૧૪૨, ૧૪૩**

જેમ કોઈ ગાડીવાળો સમતલ મહાપથને જાણવા છતાં તેને છોડીને વિષમ માર્ગે ચાલતા ગાડીની ધૂરી તૂટી જતા શોક કરે છે

તે જ રીતે ધર્મને ઉલ્લંઘીને, અધર્મ સ્વીકારનાર, મૃત્યુના મુખમાં પડેલો બાળજીવ ગાડીવાળા માફક શોક કરે છે

**સૂત્ર–૧૪૪**

મૃત્યુના સમયે તે અજ્ઞાની પરલોકના ભયથી સંત્રસ્ત થાય છે, એક જ દાવમાં હારી જનાર જુગારી માફક શોક કરતો અકામ મરણે મરે છે.

**સૂત્ર–૧૪૫**

આ અજ્ઞાની જીવોના અકામ મરણનું પ્રતિપાદન કરેલ છે. હવે પંડિતોનું સકામ મરણ મારી પાસેથી સાંભળો

**સૂત્ર–૧૪૬**

જેવું મેં પરંપરાથી આ સાંભળેલ છે કે – સંયત અને જિતેન્દ્રિય પુન્યાત્માઓનું મરણ અતિ પ્રસન્ન અને આઘાત રહિત હોય છે.

**સૂત્ર–૧૪૭**

આ સકામ મરણ બધા ભિક્ષુને પ્રાપ્ત ન થાય, ન બધા ગૃહસ્થોને પ્રાપ્ત થાય. ગૃહસ્થ વિવિધ પ્રકારના શીલથી સંપન્ન હોય, જ્યારે ઘણા ભિક્ષુ વિષમ શીલવાળા હોય છે.

**સૂત્ર–૧૪૮**

કેટલાક ભિક્ષુની અપેક્ષાએ ગૃહસ્થો સંયમમાં શ્રેષ્ઠ હોય છે. પણ શુદ્ધાચારી સાધુજન બધા ગૃહસ્થો કરતા સંયમમાં શ્રેષ્ઠ હોય છે.

**સૂત્ર–૧૪૯**

લાંબા દિક્ષા પર્યાયવાળા દુરાચારી સાધુને વસ્ત્ર, અજિન–ચર્મ, નગ્નત્વ, જટા, ગોદડી, શિરોમુંડન આદિ બાહ્યાચાર દુર્ગતિથી બચાવી ન શકે.

**સૂત્ર–૧૫૦**

ભિક્ષાવૃત્તિક પણ જો દુઃશીલ હોય, તો તે નરકથી મુક્ત થઈ શકતા નથી. ભિક્ષુ હોય કે ગૃહસ્થ, પણ જો તે સુવ્રતી હોય તો સ્વર્ગમાં જાય છે.

**સૂત્ર–૧૫૧**

શ્રદ્ધાવાન્ ગૃહસ્થ સામાયિકના બધા અંગોને આચરે. બંને પક્ષમાં પૌષધવ્રતને એક રાત્રિ માટે પણ ન છોડે.

**સૂત્ર–૧૫૨**

એ પ્રમાણે ધર્મશિક્ષાથી સંપન્ન સુવ્રતી ગૃહવાસમાં રહેતો હોવા છતાં પોતાનું ઔદારિક શરીર છોડીને દેવલોકમાં જાય છે.

**સૂત્ર–૧૫૩**

જે સંવૃત્ત ભિક્ષુ છે, તેની બેમાંથી એક સ્થિતિ હોય – કાં તો સર્વ દુઃખોથી મુક્ત થાય અથવા મહાન ઋદ્ધિવાળો દેવ થાય છે.

**સૂત્ર–૧૫૪, ૧૫૫**

દેવતાના આવાસો અનુક્રમે ઉર્ધ્વ, મોહરહિત, દ્યુતિમાન, દેવોથી પરિવ્યાપ્ત હોય છે.

તેમાં રહેનારા દેવો યશસ્વી, દીર્ઘાયુ, ઋદ્ધિમાન, દીપ્તિમાન, ઇચ્છારૂપધારી, અભિનવ ઉત્પન્ન સમાન ભવ્ય કાંતિવાળા અને સૂર્ય સમાન અત્યંત તેજસ્વી હોય છે.

**સૂત્ર–૧૫૬**

ભિક્ષુ હોય કે ગૃહસ્થ હોય, જે હિંસાદિથી નિવૃત્ત થાય છે, તે સંયમ અને તપના અભ્યાસથી ઉક્ત દેવલોકમાં જાય છે.

**સૂત્ર–૧૫૭**

સત્પુરુષો દ્વારા પૂજનીય તે સંયત અને જિતેન્દ્રિયોના ઉક્ત વૃત્તાંતને સાંભળી શીલવાન, બહુશ્રુત મૃત્યુ સમયે ત્રાસ પામતા નથી પણ સાવધાન રહી પંડિતમરણને પ્રાપ્ત કરે.

**સૂત્ર–૧૫૮**

આત્મગુણોની તુલના કરીને મેધાવી સાધક વિશિષ્ટ સકામ મરણ સ્વીકારે, મરણકાળે દયાધર્મ અને ક્ષમાથી તેવો આત્મા પ્રસન્ન રહે.

**સૂત્ર–૧૫૯**

જ્યારે મરણકાળ આવે, ત્યારે શ્રદ્ધાવાન સાધુ ગુરુની પાસે પીડાજન્ય લોમ–હર્ષને નિવારે, શરીર ભેદની શાંતિભાવથી પ્રતીક્ષા કરે.

**સૂત્ર–૧૬૦**

મૃત્યુનો કાળ સમીપ આવતા મુનિ ભક્તપરિજ્ઞાદિ ત્રણમાના કોઈ એક મરણને સ્વીકારીને મરણથી શરીરનો ત્યાગ કરે. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૫ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૬ 'ક્ષુલ્લક નિર્ગ્રન્થ'

સૂત્ર-૧૬૧

જેટલાં અવિદ્યાવાન છે, તેઓ બધા પોત-પોતાના માટે દુઃખના ઉત્પાદક છે. તે વિવેક મૂઢ અનંત સંસારમાં વારંવાર લુપ્ત થાય છે.

સૂત્ર-૧૬૨

તેથી પંડિત પુરુષ અનેકવિધ બંધનોની અને જાતિપથોની સમીક્ષા કરીને સ્વયં સત્યની શોધ કરે અને વિશ્વના બધા પ્રાણીઓ પ્રત્યે મૈત્રીનો ભાવ રાખે.

સૂત્ર-૧૬૩, ૧૬૪

આ સંસારમાં પોતાના જ કરેલા કર્મોથી લુપ્ત-પીડિત એવા મારી રક્ષા કરવામાં માતા, પિતા, પુત્રવધૂ, ભાઈ, પત્ની તથા પુત્ર સમર્થ નથી.

સમ્યક્ દષ્ટા સાધક પોતાની સ્વતંત્ર બુદ્ધિથી આ અર્થની સત્યતા જુએ. આસક્તિ અને સ્નેહનું છેદન કરે, કોઈ પૂર્વ પરિચિતની પણ કાંક્ષા ન કરે.

સૂત્ર-૧૬૫

ગાય, ઘોડા, મણિ, કુંડલ, પશુ, દાસ, પુરુષ એ બધાનો ત્યાગ કરનાર સાધક પરલોકમાં કામરૂપી દેવ થશે.

સૂત્ર-૧૬૬, ૧૬૭

કર્મોથી દુઃખ પામતા પ્રાણીને સ્થાવર-જંગમ સંપત્તિ, ધન-ધાન્ય અને ગૃહોપકરણ પણ દુઃખથી મુક્ત કરવાને સમર્થ નથી થતા.

બધાને બધા તરફથી સુખ પ્રિય છે. બધા પ્રાણીને પોતાનું જીવન પ્રિય છે, તે જાણીને ભય અને વૈરથી ઉપરત થઈ કોઈ પ્રાણીના પ્રાણ ન હણે.

સૂત્ર-૧૬૮

અદત્તાદાન નરક છે, એમ જાણીને ન અપાયેલ તણખલુ પણ ન લે. અસંયમ પ્રતિ જુગુપ્સા રાખનાર મુનિ પોતાના પાત્રમાં દેવાયેલુ ભોજન જ કરે.

સૂત્ર-૧૬૯

આ સંસારમાં કેટલાક માને છે કે – "પાપના પચ્ચક્ખાણ કર્યા વિના જ કેવળ તત્ત્વજ્ઞાનને જાણવાથી જ જીવ સર્વ દુઃખોથી મુક્ત થાય છે."

સૂત્ર-૧૭૦

જે બંધ અને મોક્ષના સિદ્ધાંતોની સ્થાપના કરે. બોલે ઘણુ પણ કરે કાંઈ નહીં, તેઓ ફક્ત વાણી વીર્યથી પોતાને આશ્વાસિત કરે છે.

સૂત્ર-૧૭૧

વિવિધ ભાષા રક્ષણ કરતી નથી, વિદ્યાનું અનુશાસન પણ ક્યાં સુરક્ષા આપે છે ? જે તેને સંરક્ષક માને છે, તે પોતાને પંડિત માનનારા અજ્ઞાની જીવો પાપકર્મોમાં મગ્ન છે – ડૂબેલા છે.

સૂત્ર-૧૭૨

જે મન, વચન, કાયાથી શરીરમાં, શરીરના વર્ણ અને રૂપમાં સર્વથા આસક્ત છે, તે બધા પોતાને માટે દુઃખ ઉત્પન્ન કરે છે.

સૂત્ર–૧૭૩

તેઓએ આ અનંત સંસારમાં લાંબા માર્ગનો સ્વીકાર કરેલો છે. તેથી બધા તરફથી જોઈ–સાંભળીને અપ્રમત્ત ભાવથી વિચરણ કરે.

સૂત્ર–૧૭૪

ઉર્ધ્વ લક્ષ્ય રાખનારો સાધક ક્યારેય પણ બાહ્ય વિષયોની આકાંક્ષા ન કરે. પૂર્વકર્મોના ક્ષયને માટે જ આ શરીરને ધારણ કરે.

સૂત્ર–૧૭૫

કર્મોના હેતુઓને દૂર કરીને કાલકાંક્ષી થઈ વિચરણ કરે. ગૃહસ્થે પોતાના માટે તૈયાર કરેલા આહાર અને પાણીનું ઉચિત પરિમાણમાં ગ્રહણ કરીને સેવન કરે.

સૂત્ર–૧૭૬

સાધુ લેશમાત્ર પણ સંગ્રહ ન કરે, પંખીની માફક સંગ્રહથી નિરપેક્ષ રહેતો એવો પાત્ર લઈને ભિક્ષાને માટે વિચરણ કરે.

સૂત્ર–૧૭૭

એષણા સમિતિથી યુક્ત, લજ્જાવાન, સંયમી મુનિ ગામોમાં અનિયત વિહાર કરે. અપ્રમત્ત રહીને ગૃહસ્થો પાસેથી ભિક્ષા ગવેષણા કરે.

સૂત્ર–૧૭૮

અનુત્તરજ્ઞાની, અનુત્તરદર્શી, અનુત્તરજ્ઞાન – દર્શનધર અરહંત, જ્ઞાતપુત્ર, વૈશાલિક મહાવીરે આ પ્રમાણે કહેલ છે, તે હું તમને કહું છું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૬ નો અનુવાદ પૂર્ણ**

## અધ્યયન-૭ 'ઔરભ્રીય'

**સૂત્ર-૧૭૯**

જેમ કોઈ સંભાવિત અતિથિને ઉદ્દેશીને ઘેટાનું પોષણ કરે, તેને ચોખા, જવ આદિ આપે. તેને પોતાના આંગણામાં જ પોષે છે.

**સૂત્ર-૧૮૦**

ત્યારપછી તે ઘેટું પુષ્ટ, પરિવૃદ્ધ, મોટા પેટવાળુ થઈ જાય છે. તે સ્થૂલ અને વિપુલ દેહવાળો અતિથિની પ્રતીક્ષા કરે છે.

**સૂત્ર-૧૮૧**

જ્યાં સુધી અતિથિ આવતો નથી, ત્યાં સુધી તે બિચારો જીવે છે. મહેમાન આવતા જ તેનું માથુ છેદીને ખાઈ જવાય છે.

**સૂત્ર-૧૮૨**

મહેમાનને માટે સમીહિત તે ઘેટું, જેમ મહેમાનની પ્રતીક્ષા કરે છે, તેમ અધર્મિષ્ઠ અજ્ઞાની જીવ પણ નરકાયુની પ્રતીક્ષા કરે છે.

**સૂત્ર-૧૮૩ થી ૧૮૫**

હિંસક, અજ્ઞાની, મિથ્યાભાષી, માર્ગમાં લૂંટનાર, બીજાની આપેલ વસ્તુને વચ્ચેથી જ હડપી લેનાર, ચોર, માયાવી, ક્યાંથી ચોરી કરું ? એમ નિરંતર વિચારનાર, ધૂર્ત,

સ્ત્રી આદિ વિષયોમાં આસક્ત, મહાઆરંભી, મહાપરિગ્રહી, દારુ-માંસનો ભોગી, બળવાન, બીજાને દમનાર,

બકરાની જેમ કર-કર શબ્દ કરતા માંસાદિ અભક્ષ્ય ખાનાર, ફાંદાળો, અધિક લોહીવાળો, ઘેટો જેમ મહેમાનની પ્રતીક્ષા કરે તેમ તે નરકના આયુની આકાંક્ષા કરે છે.

**સૂત્ર-૧૮૬, ૧૮૭**

આસન, શય્યા, વાહન, ધન અને અન્ય કામભોગોને ભોગવી દુઃખે એકત્રિત કરેલ ધનને છોડીને, કર્મોની ઘણી ધૂળ સચિત કરીને, ... કેવળ વર્તમાનને જોવામાં તત્પર, કર્મોથી ભારે થયેલા જીવ મૃત્યુ સમયે તે રીતે જ શોક કરે છે, જે રીતે મહેમાન આવતા તે ઘેટું શોક કરે છે.

**સૂત્ર-૧૮૮**

વિવિધ પ્રકારે હિંસા કરનાર તે અજ્ઞાની જીવ, આયુ ક્ષીણ થતા જ્યાં શરીર છોડે છે, ત્યારે કૃત કર્મોથી વિવશ થઈ અંધકારવાળા નરકમાં જાય છે.

**સૂત્ર-૧૮૯**

એક કાકિણીએક પ્રકારનું નાણું)ને માટે જેમ મૂઢ મનુષ્ય હજારો હારી જાય છે અને રાજા એક અપથ્ય આમ્રફળ ખાઈને બદલામાં જેમ રાજ્ય હારી જાય છે.

**સૂત્ર-૧૯૦**

એ પ્રમાણે દેવતાના કામભોગોની તુલનામાં મનુષ્યના કામભોગો નગણ્ય છે. મનુષ્યની અપેક્ષાએ દેવતાનું આયુ અને કામભોગો હજાર ગુણા છે.

**સૂત્ર-૧૯૧**

પ્રજ્ઞાવાનની દેવલોકમાં અનેક નયુતએક સંખ્યા વિશેષ) વર્ષોની સ્થિતિ હોય છે, એમ જાણીને પણ મૂર્ખ

મનુષ્ય સો વર્ષથી ન્યૂન આયુમાં તે સુખોને ગુમાવે છે.

સૂત્ર-૧૯૨, ૧૯૩

જેમ ત્રણ વણિકો મૂળ મૂડી, ધન લઈને વ્યાપાર કરવા નીકળ્યા. તેમાં એક અતિરિક્ત લાભ પામે છે. એક માત્ર મૂળ લઈને પાછો આવે છે.

અને એક મૂળ પણ ખોઈને આવે છે. આ વ્યવહારની ઉપમા છે. આ પ્રમાણે ધર્મના વિષયમાં પણ જાણવુ જોઈએ.

સૂત્ર-૧૯૪

મનુષ્યત્વ એ મૂડી છે, દેવગતિ લાભરૂપ છે. મૂળનો નાશ થતા નિશ્ચે નરક અને તિર્યંચ ગતિ પ્રાપ્ત થાય છે.

સૂત્ર-૧૯૫

અજ્ઞાની જીવની બે ગતિ છે – નરક અને તિર્યંચ. ત્યાં તેમને વધમૂલક કષ્ટ પ્રાપ્ત થાય છે. કેમ કે લોલુપતા અને શઠતાને કારણે દેવત્વ અને મનુષ્યત્વને તે પહેલાં જ હારી ગયો છે.

સૂત્ર-૧૯૬

નરક અને તિર્યંચરૂપ બે દુર્ગતિને પ્રાપ્ત અજ્ઞાની બીજી બે ગતિને સદા હારેલા છે, કેમ કે ત્યાંથી દીર્ઘકાળ સુધી નીકળવું દુર્લભ છે.

સૂત્ર-૧૯૭

આ પ્રમાણે હારેલા બાળ જીવોને, તથા બાલ અને પંડિતની તુલના કરીને જે મનુષ્ય યોનિમાં આવે છે, તે મૂળ ધન સાથે પાછા આવેલા પૂર્વોક્ત) વણિક સમાન છે.

સૂત્ર-૧૯૮

જે મનુષ્ય વિમાત્રા શિક્ષા વડે, ઘરમાં રહેવા છતાં પણ સુવ્રતી છે, તે માનુષી યોનિમાં ઉત્પન્ન થાય છે. કેમ કે જીવો કર્મસત્યસત્ય કર્મવાળા) હોય છે.

સૂત્ર-૧૯૯

જેમની શિક્ષા વિપુલા છે, જેઓ ગૃહસ્થ છતાં શીલવંત અને ઉત્તરોત્તર ગુણોથી યુક્ત છે, તે અદીન પુરુષો મનુષ્યત્વથી આગળ વધીને દેવત્વને પામે છે.

સૂત્ર-૨૦૦

એ પ્રમાણે દીનતા રહિત સાધુ અને ગૃહસ્થને, દેવત્વ આદિ લાભયુક્ત જાણીને, કઈ રીતે કોઈ તે લાભને હારશે ? હારતો એવો તે કે પશ્ચાત્તાપ નહીં કરે ?

સૂત્ર-૨૦૧

સમુદ્રની તુલનામાં કુશાગ્રભાગે રહેલ જળબિંદુની માફક દેવતાના કામભોગની તુલનામાં મનુષ્યના કામભોગ ક્ષુદ્ર જાણવા.

સૂત્ર-૨૦૨

મનુષ્ય ભવના આ અલ્પાયુમાં કામભોગ કુશાગ્ર જળબિંદુ સમાન છે, તો પણ અજ્ઞાની કયા હેતુથી પોતાના લાભકારી યોગક્ષેમને નથી સમજતા ?

સૂત્ર-૨૦૩

મનુષ્ય ભવમાં કામભોગોથી નિવૃત્ત ન થનારનો આત્માર્થ વિનષ્ટ થઈ જાય છે. કેમ કે તે સન્માર્ગને વારંવાર સાંભળીને પણ તેને છોડી દે છે.

**સૂત્ર–૨૦૪**

મનુષ્ય ભવમાં કામભોગોથી નિવૃત્ત થનારનું આત્મ પ્રયોજન નષ્ટ થતું નથી, તે પૂતિદેહઅશુચિમય ઔદારિક શરીરને છોડીને દેવ થાય છે, તેમ મેં સાંભળેલ છે.

**સૂત્ર–૨૦૫**

દેવલોકથી આવીને તે જીવ જ્યાં ઉપજે છે ત્યાં ઋદ્ધિ, દ્યુતિ, યશ, વર્ણ, આયુ અને અનુત્તર સુખ હોય તેવું મનુષ્ય કુળ હોય છે.

**સૂત્ર–૨૦૬ થી ૨૦૮**

બાળજીવની અજ્ઞાનતા જુઓ. તે અધર્મ સ્વીકારીને અને ધર્મને છોડીને અધર્મિષ્ઠ બનીને, નરકમાં ઉત્પન્ન થાય છે.

બધા ધર્મોનું અનુવર્તન કરનાર ધીર પુરુષોનું ધૈર્ય જુઓ. તે અધર્મ છોડીને ધર્મિષ્ઠ બને છે અને દેવોમાં ઉત્પન્ન થાય છે.

પંડિત મુનિ બાલભાવ અને અબાલભાવની તુલના કરીને બાલભાવને છોડીને અબાલભાવ સ્વીકારે છે. તેમ હું તમને કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૭ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૮ 'કાપિલીય'

સૂત્ર–૨૦૯

અધ્રુવ, અશાશ્વત, દુઃખ બહુલ સંસારમાં એવુ કયું કર્મ છે ? જેના થકી હું દુર્ગતિમાં ન જાઉં ?

સૂત્ર–૨૧૦

પૂર્વ સંબંધોને એક વાર છોડીને પણ કોઈ ઉપર સ્નેહ ન કરે. સ્નેહ કરનાર સાથે પણ સ્નેહ ન કરે. એવો સ્નેહ રહિત ભિક્ષુ બધા પ્રકારના દોષો અને પ્રદોષોથી મુક્ત થઈ જાય છે.

સૂત્ર–૨૧૧

જ્ઞાન અને દર્શનથી સંપન્ન, મોહમુક્ત કપિલ મુનિએ બધા જીવોના હિત અને કલ્યાણને માટે તથા વિમોક્ષણ માટે આમ કહ્યું –

સૂત્ર–૨૧૨

તથાવિધ ભિક્ષુ બધા પ્રકારના ગ્રન્થિ અને કલહનો ત્યાગ કરે. બધા પ્રકારના કામભોગોમાં દોષ જોતો મુનિ તેમાં લિપ્ત ન થાય.

સૂત્ર–૨૧૩

ભોગરૂપ આમિષ (આસક્તિ) દોષમાં ડૂબેલો, હિત અને નિઃશ્રેયસમાં વિપરીત બુદ્ધિવાળો, અજ્ઞાની, મંદ અને મૂઢ જીવ, કફમાં માખીની જેમ કર્મોમાં બંધાય છે.

સૂત્ર–૨૧૪

આ કામભોગોનો ત્યાગ દુષ્કર છે, અધીર પુરુષો દ્વારા આ કામભોગ આસાનીથી છૂટતા નથી. પણ સુવ્રતી સાધુ તેને એવી રીતે તરી જાય છે, જે રીતે વણિક સમુદ્રને તરી જાય છે.

સૂત્ર–૨૧૫

'અમે શ્રમણ છીએ' એમ બોલવા છતાં, કેટલાક પશુ જેવા અજ્ઞાની જીવો પ્રાણવધને સમજતા નથી. તે મંદ અને અજ્ઞાની પાપદૃષ્ટિઓને કારણે નરકમાં જ જાય છે.

સૂત્ર–૨૧૬

જેમણે આ સાધુધર્મની પ્રરૂપણા કરી છે, તે આર્ય પુરુષોએ કહેલ છે કે – પ્રાણવધને અનુમોદનાર કદાપિ સર્વે દુઃખોથી મુક્ત થતા નથી.

સૂત્ર–૨૧૭

જે જીવોની હિંસા નથી કરતા, તે 'સમિત' કહેવાય છે. તેમના જીવનમાંથી પાપકર્મ એ રીતે નીકળી જાય છે, જેમ ઊંચે સ્થાનેથી પાણી.

સૂત્ર–૨૧૮

જગતને આશ્રિત જે કોઈ ત્રસ કે સ્થાવર પ્રાણી છે, તેમના પ્રતિ મન–વચન–કાયારૂપ કોઈપણ પ્રકારના દંડનો પ્રયોગ ન કરે.

સૂત્ર–૨૧૯

શુદ્ધ એષણાને જાણીને ભિક્ષુ તેમાં પોતાને જ સ્થાપિત કરે, ભિક્ષાજીવી મુનિ સંયમયાત્રાને માટે આહારની એષણા કરે. પણ રસોમાં મૂર્ચ્છિત ન થાય.

**સૂત્ર–૨૨૦**

ભિક્ષુ પ્રાયઃ નીરસ, શીતપિંડ, પુરાણા અડદ અથવા સાર વગરના રુક્ષ, બોર આદિનું ચૂર્ણ જ જીવનયાપન માટે ગ્રહણ કરે છે.

**સૂત્ર–૨૨૧**

જે સાધુ લક્ષણશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર અને અંગવિદ્યાનો પ્રયોગ કરે છે, તેને સાધુ કહેવાતો નથી. એ પ્રમાણે આચાર્યોએ કહેલ છે.

**સૂત્ર–૨૨૨**

જે વર્તમાન જીવનને નિયંત્રિત ન રાખી શકવાને કારણે સમાધિયોગથી ભ્રષ્ટ થાય છે, તેઓ કામભોગ અને રસોમાં આસક્ત લોકો અસુરકાયમાં ઉત્પન્ન થાય છે.

**સૂત્ર–૨૨૩**

ત્યાંથી ઉદ્‌વર્તીને પણ તેઓ સંસારમાં ઘણો કાળ સુધી ભમે છે. ઘણા અધિક કર્મોથી લેપાવાને કારણે તેમને બોધિધર્મની પ્રાપ્તિ દુર્લભ છે.

**સૂત્ર–૨૨૪**

પ્રતિપૂર્ણ એવો આ સમગ્ર લોક પણ જો કોઈ એકને આપી દેવાય, તો પણ તે તેનાથી સંતુષ્ટ થશે નહીં. કેમ કે) આ આત્મા એટલો દુષ્પુર છે.

**સૂત્ર–૨૨૫**

જેમ લાભ થાય, તેમ લોભ થાય છે. લાભથી લોભ વધે છે. બે માસા સુવર્ણથી નિષ્પન્ન થનાર કાર્ય કરોડોથી પણ પૂર્ણ ન થયું.

**સૂત્ર–૨૨૬**

જે છાતીમાં ફોડા રૂપ સ્તનોવાળી છે, અનેક કામનાવાળી છે, જે પુરુષને પ્રલોભનમાં ફસાવી તેને દાસની માફક નચાવે છે, એવી રાક્ષસી સ્વરૂપ સ્ત્રીઓમાં આસક્તિ ન રાખવી જોઈએ.

**સૂત્ર–૨૨૭**

સ્ત્રીનો ત્યાગ કરનારા અણગાર તેનામાં આસક્ત ન થાય. ભિક્ષુધર્મને પેશલ જાણીને, તેમાં પોતાના આત્માને સ્થાપિત કરે.

**સૂત્ર–૨૨૮**

વિશુદ્ધ પ્રજ્ઞાવાળા કપિલ મુનિએ આ પ્રકારે ધર્મ કહેલ છે જે તેની સમ્યક્ આરાધના કરશે, તે સંસાર સમુદ્રને પાર કરશે. તેના દ્વારા જ બંને લોક આરાધિત થશે – તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૮ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૯ 'નમિપ્રવ્રજ્યા'

સૂત્ર–૨૨૯

દેવલોકથી ચ્યવીને નમિરાજાનો જીવ મનુષ્યલોકમાં જન્મ્યો. તેનો મોહ ઉપશાંત થતા, તેને પૂર્વજન્મનું સ્મરણ થયું.

સૂત્ર–૨૩૦

ભગવન્ નમિ પૂર્વજન્મનું સ્મરણ કરીને અનુત્તરધર્મમાં સ્વયંસંબુદ્ધ થયા. રાજ્યનો ભાર પુત્રને સોંપીને અભિનિષ્ક્રમણ કર્યું.

સૂત્ર–૨૩૧

નમિ રાજા શ્રેષ્ઠ અંતઃપુરમાં રહીને, દેવલોક સદૃશ ભોગો ભોગવીને એક દિવસ બોધ પામી, તેમણે ભોગોનો પરિત્યાગ કર્યો.

સૂત્ર–૨૩૨

ભગવંત નમિએ પુર અને જનપદ સહિત પોતાની રાજધાની મિથિલા, સેના, અંતઃપુર અને બધા પરિજનોને છોડીને અભિનિષ્ક્રમણ કર્યું અને એકાંતવાસી થઈ ગયા.

સૂત્ર–૨૩૩

જે સમયે નમિ રાજર્ષિ અભિનિષ્ક્રમણ કરીને પ્રવ્રજિત થઈ રહ્યા હતા, તે સમયે મિથિલા નગરીમાં ઘણો કોલાહલ થયો.

સૂત્ર–૨૩૪

ઉત્તમ પ્રવ્રજ્યા સ્થાનને માટે પ્રસ્તુત થયેલા નમિ રાજર્ષિને બ્રાહ્મણ રૂપે આવેલા દેવેન્દ્રએ આ વચન કહ્યા –

સૂત્ર–૨૩૫

હે રાજર્ષિ ! આજે મિથિલા નગરીમાં, પ્રાસાદોમાં, ઘરમાં કોલાહલપૂર્ણ દારૂણ શબ્દો સંભળાઈ રહ્યા છે ?

સૂત્ર–૨૩૬

દેવેન્દ્રની આ વાત સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રકારે કહ્યું –

સૂત્ર–૨૩૭

મિથિલામાં એક ચૈત્યવૃક્ષ હતું. જે શીતળ છાયાવાળુ મનોરમ, પત્ર–પુષ્પ અને ફળોથી યુક્ત, ઘણાને માટે સદૈવ ઉપકારક હતું.

સૂત્ર–૨૩૮

પ્રચંડ આંધીથી તે મનોરમ વૃક્ષના પડી જવાથી દુઃખિત, અશરણ અને આર્ત્ત એવા પક્ષી ક્રંદન કરી રહ્યા હતા.

સૂત્ર–૨૩૯

નમિ રાજર્ષિના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત દેવેન્દ્રએ નમિ રાજર્ષિને આ પ્રકારે કહ્યું –

સૂત્ર–૨૪૦

આ અગ્નિ છે, આ વાયુ છે, તેનાથી આ તમારું રાજભવન બળી રહેલ છે. ભગવન્ ! આપ આપના અંતઃપુર તરફ કેમ નથી જોતા ?

સૂત્ર–૨૪૧, ૨૪૨

દેવેન્દ્રના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રકારે કહ્યું –

– જેની પાસે પોતાનું કહેવાય તેવું કંઈ નથી, એવા અમે સુખે રહીએ છીએ. સુખે જીવીએ છીએ. મિથિલાના બળવામાં મારું કંઈ જ બળતું નથી.

**સૂત્ર–૨૪૩, ૨૪૪**

પુત્ર, પત્ની અને ગૃહવ્યાપારથી મુક્ત ભિક્ષુને માટે કોઈ વસ્તુ તેને પ્રિય નથી હોતી કે અપ્રિય હોતી નથી.

'બધી બાજુથી હું એકલો જ છું' એ પ્રકારે એકાંતદ્રષ્ટા ગૃહત્યાગી મુનિને બધા પ્રકારથી સુખ જ સુખ છે.

**સૂત્ર–૨૪૫, ૨૪૬**

નમિ રાજર્ષિના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત દેવેન્દ્રએ નમિ રાજર્ષિને આ પ્રકારે કહ્યું –

હે ક્ષત્રિય ! પહેલાં તમે નગરના પ્રાકાર, ગોપુર, અટ્ટાલિકા, દુર્ગની ખાઈ, શીતઘ્ની બનાવીને જાઓ. બનાવીને પછી દીક્ષા લો.)

**સૂત્ર–૨૪૭ થી ૨૫૦**

દેવેન્દ્રના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રકારે કહ્યું –

– શ્રદ્ધાને નગર, તપ અને સંયમને અર્ગલા, ક્ષમાને મન–વચન–કાયાની ત્રિગુપ્તિથી સુરક્ષિત કરી, એ પ્રમાણે અજેય મજબૂત પ્રકાર બનાવીને,

પરાક્રમને ધનુષ, ઈર્યા સમિતિને તેની જીવા, ધૃતિને તેની મૂળ બનાવીને, સત્યથી તેને બાંધીને,

તપરૂપી બાણોથી યુક્ત ધનુષથી કર્મરૂપી કવચને ભેદીને અંતર્યુદ્ધનો વિજેતા મુનિ સંસારથી મુક્ત થાય છે.

**સૂત્ર–૨૫૧, ૨૫૨**

નમિ રાજર્ષિના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત દેવેન્દ્રએ નમિ રાજર્ષિને આ પ્રકારે કહ્યું –

હે ક્ષત્રિય ! પહેલા તમે પ્રાસાદ, વર્ધમાનગૃહ અને ચંદ્રશાળા બનાવીને પછી જજો પ્રવ્રજિત થજો).

**સૂત્ર–૨૫૩, ૨૫૪**

દેવેન્દ્રના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રકારે કહ્યું –

જે માર્ગમાં ઘર બનાવે છે, તે પોતાને સંશયમાં નાંખે છે, તેથી જ્યાં જવાની ઈચ્છા હોય ત્યાં જ પોતાનું સ્થાયી ઘર બનાવવું જોઈએ.

**સૂત્ર–૨૫૫, ૨૫૬**

નમિ રાજર્ષિના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત દેવેન્દ્રએ નમિ રાજર્ષિને આ પ્રકારે કહ્યું –

હે ક્ષત્રિય ! પહેલાં તમે લૂંટારા, પ્રાણઘાતક ડાકુ, ગ્રંથિભેદકો અને ચોરોથી નગરની રક્ષા કરીને પછી જજો – દીક્ષા લેજો.

**સૂત્ર–૨૫૭, ૨૫૮**

દેવેન્દ્રના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રકારે કહ્યું –

આ લોકમાં મનુષ્યો દ્વારા અનેકવાર મિથ્યાદંડનો પ્રયોગ કરે છે. અપરાધ ન કરનારા પકડાય છે અને અપરાધી છૂટી જાય છે.

**સૂત્ર–૨૫૯, ૨૬૦**

નમિ રાજર્ષિના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત દેવેન્દ્રએ નમિ રાજર્ષિને આ પ્રકારે કહ્યું –

હે ક્ષત્રિય ! જે રાજા હાલ તમને નમતા નથી, પહેલાં તેમને તમારા વશમાં કરીને જજો – દીક્ષા લેજો.

**સૂત્ર–૨૬૧ થી ૨૬૪**

દેવેન્દ્રના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રકારે કહ્યું –

– જે દુર્જય સંગ્રામમાં દશ લાખ યોદ્ધાને જીતે છે, તેની અપેક્ષાએ જે એક પોતાને જીતે છે, તેનો વિજય જ પરમ વિજય છે.

બહારના યુદ્ધોથી શું ? સ્વયં પોતાનાથી યુદ્ધ કરો. પોતાનાથી પોતાનાને જીતીને જ સાચું સુખ પ્રાપ્ત થાય છે.

પાંચ ઇન્દ્રિયો, ક્રોધ, માન, માયા, લોભાદિ વાસ્તવમાં દુર્જેય છે. એક પોતાને જીતવાથી આ બધા જીતાય છે.

**સૂત્ર–૨૬૫, ૨૬૬**

નમિ રાજર્ષિના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત દેવેન્દ્રએ નમિ રાજર્ષિને આ પ્રકારે કહ્યું –

હે ક્ષત્રિય ! તમે વિપુલ યજ્ઞ કરાવીને, શ્રમણ અને બ્રાહ્મણને ભોજન કરાવીને, દાન દઈને, ભોગો ભોગવીને અને સ્વયં યજ્ઞ કરીને જજો – દીક્ષા લેજો.

**સૂત્ર–૨૬૭, ૨૬૮**

દેવેન્દ્રના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રકારે કહ્યું –

જે મનુષ્ય દર મહિને દશ લાખ ગાયોનું દાન કરતો હોય, તેને પણ સંયમ જ શ્રેય છે, ભલે, પછી તે કોઈને કંઈપણ દાન ન કરે.

**સૂત્ર–૨૬૯, ૨૭૦**

નમિ રાજર્ષિના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત દેવેન્દ્રએ નમિ રાજર્ષિને આ પ્રકારે કહ્યું –

હે મનુજાધિપ ! તું ગૃહસ્થાશ્રમને છોડીને જે બીજા આશ્રમની ઇચ્છા કરો છો તે ઉચિત નથી. અહીં રહીને જ પૌષધવ્રતમાં અનુરત રહો.

**સૂત્ર–૨૭૧, ૨૭૨**

દેવેન્દ્રના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રકારે કહ્યું –

જે બાળ સાધક મહિને મહિને તપ કરી, પારણે કુશાગ્ર આહારને ખાય છે, તે સમ્યક્ ધર્મની સોળમી કલાને પણ પામી શકતો નથી.

**સૂત્ર–૨૭૩, ૨૭૪**

નમિ રાજર્ષિના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત દેવેન્દ્રએ નમિ રાજર્ષિને આ પ્રકારે કહ્યું –

હે ક્ષત્રિય ! તમે ચાંદી, સોના, મણિ, મોતી, કાંસાના પાત્ર, વસ્ત્ર, વાહન અને કોશની વૃદ્ધિ કરીને જજો – દીક્ષા લેજો.

**સૂત્ર–૨૭૫ થી ૨૭૭**

દેવેન્દ્રના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રકારે કહ્યું –

– સોના અને ચાંદીના કૈલાશ સમાન અસંખ્ય પર્વત હોય, તો પણ લોભી મનુષ્યની તેનાથી કોઈ તૃપ્તિ થતી નથી. કેમ કે ઇચ્છા આકાશ સમાન અનંત છે.

પૃથ્વી, ચોખા, જવ, સોનું અને પશુ ઇચ્છાપૂર્તિને માટે પર્યાપ્ત નથી, એ જાણીને સાધક તપનું આચરણ કરે.

**સૂત્ર–૨૭૮, ૨૭૯**

નમિ રાજર્ષિના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત દેવેન્દ્રએ નમિ રાજર્ષિને આ પ્રકારે કહ્યું –

હે પાર્થિવ ! આશ્ચર્ય છે કે તમે પ્રત્યક્ષ પ્રાપ્ત ભોગોને ત્યાગી રહ્યા છો અને અપ્રાપ્ત ભોગોની ઇચ્છા કરો છો, તમે વ્યર્થ સંકલ્પોથી ઠગાઓ છો.

**સૂત્ર–૨૮૦, ૨૮૧**

દેવેન્દ્રના આ અર્થને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રકારે કહ્યું –

સંસારના કામભોગો શલ્ય, વિષ અને આશીવિષ સર્પ સમાન છે. જે કામભોગોને ઇચ્છે છે, પણ તેનું સેવન ન કરે, તે પણ દુર્ગતિમાં જાય છે.

સૂત્ર-૨૮૨

ક્રોધથી અધોગતિ થાય, માનથી અધમાગતિ, માયાથી સુગતિમાં બાધા આવે છે. લોભથી બંને તરફ ભય રહે.

સૂત્ર-૨૮૩ થી ૨૮૫

દેવેન્દ્રએ બ્રાહ્મણના રૂપને છોડીને, પોતાનું મૂળ ઇન્દ્રરૂપને પ્રગટ કરીને મધુર વાણીથી સ્તુતિ કરતા, નમિ રાજર્ષિને વંદના કરીને કહ્યું –

અહો ! આશ્ચર્ય છે કે – તમે ક્રોધને જીત્યો, માનને પરાજિત કર્યો, માયાને દૂર કરી અને લોભને વશ કર્યો છે.

તમારી સરળતા ઉત્તમ છે, મૃદુતા ઉત્તમ છે, તમારી ક્ષમા અને નિર્લોભતા ઉત્તમ છે.

સૂત્ર-૨૮૬

ભગવન્ ! આપ આ લોકમાં પણ ઉત્તમ છો અને પરલોકમાં પણ ઉત્તમ થશો. કર્મમળથી રહિત થઈ આપ લોકમાં સર્વોત્તમ સ્થાન સિદ્ધિને પ્રાપ્ત કરશો.

સૂત્ર-૨૮૭, ૨૮૮

એ પ્રમાણે સ્તુતિ કરતા ઇન્દ્રએ ઉત્તમ શ્રદ્ધાથી રાજર્ષિની પ્રદક્ષિણા કરતા, અનેકવાર વંદના કરી.

પછી નમિ મુનિવરના ચક્ર-અંકુશ લક્ષણ યુક્ત ચરણોની વંદના કરીને લલિતત અને ચપળ કુંડલ અને મુગટને ધારણ કરનારો ઇન્દ્ર આકાશ માર્ગે ચાલ્યો ગયો.

સૂત્ર-૨૮૯

નમિ રાજર્ષિએ આત્મ-ભાવનાથી પોતાને વિનીત કર્યા. સાક્ષાત્ દેવેન્દ્ર દ્વારા પ્રેરિત કરાયા છતાં ઘર અને વૈદેહી ત્યાગીને શ્રામણ્યભાવમાં સુસ્થિર રહ્યા.

સૂત્ર-૨૯૦

એ પ્રમાણે કરીને સંબુદ્ધ, પંડિત અને વિચક્ષણ પુરુષ ભોગોથી નિવૃત્ત થાય છે, જેમ તે નમિ રાજર્ષિ થયા, તેમ હું કહું છું.

મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૯ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૧૦ 'દ્રુમપત્રક'

**સૂત્ર-૨૯૧**

જેમ સમય વીતતા વૃક્ષનું સૂકું સફેદ પાન પડી જાય છે, તેવું જ મનુષ્ય જીવન છે. તેથી હે ગૌતમ ! ક્ષણ માત્ર પણ પ્રમાદ ન કર.

**સૂત્ર-૨૯૨**

કુશના અગ્રભાગ ઉપર રહેલા ઓસના બિંદુની માફક મનુષ્યનું જીવન ક્ષણિક છે. તેથી હે ગૌતમ ! ક્ષણમાત્ર પણ પ્રમાદ ન કર.

**સૂત્ર-૨૯૩**

આ અલ્પકાલીન આયુષ્યમાં, વિઘ્નોથી પ્રતિહત જીવનમાં જ પૂર્વસંચિત કર્મરજને દૂર કરવાની છે માટે હે ગૌતમ ! ક્ષણમાત્ર પણ પ્રમાદ ન કર.

**સૂત્ર-૨૯૪**

વિશ્વના બધા પ્રાણીઓને ચિરકાળે પણ મનુષ્યભવની પ્રાપ્તિ દુર્લભ છે. કર્મોનો વિપાક ઘણો તીવ્ર છે, તેથી હે ગૌતમ ! ક્ષણમાત્રનો પ્રમાદ ન કર.

**સૂત્ર-૨૯૫ થી ૩૦૪**

૨૯૫. પૃથ્વીકાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ અસંખ્યકાળ સુધી રહે છે. તેથી હે ગૌતમ ! ક્ષણમાત્રનો પણ પ્રમાદ કરીશ નહીં.

૨૯૬. અપ્કાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ સુધી રહે છે. તેથી હે ગૌતમ ! ક્ષણમાત્રનો પણ પ્રમાદ કરીશ નહીં.

૨૯૭. તેઉકાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ સુધી રહે છે, તેથી હે ગૌતમ ! ક્ષણમાત્રનો પણ પ્રમાદ કરીશ નહીં.

૨૯૮. વાયુકાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ સુધી રહે છે, તેથી હે ગૌતમ ! ક્ષણમાત્રનો પણ પ્રમાદ કરીશ નહીં.

૨૯૯. વનસ્પતિકાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટથી અનંતકાળ સુધી રહે છે, તેથી હે ગૌતમ ! ક્ષણમાત્રનો પણ પ્રમાદ કરીશ નહીં.

૩૦૦. બેઈન્દ્રિયકાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળ સુધી રહે છે, તેથી હે ગૌતમ ! ક્ષણમાત્રનો પણ પ્રમાદ કરીશ નહીં.

૩૦૧. તેઈન્દ્રિયકાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળ સુધી રહે છે, તેથી હે ગૌતમ ! ક્ષણમાત્રનો પણ પ્રમાદ કરીશ નહીં.

૩૦૨. ચઉરિન્દ્રિયકાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળ સુધી રહે છે, તેથી હે ગૌતમ ! ક્ષણમાત્રનો પણ પ્રમાદ કરીશ નહીં.

૩૦૩. પંચેન્દ્રિય કાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટથી સાત આઠ ભવ તેમાં રહે છે. તેથી હે ગૌતમ ! ક્ષણમાત્રનો પણ પ્રમાદ કરીશ નહીં.

૩૦૪. દેવ અને નરક યોનિમાં ગયેલ જીવ ઉત્કૃષ્ટથી એક-એક ભવ ગ્રહણ કરે છે, તેથી હે ગૌતમ ! ક્ષણમાત્રનો પણ પ્રમાદ કરીશ નહીં.

સૂત્ર-૩૦૫

પ્રમાદ બહુલ જીવ શુભાશુભ કર્મોને કારણે એ પ્રમાણે સંસારમાં પરિભ્રમણ કરે છે. તેથી હે ગૌતમ ! ક્ષણમાત્ર પણ પ્રમાદ કરવો નહીં.

સૂત્ર-૩૦૬ થી ૩૧૦

૩૦૬. દુર્લભ મનુષ્યત્વ પામીને પણ આર્યત્વ પામવું દુર્લભ છે. કેમ કે ઘણા દસ્યુ અને મ્લેચ્છ હોય છે, તેથી હે ગૌતમ ! ક્ષણમાત્ર પ્રમાદ ન કર.

૩૦૭. આર્યત્વ પ્રાપ્ત થયા પછી પણ અહીન પંચેન્દ્રિયત્વ દુર્લભ છે. ઘણા વિકલેન્દ્રિયો દેખાય છે. તેથી હે ગૌતમ ! ક્ષણ માત્ર પ્રમાદ ન કર.

૩૦૮. અહીન પંચેન્દ્રિયત્વની પ્રાપ્તિ પછી પણ ઉત્તમ ધર્મનું શ્રમણ દુર્લભ છે. કુતીર્થિકોની ઉપાસના કરનારા લોકો દેખાય છે. તેથી હે ગૌતમ ! ક્ષણમાત્ર પ્રમાદ ન કર.

૩૦૯. ઉત્તમ ધર્મની શ્રુતિ મળવા છતાં તેની શ્રદ્ધા થવી દુર્લભ છે. ઘણા લોકો મિથ્યાત્વ સેવે છે. તેથી ગૌતમ ! ક્ષણમાત્ર પ્રમાદ ન કર.

૩૧૦. ધર્મની શ્રદ્ધા કરતો પણ તદનુરૂપ આચરણ દુર્લભ છે. ઘણા લોકો કામગુણોમાં મૂર્ચ્છિત છે. તેથી હે ગૌતમ ! ક્ષણ માત્ર પ્રમાદ ન કર.

સૂત્ર-૩૧૧ થી ૩૧૬

૩૧૧. તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે, વાળ સફેદ થઈ રહ્યા છે, શ્રવણશક્તિ નબળી પડી રહી છે. તેથી હે ગૌતમ! ક્ષણ માત્ર પ્રમાદ ન કર.

૩૧૨. તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે, વાળ સફેદ થઈ રહ્યા છે, આંખોની શક્તિ ક્ષીણ થઈ રહી છે. તેથી હે ગૌતમ! ક્ષણમાત્ર પ્રમાદ ન કર.

૩૧૩. તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે, વાળ સફેદ થઈ રહ્યા છે, ઘ્રાણશક્તિ ક્ષીણ થઈ રહી છે. તેથી હે ગૌતમ! ક્ષણમાત્ર પ્રમાદ ન કર.

૩૧૪. તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે, વાળ સફેદ થઈ રહ્યા છે, જીભની શક્તિ નષ્ટ થઈ રહી છે. તેથી હે ગૌતમ ! ક્ષણમાત્ર પ્રમાદ ન કર.

૩૧૫. તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે, વાળ સફેદ થઈ રહ્યા છે, સ્પર્શ શક્તિ ક્ષીણ થઈ રહી છે. તેથી હે ગૌતમ! ક્ષણ માત્ર પ્રમાદ ન કર.

૩૧૬. તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે, વાળ સફેદ થઈ રહ્યા છે, તારું સર્વ બલ હીન થાય છે. તેથી હે ગૌતમ ! ક્ષણમાત્ર પ્રમાદ ન કર.

સૂત્ર-૩૧૭

અરતિ, ગંડ, વિસૂચિકા, આતંક, વિવિધ રોગોની સ્પર્શનાથી તે શરીર પડી જાય છે, વિધ્વસ્ત થઈ જાય છે. તેથી હે ગૌતમ ! સમય માત્ર પણ પ્રમાદ ન કર.

સૂત્ર-૩૧૮

જેમ શરદકાલીન કુમુદ પાણીથી લિપ્ત થતું નથી, તે પ્રકારે તું પણ તારા બધા પ્રકારના સ્નેહને ત્યાગીને નિર્લિપ્ત થા. હે ગૌતમ ! સમય માત્ર પણ પ્રમાદ ન કર.

સૂત્ર-૩૧૯

ધન અને પત્નીનો પરિત્યાગ કરીને તું અણગાર વૃત્તિમાં દીક્ષિત થયેલો છે. તેથી વમન કરેલા ભોગોને તું ન

પી. તેથી હે ગૌતમ! જરા પણ પ્રમાદ ન કર.

સૂત્ર–૩૨૦

મિત્ર, બંધુ અને વિપુલ ધનરાશિનો સંચય છોડીને ફરી તેની ગવેષણા ન કર. હે ગૌતમ ! સમય માત્ર પણ પ્રમાદ ન કર.

સૂત્ર–૩૨૧

લોકો કહેશે કે –) આજે જિનવર તો દેખાતા નથી. જે માર્ગદર્શક છે, તેઓ પણ એકમત દેખાતા નથી. તને આજે ન્યાયમાર્ગ ઉપલબ્ધ છે. તેથી તેથી હે ગૌતમ ! ક્ષણમાત્ર પ્રમાદ ન કર.

સૂત્ર–૩૨૨

કંટક આકીર્ણ માર્ગ છોડીને તું સ્વચ્છ રાજમાર્ગ ઉપર આવી ગયેલ છો. તેથી દૃઢ શ્રદ્ધાથી આ માર્ગે ચાલ. તેથી હે ગૌતમ ! ક્ષણ માત્ર પ્રમાદ ન કર.

સૂત્ર–૩૨૩

નિર્બળ ભારવાહક જેમ વિષમમાર્ગે જઈને પશ્ચાત્તાપ કરે છે, હે ગૌતમ ! તેમ તું તેની માફક વિષમ માર્ગે ન જા, અન્યથા પછી પસ્તાવો થશે. તેથી હે ગૌતમ ! સમય માત્ર પ્રમાદ ન કર.

સૂત્ર–૩૨૪

તે મહાસાગરને તો પાર કરી દીધો છે, હવે કિનારા પાસે આવીને કેમ ઊભો છે ? તેને પાર કરવામાં ઉતાવળ કર. હે ગૌતમ ! ક્ષણમાત્ર પણ તું પ્રમાદ ન કર.

સૂત્ર–૩૨૫

તું દેહમુક્ત સિદ્ધત્વને પ્રાપ્ત કરાવનારી ક્ષપક શ્રેણી ઉપર આરૂઢ થઈને ક્ષેમ, શિવ અને અનુત્તર સિદ્ધિલોકને પ્રાપ્ત કરીશ. તેથી હે ગૌતમ ! ક્ષણમાત્ર પણ સમયનો પ્રમાદ ન કર.

સૂત્ર–૩૨૬

બુદ્ધ અને પરિનિવૃત્ત થઈને સંયતભાવથી તું ગામ અને નગરમાં વિચરણ કર. શાંતિમાર્ગની વૃદ્ધિ કર. ક્ષણમાત્ર પ્રમાદ ન કર.

સૂત્ર–૩૨૭

અર્થ અને પદથી સુશોભિત તથા સુકથિત બુદ્ધની – ભગવંત મહાવીરની વાણીને સાંભળીને, રાગ અને દ્વેષનું છેદન કરીને ગૌતમ સિદ્ધિ ગતિને પ્રાપ્ત થયા. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૧૦નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૧૧ ' બહુશ્રુત પૂજા'

**સૂત્ર-૩૨૮**

સાંસારિક બંધનોથી રહિત, ગૃહત્યાગી ભિક્ષુના આચારનું હું યથાક્રમે કથન કરીશ. તે તમે હવે મારી પાસેથી સાંભળો.

**સૂત્ર-૩૨૯**

જે વિદ્યાહીન છે, અહંકારી, લુબ્ધ, અનિગ્રહ, વારંવાર અસંબદ્ધ બોલનાર છે, તે અબહુશ્રુત છે.

**સૂત્ર-૩૩૦ થી ૩૩૨**

પાંચ કારણે શિક્ષા પ્રાપ્ત ન થાય – અભિમાન, ક્રોધ, પ્રમાદ, રોગ, આળસ.

આ આઠ સ્થાનોમાં વ્યક્તિ શિક્ષાશીલ થાય છે – ૧. હસી મજાક ન કરે, ૨. સદા દાંત રહે, ૩. મર્મોદ્ઘાટન ન કરે, ૪. અશીલ ન હોય, ૫. વિશીલ ન હોય, ૬. અતિલોલુપ ન હોય, ૭. અક્રોધી હોય, ૮. સત્યરત હોય.

**સૂત્ર-૩૩૩ થી ૩૪૦**

ચૌદ સ્થાને વ્યવહાર કરનાર સંયત મુનિ અવિનીત કહેવાય અને તે નિર્વાણ ન પામે.

૧. અભિક્ષ્ણ ક્રોધી હોય. ૨. ક્રોધને લાંબો સમય ટકાવે. ૩. મિત્રતાને ઠુકરાવે. ૪. શ્રુત પામીને અહંકાર કરે. ૫. બીજાનો પાપ પરિક્ષેપી હોય. ૬. મિત્રો પર ક્રોધ કરનાર. ૭. પ્રિય મિત્રોની પણ એકાંતમાં બૂરાઈ કરે છે. ૮. અસંબદ્ધ પ્રલાપ કરે. ૯. દ્રોહી હોય. ૧૦. અભિમાની, ૧૧. રસ લોલુપ, ૧૨. અજિતેન્દ્રિયા, ૧૩. અસંવિભાગી, ૧૪. અપ્રીતિકર છે, તે અવિનીત છે.

પંદર સ્થાને તે સુવિનીત કહેવાય છે –

૧. જે નમ્ર છે, ૨. અચપલ છે, ૩. અમાયી, ૪. અકુતૂહલી, ૫. કોઈ ની નિંદા ન કરનાર, ૬. ક્રોધને લાંબો સમય પકડી ન રાખે, ૭. મિત્રો પ્રતિ કૃતજ્ઞ, ૮. શ્રુતને પામીને અહંકાર ન કરે, ૯. પાપ પરિક્ષેપી ન હોય, ૧૦. મિત્રો ઉપર ક્રોધ ન કરે, ૧૧. અપ્રિય મિત્રને માટે પણ એકાંતમાં કલ્યાણની વાત કરે, ૧૨. વાક્ કલહ અને માર-પીટ ન કરે, ૧૩. અભિજાત હોય, ૧૪. લજ્જાશીલ હોય, ૧૫. પ્રતિસંલીન હોય, તે સાધુને વિનીત કહેલ છે.

**સૂત્ર-૩૪૧**

સદા ગુરૂકુળમાં રહે, યોગ અને ઉપધાનમાં નિરત છે, પ્રિય કરનાર અને પ્રિયભાષી છે, તે શિક્ષા પ્રાપ્ત કરી શકે

**સૂત્ર-૩૪૨**

જેમ શંખમાં રાખેલ દૂધ પોતાને અને પોતાને આધારના ગુણોને કારણે બંને તરફથી સુશોભિત રહે છે, તે જ રીતે બહુશ્રુત ભિક્ષુમાં ધર્મ, કીર્તિ અને શ્રુત પણ બંને તરફથી સુશોભિત રહે છે.

**સૂત્ર-૩૪૩**

જે પ્રમાણે કંબોજ દેશના અશ્વોમાં કંથક ઘોડા જાતિમાન અને વેગમાં શ્રેષ્ઠ હોય છે, તે પ્રમાણે જ બહુશ્રુત શ્રેષ્ઠ હોય છે.

**સૂત્ર-૩૪૪**

જેમ જાતિમાન અશ્વારૂઢ દઢ પરાક્રમી શૂરવીર યોદ્ધા, બંને તરફ થનારા નાંદીઘોષથી સુશોભિત થાય છે, તેમજ બહુશ્રુત શોભે છે.

સૂત્ર-૩૪૫

જે પ્રકારે હાથણીથી ઘેરાયેલ સાંઈઠ વર્ષનો બળવાન હાથી કોઈથી પરાજિત થતો નથી, તે પ્રમાણે બહુશ્રુત પણ પરાજિત થતો નથી.

સૂત્ર-૩૪૬

જેમ તીક્ષ્ણ શીંગડાવાળો, બળવાન સ્કંધવાળો, જૂથાધિપતિ વૃષભ શોભે છે, તેવી રીતે ગણાધિપતિ બહુશ્રુત શોભે છે.

સૂત્ર-૩૪૭

જેમ તીક્ષ્ણ દાઢો વાળો પૂર્ણ યુવા અને દુષ્પરાજેય સિંહ પશુઓમાં શ્રેષ્ઠ હોય છે તેમજ બહુશ્રુત હોય છે.

સૂત્ર-૩૪૮

જેમ શંખ, ચક્ર, ગદાને ધારણ કરનાર વાસુદેવ અપરાજિત બળવાળો યોદ્ધો હોય છે, તેમજ બહુશ્રુત પણ અપરાજિત બળશાળી હોય છે.

સૂત્ર-૩૪૯

જેમ મહાન ઋદ્ધિવાન્ ચાતુરંત ચક્રવર્તી ચૌદ રત્નોનો સ્વામી હોય છે, તેમજ બહુશ્રુત પણ ચૌદ પૂર્વોના સ્વામી હોય છે.

સૂત્ર-૩૫૦

જેમ સહસ્રાક્ષ, વજ્રપાણી, પુરંદર, શક્ર દેવોનો અધિપતિ હોય છે, તે પ્રમાણે બહુશ્રુત હોય છે.

સૂત્ર-૩૫૧

જેમ અંધકારનાશક ઉદીયમાન સૂર્ય તેજથી બળતો હોય તેવો લાગે, તે પ્રમાણે બહુશ્રુત પણ તેજસ્વી હોય છે.

સૂત્ર-૩૫૨

જેમ નક્ષત્રોના પરિવારથી પરિવૃત્ત ચંદ્રમા પૂર્ણિમાએ પરિપૂર્ણ થાય છે, તે પ્રમાણે બહુશ્રુત પણ જ્ઞાનાદિની કળાથી પરિપૂર્ણ થાય.

સૂત્ર-૩૫૩

જે પ્રકારે સામાજિક-વ્યાપારી આદિના કોઠાર સુરક્ષિત અને અનેક પ્રકારના ધાન્યોથી પરિપૂર્ણ હોય છે તે પ્રમાણે બહુશ્રુત પણ વિવિધ પ્રકારના શ્રુતથી પરિપૂર્ણ હોય છે.

સૂત્ર-૩૫૪

અનાદતદેવનું સુદર્શના નામે જંબૂવૃક્ષ, જેમ બધા વૃક્ષોમાં શ્રેષ્ઠ હોય છે, તેમ બહુશ્રુત બધા સાધુમાં શ્રેષ્ઠ હોય.

સૂત્ર-૩૫૫

જે પ્રકારે નીલવંતથી વહેતી, જળપ્રવાહથી પરિપૂર્ણ, સમુદ્રગામીની સીતા નદી, બધી નદીઓમાં શ્રેષ્ઠ છે, તે પ્રમાણે બહુશ્રુત થાય છે.

સૂત્ર-૩૫૬

જેમ વિવિધ પ્રકારની ઔષધીથી દીપ્ત મહાન મેરુ પર્વત બધા પર્વતોમાં શ્રેષ્ઠ છે, તે પ્રમાણે બહુશ્રુત બધા સાધુઓમાં શ્રેષ્ઠ હોય છે.

સૂત્ર-૩૫૭

જેમ સદૈવ અક્ષયજળથી પરિપૂર્ણ સ્વયંભૂરમણ સમુદ્ર વિવિધ રત્નોથી પરિપૂર્ણ રહે છે, તેમજ બહુશ્રુત અક્ષય જ્ઞાનથી પરિપૂર્ણ રહે છે.

સૂત્ર-૩૫૮

સમુદ્ર સમાન ગંભીર, દુરાસય, અવિચલિત, અપરાજેય, વિપુલ શ્રુતજ્ઞાનથી પરિપૂર્ણ ત્રાતા એવા બહુશ્રુત મુનિ કર્મોનો ક્ષય કરી ઉત્તમ ગતિ પામે.

સૂત્ર-૩૫૯

ઉત્તમાર્થ ગવેષક મુનિ શ્રુતનો આશ્રય લે જેનાથી તે પોતે અને બીજાને પણ સિદ્ધિ અપાવી શકે તેમ હું કહું છું.

મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૧૧ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૧૨ 'હરિકેશીય'

સૂત્ર-૩૬૦

હરિકેશબલ ચાંડાલકુલમાં ઉત્પન્ન થયા, તો પણ જ્ઞાનાદિ ઉત્તમ ગુણોના ધારક અને જિતેન્દ્રિય ભિક્ષુ હતા.

સૂત્ર-૩૬૧

તેઓ ઈર્યા, એષણા, ભાષા, ઉચ્ચારપારિષ્ઠાપનિકા), આદાન-નિક્ષેપ સમિતિ એ પાંચમાં યત્નશીલ અને સુસમાધિસ્થ સંયમી હતા.

સૂત્ર-૩૬૨

મન-વચન-કાયાથી ગુપ્ત, જિતેન્દ્રિય મુનિ ભિક્ષાર્થે યજ્ઞમંડપમાં ગયા કે જ્યાં બ્રાહ્મણો યજ્ઞ કરી રહ્યા હતા.

સૂત્ર-૩૬૩

તપથી તે મુનિનું શરીર સૂકાઈ ગયેલું, ઉપધિ અને ઉપકરણ પણ પ્રાંત હતા. એવા મુનિને આવતા જોઈને અનાર્યો તેનો ઉપહાસ કરે છે.

સૂત્ર-૩૬૪, ૩૬૫

જાતિમદથી ગર્વિષ્ઠ, હિંસક, અજિતેન્દ્રિય, અબ્રહ્મચારી અને અજ્ઞાની લોકોએ આ પ્રમાણે કહ્યું –

બિભત્સ રૂપવાળો, કાળો, વિકરાળ, મોટા નાકવાળો, અલ્પ વસ્ત્રવાળો, ધૂળથી મલિન થઈ પિશાચ જેવો લાગતો ગળામાં શંકરવસ્ત્ર ધારણ કરનારો આ કોણ આવી રહ્યો છે ?

સૂત્ર-૩૬૬

અરે ! અદર્શનીય તું કોણ છે ? કઈ આશાથી તું અહીં આવેલ છો ? ગંદા અને ધૂળીયા વસ્ત્રોથી, અર્ધનગ્ન પિશાચ જેવો તું દેખાઈ રહ્યો છે. જા, ભાગ અહીંથી, અહીં કેમ ઊભો છે ?

સૂત્ર-૩૬૭

ત્યારે તે મહામુનિની અનુકંપાવાળા તિંદુક વૃક્ષવાસી યક્ષે પોતાના શરીરને છૂપાવીને આવા વચનો ઉચ્ચાર્યા.

સૂત્ર-૩૬૮, ૩૬૯

હું શ્રમણ છું, સંયત છું, બ્રહ્મચારી છું. હું ધન, પચન-રાંધવુ, પરિગ્રહનો ત્યાગી છું. ભિક્ષા કાળે બીજા માટે નિષ્પન્ન આહારને માટે અહીં આવેલ છું.

અહીં પ્રચૂર અન્ન દેવાય છે, ખવાય છે, ઉપભોગમાં લેવાય છે. તમે એ જાણો કે હું ભિક્ષાજીવી છું. તેથી બચેલા અન્નમાંથી કંઈક આ તપસ્વીને પણ મળે.

સૂત્ર-૩૭૦

આ ભોજન માત્ર બ્રાહ્મણને માટે બનાવેલ છે, આ એકપક્ષીય છે. અમે તને આ યજ્ઞાર્થે નિષ્પન્ન અન્ન-પાણી દઈશું નહીં. તો પછી તું અહીં કેમ ઊભો છે ?

સૂત્ર-૩૭૧

સારા પાકની આશાએ ખેડૂત ઊંચી અને નીચી ભૂમિમાં પણ બીજ વાવે છે. આ ખેડૂત દૃષ્ટિથી જ મને દાન આપો. હું પણ પુન્યક્ષેત્ર છું તેથી મારી આરાધના કરો.

સૂત્ર-૩૭૨

સંસારમાં અમને એવા ક્ષેત્રની ખબર છે કે જ્યાં વાવેલ બીજ પૂર્ણ રૂપે ઊગે છે. જે બ્રાહ્મણ જાતિ અને વિદ્યા સંપન્ન છે, તે જ પુન્યક્ષેત્ર છે.

સૂત્ર-૩૭૩

જેનામાં ક્રોધ, માન, હિંસા, જૂઠ, ચોરી અને પરિગ્રહ છે, તેઓ બ્રાહ્મણ જાતિ અને વિદ્યાથી રહિત પાપયુક્ત ક્ષેત્રો છે.

સૂત્ર-૩૭૪

હે બ્રાહ્મણો ! આ સંસારમાં તમે માત્ર વાણીનો જ ભાર વહન કરો છો. વેદોને ભણીને પણ તેનો અર્થ જાણતા નથી. જે મુનિ ભિક્ષાર્થે સમભાવપૂર્વક ઊંચ-નીચ ઘરોમાં જાય છે, તેઓ જ પુન્યક્ષેત્ર છે.

સૂત્ર-૩૭૫

અમારી સામે અધ્યાપકો સામે પ્રતિકૂળ બોલનારા હે નિર્ગ્રન્થ ! તું શું બકવાસ કરે છે ? આ અન્ન-જળ ભલે સડીને નષ્ટ થઈ જાય, પણ અમે તને નહીં આપીએ.

સૂત્ર-૩૭૬

હું સમિતિઓમાં સુસમાહિત છું, ગુપ્તિઓથી ગુપ્ત છું, જિતેન્દ્રિય છું. આ એષણીય આહાર જો તમે મને નથી આપતા, તો આ જ યજ્ઞોનો તમને શું લાભ થશે ?

સૂત્ર-૩૭૭

અહીં કોઈ ક્ષત્રિય ઉપજ્યોતિષ, રસોઈયા, અધ્યાપક કે છાત્ર છે. જે આ નિર્ગ્રન્થને ડંડાથી કે પાટીયાથી મારીને અને કંઠેથી પકડીને અહીંથી બહાર કાઢી મૂકે ?

સૂત્ર-૩૭૮

અધ્યાપકના આ વચન સાંભળીને ઘણા કુમારો દોડતા ત્યાં આવ્યા અને દંડાથી, વેંતથી, ચાબૂકથી તે ઋષિને મારવા લાગ્યા.

સૂત્ર-૩૭૯

રાજા કૌશલિકની અનિંદિત અંગવાળી ભદ્રા નામક કન્યા, મુનિને મારપીટ કરાતા જોઈને ક્રુદ્ધ કુમારોને રોક્યા.

સૂત્ર-૩૮૦ થી ૩૮૨

દેવતાના અભિયોગથી નિયોજિત થઈને રાજાએ મને આ મુનિને આપેલી, પણ મુનિએ મનથી પણ મને ન ઇચ્છી. જેણે મને વમી નાંખેલ છે તેવા આ મુનિ નરેન્દ્રો અને દેવેન્દ્રોથી પણ અભિવંદિત છે.

આ તે જ ઉગ્ર તપસ્વી, મહાત્મા, જિતેન્દ્રિય, સંયમી અને બ્રહ્મચારી છે, જેણે સ્વયં મારા પિતા રાજા કૌશલિક દ્વારા મને દેવાયા છતાં, જેણે મારી ઇચ્છા પણ કરી નથી.

આ ઋષિ મહાનુભાગ, મહાયશસ્વી, ઘોરવ્રતી અને ઘોર પરાક્રમી છે. તેઓ અવહેલનાને યોગ્ય નથી, તેથી તમે તેની અવહેલના ભસ્મ કરી દો. એવું ન થાય કે, પોતાના તેજથી આ તમને બધાને બાળીને ભસ્મ કરી દે.

સૂત્ર-૩૮૩, ૩૮૪

ભદ્રાના આ વચનો - સુભાષિતોને સાંભળીને ઋષિની વૈયાવચ્ચ માટે રહેલો યક્ષ કુમારોને રોકવા લાગ્યો.

આકાશમાં સ્થિત ભયંકર રૂપવાળા, અસુર ભાવને પામેલો, ક્રુદ્ધ યક્ષ, તેમને પ્રતિપાદિત કરવા લાગ્યો. કુમારોને ક્ષત-વિક્ષત અને લોહીની ઊલટી કરતા જોઈને ભદ્રાએ ફરીથી આ પ્રમાણે કહ્યું.

સૂત્ર-૩૮૫ થી ૩૮૭

જે ભિક્ષુની અવમાનના કરે છે, તેઓ નખોથી પર્વત ખોદે છે, દાંતોથી લોઢું ચાવે છે, પગોથી અગ્નિને કચડે છે.

મહર્ષિ આશીવિષ છે, ઘોર તપસ્વી છે, ઘોર પરાક્રમી છે, જે લોકો ભિક્ષુને ભોજનકાળે વ્યથિત કરે છે, તેઓ પતંગ સેનાની માફક અગ્નિમાં પડે છે.

જો તમે તમારું જીવન અને ધનને ઇચ્છતા હો, તો બધા મળીને, નતમસ્તક થઈને, આ ઋષિનું શરણુ લ્યો. તમને ખબર હોવી જોઈએ કે આ ઋષિ કુપિત થતા સમસ્ત વિશ્વને પણ ભસ્મ કરી શકે છે.

સૂત્ર-૩૮૮, ૩૮૯

મુનિને તાડન કરનારા છાત્રોના મસ્તક પીઠ તરફ ઝૂકી ગયા હતા. ભૂજાઓ ફેલાઈ ગઈ હતી, નિશ્ચેત થઈ ગયેલા. આંખો ખૂલી રહી ગઈ હતી, મોઢામાંથી લોહી નીકળવા લાગેલું, ઉર્ધ્વમુખ થઈ ગયા. જીભ અને આંખો બહાર નીકળી આવેલી.

આ પ્રમાણે છાત્રોને કાષ્ઠની જેમ નિશ્ચેષ્ટ જોઈને, તે ઉદાસ અને ભયભીત બ્રાહ્મણ પોતાની પત્ની સાથે લઈને મુનિને પ્રસન્ન કરવા લાગ્યા – ભન્તે! અમે તમારી જે નિંદા અને હેલણા કરી તેની ક્ષમા કરો.

સૂત્ર-૩૯૦

ભગવન્ ! મૂઢ અને અજ્ઞાની બાળકોએ આપની જે અવહેલના કરી છે, આપ તેમને ક્ષમા કરો. ઋષિઓ તો મહાન અને પ્રસન્નચિત્ત હોય છે. તેથી તેઓ કોઈ પરત્વે કોપવાળા થતા નથી.

સૂત્ર-૩૯૧

મારા મનમાં કોઈ દ્વેષ પહેલાં ન હતો, અત્યારે નથી, આગળ પણ નહીં હોય. યક્ષો વૈયાવચ્ચ કરે છે, તેમણે જ કુમારોને હણ્યા છે.

સૂત્ર-૩૯૨

ધર્મ અને અર્થને યથાર્થરૂપે જાણનારા ભૂતિપ્રજ્ઞ આપે ક્રોધ કરેલ નથી. અમે બધા મળીને આપના ચરણનું શરણ સ્વીકારીએ છીએ.

સૂત્ર-૩૯૩

હે મહાભાગ ! અમે આપની અર્ચા કરીએ છીએ. આપનુ એવુ કંઈ નથી કે અમે જેની અર્ચા ન કરીએ. હવે તમે વિવિધ વ્યંજનોથી મિશ્રિત શાલિ-ચાવલથી નિષ્પન્ન ભોજન કરો.

સૂત્ર-૩૯૪

આ અમારું પ્રચૂર અન્ન છે. અમારા અનુગ્રહાર્થે તેને સ્વીકારો. પુરોહિતના આ આગ્રહથી મહાત્માએ તેની સ્વીકૃતિ આપી અને એક માસની તપશ્ચર્યાના પારણાને માટે આહાર-પાણી ગ્રહણ કર્યા.

સૂત્ર-૩૯૫

દેવોએ ત્યાં સુગંધિત જળ, પુષ્પ અને દિવ્ય ધનની વૃષ્ટિ કરી, દુંદુભિ નાદ કર્યો, આકાશમાં 'અહોદાનમ્' એવો ઘોષ કર્યો.

સૂત્ર-૩૯૬

પ્રત્યક્ષમાં તપની જ વિશેષતા દેખાઈ રહી છે, જાતિની કોઈ વિશેષતા દેખાતી નથી. જેની આવા પ્રકારની મહાન ઋદ્ધિ છે, તે મહાનુભાગ હરિકેશ મુનિ ચાંડાલપુત્ર છે.

સૂત્ર-૩૯૭

બ્રાહ્મણો ! અગ્નિનો સમારંભ કરતા એવા તમે બહારથી જળથી શુદ્ધિ કરવા ઇચ્છો છો ? જે બહારથી શુદ્ધિને શોધે છે, તેને કુશળ પુરુષ સુદષ્ટ કહેતા નથી.

સૂત્ર-૩૯૮

કુશ, યૂપ, તૃણ, કાષ્ઠ અને અગ્નિનો પ્રયોગ તથા પ્રાતઃ અને સંધ્યાકાળે જળનો સ્પર્શ – આ પ્રમાણે તમે મંદબુદ્ધિ લોકો પ્રાણીઓ અને ભૂતોનો વિનાશ કરતા એવા પાપકર્મી રહ્યા છો.

સૂત્ર-૩૯૯

હે ભિક્ષુ ! અમે કઈ રીતે પ્રવૃત્તિ કરીએ, કઈ રીતે યજ્ઞ કરીએ ? કઈ રીતે પાપકર્મોને દૂર કરીએ ? હે યક્ષપૂજિત સંયત ! અમને બતાવો કે તત્ત્વજ્ઞ પુરુષ શ્રેષ્ઠ યજ્ઞ કયો બતાવે છે ?

સૂત્ર-૪૦૦

દાંત મુનિ છ જીવનિકાયની હિંસા ન કરે, અસત્ય કે અદત્તને સેવે નહીં, પરિગ્રહ-સ્ત્રી તથા મન-માયાને સ્વરૂપથી જાણીને તથા છોડીને) વિચરણ કરે.

સૂત્ર-૪૦૧

જે પાંચ સંવરોથી પૂર્ણપણે સંવૃત્ત હોય છે, જીવિતની આકાંક્ષા કરતા નથી, શરીરની આસક્તિનો પરિત્યાગ કરે છે, જે પવિત્ર અને દેહભાવ રહિત છે, તેઓ વાસના ઉપર વિજય પામનાર મહાજયી શ્રેષ્ઠ યજ્ઞ કરે છે.

સૂત્ર-૪૦૨

હે ભિક્ષુ ! તમારી જ્યોતિ કઈ છે ? જ્યોતિનું સ્થાન કયું છે ? ધૃતાદિ નાંખવા માટેની કડછી કઈ છે ? અગ્નિને પ્રદીપ્ત કરનારા કરિષાંગ કયા છે ? તમારું ઇંધણ અને હોમ કયા છે ? કયા હોમથી તમે જ્યોતિ પ્રજ્વલિત કરો છો ?

સૂત્ર-૪૦૩

તપ એ જ્યોતિ છે, જીવ એ જ્યોતિનું સ્થાન છે, યોગ એ કડછી છે. શરીર કરિષાંગ છે. કર્મ ઇંધણ છે. સંયમની પ્રવૃત્તિ તે હોમ છે એવો પ્રશસ્ત યજ્ઞ હું કરું છું.

સૂત્ર-૪૦૪

હે યક્ષપૂજિત સંયત ! અમને બતાવો કે તમારો દ્રહ કયો છે ? શાંતિ તીર્થ કયું છે ? તમે ક્યાં સ્નાન કરીને રજને દૂર કરો છો ? તે અમે આપની પાસેથી જાણવા ઇચ્છીએ છીએ.

સૂત્ર-૪૦૫, ૪૦૬

આત્મભાવની પ્રસન્નતારૂપ અકલુષ લેશ્યાવાળો ધર્મ મારું દ્રહ છે, જ્યાં સ્નાન કરીને હું વિમળ, વિશુદ્ધ અને શાંત થઈને કર્મરજ દૂર કરું છું. કુશળ પુરુષોએ આને જ સ્નાન કહેલ છે.

ઋષિઓને માટે આ મહાન સ્નાન જ પ્રશસ્ત છે. આ ધર્મદ્રહમાં સ્નાન કરીને મહર્ષિ વિમલ અને વિશુદ્ધ થઈને ઉત્તમ સ્થાનને પામ્યા છે – તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૧૨ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૧૩ 'ચિત્રસંભૂતીય'

**સૂત્ર-૪૦૭**

જાતિથી પરાજિત સંભૂત મુનિએ હસ્તિનાપુરમાં ચક્રવર્તી થવા માટે નિયાણુ કર્યું, ત્યાંથી મરીને પદ્મગુલ્મ વિમાનમાં દેવ થયો. પછી બ્રહ્મદત્ત રૂપે ચૂલણી રાણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો.

**સૂત્ર-૪૦૮**

કાંપિલ્યપુરમાં સંભૂત અને ચિત્ર પુરિમતાલ નગરમાં જન્મ્યો. વિશાળ શ્રેષ્ઠીકુળમાં ઉત્પન્ન થયો. ધર્મ સાંભળીને તે પ્રવ્રજિત થયો.

**સૂત્ર-૪૦૯**

કાંપિલ્યપુરમાં ચિત્ર અને સંભૂત બંને મળ્યા. તેઓએ પરસ્પર સુખ અને દુઃખ રૂપ કર્મફળના વિપાકના સંબંધમાં વાતચીત કરી.

**સૂત્ર-૪૧૦ થી ૪૧૩**

મહર્દ્ધિક અને મહાયશસ્વી ચક્રવર્તી બ્રહ્મદત્તે અતિ આદર સહિત પોતાના પૂર્વભવના) ભાઈને આ પ્રમાણે કહ્યું-

આ પહેલાં આપણે બંને પરસ્પર વશવર્તી, પરસ્પર અનુરક્ત અને પરસ્પર હિતૈષી ભાઈ-ભાઈ હતા.

આપણે બંને દશાર્ણ દેશમાં દાસ, કાલિંજર પર્વતે હરણ, મૃતગંગાના કિનારે હંસ અને કાશી દેશમાં ચાંડાલ થયા. પછી આપણે બંને દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયા.

આ આપણો છટ્ઠો ભવ છે, જેમાં આપણે એકબીજાથી દૂર અલગ-અલગ જન્મ્યા છીએ.

**સૂત્ર-૪૧૪**

રાજન્ ! તેં નિદાનકૃત્ કર્મોને વિશેષ રૂપથી ચિંતન કર્યા. તે કર્મફળના વિપાકથી આપણે અલગ-અલગ જન્મ્યા છીએ.

**સૂત્ર-૪૧૫**

હે ચિત્ર ! પૂર્વજન્મમાં મારા દ્વારા કરાયેલ સત્ય અને શુદ્ધ કર્મોના ફળને આજે હું ભોગવી રહ્યો છું. શું તું પણ તેમજ ભોગવી રહ્યો છે ?

**સૂત્ર-૪૧૬ થી ૪૧૮**

મનુષ્યો દ્વારા સમાચરિત બધા સત્કર્મો સફળ થાય છે. કરેલા કર્મોના ફળોને ભોગવ્યા વિના મુક્તિ નથી. મારો આત્મા પણ ઉત્તમાર્થ અને કામો દ્વારા પુન્યફળથી યુક્ત રહેલ છે.

હે સંભૂત ! જેમ તું તને પોતાને ભાગ્યવાન, મહાન, ઋદ્ધિસંપન્ન અને પુન્યફળ વાળો સમજે છે, તેમજ ચિત્રને પણ સમજ.

હે રાજન્ ! તેની પાસે પ્રચૂર ઋદ્ધિ અને દ્યુતિ રહેલ છે. સ્થવિરોએ જનસમુદાયમાં અલ્પ અક્ષર, પણ મહાર્થ ગાથા કહેલી, જેને શીલ અને ગુણોથી યુક્ત ભિક્ષુ યત્નથી અર્જિત કરે છે. તે સાંભળીને હું શ્રમણ થઈ ગયો.

**સૂત્ર-૪૧૯, ૪૨૦**

ઉચ્ચોદય, મધુ, કર્ક, મધ્ય અને બ્રહ્મા આ મુખ્ય પ્રાસાદ તથા બીજા પણ અનેક રમણીય પ્રાસાદ છે. પાંચાલ દેશના અનેક વિશિષ્ટ પદાર્થોથી યુક્ત તથા પ્રચૂર અને વિવિધ ધનથી પરિપૂર્ણ આ ગૃહો છે. તેનો તમે સ્વીકાર કરો.

હે ભિક્ષુ ! તમે નાટ્ય, ગીત અને વાદ્યોની સાથે સ્ત્રીઓ વડે ઘેરાયેલા આ ભોગોને ભોગવો. મને આ જ પ્રિય

છે. પ્રવ્રજ્યા નિશ્ચયથી દુઃખપ્રદ છે.

સૂત્ર–૪૨૧

તે રાજાના હિતૈષી, ધર્મમાં સ્થિત ચિત્રમુનિએ પૂર્વભવના સ્નેહથી અનુરક્ત અને કામભોગોમાં આસક્ત રાજાને આ પ્રમાણે કહ્યું –

સૂત્ર–૪૨૨, ૪૨૩

સર્વે ગીતગાન વિલાપ છે, સમસ્ત નાટ્ય વિડંબના છે. સર્વે આભરણ ભાર છે અને સર્વે કામભોગ દુઃખપ્રદ છે.

અજ્ઞાનીને સુંદર દેખાતી પણ વસ્તુતઃ દુઃખકર કામભોગોમાં તે સુખ નથી, જે સુખ શીલગુણોમાં રત, કામનાઓથી નિવૃત્ત તપોધન ભિક્ષુઓને છે.

સૂત્ર–૪૨૪ થી ૪૨૬

હે નરેન્દ્ર ! મનુષ્યોમાં જે ચંડાલ જાતિ, અધમ જાતિ મનાય છે, તેમાં આપણે બંને ઉત્પન્ન થઈ ચૂક્યા છીએ, ચાંડાલની વસતીમાં આપણે બંને રહીએ છીએ, જ્યાં બધા લોકો આપણાથી ઘૃણા કરતા હતા.

તે જાતિમાં આપણે જન્મ લીધો હતો અને તે જ વસતીમાં આપણે બંને રહેલા હતા. ત્યારે બધા આપણાથી ઘૃણા કરતા હતા. તેથી અહીં જે શ્રેષ્ઠતા પ્રાપ્ત છે, તે પૂર્વજન્મના શુભ કર્મોનું ફળ છે.

પૂર્વ શુભકર્મોના ફળ સ્વરૂપ આ સમય તે તું હવે મહાનુભાગ, મહર્દ્ધિક રાજા બનેલ છો. તેથી તું ક્ષણિક ભોગોને છોડીને ચારિત્ર ધર્મની આરાધનાને માટે અભિનિષ્ક્રમણ કર.

સૂત્ર–૪૨૭

રાજન્ ! આ અશાશ્વત માનવજીવનમાં જે વિપુલ પુન્યકર્મ કરતો નથી, તે મૃત્યુ આવતા પશ્ચાત્તાપ કરે છે અને ધર્મ ન કરવાના કારણે પરલોકમાં પણ પશ્ચાત્તાપ કરે છે.

સૂત્ર–૪૨૮, ૪૨૯

જેમ અહીં સિંહ હરણને પકડીને લઈ જાય છે, તેમ જ અંતકાળે મૃત્યુ મનુષ્યને લઈ જાય છે. મૃત્યુ સમયે તેના માતા–પિતા અને ભાઈ આદિ કોઈ પણ મૃત્યુ દુઃખમાં ભાગીદાર થતા નથી.

તેના દુઃખને જાતિના લોકો વહેંચી શકતા નથી કે મિત્ર, પુત્ર, બંધુ લઈ શકતા નથી. તે સ્વયં એકલો જ પ્રાપ્ત દુઃખોને ભોગવે છે, કેમ કે કર્મો કર્તાની પાછળ જ ચાલે છે.

સૂત્ર–૪૩૦, ૪૩૧

દ્વિપદ, ચતુષ્પદ, ક્ષેત્ર, ઘર, ધન–ધાન્ય આદિ બધું છોડીને આ પરાધીન જીવ પોતાના કરેલા કર્મોનો સાથ લઈને સુંદર કે પાપક એવા પરભવમાં જાય છે. જીવરહિત તે એકાકી તુચ્છ શરીરને ચિતામાં અગ્નિથી બાળીને સ્ત્રી, પુત્ર અને જ્ઞાતિજન કોઈ બીજા આશ્રયદાતાને અનુસરે છે.

સૂત્ર–૪૩૨

રાજન્ ! કર્મો કોઈપણ પ્રકારનો પ્રમાદ કર્યા વિના જીવનને પ્રતિક્ષણ મૃત્યુની સમીપે લઈ જાય છે અને આ જરા– મનુષ્યની કાંતિનું હરણ કરી રહી છ. હે પંચાલરાજ! મારી વાત સાંભળો, અપકર્મ ન કરો.

સૂત્ર–૪૩૩

હે સાધુ ! જે પ્રમાણે તમે મને બતાવી રહ્યા છો, તે હું પણ જાણુ છું કે આ કામભોગ બંધનરૂપ છે, પરંતુ હે આર્ય ! અમારા જેવા લોકોને માટે તો તે ઘણા જ દુર્જય છે.

સૂત્ર–૪૩૪, ૪૩૫

હે ચિત્ર! હસ્તિનાપુરમાં મહર્દ્ધિક ચક્રવર્તી રાજાને જોઈને ભોગોમાં આસક્ત થઈને મેં અશુભ નિદાન કરેલુ હતુ.

મેં તેનું પ્રતિક્રમણ ન કર્યું. તે કર્મનુ આ ફળ છે કે ધર્મને જાણતા હોવા છતાં પણ હું કામભોગોમાં આસક્ત છું.

સૂત્ર–૪૩૬

જેમ દળદળમાં ફસાયેલો હાથી સ્થળને જોઈને પણ કિનારે પહોંચી શકતો નથી. તેમ જ અમે કામભોગોમાં આસક્ત જન જાણતા હોવા છતાં ભિક્ષુમાર્ગનું અનુસરણ કરી શકતા નથી.

સૂત્ર–૪૩૭

હે રાજન્ ! સમય વ્યતીત થઈ રહ્યો છે, રાત્રિ દોડતી થઈ રહી છે. મનુષ્યોના ભોગો નિત્ય નથી. કામભોગ ક્ષીણ પુન્યવાળા વ્યક્તિને એવી રીતે છોડી દે છે, જે રીતે ક્ષીણ ફળવાળા વૃક્ષને પક્ષી છોડી દે છે.

સૂત્ર–૪૩૮

હે રાજન્ ! જો તું કામભોગોને છોડવામાં અસમર્થ છે, આર્ય કર્મ જ કર. ધર્મમાં સ્થિત થઈને બધા જીવો પ્રતિ દયા કરનારો થા. જેનાથી તું ભાવિમાં વૈક્રિય શરીરધારી દેવ બની શકે.

સૂત્ર–૪૩૯

ભોગોને છોડવાની તારી બુદ્ધિ નથી. તું આરંભ અને પરિગ્રહમાં આસક્ત છે. મેં વ્યર્થ જ તારી સાથે આટલી વાતો કરી. તને સંબોધિત કર્યો. હે રાજન્! હું જઈ રહ્યો છું.

સૂત્ર–૪૪૦

પાંચાલ દેશનો રાજા બ્રહ્મદત્ત, મુનિના વચનોનું પાલન ન કરી શક્યો, તેથી અનુત્તર ભોગો ભોગવીને અનુત્તર નરકમાં ગયો.

સૂત્ર–૪૪૧

કામભોગોથી નિવૃત્ત, ઉગ્ર ચારિત્રી અને તપસ્વી મહર્ષિ ‘ચિત્ર’ અનુત્તર સંયમ પાલન કરીને, અનુત્તર સિદ્ધિ ગતિને પામ્યા. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૧૩ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૧૪ 'ઈષુકારીય'

### સૂત્ર–૪૪૨ થી ૪૪૬

દેવલોક સમાન સુરમ્ય, પ્રાચીન, પ્રસિદ્ધ અને સમૃદ્ધિશાળી ઈષુકાર નગર હતું. તેમાં પૂર્વજન્મમાં એક જ વિમાન વાસી કેટલાક જીવો દેવાયુ પૂર્ણ કરી અવતરિત થયા.

પૂર્વકૃત પોતાના બાકીના કર્મોને કારણે તે જીવો ઉચ્ચ કુળોમાં ઉત્પન્ન થયા. સંસાર ભયથી ઉદ્વિગ્ન થઈને કામભોગોનો પરિત્યાગ કરીને જિનેન્દ્ર માર્ગનું શરણ સ્વીકાર્યું.

પુરુષત્વ પ્રાપ્ત બંને પુરોહિત કુમારો, પુરોહિત, તેની પત્ની યશા, વિશાળ કીર્તિવાળો ઈષુકાર રાજા અને રાણી કમલાવતી – આ છ હતા.

જન્મ–જરા–મરણના ભયથી અભિભૂત કુમારોનું ચિત્ત મુનિદર્શનથી બહિર્વિહાર – મોક્ષ પ્રતિ આકૃષ્ટ થયા. ફળથી સંસાર ચક્રથી મુક્તિ પામવાને માટે તેઓ કામગુણોથી વિરક્ત થયા.

યજ્ઞ–યાગાદિ કર્મમાં સંલગ્ન બ્રાહ્મણના આ બંને પુત્રો પોતાના પૂર્વજન્મ તથા શુચીર્ણ તપ સંયમ યાદ કરી વિરક્ત થયા.

### સૂત્ર–૪૪૭

મનુષ્ય તથા દિવ્ય કામભોગોમાં અનાસક્ત, મોક્ષાભિલાષી, શ્રદ્ધા સંપન્ન તે બંને પુત્રોએ પિતા પાસે આવીને આ પ્રમાણે કહ્યું –

### સૂત્ર–૪૪૮

આ જીવનની અશાશ્વતતાને અમે જોઈ છે, તે ઘણા અંતરાયવાળું છે, આયુ પણ દીર્ઘ નથી. તેથી ઘરમાં અમને કોઈ આનંદ મળતો નથી. આપની અનુમતિથી અને મુનિધર્મનું આચરણ કરીશું.

### સૂત્ર–૪૪૯, ૪૫૦

આ સાંભળીને પિતાએ તેમની તપસ્યામાં બાધાકર આ વાત કરી – વેદોના જ્ઞાતા કહે છે કે, “અપુત્રિકોની ગતિ થતી નથી.”

હે પુત્રો ! પહેલાં વેદોનું અધ્યયન કરો, બ્રાહ્મણોને ભોજન આપો, વિવાહ કરી સ્ત્રીઓ સાથે ભોગો ભોગવો. પછી પુત્રોને ઘરનો ભાર સોંપી અરણ્યવાસી પ્રશસ્ત મુનિ બનજો.

### સૂત્ર–૪૫૧ થી ૪૫૬

૪૫૧. પોતાના રાગાદિ ઇંધણથી પ્રદીપ્ત તથા મોહરૂપ પવન વડે પ્રજ્વલિત શોકાગ્નિના કારણે જેમનું અંતઃકરણ સંતપ્ત તથા પરિપ્ત છે. મોહગ્રસ્ત થઈ અનેક પ્રકારે દીનહીન વચન બોલી રહ્યા છે.

૪૫૨. જે ક્રમશઃ વારંવાર અનુનય કરી રહ્યા છે, ધન અને કામભોગોનું નિમંત્રણ આપી રહ્યા છે, તે કુમારોએ સારી રીતે વિચારીને કહ્યું–

૪૫૩. ભણેલા વેદ પણ રક્ષણ નથી કરતા, હિંસોપદેશક બ્રાહ્મણ પણ ભોજન કરાવાતા અંધકારછન્ન સ્થિતિમાં લઈ જાય છે. ઔરસ પુત્ર પણ રક્ષા કરનાર થતા નથી, તો આપના કથનને કોણ અનુમોદન કરશે ?

૪૫૪. આ કામભોગ ક્ષણવાર માટે સુખ આપીને, લાંબો કાળ દુઃખ આપે છે. સંસારથી મુક્ત થવામાં બાધક છે, અનર્થની ખાણ છે.

૪૫૫. જે કામનાઓથી મુક્ત થતા નથી, તે અતૃપ્તિના તાપથી બળતા પુરુષ રાત–દિવસ ભટકે છે અને બીજા માટે પ્રમાદ આચરણ કરનારા તે ધનની પ્રાપ્તિમાં લાગેલા, એક દિવસ જરા અને મૃત્યુને પામે છે.

૪૫૬. આ મારી પાસે છે, આ મારી પાસે નથી. આ મારે કરવું છે, આ મારે નથી કરવું. આ પ્રમાણે વ્યર્થ બકવાદ કરનારાને અપહરનારુ મૃત્યુ લઈ જાય છે તો પછી પ્રમાદ શા માટે ?

સૂત્ર-૪૫૭

જેની પ્રાપ્તિને માટે લોકો તપ કરે છે, તે વિપુલ ધન, સ્ત્રીઓ, સ્વજનો અને ઇન્દ્રિયોના મનોજ્ઞ વિષયભોગ – તમને અહીં જ સ્વાધીન રૂપથી પ્રાપ્ત છે. પછી ભિક્ષુ શા માટે બનો છો ?)

સૂત્ર-૪૫૮

જેને ધર્મની ધુરાને વહન કરવાનો અધિકાર પ્રાપ્ત છે, તેને ધન, સ્વજન, ઐન્દ્રિય વિષયોનું શું પ્રયોજન છે ? અમે તો ગુણ સમૂહના ધારક, અપ્રતિબદ્ધ વિહારી, શુદ્ધ ભિક્ષા ગ્રહણ કરનારા શ્રમણ બનીશું.

સૂત્ર-૪૫૯

હે પુત્રો ! જેમ અરણીમાં અગ્નિ, દૂધમાં ઘી, તલમાં તેલ, અસત હોય છે. તેમ શરીરમાં જીવ પણ અસત જ ઉત્પન્ન અને નષ્ટ થાય છે. શરીરનો નાશ થતા, જીવનું કંઈ અસ્તિત્વ રહેતું નથી.

સૂત્ર-૪૬૦

આત્મા અમૂર્ત હોવાથી તે ઇન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય નથી. જે અમૂર્ત ભાવ હોય છે, તે નિત્ય હોય છે. આત્માના આંતરિક હેતુ જ નિશ્ચિત રૂપથી બંધના કારણ છે અને બંધને જ સંસારનો હેતુ કહેલો છે.

સૂત્ર-૪૬૧

જ્યાં સુધી અમે ધર્મથી અનભિજ્ઞ હતા, ત્યાં સુધી મોહવશ પાપકર્મ કરતા રહ્યા, આપે અમને રોક્યા અને અમારું સંરક્ષણ થતુ રહ્યું. પણ હવે અમે ફરી પાપકર્મનું આચરણ કરીશુ નહીં.

સૂત્ર-૪૬૨

લોક આહત છે. ચારે તરફથી ઘેરાયેલ છે. અમોઘારાત્રિ) પડી રહી છે. એ સ્થિતિમાં અમે ઘરમાં પણ સુખ પામતા નથી.

સૂત્ર-૪૬૩

હે પુત્રો! આ લોક કોનાથી આહત છે? કોનાથી ઘેરાયેલો છે? અમોઘા કોને કહે છે? તે જાણવા હું ચિંતિત છું.

સૂત્ર-૪૬૪

હે પિતા ! તમે સારી રીતે જાણી લો કે આ લોક મૃત્યુથી આહત છે, વૃદ્ધાવસ્થાથી ઘેરાયેલ છે, રાત્રિને અમોઘા કહે છે.

સૂત્ર-૪૬૫, ૪૬૬

જે જે રાત્રિઓ જઈ રહી છે, તે ફરી પાછી આવતી નથી. અધર્મ કરનારાની રાત્રિઓ નિષ્ફળ થાય છે.

જે જે રાત્રિઓ જઈ રહી છે, તે ફરી પાછી આવતી નથી. ધર્મ કરનારાની રાત્રિઓ સફળ થાય છે.

સૂત્ર-૪૬૭

હે પુત્રો ! પહેલાં આપણે બધા કેટલોક સમય સાથે રહીને પછી સમ્યક્ત્વ અને પ્રતયુક્ત થઈએ. પછી પાછળથી વયમાં દીક્ષિત થઈને ઘેર-ઘેર ભિક્ષા ગ્રહણ કરતા વિચરીશું.

સૂત્ર-૪૬૮, ૪૬૯

જેની મૃત્યુ સાથે મૈત્રી છે, જે મૃત્યુ આવવાથી પલાયન થઈ શકે છે અથવા જે જાણે છે કે હું ક્યારેય મરીશ નહીં, તે જ આવનારી કાળની આકાંક્ષા કરી શકે છે.

આપણે આજે જ રાગને દૂર કરીને શ્રદ્ધાથી યુક્ત મુનિધર્મનો સ્વીકાર કરીશું, જે પામીને ફરી આ સંસારમાં

જન્મ લેવાનું થતુ નથી. આપણે માટે કોઈપણ ભોગ અભુક્ત નથી. કેમ કે તે અનંતવાર ભોગવેલ છે.

**સૂત્ર–૪૭૦, ૪૭૧**

હે વાશિષ્ઠિ ! પુત્રો વિના આ ઘરમાં મારો નિવાસ થઈ શકશે નહીં, ભિક્ષાચર્યાનો કાળ આવી ગયો છે. વૃક્ષ શાખાથી જ સુંદર લાગે છે. શાખા કપાઈ ગયા પછી તે માત્ર ઠુંઠુ કહેવાય છે.

પાંખો વિનાના પક્ષી, યુદ્ધમાં સેના સહિત રાજા, જહાજ ઉપર ધન રહિત વ્યાપારી જેમ અસહાય હોય છે, તેમ જ પુત્રો વિના હું અસહાય છું.

**સૂત્ર–૪૭૨**

સુસંગૃહીત કામભોગ રૂપ પ્રચૂર વિષયરસ જે આપણને પ્રાપ્ત થયેલ છે, તેને પહેલાં ઇચ્છાનુરૂપ ભોગવી લઈએ ત્યારપછી આપણે મુનિધર્મના પ્રધાન માર્ગે ચાલીશું.

**સૂત્ર–૪૭૩**

હે ભવતિ ! આપણે વિષયરસને ભોગવી ચૂક્યા છીએ. યુવા–અવસ્થા આપણને છોડી રહી છે. હું કોઈ જ જીવનના પ્રલોભનમાં ભોગોને છોડી નથી રહ્યો. લાભ–અલાભ, સુખ–દુઃખને સમદૃષ્ટિથી જોતો એવો હું મુનિધર્મનું પાલન કરીશ.

**સૂત્ર–૪૭૪**

પ્રતિસ્રોતમાં તરનારા વૃદ્ધ હંસની માફક ક્યાંક તમારે ફરી તમારા ભાઈઓને યાદ ન કરવા પડે ? તેથી મારી સાથે ભોગોને ભોગવો. આ ભિક્ષાચર્યા અને વિહાર તો ઘણા દુઃખરૂપ છે.

**સૂત્ર–૪૭૫, ૪૭૬**

હે ભવતિ ! જેમ સાપ પોતાના શરીરની કાંચળીને છોડીને મુક્ત મનથી ચાલે છે, તેમ જ બંને પુત્રો ભોગોને છોડીને જઈ રહ્યા છે. તો હું એકલો રહીને શું કરું? તેમનું અનુગમન શા માટે ન કરું ?

રોહિત મત્સ્ય જેમ નબળી જાળને કાપીને બહાર નીકળી જાય છે, તેમ ધારણ કરેલા ગુરુતર સંયમભારને વહન કરનાર પ્રધાન તપસ્વી ધીર સાધક કામગુણોને છોડીને ભિક્ષાચર્યાનો સ્વીકાર કરે છે.

**સૂત્ર–૪૭૭**

જેમ ક્રૌંચ પક્ષી અને હંસો પારધી દ્વારા ફેલાવાયેલ જાળને કાપીને આકાશમાં સ્વતંત્ર ઊડી જાય છે, તે પ્રમાણે જ મારા પુત્ર અને પતિ પણ છોડીને જઈ રહ્યા છે, એકલી રહેવા કરતા હું પણ કેમ તેને ન અનુસરું ?

**સૂત્ર–૪૭૮ થી ૪૮૧**

પુત્ર અને પત્ની સહિત પુરોહિતે ભોગોને ત્યાગીને અભિનિષ્ક્રમણ કરેલ છે, તે સાંભળીને તે કુટુંબની પ્રચૂર અને શ્રેષ્ઠ ધનસંપત્તિને ઇચ્છતા રાજાને રાણી કમલાવતીએ કહ્યું –

તમે બ્રાહ્મણ દ્વારા પરિત્યક્ત ધનને ગ્રહણ કરવાને ઇચ્છો છો, હે રાજન્! વમનને ખાનારો પુરુષ પ્રશંસનીય હોતો નથી.

સર્વ જગત અને તેનું સર્વ ધન પણ તમારું થઈ જાય તો પણ તે તમારે માટે અપર્યાપ્ત જ થશે અને તે ધન તમારું રક્ષણ કરી નહીં શકે.

હે રાજન્ ! એક દિવસ આ મનોજ્ઞ કામગુણોને છોડીને જ્યારે મરશો ત્યારે એક ધર્મ જ સંરક્ષક થશે. હે નરદેવ! અહીં ધર્મ સિવાય બીજું કોઈ રક્ષા કરનાર નથી.

**સૂત્ર–૪૮૨ થી ૪૮૯**

૪૮૨. પંખિણી જેમ પીંજરામાં સુખને અનુભવતી નથી, તેમ જ મને પણ અહીં આનંદ નથી. હું સ્નેહ બંધનો

તોડીને અકિંચન, સરળ, નિરાસક્ત, પરિગ્રહ અને હિંસાથી નિવૃત્ત થઈને મુનિધર્મને આચરીશ.

૪૮૩. જેમ વનમાં લાગેલ દાવાનળમાં જંતુને બળતા જોઈને રાગ-દ્વેષને કારણે બીજા જીવ પ્રમુદિત થાય છે.

૪૮૪. તે જ પ્રકારે કામભોગોમાં મૂર્ચ્છિત આપણે મૂઢ લોકો પણ રાગદ્વેષના અગ્નિમાં બળતા એવા જગતને સમજી શકતા નથી.

૪૮૫. આત્મવાન સાધક ભોગોને ભોગવીને અને અવસરે તેને ત્યાગીને વાયુની માફક અપ્રતિબદ્ધ થઈને વિચરણ કરે છે. પોતાની ઈચ્છાનુસાર વિચરણ કરનારા પક્ષી માફક પ્રસન્નતાપૂર્વક સ્વતંત્ર વિહરે છે.

૪૮૬. હે આર્ય ! આપણે હસ્તગત થયેલ આ કામભોગ જેને આપણે નિયંત્રિત સમજેલા છે, વસ્તુતઃ તે ક્ષણિક છે. હજી આપણે કામનામાં આસક્ત છીએ, પણ જેમ આ બંધનમુક્ત થયા, તેમ આપણે થઈશું.

૪૮૭. જે ગીધ પક્ષીની પાસે માંસ હોય છે, તેના ઉપર બીજા માંસભક્ષી પક્ષી ત્રાટકે છે. જેની પાસે માંસ નથી, તેની ઉપર નથી ત્રાટકતા. તેથી હું પણ માંસોપમ બધા કામભોગો છોડીને નિરામિષ ભાવે વિચરીશ.

૪૮૮. સંસારવર્ધક કામભોગોને ગીધ સમાન જાણીને તેનાથી તે રીતે જ શંકિત થઈને ચાલવું જોઈએ, જેમ ગરુડ સમીપે સાપ ચાલે છે.

૪૮૯. બંધન તોડીને જેમ હાથી પોતાના નિવાસ સ્થાને ચાલી જાય છે, તેમ જ આપણે પણ આપણા વાસ્તવિક સ્થાને જવું જોઈએ. હે મહારાજ ઈષુકાર ! આ જ શ્રેયસ્કર છે, એવું મેં સાંભળેલ છે.

સૂત્ર-૪૯૦, ૪૯૧

વિશાળ રાજ્યને છોડીને, દુસ્ત્યજ્ય કામભોગોને તજીને, તે રાજા અને રાણી પણ નિર્વિષય, નિરામિષ, નિઃસ્નેહ અને નિષ્પરિગ્રહી થઈ ગયા.

ધર્મને સમ્યક્ જાણીને, ઉપલબ્ધ શ્રેષ્ઠ કામગુણોને છોડીને, બંને યથોપદિષ્ટ ઘોર તપ સ્વીકારીને સંયમમાં ઘોર પરાક્રમી બને.

સૂત્ર-૪૯૨ થી ૪૯૪

એ પ્રમાણે તે બધા ક્રમશઃ બુદ્ધ થયા, ધર્મપરાયણ થયા, જન્મ અને મૃત્યુના ભયથી ઉદ્વિગ્ન થયા, તેથી જ દુઃખનો અંતગવેષી થયા.

જેમણે પૂર્વજન્મમાં અનિત્યાદિ ભાવનાઓથી પોતાનો આત્મા ભાવિત કર્યો છે. તે બધા રાજા, રાણી, બ્રાહ્મણ, પુરોહિત, તેની પત્ની અને તેના બંને પુત્રો વીતરાગ અર્હત્ શાસનમાં મહોને દૂર કરી થોડા સમયમાં જ દુઃખનો અંત કરીને મુક્ત થઈ ગયા – એ પ્રમાણે હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૧૪ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૧૫ 'સભિક્ષુક'

**સૂત્ર-૪૯૫**

'ધર્મનો સ્વીકાર કરી મુનિભાવનું આચરણ કરીશ.' ઉક્ત સંકલ્પ વડે યુક્ત, સરળ આચરણવાળા, નિદાનનો છેદ કરેલા, પૂર્વ પરિચયને તજીને, કામનાથી યુક્ત થઈ, અજ્ઞાત ગવેષી, અપ્રતિબદ્ધ છે તે ભિક્ષુ છે.

**સૂત્ર-૪૯૬**

જે રાગથી ઉપરત છે, સંયમ તત્પર છે, વિરત – વેદવિદ્ – આત્મરક્ષક અને પ્રાજ્ઞ છે, રાગદ્વેષનો પરાજય કરી, બધાને પોતાના સમાન જુએ છે, કોઈ વસ્તુમાં મૂર્ચ્છિત ન થાય, તે ભિક્ષુ છે.

**સૂત્ર-૪૯૭**

કઠોર વચન અને વધને પોતાના પૂર્વકૃત્ કર્મોના ફળને જાણીને જે ધીર મુનિ શાંત રહે છે, યોગ્ય ક્ષેત્રમાં વિચરે છે, નિત્ય આત્મ ગુપ્ત છે, આકુળતા અને હર્ષાતિરેકથી રહિત છે, સમભાવે બધુ સહે છે, તે ભિક્ષુ છે.

**સૂત્ર-૪૯૮**

જે પ્રાંત શયન અને આસનને સમભાવે સ્વીકારે છે, શીત ઉષ્ણ તથા ડાંસ, મચ્છરાદિના ઉપસર્ગોમાં હર્ષિત કે વ્યથિત થતા નથી, જે બધું જ સહી લે છે, તે ભિક્ષુ છે.

**સૂત્ર-૪૯૯**

જે ભિક્ષુ સત્કાર, પૂજા અને વંદના પણ ઇચ્છતા નથી. તે કોઈ પાસેથી પ્રશંસાની અપેક્ષા કઈ રીતે કરશે ? જે સંયત છે, સુવ્રતી છે અને તપસ્વી છે, જે નિર્મળ આચારથી યુક્ત છે, આત્મગવેષી છે, તે ભિક્ષુ છે.

**સૂત્ર-૫૦૦**

સ્ત્રી હોય કે પુરુષ, જેની સંગતિથી સંયમી જીવન છૂટી જાય અને બધી તરફથી પૂર્ણ મોહમાં બંધાઈ જાય, તપસ્વીને સંગતિથી દૂર રહે છે, જે કુતૂહલ કરતો નથી, તે ભિક્ષુ છે.

**સૂત્ર-૫૦૧**

જે છિન્ન સ્વર, ભૌમ, અંતરીક્ષ, સ્વપ્ન, લક્ષણ, દંડ, વાસ્તુ, અંગ વિકાસ અને સ્વરવિદ્યા, આ વિદ્યાઓથી જે જીવતો નથી, તે ભિક્ષુ છે.

**સૂત્ર-૫૦૨**

જે રોગાદિથી પીડિત હોવા છતાં પણ મંત્ર, મૂલ આદિ વિચારણા, વમન, વિરેચન, ધૂમ્રનલી, સ્નાન, સ્વજનોનું શરણ અને ચિકિત્સા તજીને અપ્રતિબદ્ધ ભાવે વિચરણ કરે છે, તે ભિક્ષુ છે.

**સૂત્ર-૫૦૩**

ક્ષત્રિય, ગણ, ઉગ્ર, રાજપુત્ર, બ્રાહ્મણ, ભોગિક અને બધા પ્રકારના શિલ્પીઓની પૂજા તથા પ્રશંસામાં જે ક્યારેય કશુ કહેતા નથી, પરંતુ તેને હેય જાણીને વિચરે છે, તે ભિક્ષુ છે.

**સૂત્ર-૫૦૪**

જે વ્યક્તિ પ્રવ્રજિત થયા પછીના કે પ્રવ્રજિત થયાની પહેલાના પરીચિત હોય, તેમની સાથે લોકના ફળની પ્રાપ્તિ હેતુ જે સંસ્તવ કરતો નથી, તે ભિક્ષુ છે.

**સૂત્ર-૫૦૫**

શયન, આસન, પાન, ભોજન અને વિવિધ પ્રકારના ખાદ્ય અને સ્વાદ્ય કોઈ સ્વયં ન આપે, માંગવા છતા પણ ના પાડી દે, તો જે નિર્ગ્રન્થ તેમના પ્રત્યે દ્વેષ ન કરે, તે ભિક્ષુ છે.

સૂત્ર-૫૦૬

ગૃહસ્થો પાસેથી વિવિધ પ્રકારના અશન, પાન, ખાદિમ, સ્વાદિમ પ્રાપ્ત કરી, જે મન-વચન-કાયાથી અનુકંપા કરતા નથી પણ મન-વચન-કાયાથી પૂર્ણ સંવૃત્ત રહે છે, તે ભિક્ષુ છે.

સૂત્ર-૫૦૭

ઓસામણ, જવનું ભોજન, શીત, સૌવીર, જવોદક. જેવી નીરસ ભિક્ષા જે નીંદતા નથી પરંતુ ભિક્ષાર્થે પ્રાંત કુળોમાં જાય છે તે ભિક્ષુ છે.

સૂત્ર-૫૦૮

સંસારમાં દેવતા, મનુષ્ય અને તિર્યંચોના જે અનેકવિધ રૌદ્ર, અતિ ભયંકર અને અદ્‌ભુત શબ્દ હોય છે, તેને સાંભળીને જે ન ડરે, તે ભિક્ષુ છે.

સૂત્ર-૫૦૯

લોક પ્રચલિત વિવિધ ધર્મવિષયક વાદોને જાણીને પણ જે સ્વધર્મમાં સ્થિત રહે છે, કર્મો ક્ષીણ કરવામાં પ્રવૃત્ત છે, શાસ્ત્ર પરમાર્થ પ્રાપ્ત છે, પ્રાજ્ઞ છે. પરીષહોને જીતે છે, સર્વદર્શી અને ઉપશાંત છે, કોઈને અપમાનિત કરતા નથી, તે ભિક્ષુ છે.

સૂત્ર-૫૧૦

જે અશિલ્પજીવી છે, જે અગૃહી છે, જે અમિત્ર છે, જિતેન્દ્રિય છે, સર્વથા વિપ્રમુક્ત છે, અણુકષાયી છે, નીરસ અને પરિમિત આહાર લે છે, ગૃહવાસ છોડી એકાકી વિચરે છે, તે ભિક્ષુ છે, એમ હું કહું છું.

મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૧૫ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૧૬ 'બ્રહ્મચર્ય સમાધિ સ્થાન'

**સૂત્ર–૫૧૧**

હે આયુષ્યમાન્ ! મેં સાંભળેલ છે કે ભગવંતે આમ કહેલ છે–

અહીં સ્થવિર ભગવંતોએ દશ બ્રહ્મચર્ય સમાધિ સ્થાનો બતાવ્યા છે. જેને સાંભળીને, અવધારીને, ભિક્ષુ સંયમ, સંવર તથા સમાધિથી અધિકાધિક સંપન્ન થાય. ગુપ્ત રહે, ગુપ્તેન્દ્રિય થાય, ગુપ્ત બ્રહ્મચારી થાય, સદા અપ્રમત્ત થઈને વિચરણ કરે.

**સૂત્ર–૫૧૨**

સ્થવિર ભગવંતોએ બ્રહ્મચર્ય સમાધિના કયા સ્થાન બતાવેલ છે, જેને સાંભળી, જેના અર્થનો નિર્ણય કરી ભિક્ષુ સંયમ, સંવર અને સમાધિથી અધિકાધિક સંપન્ન થાય, ગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી થઈ સદા અપ્રમત્ત ભાવે વિચરણ કરે ? તે સ્થાનો આ છે –

જે વિવિક્ત શયન, આસનને સેવે છે. તે નિર્ગ્રન્થ છે. જે સ્ત્રી, પશુ અને નપુંસક સંસક્ત શયન, આસન ન સેવે તે નિર્ગ્રન્થ છે એમ કેમ ?

આચાર્ય કહે છે – નિર્ગ્રન્થોને નિશ્ચે સ્ત્રી, પશુ, પંડક સંસક્ત શયન, આસન સેવતા બ્રહ્મચારીના બ્રહ્મચર્યમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા ઉત્પન્ન થાય છે. ભેદ થાય. ઉન્માદ પ્રાપ્ત થાય, દીર્ઘકાલિક રોગાંતક થાય અથવા કેવલી પ્રજ્ઞપ્ત ધર્મથી ભ્રંસ પણ થાય. તેથી નિર્ગ્રન્થોએ સ્ત્રી, પશુ, પંડક, સંસક્ત શયન, આસન સેવવા નહીં.

**સૂત્ર–૫૧૩**

જે સ્ત્રીઓની કથા નથી કરતા, તે નિર્ગ્રન્થ છે. એમ કેમ ?

આચાર્ય કહે છે – જે સ્ત્રીની કથા કરે છે, તે બ્રહ્મચારી નિર્ગ્રન્થને બ્રહ્મચર્ય વિષયમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા ઉત્પન્ન થાય છે. ભેદ પ્રાપ્ત થાય છે. ઉન્માદને પામે છે, દીર્ઘ–કાલિક રોગાંતક થાય છે અથવા કેવલી પ્રજ્ઞપ્ત ધર્મથી ભ્રષ્ટ થાય છે. તે સ્ત્રી કથા ન કહેવી જોઈએ.

**સૂત્ર–૫૧૪**

જે સ્ત્રીઓની સાથે એક આસને બેસતા નથી, તે નિર્ગ્રન્થ છે. એમ કેમ ?

જે સ્ત્રીઓ સાથે એક આસને બેસે છે, તે બ્રહ્મચારીને બ્રહ્મચર્યના વિષયમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા ઉત્પન્ન થાય, ભેદ પામે, ઉન્માદને પ્રાપ્ત કરે, દીર્ઘકાલિક રોગ કે આતંક થાય અથવા કેવલી પ્રજ્ઞપ્ત ધર્મથી ભ્રષ્ટ થાય, તેથી નિર્ગ્રન્થને સ્ત્રીની સાથે એક આસને બેસી વિચરવું ન કલ્પે.

**સૂત્ર–૫૧૫**

જે સ્ત્રીઓની મનોહર અને મનોરમ ઇન્દ્રિયોને જોતો નથી. તેના વિષયમાં ચિંતન કરતો નથી, તે નિર્ગ્રન્થ છે. એમ કેમ ?

જે નિર્ગ્રન્થ સ્ત્રીઓની મનોહર અને મનોરમ ઇન્દ્રિયોને યાવત્ ધ્યાન કરતો રહે છે, તેના બ્રહ્મચર્યમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા ઉત્પન્ન થાય છે. ભેદ પ્રાપ્ત થાય છે. તે ઉન્માદને પામે છે, રોગાંતક થાય છે, કેવલીપ્રજ્ઞપ્ત ધર્મથી ભ્રષ્ટ થાય છે. તેથી નિર્ગ્રન્થોએ સ્ત્રીઓની ઇન્દ્રિયોનું ચિંતન કરવું ન જોઈએ.

**સૂત્ર–૫૧૬**

માટીના દીવાલના અંતરથી, વસ્ત્રના અંતરથી કે પાકી દીવાલના અંતરથી સ્ત્રીઓના કૂજન, રૂદન, હાસ્ય, ગર્જન, આક્રંદન કે વિલાપના શબ્દો સાંભળતા નથી, તે નિર્ગ્રન્થ છે. એમ કેમ ?

આચાર્યએ કહ્યું – સ્ત્રીઓને માટીની ભીંત કે વસ્ત્રના કે પાકી ભીંતના અંતરેથી જુએ છે યાવત્ વિલપિત શબ્દોને સાંભળતા બ્રહ્મચારીના બ્રહ્મચર્યમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા ઉત્પન્ન થતા, ભેદને પામે છે. ઉન્માદને પ્રાપ્ત થાય છે. દીર્ઘકાલિક રોગાંતક થાય છે અથવા કેવલી પ્રજ્ઞપ્ત ધર્મથી યાવત્ ભ્રંશ થાય છે, તેથી નિર્ગ્રન્થો સ્ત્રીઓને કુડ્યંતરમાં યાવત્ સાંભળતો ન વિચરે.

સૂત્ર-૫૧૭

જે સંયમગ્રહણની પૂર્વેની રતિ અને ક્રીડાનું અનુસ્મરણ કરતો નથી, તે નિર્ગ્રન્થ છે. એમ કેમ ?

આચાર્ય કહે છે – જે સંયમ ગ્રહણની પૂર્વેની રતિક્રીડાનું અનુસ્મરણ કરે છે, તે બ્રહ્મચારી નિર્ગ્રન્થને બ્રહ્મચર્ય વિષયમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા ઉત્પન્ન થાય છે, ભેદ પામે છે. ઉન્માદને પ્રાપ્ત કરે છે, દીર્ઘકાલિક રોગાંતક થાય છે અથવા કેવલી પ્રજ્ઞપ્ત ધર્મથી ભ્રષ્ટ થાય છે. તેથી નિર્ગ્રન્થોએ સ્ત્રીઓ સાથે પૂર્વરત કે પૂર્વ ક્રીડિતનું અનુસ્મરણ કરવું ન જોઈએ.

સૂત્ર-૫૧૮

જે પ્રણિત અથવા રસયુક્ત પૌષ્ટિક આહાર કરતો નથી, તે નિર્ગ્રન્થ છે. એમ કેમ ?

આચાર્ય કહે છે – જે રસ યુક્ત પૌષ્ટિક ભોજન, પાન કરે છે, તે બ્રહ્મચારી નિર્ગ્રન્થને બ્રહ્મચર્યના વિષયમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા ઉત્પન્ન થાય છે, બ્રહ્મચર્યનો વિનાશ થાય છે, ઉન્માદ ઉત્પન્ન થાય છે, દીર્ઘકાલીક રોગાંતક થાય છે અથવા તે કેવલી પ્રરૂપિત ધર્મથી થાય છે. તેથી નિર્ગ્રન્થ પ્રણિત આહાર ન કરે.

સૂત્ર-૫૧૯

જે અતિ માત્રાથી પાન ભોજન કરે છે, તે નિર્ગ્રન્થ છે. એમ કેમ ?

આચાર્ય કહે છે – જે અતિ માત્રાથી ખાય-પીએ છે, તે બ્રહ્મચારી નિર્ગ્રન્થને બ્રહ્મચર્યના વિષયમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા ઉત્પન્ન થાય છે અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે, ઉન્માદ ઉત્પન્ન થાય છે, દીર્ઘકાલીક રોગાંતક થાય છે અથવા તે કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે. તેથી નિર્ગ્રન્થ અતિ માત્રામાં ન ખાય-પીએ.

સૂત્ર-૫૨૦

જે શરીરની વિભૂષા કરતો નથી, તે નિર્ગ્રન્થ છે. એમ કેમ ?

આચાર્ય કહે છે – જે વિભૂષા નિમિત્તે શરીરની વિભૂષા કરે છે, તેથી તે સ્ત્રીજનોને અભિલષણીય થાય છે. તેથી સ્ત્રીઓ દ્વારા ઇચ્છાતા તે બ્રહ્મચારીના બ્રહ્મચર્યમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા થાય છે. તેના બ્રહ્મચર્યનો વિનાશ થાય છે, ઉન્માદને પામે છે, દીર્ઘકાલીક રોગાંતક થાય છે અથવા કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મથી ભ્રષ્ટ થાય છે. તેથી નિર્ગ્રન્થોએ વિભૂષા અનુપાતી થવું ન જોઈએ.

સૂત્ર-૫૨૧

જે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં આસક્ત થતો નથી તે નિર્ગ્રન્થ છે, એમ કેમ ?

આચાર્ય કહે છે – જે શબ્દાદિમાં આસક્ત રહે છે, તે બ્રહ્મચારીના બ્રહ્મચર્યમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા થાય છે અથવા બ્રહ્મચર્યનો વિનાશ થાય છે, ઉન્માદ ઉત્પન્ન થાય છે, દીર્ઘકાલીક રોગાંતક થાય છે અથવા તે કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે. તેથી નિર્ગ્રન્થ શબ્દાદિ પાંચમાં આસક્ત ન બને.

આ બ્રહ્મચર્ય સમાધિનું દશમું સ્થાન છે. અહીં શ્લોકો છે –

સૂત્ર-૫૨૨ થી ૫૩૧

૫૨૨. બ્રહ્મચર્યની રક્ષાને માટે સંયમી એકાંત, અનાકીર્ણ અને સ્ત્રીઓથી રહિત સ્થાનમાં રહે.

૫૨૩. બ્રહ્મચર્ય માં રત ભિક્ષુ મનમાં આહ્લાદ ઉત્પન્ન કરનારી, કામરાગ વધારનારી સ્ત્રી કથાનો ત્યાગ કરે.

૫૨૪. બ્રહ્મચર્યરત ભિક્ષુ સ્ત્રીઓ સાથે પરિચય તથા વારંવાર વાર્તાલાપનો સદા પરિત્યાગ કરે.

૫૨૫. તે ભિક્ષુ ચક્ષુ ઈન્દ્રિય ગ્રાહ્ય સ્ત્રીઓના અંગ-પ્રત્યંગ, સંસ્થાન, બોલી તથા કટાક્ષ દર્શનનો ત્યાગ કરે.

૫૨૬. બ્રહ્મચર્યરત ભિક્ષુ શ્રોત્રેન્દ્રિય ગ્રાહ્ય સ્ત્રીઓના કૂજન, રોદન, ગીત, હાસ્ય, ગર્જન અને ક્રૂંદન ન સાંભળે.

૫૨૭. બ્રહ્મચર્યમાં રત ભિક્ષુ, દીક્ષાથી પૂર્વ જીવનમાં સ્ત્રીઓ સાથે અનુભૂત હાસ્ય, ક્રીડા, રતિ, અભિમાન અને આકસ્મિક ત્રાસનું ક્યારેય અનુચિંતન ન કરે.

૫૨૮. બ્રહ્મચર્યરત ભિક્ષુ જલદીથી કામવાસનાને વધારનાર પ્રણિત આહારનો સદા પરિત્યાગ કરે.

૫૨૯. તે ચિત્ત સ્થિરતાને માટે ઉચિત સમયમાં ધર્મ મર્યાદાનુસાર પ્રાપ્ત પરિમિત ભોજન કરે, પણ માત્રાથી અધિક ગ્રહણ ન કરે.

૫૩૦. બ્રહ્મચર્ય રત ભિક્ષુ વિભૂષાનો ત્યાગ કરે. શૃંગારને માટે શરીરનું મંડન ન કરે.

૫૩૧. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ પાંચ પ્રકારના કામ-ગુણોનો સદા ત્યાગ કરે.

### સૂત્ર-૫૩૨ થી ૫૩૪

સ્ત્રીઓથી આકીર્ણ સ્થાન, મનોરમ સ્ત્રી કથા, સ્ત્રીઓનો પરિચય, તેની ઈન્દ્રિયોને જોવી,

તેણીના કૂજન, રૂદન, ગીત અને હાસ્યયુક્ત શબ્દોને સાંભળવા, ભુક્ત ભોગ અને સહ અવસ્થાનનું સ્મરણ કરવું, પ્રણિત ભોજન-પાન, માત્રાધિક ભોજન-પાન, શરીર વિભૂષાની ઈચ્છા, દુર્જય કામ ભોગ,

આ દશ આત્મગવેષક મનુષ્યને માટે તાલપુટ વિષ સમાન છે.

### સૂત્ર-૫૩૫, ૫૩૬

એકાગ્ર ચિત્તવાળા મુનિ દુર્જય કામભોગોનો સદૈવ ત્યાગ કરે અને બધા પ્રકારના શંકા સ્થાનોથી દૂર રહે.

જે ધૈર્યવાન્ છે, ધર્મ સારથિ છે, ધર્મારામમાં રત છે, દાંત છે, બ્રહ્મચર્યમાં સુસમાહિત છે, તે ભિક્ષુ ધર્મારામમાં વિચરે છે.

### સૂત્ર-૫૩૭

જે દુષ્કર બ્રહ્મચર્યનું પાલન કરે છે, તેને દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર એ બધા નમસ્કાર કરે છે.

### સૂત્ર-૫૩૮

આ બ્રહ્મચર્ય ધર્મ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે, જિનોપદિષ્ટ છે. આ ધર્મ દ્વારા અનેક સાધક સિદ્ધ થયા છે, થાય છે અને થશે. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૧૬ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૧૭ 'પાપશ્રમણીય'

**સૂત્ર–૫૩૯ , ૫૪૦**

જે કોઈ ધર્મને સાંભળીને અત્યંત દુર્લભ બોધિલાભને પામીને, પહેલાં વિનય સંપન્ન થઈ જાય છે, નિર્ગ્રન્થ રૂપે પ્રવ્રજિત થાય છે. પછી સુખની સ્પૃહાને કારણે સ્વચ્છંદ વિહારી થઈ જાય છે.

રહેવા માટે સારું સ્થાન મળી રહે છે, મારી પાસે વસ્ત્રો છે, મને ખાવા–પીવા મળી રહ્યું છે અને જે થઈ રહ્યું છે, તેને હું જાણુ છું. હે ભગવન્ ! શાસ્ત્રોના અધ્યયન કરીને હું શું કરીશ?

**સૂત્ર–૫૪૧**

જે કોઈ આમ પ્રવ્રજિત થઈને નિદ્રાશીલ રહે છે, ઇચ્છાનુસાર ખાઈ–પીને સુખે સૂઈ જાય છે, તે પાપશ્રમણ કહેવાય છે.

**સૂત્ર–૫૪૨**

જે આચાર્ય અને ઉપાધ્યાય પાસેથી શ્રુત અને વિનય ગ્રહણ કરેલ છે, તેમની જ નિંદા કરે છે, તે બાલને પાપ–શ્રમણ કહે છે.

**સૂત્ર–૫૪૩**

આચાર્ય અને ઉપાધ્યાયની જે ચિંતા કરતા નથી, પણ અનાદર કરે છે, જે સ્તબ્ધ દાંડ) છે, તે પાપશ્રમણ કહેવાય છે.

**સૂત્ર–૫૪૪ થી ૫૫૨**

૫૪૪. જે પ્રાણી, બીજ અને વનસ્પતિનું સંમર્દન કરે છે, જે અસંયત હોવા છતાં પોતાને સંયત માને છે, તે પાપશ્રમણ કહેવાય છે.

૫૪૫. જે સંથારો, ફલક, પીઠ, નિષદ્યા, પાદ કંબલના પ્રમાર્જન કર્યા વિના જ તેના ઉપર બેસે છે, તે પાપશ્રમણ કહેવાય છે.

૫૪૬. જે જલદી જલદી ચાલે છે, પુનઃ પુનઃ પ્રમાદાચરણ કરે છે, જે મર્યાદાઓનું ઉલ્લંઘન કરે છે, જે ક્રોધી છે, તે પાપશ્રમણ કહેવાય છે.

૫૪૭. જે પ્રમત્ત થઈને પડિલેહણ કરે છે, જે પાત્ર અને કંબલને જ્યાં ત્યાં રાખી દે છે. પડિલેહણમાં અનાયુક્ત છે, તે પાપશ્રમણ કહેવાય છે.

૫૪૮. જે અહીં–તહીંની વાતોને સાંભળતો પ્રમત્ત ભાવથી પડિલેહણ કરે છે, ગુરુની અવહેલના કરે છે, તે પાપ–શ્રમણ કહેવાય છે.

૫૪૯. જે ઘણો માયાવી, વાચાળ, ધીટ્ઠો, લોભી કે અતિગ્રહ છે, અસંવિભાગી છે, ગુરુ પ્રતિ પ્રેમ નથી રાખતો, તે પાપશ્રમણ કહેવાય છે.

૫૫૦. જે વિવાદને ઉદીરે છે, અધર્મમાં પોતાની પ્રજ્ઞાને હણે છે, કદાગ્રહ અને કલહમાં વ્યસ્ત છે, તે પાપશ્રમણ કહેવાય છે.

૫૫૧. જે અસ્થિરાસન કરે, કૌકુત્ચ્ય કરે, જ્યાં–ત્યાં બેસે છે, આસન ઉપર બેસવામાં અનાયુક્ત છે, તે પાપ–શ્રમણ કહેવાય છે.

૫૫૨. જે રજલિપ્ત પગ સાથે સૂઈ જાય છે, શય્યાનું પ્રમાર્જન ન કરે, સંથારામાં અનાયુક્ત રહે, તે પાપશ્રમણ કહેવાય છે.

**સૂત્ર-૫૫૩ થી ૫૫૫**

૫૫૩) જે દૂધ, દહીં આદિ વિગઈઓ વારંવાર ખાય છે, જે તપ અને ક્રિયામાં રૂચિ રાખતા નથી, તે પાપશ્રમણ કહેવાય છે.

૫૫૪) જે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી વારંવાર ખાતો રહે છે, જે સમજાવવાથી ઊલટો વર્તે છે, તે પાપશ્રમણ કહેવાય છે.

૫૫૫) જે આચાર્યનો ત્યાગ કરીને અન્ય પાખંડને સ્વીકારે છે. જે ગાણંગાણિક છે. તે નિંદિત પાપશ્રમણ કહેવાય છે.

**સૂત્ર-૫૫૬, ૫૫૭**

જે પોતાનું ઘર છોડીને પર ઘરમાં વ્યાપૃત થાય છે, નિમિત્તો બતાવીને વ્યવહાર કરે છે, તે પાપશ્રમણ કહેવાય છે.

જે પોતાના જ્ઞાતિજનોથી આહાર ગ્રહણ કરે છે, બધા ઘરોથી સામુદાયિક ભિક્ષા લેતો નથી, ગૃહસ્થની શય્યાએ બેસે છે. તે પાપશ્રમણ છે.

**સૂત્ર-૫૫૮, ૫૫૯**

જે આવા પ્રકારે આચરણ કરે છે, તે પાંચ કુશીલ સમાન અસંવૃત્ત છે, કેવળ મુનિ વેશધારી છે, શ્રેષ્ઠ મુનિઓમાં નિકૃષ્ટ છે. આ લોકમાં વિષની જેમ નિંદનીય થાય છે. તે નથી આ લોકનો રહેતો - નથી પરલોકનો રહેતો.

જે સાધુ આ દોષોને સદા દૂર કરે છે, તે મુનિઓમાં સુવ્રત થાય છે. તે આ લોકમાં અમૃતની સમાન પૂજાય છે, તેથી તે આલોક અને પરલોક બંનેમાં આરાધક થાય છે, તેમ હું કહું છું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૧૭ નો અનુવાદ પૂર્ણ**

# અધ્યયન-૧૮ 'સંયતીય'

**સૂત્ર–૫૬૦**

કંપિલ્લપુર નગરમાં સેના અને વાહનથી સુસંપન્ન સંજય નામે રાજા હતો. તે એક દિવસ મૃગયા–શિકારને માટે નીકળ્યો.

**સૂત્ર–૫૬૧, ૫૬૨**

તે રાજા વિશાળ અશ્વ સેના, હાથી સેના, રથ સેના, પદાતિ સેનાથી બધી બાજુથી પરિવૃત્ત હતો.

રાજા અશ્વારૂઢ હતો. તે રસ મૂર્ચ્છિત થઈને કાંપિલ્ય નગરના કેસર ઉદ્યાન પ્રતિ ધકેલાતા ભયભીત અને શ્રાંત હરણોને મારી રહ્યો હતો.

**સૂત્ર–૫૬૩, ૫૬૪**

તે કેસર ઉદ્યાનમાં એક તપોધન અણગાર સ્વાધ્યાય અને ધ્યાનમાં લીન હતા, ધર્મધ્યાનને ધ્યાચી રહ્યા હતા.

આશ્રવચનો ક્ષય કરનારા તે લતામંડપમાં ધ્યાન કરી રહ્યા હતા. તેમની સમીપે આવેલ હરણનો તે રાજાએ વધ કરી દીધો.

**સૂત્ર–૫૬૫**

અશ્વારૂઢ રાજા જલદી ત્યાં આવ્યો, મૃત હરણને જોઈને તેણે ત્યાં એક તરફ ધ્યાનરત અણગારને જોયા.

**સૂત્ર–૫૬૬ થી ૫૬૯**

રાજા મુનિને જોઈને સહસા ભયભીત થઈ ગયો. તેને થયું કે હું કેટલો મંદપુન્ય, રસગૃદ્ધ અને હિંસક છું, મેં વ્યર્થ મુનિને આહત કર્યા.

ઘોડાને છોડીને તે રાજાએ વિનયપૂર્વક અણગારના ચરણોમાં વંદન કરીને કહ્યું – ભગવન્ ! મને આ અપરાધ માટે ક્ષમા કરો.

તે અણગાર ભગવંત મૌનપૂર્વક ધ્યાનમાં લીન હતા. તેમણે રાજાને કંઈ ઉત્તર ન આપ્યો. તેથી રાજા વધારે ભયાક્રાંત થયો.

ભગવન્ ! હું સંજય છું. આપ મારી સાથે કંઈક તો બોલો. હું જાણુ છું કે ક્રુદ્ધ અણગાર પોતાના તેજથી કરોડો મનુષ્યોને બાળી દે છે.

**સૂત્ર–૫૭૦ થી ૫૭૬**

૫૭૦. સાધુએ કહ્યું – હે રાજા ! તને અભય છે. તું પણ અભયદાતા બન. આ અનિત્ય જીવલોકમાં તું કેમ હિંસામાં સંલગ્ન છે.

૫૭૧. બધું છોડીને જ્યારે તારે અવશ્ય લાચાર થઈને જવાનું છે, તો આ અનિત્ય જીવલોકમાં તું કેમ રાજ્યમાં આસક્ત થાય છે?

૫૭૨. રાજન્! તું જેમાં મોહમુગ્ધ છે. તે જીવન અને રૂપ વીજળીની ચમક માફક ચંચળ છે. તું પ્રેત્યાર્થને સમજતો નથી.

૫૭૩. સ્ત્રી, પુત્ર, મિત્ર, બંધુજન જીવતાની સાથે જ જીવે છે, કોઈ પણ મૃત વ્યક્તિની પાછળ જતા નથી.

૫૭૪. પરમ દુઃખ સહિત પુત્ર પોતાના મૃત પિતાનું નીહરણ કરે છે, તે પ્રમાણે જ પુત્રને પિતા અને ભાઈને ભાઈ બહાર કાઢે છે. તેથી હે રાજન્! તું તપનું આચરણ કર.

૫૭૫. મૃત્યુ પછી, તે મૃત વ્યક્તિ દ્વારા–અર્જિત ધન અને સારી રીતે રાખેલ સ્ત્રીઓનો હૃષ્ટ, તુષ્ટ, અલંકૃત

થઈને બીજા ઉપભોગ કરે છે.

૫૭૬. જે સુખ કે દુઃખના કર્મો જે વ્યક્તિએ કરેલા છે. તે તેના તે જ કર્મો સાથે પરભવમાં જાય છે.

સૂત્ર-૫૭૭, ૫૭૮

અણગારની પાસે મહાન ધર્મ સાંભળીને, રાજા મોક્ષાભિલાષી અને સંસારથી વિમુખ થયો.

રાજ્યને છોડીને તે સંજય રાજા ભગવન્ ગર્દભાલિને સમીપે જિનશાસનમાં દીક્ષિત થઈ ગયો.

સૂત્ર-૫૭૯, ૫૮૦

રાષ્ટ્રને છોડીને પ્રવ્રજિત થયેલ ક્ષત્રિય મુનિએ એક દિવસ સંજય મુનિને કહ્યું – જેમ તમારું આ રૂપ પ્રસન્ન છે, તે અંતર્મન પણ પ્રસન્ન છે ?

તમારું નામ શું છે ? ગોત્ર કયુ છે ? કયા પ્રયોજનથી તમે મહાન મુનિ બન્યા છો ? કઈ રીતે આચાર્યની સેવા કરો છો ? કયા પ્રકારે વિનીત કહેવાઓ છો ?

સૂત્ર-૫૮૧

મારું નામ સંજય છે, મારું ગોત્ર ગૌતમ છે. વિદ્યા અને ચરણના પારગામી 'ગર્દભાલિ' મારા આચાર્ય છે.

સૂત્ર-૫૮૨

હે મહામુનિ ! ક્રિયા, અક્રિયા, વિનય અને અજ્ઞાન આ ચાર સ્થાનો વડે કેટલાક તત્ત્વવેત્તા અસત્ય તત્ત્વને પ્રરૂપે છે.

સૂત્ર-૫૮૩,૫૮૪

બુદ્ધ-તત્ત્વવેત્તા, સત્યવાદી, સત્ય પરાક્રમી, જ્ઞાતવંશીય ભગવંત મહાવીરે સાક્ષાત આ પ્રમાણે કહ્યું છે-

જેઓ પાપાચરણ કરે છે, તેઓ ઘોર નરકમાં જાય છે, જેઓ આર્ય ધર્મનું સર્વજ્ઞ કથિત ધર્મનું) આચરણ કરે છે, તેઓ દિવ્યગતિ સ્વર્ગ કે મોક્ષ)માં જાય છે.

સૂત્ર-૫૮૫

આ ક્રિયાવાદી આદિનું કથન માયાપૂર્વક છે, તેઓ મૃષા ભાષા બોલે છે, તેથી નિરર્થક છે. હું તેનાથી સંયમપૂર્વક રહું છું અને બચીનેચાલુ છું.

સૂત્ર-૫૮૬

જે મિથ્યાદષ્ટિ અને અનાર્ય છે, તે બધા મારા જાણેલા છે. હું પરલોકમાં રહેલા એવા મારા આત્માને અથવા આત્માઓને સારી રીતે જાણુ છું.

સૂત્ર-૫૮૭, ૫૮૮

હું પહેલા મહાપ્રાણ વિમાનમાં વર્ષ શતોપમ આયુવાળો દ્યુતિમાન દેવ હતો. જેમ અહીં સો વર્ષનું આયુ પૂર્ણ મનાય છે, તેમ જ ત્યાં પલ્યોપમ અને સાગરોપમની દિવ્ય આયુ પૂર્ણ છે.

બ્રહ્મલોકનું આયુ પૂર્ણ કરીને હું મનુષ્ય ભવમાં આવેલ છું. હું જે રીતે મારી આયુને જાણુ છું, તેમજ બીજાની આયુ પણ જાણુ છું.

સૂત્ર-૫૮૯

વિવિધ પ્રકારની રૂચિ અને વિકલ્પોને તથા બધા પ્રકારના અનર્થક વ્યાપારોને સંયતાત્મા મુનિ સર્વ પ્રકારે ત્યાગ કરે. આ તત્ત્વજ્ઞાન રૂપ વિદ્યાનું લક્ષ્ય કરીને સંયમ માર્ગે સંચરણ કરે.

સૂત્ર-૫૯૦

હું શુભાશુભસૂચક પ્રશ્નોથી અને ગૃહસ્થોની મંત્રણાથી દૂર રહું છું. દિવસરાત ધર્માચરણમાં ઉદ્યત રહુ છું. આ

જાણીને તમે પણ તપ આચરણ કરો.

સૂત્ર-૫૯૧

જે તમે મને સમ્યક્ શુદ્ધ ચિત્તથી કાળના વિષયમાં પૂછી રહ્યા છો, તેને સર્વજ્ઞ એ પ્રગટ કરેલ છે, તે જ્ઞાન જિનશાસનમાં છે.

સૂત્ર-૫૯૨

ધીર પુરુષ ક્રિયામાં રૂચિ રાખે અને અક્રિયાનો ત્યાગ કરે. સમ્યક્ દષ્ટિથી દષ્ટિસંપન્ન થઈ તમે દુશ્ચર ધર્મનું આચરણ કરો.

સૂત્ર-૫૯૩ થી ૬૧૦

૫૯૩. અર્થ અને ધર્મથી ઉપશોભિત આ પુન્ય પદને સાંભળીને ભરત ચક્રવર્તી ભારતવર્ષ અને કામભોગોનો ત્યાગ કરી પ્રવ્રજિત થયા.

૫૯૪. નરાધિપ સાગર ચક્રવર્તી સાગરપર્યન્ત ભારતવર્ષ અને પૂર્ણ ઐશ્વર્યને છોડીને સંયમ સાધનાથી પરિનિર્વાણને પ્રાપ્ત થયા.

૫૯૫. મહાન ઋદ્ધિ સંપન્ન, મહા યશસ્વી, મઘવા ચક્રવર્તીએ ભારતવર્ષનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા સ્વીકારી.

૫૯૬. મહાઋદ્ધિ સંપન્ન, મનુષ્યેન્દ્ર સનત્કુમાર ચક્રવર્તીએ પુત્રને રાજ્ય ઉપર સ્થાપીને તપનું આચરણ કર્યું.

૫૯૭. મહર્દ્ધિક અને લોકમાં શાંતિ કરનાર શાંતિ ચક્રવર્તીએ ભારતવર્ષને છોડીને અનુત્તર ગતિ પ્રાપ્ત કરી.

૫૯૮. ઈક્ષ્વાકુ કુળના રાજાઓમાં શ્રેષ્ઠ નરેશ્વર, વિખ્યાત કીર્તિ, ધૃતિમાન કુંથુએ અનુત્તર ગતિને પ્રાપ્ત કરી.

૫૯૯. સાગરપર્યન્ત ભારતવર્ષનો ત્યાગ કરીને, કર્મરજને દૂર કરીને નરેશ્વરોમાં શ્રેષ્ઠ અરનાથે. અનુત્તર ગતિ પ્રાપ્ત કરી.

૬૦૦. ભારતવર્ષનો ત્યાગ કરીને, ઉત્તમ ભોગોનો ત્યાગ કરીને મહાપદ્મ ચક્રવર્તીએ તપનું આચરણ કર્યું.

૬૦૧. શત્રુઓના માનનું મર્દન કરનાર હરિષેણ ચક્રવર્તીએ પૃથ્વી ઉપર એક છત્ર શાસન કરીને પછી અનુત્તર ગતિ પ્રાપ્ત કરી.

૬૦૨. હજાર રાજાઓની સાથે શ્રેષ્ઠ ત્યાગી જય ચક્રવર્તીએ રાજ્યનો પરિત્યાગ કરી જિનભાષિત સંયમને આચરીને અનુત્તર ગતિ પ્રાપ્ત કરી.

૬૦૩. સાક્ષાત દેવેન્દ્રથી પ્રેરિત થઈને દશાર્ણભદ્ર રાજાએ પોતાના બધા પ્રકારની પ્રમુદિત દશાર્ણ રાજ્યને છોડીને પ્રવ્રજ્યા લીધી અને મુનિધર્મનું આચરણ કર્યું.

૬૦૪. સાક્ષાત્ દેવેન્દ્રથી પ્રેરિત થઈને પણ વિદેહરાજ નમિ શ્રામણ્ય ધર્મમાં સમ્યક્ સ્થિર રહ્યા અને પોતાને અતિ વિનમ્ર બનાવ્યા.

૬૦૫. કલિંગમાં કરકંડુ, પાંચાલમાં દ્વિમુખ, વિદેહમાં નમિ રાજા અને ગાંધારમાં નગ્ગતિ એ બધા રાજાઓમાં વૃષભ સમાન હતા.

૬૦૬. તેઓએ પોતપોતાના પુત્રોને રાજ્યમાં સ્થાપિત કરીને શ્રામણ્ય ધર્મ સ્વીકાર કર્યો.

૬૦૭. સૌવીર રાજાઓમાં વૃષભ સમાન ઉદ્દાયણ રાજાએ રાજ્યનો ત્યાગ કરી, પ્રવ્રજ્યા લીધી. મુનિધર્મે વિચર્યો, અનુત્તરગતિ પામ્યા.

૬૦૮. આ પ્રકારે શ્રેય અને સત્યમાં પરાક્રમશીલ કાશી રાજાએ કામભોગોનો પરિત્યાગ કરી, કર્મરૂપી મહાવનનો નાશ કર્યો.

૬૦૯. તે જ પ્રમાણે અમરકીર્તિ, મહાયશસ્વી વિજય રાજાએ ગુણ-સમૃદ્ધ રાજ્યને છોડીને પ્રવ્રજ્યા લીધી.

૬૧૦. તે પ્રમાણે જ અનાકુળ ચિત્તથી ઉગ્ર તપશ્ચર્યા કરીને રાજર્ષિ મહાબલે અહંકારનું વિસર્જન કરી, સિદ્ધિરૂપ ઉચ્ચપદ પ્રાપ્ત કર્યુ.

**સૂત્ર-૬૧૧**

આ ભરત આદિ શૂર અને દઢ પરાક્રમી રાજાઓએ જિનશાસનમાં વિશેષતા જોઈને જ તેનો સ્વીકાર કર્યો હતો. તેથી અહેતુવાદોથી પ્રેરિત થઈને હવે કોઈ કઈ રીતે ઉન્મત્ત વત્ પૃથ્વી ઉપર વિચરણ કરે ?

**સૂત્ર-૬૧૨**

મેં આ અત્યંત યુક્તિ સંગત સત્ય વાણી કહી છે. તેને સ્વીકારીને અનેક જીવો સંસારનો પાર પામ્યા, પામે છે અને ભાવિમાં પણ પામશે.

**સૂત્ર-૬૧૩**

ધીર સાધક એકાંતવાદી અહેતુવાદોમાં પોતાને કઈ રીતે જોડે? જે સર્વ અંગોથી વિનિર્મુક્ત છે, તે જ કર્મરજથી રહિત થઈને સિદ્ધ થાય છે. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૧૮ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન–૧૯ ' મૃગાપુત્રીય'

**સૂત્ર–૬૧૪ થી ૬૧૭**

૬૧૪. કાનન અને ઉદ્યાનોથી સુશોભિત સુગ્રીવ નામક રમ્ય નગરમાં બલભદ્ર રાજા હતો. મૃગા પટ્ટરાણી હતી

૬૧૫. તેમને બલશ્રી નામે પુત્ર હતો. તે મૃગાપુત્ર નામે પ્રસિદ્ધ હતો. તે માતા–પિતાને પ્રિય હતો. યુવરાજ અને દમીશ્વર હતો.

૬૧૬. પ્રસન્નચિત્તથી તે સદા નંદનપ્રાસાદમાં દોગુંદગ દેવોની માફક પોતાની)સ્ત્રીઓ સાથે ક્રીડા કરતો હતો

૬૧૭. કોઈ દિવસે મૃગાપુત્ર મણિ અને રત્નોથી જડિત કુટ્ટિમ તલવાળા પ્રાસાદના ગવાક્ષમાં ઊભો હતો. નગરના ચતુષ્કાદિ જોઈ રહ્યો હતો.

**સૂત્ર–૬૧૮ થી ૬૨૨**

૬૧૮. મૃગાપુત્રએ ત્યાં રાજપથ ઉપર જતા એવા તપ, નિયમ અને સંયમધર, શીલ સમૃદ્ધ, ગુણોની ખાણ એવા એક સંયત શ્રમણને જોયા.

૬૧૯. મૃગાપુત્ર તે મુનિને અનિમેષ દૃષ્ટિથી જુએ છે અને વિચારે છે કે – હું માનું છું કે આવું રૂપ મેં પહેલાં પણ ક્યાંક જોયેલ છે.

૬૨૦. સાધુનું દર્શન તથા ત્યારપછી શોભન અધ્યવસાય થતાં, ઉહાપોહ થતાં મોહપ્રાપ્ત મૃગાપુત્રને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.

૬૨૧. સંજ્ઞિજ્ઞાન સમુત્પન્ન થતા તે પૂર્વજાતિનું સ્મરણ કરે છે–દેવલોકથી ચ્યવીને હું મનુષ્યભવમાં આવ્યો છું

૬૨૨. જાતિસ્મરણ ઉત્પન્ન થતા મહર્દ્ધિક મૃગાપુત્ર પોતાની પૂર્વજાતિ, પૂર્વઆચરિત શ્રામણ્યનું સ્મરણ કરે છે

**સૂત્ર–૬૨૩**

વિષયોથી વિરક્ત અને સંયમમાં અનુરક્ત મૃગાપુત્રએ માતા–પિતાની સમીપ આવીને આ પ્રમાણે કહ્યું –

**સૂત્ર–૬૨૪**

મેં પાંચ મહાવ્રતોને સાંભળેલા છે, નરક અને તિર્યંચ યોનિમાં દુઃખ છે. હું સંસાર રૂપ સાગરથી નિર્વિર્ણ થઈ ગયો છું. હું પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ. હે માતા ! મને અનુજ્ઞા આપો.

**સૂત્ર–૬૨૫ થી ૬૨૭**

૬૨૫. હે માતાપિતા ! હું ભોગો ભોગવી ચૂક્યો છું, તે વિષફળ સમાન, પછી કટુવિપાક વાળા અને નિરંતર દુઃખ દેનારા છે.

૬૨૬. આ શરીર અનિત્ય છે, અપવિત્ર છે, અશુચિથી ઉત્પન્ન છે, આ આવાસ અશાશ્વત છે. તથા દુઃખ અને કલેશનું ભાજન છે.

૬૨૭. આ શરીર પહેલાં કે પછી છોડવાનું જ છે. તે પરપોટા સમાન છે, તેથી તેમાં મને આનંદ પ્રાપ્ત થતો નથી

**સૂત્ર–૬૨૮ થી ૬૩૧**

૬૨૮. વ્યાધિ અને રોગોનું ઘર તથા જરા અને મરણથી ગ્રસ્ત આ અસાર મનુષ્ય શરીરમાં એક ક્ષણ પણ મને સુખ મળતું નથી.

૬૨૯. જન્મ દુઃખ છે, જરા દુઃખ છે, રોગ દુઃખ છે, મરણ દુઃખ છે. અહો ! સંસાર જ દુઃખરૂપ છે, જ્યાં જીવ કલેશ પામે છે.

૬૩૦. ક્ષેત્ર, વાસ્તુ, હિરણ્ય, પુત્ર, સ્ત્રી, બંધુજન અને આ શરીરને છોડીને એક દિવસ વિવશ થઈને મારે

ચાલ્યા જવાનું છે.

૬૩૧. જેમ વિષરૂપ કિંપાક ફળોનું પરિણામ સુંદર હોતુ નથી તેમ ભોગવેલા ભોગોનું પરિણામ પણ સુંદર હોતું નથી.

સૂત્ર-૬૩૨ થી ૬૩૭

૬૩૨. જે વ્યક્તિ પાથેય લીધા વિના લાંબા માર્ગે ચાલી નીકળે છે તે ચાલતો-ચાલતો ભૂખ અને તરસથી પીડાય છે.

૬૩૩. એ પ્રમાણે જે ધર્મ કર્યા વિના પરભવમાં જાય, તે વ્યાધિ અને રોગથી પીડાઈને દુઃખી થાય છે.

૬૩૪. જે પાથેય સાથે લઈ લાંબા માર્ગે જાય છે, તે ચાલતા-ચાલતા ભૂખ-તરસના દુઃખરહિત સુખી થાય છે

૬૩૫. આ પ્રમાણે જે ધર્મ કરીને પરભવમાં જાય છે, તે અલ્પકર્મી વેદનાથી રહિત સુખી થાય છે.

૬૩૬. જેમ ઘર બળી જતાં ગૃહસ્વામી સાર વસ્તુ લઈ લે છે અને અસાર વસ્તુ છોડી દે છે.

૬૩૭. તે પ્રકારે આપની અનુમતિથી જરા-મરણથી બળતા આ લોકમાંથી સારભૂત એવા મારા આત્માને બહાર લઈ જઈશ.

સૂત્ર-૬૩૮ થી ૬૫૭

૬૩૮. ત્યારે માતા-પિતાએ તેને કહ્યું – હે પુત્ર ! શ્રામણ્ય અતિ દુષ્કર છે. ભિક્ષુને હજારો ગુણો ધારણ કરવાના હોય છે.

૬૩૯. જગતમાં શત્રુ અને મિત્ર પ્રતિ, સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખવાનો છે. જીવન પર્યન્ત પ્રાણાતિપાત વિરતિ ઘણી દુષ્કર છે.

૬૪૦. સદા અપ્રમત્તભાવે મૃષાવાદ ત્યાગ કરવો, નિત્ય ઉપયોગપૂર્વક હિતકારી સત્ય બોલવુ ઘણુ દુષ્કર છે

૬૪૧. દંતશોધનાદિ પણ કોઈના આપ્યા વિના ન લેવુ, પ્રદત્ત પણ અનવદ્ય અને એષણીય જ લેવું દુષ્કર છે.

૬૪૨. કામભોગોના રસથી પરિચિતને અબ્રહ્મચર્યથી વિરતિ લેવી અને ઉગ્ર મહાવ્રત બ્રહ્મચર્યનું ધારણ કરવું દુષ્કર છે.

૬૪૩. ધન-ધાન્ય પ્રેષ્યવર્ગ આદિ પરિગ્રહનો ત્યાગ તથા બધા જ આરંભ અને મમત્વનો ત્યાગ પણ ઘણો દુષ્કર થાય છે.

૬૪૪. ચારે પ્રકારનો આહાર રાત્રિમાં છોડવો અને સંનિધિ સંચય છોડવો ઘણો દુષ્કર છે.

૬૪૫. ભૂખ, તરસ, ઠંડી, ગરમી, ડાંસ-મચ્છરોનું કષ્ટ, આક્રોશ વચન, દુઃખ શય્યા, હિણ સ્પર્શ અને મેલ.

૬૪૬. તાડન, તર્જના, વધ, બંધન, ભિક્ષા પર્યાય, યાચના, અલાભ પરીષહો સહેવા દુષ્કર છે.

૬૪૭. આ કાપોતી વૃત્તિ, દારુણ કેશ લોચ, ઘોર બ્રહ્મચર્યવ્રતને ધારણ કરવું મહાત્માને પણ દુષ્કર છે.

૬૪૮. હે પુત્ર ! તુ સુખોચિત છે, સુકુમાર છે. સુમજ્જિત છે. તેથી શ્રામણ્ય પાલન માટે તું સમર્થ નથી.

૬૪૯. હે પુત્ર ! સાધુચર્યામાં જીવન પર્યન્ત વિશ્રામ નથી, લોહભારની જેમ ગુણોને તે ભાર ગુરુતર છે, તેથી દુર્વહ છે.

૬૫૦. આકાશગંગાનો શ્રોત અને પ્રતિશ્રોત દુસ્તર છે, સાગરને ભૂજાથી તરવો દુષ્કર છે તેમજ સંયમ સાગર તરવો દુષ્કર છે.

૬૫૧. સંયમ રેતીના કોળીયા માફક સ્વાદથી રહિત છે. તપનું આચરણ તલવારની ધાર પર ચાલવા સમાન દુષ્કર છે.

૬૫૨. સાંપની જેમ એકાંત દષ્ટિથી ચારિત્ર ધર્મમાં ચાલવું હે પુત્ર! કઠિન છે. લોઢાના ચણા ચાવવા સમાન

આ ચારિત્ર પાલન દુષ્કર છે.

૬૫૩. જેમ પ્રજ્વલિત અગ્નિશિખાનું પાન દુષ્કર છે, તેમ યુવાવસ્થામાં શ્રમણત્વ પાલન દુષ્કર છે.

૬૫૪. જેમ વસ્ત્રના થેલામાં હવા ભરવી કઠિન છે, તેમ જ યુવાવસ્થામાં શ્રમણધર્મનું પાલન દુષ્કર છે.

૬૫૫. જેમ મેરુ પર્વતને ત્રાજવાથી તોળવો દુષ્કર છે તેમ જ નિશ્ચલ અને નિઃશંક ભાવે શ્રમણધર્મ પાલન દુષ્કર છે.

૬૫૬. જેમ ભૂજાથી સમુદ્ર તરવો કઠિન છે, તેમ અનુપશાંત વડે સંયમ સાગર પાર કરવો દુષ્કર છે.

૬૫૭. હે પુત્ર ! તું પહેલાં માનુષી ભોગોને ભોગવ. પછી તું મુક્તભોગી થઈને ધર્મનું આચરણ કરજે.

સૂત્ર–૬૫૮ થી ૬૮૮

૬૫૮. ત્યારે મૃગાપુત્રએ માતાપિતાને કહ્યું – તમે જે કહ્યું તે ઠીક છે, પણ આ સંસારમાં જેની તરસ છીપી ગઈ છે, તેને કશું દુષ્કર નથી.

૬૫૯. મેં અનંતવાર શારીરિક, માનસિક વેદનાને સહન કરી છે અને અનેકવાર ભયંકર દુઃખ અને ભયને અનુભવ્યા છે.

૬૬૦. મેં જરામરણ રૂપ કાંતારમાં, ચાતુરંગ ગતિમાં, ભવાકરમાં ભયંકર જરા મરણને સહ્યા છે.

૬૬૧. જેમ અહીં અગ્નિ ઉષ્ણ છે, તેનાથી અનંતગુણ દુઃખરૂપ ઉષ્ણ વેદના મેં નરકમાં અનુભવી છે.

૬૬૨. જેમ અહીં શીત છે, તેનાથી અનંત ગુણ દુઃખ રૂપ શીત વેદના મેં નરકમાં અનુભવેલી છે.

૬૬૩. હું નરકની કંદુ કુંભીમાં ઉપર પગ અને નીચે મસ્તક કરીને પ્રજ્વલિત અગ્નિમાં આક્રંદ કરતો અનંતવાર પકવાયો છું.

૬૬૪. મહાભયંકર દાવાગ્નિ તુલ્ય મરુપ્રદેશમાં તથા વજ્ર વાલુકા અને કદંબ વાલુકામાં અનંતવાર બળાયો છું.

૬૬૫. બંધુથી રહિત અસહાય, રડતો એવો હું કુંદકુંભીમાં ઊંચે બંધાયો તથા કરવત આદિ શસ્ત્રોથી અનંતવાર છેદાયો છું.

૬૬૬. અત્યંત તીવ્ર કાંટાથી વ્યાપ્ત, ઊંચા શાલ્મલિ વૃક્ષ ઉપર પાશ વડે બાંધીને અહીં–તહીં ખેંચીને મને અસહ્ય કષ્ટ અપાયું છે.

૬૬૭. અતિ ભયાનક આક્રંદ કરતો હું પાપકર્મી, પોતાના કર્મોને કારણે શેરડી માફક મોટા યંત્રમાં અનંત વાર પીલાયો છું.

૬૬૮. હું અહીં–તહીં ભાગતો, આક્રંદન કરતો, કાળા અને કાબરચીતરા સુવર અને કૂતરા દ્વારા અનેક વાર પાડી દેવાયો, ફાડી ખવાયો અને છેદાયેલો છું.

૬૬૯. પાપકર્મોના કારણે હું નરકમાં જન્મીને અલસીના ફૂલ સમાન નીલરંગી તલવારોથી, ભાલાથી, લોહદંડોથી છેદાયો, ભેદાયો, ખંડ–ખંડ કરાયો છું.

૬૭૦. સમિલાયુક્ત યૂપવાળા બળતા લોહરથમાં પરાધીનપણે હું જોતરાયો છું, ચાબૂક અને રસ્સીથી ચલાવાયો છું તથા રોઝની માફક પીટાઈને જમીન ઉપર પાડી દેવાયો છું.

૬૭૧. પાપકર્મોથી ઘેરાયેલો, પરાધીન હું અગ્નિથી ચિત્તામાં ભેંસની જેમ બળાયો અને પકાવાયો છું.

૬૭૨. લોહ સમાન કઠોર સંડાસી જેવી ચાંચવાળા ઢંકાદિ વડે હું રોતો–વિલપતો અનંતવાર નોચાયો છું.

૬૭૩. તરસથી વ્યાકુળ થઈ, દોડતો એવો હું વૈતરણી નદીએ પહોંચ્યો, 'પાણી પીશ' એમ વિચારતો હતો, ત્યારે છરાની ધાર જેવી તીક્ષ્ણ જલધારા વડે હું ચીરાયો છું.

૬૭૪. ગરમીથી સંતપ્ત થઈ હું છાયાને માટે અસિપત્ર મહાવનમાં ગયો. ત્યાં પણ ઉપરથી પડતા અસિપત્રો

વડે – તેના તીક્ષ્ણ પાંદડાઓ વડે અનેકવાર છેદાયો છું.

૬૭૫. બધી તરફથી નિરાશ થયેલા મારા શરીરને મુદ્‌ગરો, મુસુંડીઓ, શૂળો અને મુસલ દ્વારા ચૂર ચૂર કરાયુ. એ રીતે મેં અનંતવાર દુઃખ પ્રાપ્ત કર્યું.

૬૭૬. તેજ ધારવાળી છરી, છૂરા અને કાતરથી અનેક વાર કપાયો, ટૂકડા કરાયા, છેદાયો તથા મારી ચામડી ઉતારાઈ છે.

૬૭૭. પાશા અને કૂટજાળોથી વિવશ બનેલા મૃગની માફક હું અનેકવાર છળ વડે પકડાયો, બંધાયો, રોકાયો અને વિનષ્ટ કરાયો છું.

૬૭૮. ગલ વડે તથા મગરો પકડવાની જાળથી માછલા માફક વિવશ હું અનંતવાર ખેંચાયો, ફડાયો, પકડાયો અને મરાયો છું.

૬૭૯. બાજપક્ષી, જાળ, વજ્રલેપ દ્વારા પક્ષી માફક અનંતવાર પકડાયો, ચિપકાવાયો, બંધાયો, મરાયો છું.

૬૮૦. કઠિયારા દ્વારા વૃક્ષની માફક કુહાડી અને ફરસી આદિથી હું અનંતવાર કૂટાયો, ફડાયો, છેદાયો, છોલાયો છું.

૬૮૧. લુહારો દ્વારા લોઢાની માફક હું પરમાધામી અસુરો દ્વારા થપ્પડ અને મુક્કા આદિ દ્વારક અનંતવાર પીટાયો, કૂટાયો, ખંડ ખંડ કરાયો અને ચૂર્ણ બનાવી દેવાયો છું.

૬૮૨. ભયંકર આક્રંદ કરતા છતાં પણ મને કળકળતા ગરમ તાંબા, લોઢા, રાંગા અને સીસા પીવડાવાયા છે.

૬૮૩. 'તને કાપેલુ અને શૂળમાં પરોવી પકાવાયેલા માંસ પ્રિય હતું' એમ યાદ કરાવી, મારા જ શરીરનું માંસ કાપીને અને તપાવીને અનેકવાર ખવડાવાયું છે.

૬૮૪. 'તને દારુ, સીધ્ર, મૈરેય આદિ પ્રિય હતા' એ યાદ દેવડાવીને મને સળગતી ચરબી અને ખૂન પીવડાવાયેલ છે.

૬૮૫. મેં પૂર્વજન્મોમાં આ રીતે નિત્ય ભયભીત, સંત્રસ્ત, દુઃખી અને વ્યથિત રહેતા અત્યંત દુઃખપૂર્ણ વેદના અનુભવી છે.

૬૮૬. તીવ્ર, પ્રચંડ, ઘોર, અત્યંત દુઃસહ, મહા ભયંકર, ભીષ્મ વેદનાઓને મેં નરકે અનુભવી છે.

૬૮૭. હે તાત ! મનુષ્યલોકમાં દેખાતી વેદનાથી અનંત ગુણ અધિક વેદના નરકમાં છે.

૬૮૮. મેં બધા ભવોમાં અસાતા વેદના વેદી છે. ક્ષણવાર પણ સુખરૂપ વેદના ત્યાં અનુભવી નથી.

### સૂત્ર–૬૮૯

ત્યારે માતા–પિતાએ કહ્યું – હે પુત્ર ! તારી ઇચ્છાથી તું ભલે દીક્ષા લે. પણ શ્રામણ્ય જીવનમાં નિષ્પ્રતિકર્મતા એ કષ્ટ છે.

### સૂત્ર–૬૯૦ થી ૬૯૭

૬૯૦. હે માતાપિતા ! તમે જે કહ્યું તે સત્ય છે, પણ વનમાં રહેતા મૃગ–પશુપક્ષીની ચિકિત્સા કોણ કરે છે ?

૬૯૧. જેમ વનમાં મૃગ એકલા વિચરે છે, તેમ હું પણ સંયમ–તપ સાથે એકાકી થઈ ધર્મનું આચરણ કરીશ.

૬૯૨. જ્યારે મહાવનમાં મૃગને આતંક ઉપજે છે, ત્યારે વૃક્ષની નીચે બેઠેલા તે મૃગની ચિકિત્સા કોણ કરે છે ?

૬૯૩. કોણ તેને ઔષધિ આપે છે? કોણ સુખવાર્તા પૂછે છે? કોણ આહાર લાવી આપે છે ?

૬૯૪. જ્યારે તે સ્વસ્થ થાય છે, ત્યારે સ્વયં ગોચર ભૂમિમાં જાય છે અને ખાવા–પીવાને માટે ગહન ઝાડી અને જળાશયોને શોધે છે.

૬૯૫. તે નિકુંજો અને જળાશયોમાં ખાઈ–પીને મૃગચર્યા કરતો તે મૃગ પોતાની મૃગચર્યાએ ચાલ્યો જાય છે.

૬૯૬. રૂપાદીમાં અપ્રીતિબદ્ધ, સંયમને માટે ઉદ્યત ભિક્ષુ સ્વતંત્ર વિચરતો મૃગચર્યાવત્ આચરણ કરીને મોક્ષમાં ગમન કરે છે.

૬૯૭. જેમ મૃગ એકલો અનેક સ્થાને વિચરે છે, રહે છે, સદૈવ ગોચર ચર્યાથી જીવન યાપન કરે છે, તેમજ ગૌચરી ગયેલ મુનિ કોઈની નિંદા કે અવજ્ઞા ન કરે.

સૂત્ર-૬૯૮ થી ૭૦૧

૬૯૮. "હું મૃગચર્યાથી ચરીશ." હે પુત્ર ! "જેમ સુખ ઉપજે તેમ કરો." આ પ્રમાણે માતા-પિતાની અનુમતિ પામીને, તે પરીગ્રહને છોડે છે.

૬૯૯. હે માતા ! તમારી અનુમતિ પામીને સર્વ દુઃખોનો ક્ષય કરનારી મૃગચર્યાને હું આચરીશ. હે પુત્ર ! સુખ ઉપજે તેમ કરો.

૭૦૦. આ પ્રમાણે તે અનેક રીતે માતાપિતાને અનુમતિને માટે સમજાવી મમત્વનો ત્યાગ કરે છે, જે રીતે મહા નાગ કાંચળીને છોડે છે.

૭૦૧. કપડા ઉપર લાગેલી ધૂળ માફક ઋદ્ધિ, ધન, મિત્ર, પુત્ર, પત્ની અને જ્ઞાતિજનોને ફગાવીને સંયમ યાત્રાને માટે નીકળી ગયો.

સૂત્ર-૭૦૨ થી ૭૦૭

પાંચ મહાવ્રત યુક્ત, પાંચ સમિતિથી સમિત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, બાહ્યાભ્યંતર તપોકર્મમાં ઉદ્યત થયા,

નિર્મમ, નિરહંકાર, નિસ્સંગ, ગૌરવ ત્યાગી, ત્રસ સ્થાવર સર્વ ભૂતોમાં સમદૃષ્ટિ બન્યા,

લાભ-અલાભમાં, સુખ-દુઃખમાં, જીવિત-મરણમાં, નિંદા-પ્રશંસામાં, માન-અપમાનમાં સમ, તથા)

ગૌરવ, કષાય, દંડ, શલ્ય, ભય, હાસ્ય, શોકથી નિવૃત્ત, નિદાન અને બંધનથી મુક્ત થયા,

આલોક અને પરલોકમાં અનાસક્ત, વાંસલા અને ચંદનના સ્પર્શમાં સમભાવિ, અશન-અનશનમાં પણ સમ,

અપ્રશસ્ત દ્વારોથી આવનારા કર્મ પુદ્ગલોનો સર્વથા નિરોધક એવા મહર્ષિ અધ્યાત્મ ધ્યાનયોગથી પ્રશસ્ત સંયમમાં તે મૃગાપુત્ર લીન થયા.

સૂત્ર-૭૦૮, ૭૦૯

એ પ્રમાણે જ્ઞાન, ચારિત્ર, દર્શન, તપ અને શુદ્ધ ભાવનાથી આત્માને સમ્યક્પણે ભાવિત કરીને - ઘણા વર્ષો સુધી શ્રામણ્યધર્મનું પાલન કરીને અંતે માસિક અનશનથી તે અનુત્તર સિદ્ધિને પામ્યા.

સૂત્ર-૭૧૦ થી ૭૧૨

૭૧૦. સંબુદ્ધ, પંડિત પ્રવિચક્ષણ એમ જ કરે છે. તેઓ મૃગાપુત્ર મહર્ષિ માફક કામભોગોથી નિવૃત્ત થાય છે.

૭૧૧. મહાપ્રભાવી, મહાયશા મૃગાપુત્રના તપપ્રધાન ત્રિલોક વિશ્રુત, મોક્ષરૂપ ગતિથી પ્રધાન, ઉત્તમ ચારિત્રને સાંભળીને,

૭૧૨. ધનને દુઃખ વિવર્ધક અને મમત્વ બંધનને મહા ભયાવહ જાણીને નિર્વાણગુણ પ્રાપક, સુખાવહ, અનુત્તર ધર્મધુરાને ધારણ કરો. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૧૯ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૨૦ 'મહાનિર્ગ્રન્થીય'

**સૂત્ર–૭૧૩**

સિદ્ધો અને સંયતોને ભાવથી નમસ્કાર કરીને હું મોક્ષ અને ધર્મ સ્વરૂપ બોધક તથ્યપૂર્ણ શિક્ષાનું કથન કરુ છું. તે સાંભળો.

**સૂત્ર–૭૧૪ થી ૭૨૦**

૭૧૪. પ્રચૂર રત્નોથી સમૃદ્ધ મગધાધિપતિ રાજા શ્રેણિક મંડીકુક્ષિ ચૈત્યમાં વિહાર યાત્રાને માટે નગરથી નીકળ્યો.

૭૧૫. તે ઉદ્યાન વિવિધ વૃક્ષ અને લતાથી આકીર્ણ હતું. વિવિધ પક્ષથી પરિસેવિત હતું. વિવિધ પુષ્પોથી આચ્છાદિત અને નંદનવનની સમાન હતુ.

૭૧૬. રાજાએ ઉદ્યાનમાં વૃક્ષ નીચે બેઠેલા એક સંયત, સુસમાહિત, સુકુમાર, સુખોચિત સાધુને જોયા.

૭૧૭. સાધુના અનુપમ રૂપને જોઈને રાજાને તેમના પ્રતિ ઘણુ જ અધિક અને અતુલનીય વિસ્મય થયુ.

૭૧૮. અહો ! શું વર્ણ છે ? શું રૂપ છે ? અહો ! આર્યની કેવી સૌમ્યતા છે ? કેવી ક્ષાંતિ છે ? કેવી મુક્તિ–નિર્લોભતા છે ? અહો ! ભોગો પ્રતિ કેવી અસંગતા છે ?

૭૧૯. મુનિના ચરણોમાં વંદના કરી, પ્રદક્ષિણા કરી, યોગ્ય સ્થાને ઊભો રહી અને હાથ જોડીને મુનિને પૂછ્યું.

૭૨૦. હે આર્ય ! તમે હજી યુવાન છો, તો પણ ભોગકાળમાં દીક્ષિત થયા, શ્રામણ્યમાં ઉપસ્થિત થયા તેનું શું કારણ છે, તે હું સાંભળવા ઇચ્છુ છું.

**સૂત્ર–૭૨૧**

મહારાજ ! હું અનાથ છું. મારો કોઈ નાથ નથી. મારી ઉપર અનુકંપા રાખનાર કોઈ મિત્ર હું પામી રહ્યો નથી.

**સૂત્ર–૭૨૨, ૭૨૩**

૭૨૨. તે સાંભળીને મગધાધિપ રાજા શ્રેણિક જોરથી હસ્યો અને બોલ્યો, એ પ્રમાણે તમારા જેવા ઋદ્ધિમાનને કોઈ નાથ કેમ નથી ?

૭૨૩. હે ભદન્ત ! હું તમારો નાથ થઈશ. હે સંયત ! મિત્ર અને જ્ઞાતિજનો સાથે ભોગો ભોગવો. આ મનુષ્ય જીવન ઘણુ દુર્લભ છે.

**સૂત્ર–૭૨૪ થી ૭૨૭**

૭૨૪. હે શ્રેણિક ! તું સ્વયં અનાથ છે. હે મગધાધિપ ! જ્યારે તું સ્વયં અનાથ છે, તો કોઈનો નાથ કેવી રીતે બની શકીશ ?

૭૨૫. પહેલેથી વિસ્મિત રાજા, મુનિના અશ્રુતપૂર્વ વચનો સાંભળીને અધિક સંભ્રાંત અને અધિક વિસ્મિત થયો. પછી બોલ્યો કે,

૭૨૬. મારી પાસે ઘોડા, હાથી, માણસો, નગર અને અંતઃપુર છે. હું મનુષ્યજીવનના બધા સુખ ભોગ ભોગવી ભોગવી રહ્યો છું. મારી પાસે શાસન અને ઐશ્વર્ય પણ છે.

૭૨૭. આવી શ્રેષ્ઠ સંપત્તિ, જેના દ્વારા બધા કામભોગ મને સમર્પિત છે, તો હું કઈ રીતે અનાથ છું. હે ભદન્ત ! આપ જૂઠ્ઠું ન બોલો.

**સૂત્ર–૭૨૮ થી ૭૪૭**

૭૨૮. પાર્થિવ ! તું અનાથના અર્થ કે પરમાર્થને જાણતો નથી કે મનુષ્યો અનાથ કે સનાથ કઈરીતે થાય છે ?

૭૨૯. હે મહારાજ ! અવ્યાક્ષિપ્ત ચિત્તથી મને સાંભળો, અનાથ કેમ થાય ? મેં કેમ તે પ્રયોજ્યો ?

૭૩૦. પ્રાચીન નગરોમાં અસાધારણ એવી એક કૌશાંબી નામે નગરી છે, ત્યાં મારા પિતા છે. તેની પાસે પ્રચૂર ધનનો સંગ્રહ હતો.

૭૩૧. મહારાજ ! યુવાવસ્થામાં મારી આંખોમાં અતુલ વેદના ઉત્પન્ન થઈ. હે પાર્થિવ ! તેનાથી મારા આખા શરીરમાં અત્યંત જલન થતી હતી.

૭૩૨. કુદ્ધ શત્રુ જે રીતે શરીરના મર્મસ્થાનોમાં અત્યંત તીક્ષ્ણ શસ્ત્ર ઘોંચી દે અને તેનાથી જેમ વેદના થાય, તેમ મારી આંખોમાં વેદના થતી હતી.

૭૩૩. જેમ ઇંદ્રના વજ્રપ્રહારથી ભયંકર વેદના થાય, તે રીતે મારે કટિભાગ, હૃદય અને મસ્તકમાં અતિ દારુણ વેદના થઈ રહી હતી.

૭૩૪. વિદ્યા અને મંત્રથી ચિકિત્સા કરાર, મંત્ર–મૂલના વિશારદ અદ્ધિતીય શાસ્ત્ર કુશલ, આચાર્યો ઉપસ્થિત હતા. ૭૩૫. તેઓએ મારી ચતુષ્પાદ ચિકિત્સા કરી, પણ મને દુઃખથી મુક્ત ન કરાવી શક્યા તે મારી અનાથતા.

૭૩૬. મારા પિતાએ મારા માટે ચિકિત્સકોને સર્વોત્તમ વસ્તુઓ આપી, પણ તે મને દુઃખથી મુક્ત ન કરી શક્યા એ મારી અનાથતા હતી.

૭૩૭. મારી માતા, પુત્ર શોકના દુઃખથી ઘણી પીડિત રહેતી હતી, પણ તોયે મને દુઃખ મુક્ત ન કરાવી શકી, તે મારી અનાથતા હતી.

૭૩૮. મહારાજ ! મારા મોટા–નાના બધા ભાઈઓ મને દુઃખમુક્ત ન કરાવી શક્યા. તે મારી અનાથતા છે.

૭૩૯. મારી મોટી અને નાની સગી બહેનો પણ મને દુઃખ મુક્ત ન કરાવી શકી આ હતી મારી અનાથતા.

૭૪૦. મહારાજ ! મારામાં અનુરક્ત અને અનુવ્રત પત્ની અશ્રુપૂર્ણ નયને મારી છાતી ભીંજવતી રહેતી હતી.

૭૪૧. તે બાળા મારી જાણમાં કે અજાણમાં ક્યારેય પણ અન્ન, પાન, સ્નાન, ગંધ, માલ્ય અને વિલેપનનો ઉપભોગ કરતી ન હતી.

૭૪૨. ક્ષણ–માત્ર પણ મારાથી દૂર થતી ન હતી. તો પણ તે મને દુઃખથી મુક્ત કરાવી ન શકી. મહારાજ ! આ મારી અનાથતા છે.

૭૪૩. ત્યારે મેં વિચાર કર્યો કે જીવને આ અનંત સંસારમાં વારંવાર અસહ્ય વેદના અનુભવવી પડે છે.

૭૪૪. આ વિપુલ વેદનાથી જો એક વાર મુક્ત થાઉં, તો હું ક્ષાંત, દાંત, નિરારંભ અણગાર વૃત્તિમાં પ્રવ્રજિત થઈ જઈશ.

૭૪૫. હે નરાધિપ ! આ પ્રમાણે વિચારીને હું સૂઈ ગયો. વીતતી રાત્રિ સાથે મારી વેદના પણ ક્ષીણ થઈ ગઈ.

૭૪૬. ત્યારપછી પ્રાતઃકાળમાં નીરોગી થતા જ હું બંધુજનોને પૂછીને ક્ષાંત, દાંત, નિરારંભ થઈ અણગાર વૃત્તિમાં પ્રવ્રજિત થઈ ગયો.

૭૪૭. ત્યારપછી હું પોતાનો અને બીજાનો, ત્રસ અને સ્થાવર બધા જીવોનો નાથ થઈ ગયો.

**સૂત્ર–૭૪૮, ૭૪૯**

૭૪૮. મારો પોતાનો જ આત્મા વૈતરણી નદી છે. કૂટ શાલ્મલી વૃક્ષ છે, કામદૂધા ગાય છે અને નંદનવન છે.

૭૪૯. આત્મા જ પોતાના સુખ–દુઃખનો કર્તા અને ભોક્તા છે. સત્ પ્રવૃત્તિ સ્થિત આત્મા જ પોતાનો મિત્ર છે અને દુષ્પ્રવૃત્તિ સ્થિત આત્મા પોતાનો શત્રુ છે.

**સૂત્ર–૭૫૦ થી ૭૬૨**

૭૫૦. હે રાજન્ ! એક બીજી પણ અનાથતા છે, શાંત અને એકાગ્ર ચિત્ત થઈને મારી પાસેથી સાંભળો. એવા

ઘણા કાયરો હોય છે, જે નિર્ગ્રન્થ ધર્મ પામીને પણ સીદાય છે.

૭૫૧. જે મહાવ્રતોને સ્વીકારીને પ્રમાદના કારણે તેનું સમ્યક્ પાલન કરતા નથી, આત્માનો નિગ્રહ કરતા નથી, રસોમાં આસક્ત છે, તે મૂળથી રાગદ્વેષ રૂપ બંધનોનો ઉચ્છેદ કરી શકતા નથી.

૭૫૨. જેની ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપ અને ઉચ્ચાર, પ્રસ્રવણના પરિષ્ઠાનમાં આયુક્તતા નથી, તે એ માર્ગનું અનુગમન કરી શકતા નથી, કે જે માર્ગ વીરયાત છે.

૭૫૩. જે અહિંસાદિ વ્રતોમાં અસ્થિર છે, તપ અને નિયમોથી ભ્રષ્ટ છે, તે લાંબા કાળ સુધી મુંડરૂચિ રહીને અને આત્માને કષ્ટ દઈને પણ તેઓ સંસારથી પાર પામી શકતા નથી.

૭૫૪. જે પોલી મુઠ્ઠીની માફક નિસ્સાર છે, ખોટા સિક્કા માફક અપ્રમાણિત છે, વૈડૂર્ય માફક ચમકનારા તુચ્છ કાચમણિ છે, તેઓ જાણનારા – પરીક્ષકોની દૃષ્ટિમાં મૂલ્યહીન છે.

૭૫૫. જે કુશીલલિંગ, ઋષિધ્વજ – રજોહરણાદિ ચિહ્નને ધારણ કરી જીવિકા ચલાવે છે, અસંયત હોવા છતાં પણ પોતાને સંયત કહે છે, તે લાંબા કાળ માટે વિનાશને પ્રાપ્ત થાય છે.

૭૫૬. પીવાયેલ કાલકૂટ વિષ, ઊલટું પકડેલ શસ્ત્ર, અનિયંત્રિત વેતાલ જેવા વિનાશકારી હોય છે, તેમજ વિષય વિકાર યુક્ત ધર્મ પણ વિનાશકારી થાય છે.

૭૫૭. જે લક્ષણ અને સ્વપ્નવિદ્યાનો પ્રયોગ કરે છે, નિમિત્ત શાસ્ત્ર અને કૌતુક કાર્યમાં અત્યંત આસક્ત છે, કુહેટ વિદ્યાઓથી જીવિકા ચલાવે છે, તે કર્મફળ ભોગ સમયે કોઈનું શરણ પામી શકતા નથી.

૭૫૮. તે શીલ રહિત સાધુ પોતાના તીવ્ર અજ્ઞાનના કારણે વિપરીત દૃષ્ટિને પ્રાપ્ત થાય છે. ફલતઃ અસાધુ પ્રકૃતિ વાળા તે સાધુ મુનિધર્મની વિરાધના કરી સતત દુઃખી થઈ નરક તિર્યંચ ગતિમાં આવ-જા કરે છે.

૭૫૯. જે ઔદ્દેશિક, ક્રીત, નિયાગ આદિ રૂપે અલ્પ પણ અનેષણીય આહાર છોડતો નથી, તે અગ્નિ માફક સર્વ ભક્ષી ભિક્ષુ પાપકર્મ કરીને અહીંથી મરીને દુર્ગતિમાં જાય છે.

૭૬૦. સ્વયંની દુષ્પ્રવૃત્તિ જે અનર્થ કરે છે, તે ગળું કાપનાર શત્રુ પણ કરી શકતા નથી. ઉક્ત તથ્યને સંયમહીન મનુષ્ય મૃત્યુની ક્ષણોમાં પશ્ચાત્તાપ કરતા કરતા જાણી શકશે.

૭૬૧. જે ઉત્તમાર્થમાં વિપરીત દૃષ્ટિ રાખે છે, તેની શ્રામણ્યમાં અભિરૂચિ વ્યર્થ છે. તેના માટે આ લોક નથી, પરલોક પણ નથી. બંને લોકના પ્રયોજનથી શૂન્ય હોવાથી તે ઉભય ભ્રષ્ટ નિરંતર ચિંતામાં ઝુઝે છે.

૭૬૨. આ પ્રકારે સ્વચ્છંદ અને કુશીલ સાધુ પણ જિનોત્તમ માર્ગની વિરાધના કરીને એ જ રીતે પરિતાપ કરે છે, જે રીતે ભોગાસક્ત થઈને નિરર્થક શોક કરનારી કુરરી પરિતાપને પ્રાપ્ત થાય છે.

સૂત્ર-૭૬૩

મેધાવી આ સુભાષિત અને જ્ઞાનગુણ યુક્ત અનુશાસનને સાંભળીને કુશીલ વ્યક્તિઓના બધા માર્ગોને છોડીને, મહાનિર્ગ્રન્થોના માર્ગે ચાલે.

સૂત્ર-૭૬૪

ચારિત્રાચાર અને જ્ઞાનાદિ ગુણોથી સંપન્ન નિર્ગ્રન્થ નિરાશ્રય હોય છે. અનુત્તર શુદ્ધ સંયમનું પાલન કરીને તે કર્મોનો ક્ષય કરીને વિપુલ, ઉત્તમ તથા શાશ્વત મોક્ષને પ્રાપ્ત કરે છે.

સૂત્ર-૭૬૫

એ પ્રમાણે ઉગ્ર, દાંત, મહા તપોધન, મહાપ્રતિજ્ઞ, મહાયશસ્વી તે મહામુનિએ આ મહાનિર્ગ્રન્થીય મહાશ્રુતને મહા વિસ્તારથી કહ્યું.

સૂત્ર–૭૬૬ થી ૭૬૯

૭૬૬. રાજા શ્રેણિક સંતુષ્ટ થયો અને હાથ જોડીને બોલ્યો – ભગવન્ ! અનાથનું યથાર્થ સ્વરૂપ આપે મને સારી રીતે સમજાવ્યું.

૭૬૭. હે મહર્ષિ ! તમારો મનુષ્ય જન્મ સફળ છે, ઉપલબ્ધિઓ સફળ છે. તમે સનાથ અને સબાંધવ છો, કેમ કે તમે જિનેશ્વરના માર્ગે સ્થિત છો.

૭૬૮. હે સંયત ! તમે અનાથોના નાથ છો, બધા જીવોના નાથ છો. હે મહાભાગ ! હું તમારી ક્ષમા ચાહું છું, હું તમારાથી અનુશાસિત થવાની ઇચ્છા રાખું છું.

૭૬૯. મેં તમને પ્રશ્ન કરીને જે ધ્યાનમાં વિઘ્ન કર્યું, ભોગોને માટે નિમંત્રણ આપ્યું, તે બધા માટે ક્ષમા કરો.

સૂત્ર–૭૭૦ થી ૭૭૨

૭૭૦. એ પ્રમાણે રાજસિંહ શ્રેણિકે અણગારસિંહ મુનિની પરમ ભક્તિથી સ્તુતિ કરી, અંતઃપુર તથા પરિજનો સહિત તે વિમળ ચિત્તથી ધર્મમાં અનુરક્ત થઈ ગયો.

૭૭૧. રાજાના રોમકૂપ આનંદથી ઉલ્લસિત થઈ રહ્યા હતા. તે મુનિની પ્રદક્ષિણા અને મસ્તકથી વંદના કરીને પાછો ગયો.

૭૭૨. આ તરફ તે ગુણ સમૃદ્ધ, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, ત્રણ દંડોથી વિરત મોહમુક્ત મુનિ પક્ષીની માફક વિપ્રમુક્ત થઈને પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા – તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન–૨૦ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન–૨૧ 'સમુદ્રપાલિત'

## સૂત્ર–૭૭૩ થી ૭૮૨

૭૭૩. ચંપા નગરીમાં 'પાલિત' નામે એક વણિક શ્રાવક હતો. તે મહાત્મા ભગવંત મહાવીરનો શિષ્ય હતો.

૭૭૪. તે શ્રાવક નિર્ગ્રન્થ પ્રવચનનો વિશિષ્ટ વિદ્વાન હતો. એક વખત પોતાના જહાજથી વ્યાપાર કરતો તે પિહુંડ નગરમાં આવ્યો.

૭૭૫. પિહુંડ નગરમાં વ્યાપાર કરતી વખતે તેને એક વેપારીએ પોતાની પુત્રી પરણાવી. થોડા સમય પછી ગર્ભવતી પત્નીને લઈને સ્વદેશ ચાલ્યો.

૭૭૬. પાલિતની પત્નીએ સમુદ્રમાં જ પુત્રને જન્મ આપ્યો. તેનો જન્મ સમુદ્રમાં થવાથી તેનું નામ 'સમુદ્રપાલ' રાખ્યું.

૭૭૭. તે શ્રાવક સકુશલ ચંપાનગરીમાં પોતાના ઘેર આવ્યો. તે સુકુમાર બાળક તેના ઘરમાં આનંદથી મોટો થવા લાગ્યો.

૭૭૮. તે બાળકે બોંતેર કળા શીખી, તે નીતિ નિપુણ થઈ ગયો. યુવાવસ્થાથી સંપન્ન થયો ત્યારે બધાને સુંદર અને પ્રિય લાગવા માંડ્યો.

૭૭૯. પિતાએ તેના માટે **'રૂપિણી'** નામની સુંદર પત્ની લાવી આપી. તે પોતાની પત્ની સાથે દોગુંદક દેવવત્ સુરમ્ય પ્રાસાદમાં ક્રીડા કરવા લાગ્યો.

૭૮૦. કોઈ સમયે તે પ્રાસાદના ઝરુખામાં બેઠો હતો. વધ્યજન ઉચિત આભૂષણોથી યુક્ત વધ્યને વધ્યસ્થાને લઈ જવાતો તેણે જોયો.

૭૮૧. તેને જોઈને સંવેગ પ્રાપ્ત સમુદ્રપાલે મનમાં આ પ્રમાણે કહ્યું – ખેદની વાત છે કે – આ અશુભ કર્મોનું દુઃખદ પરિણામ છે.

૭૮૨. આ પ્રમાણે ચિંતન કરતા તે મહાન આત્મા સંવેગ પામીને સંબુદ્ધ થઈ ગયા. માતા–પિતાને પૂછીને તેણે અનગારિતા દીક્ષા ગ્રહણ કરી.

## સૂત્ર–૭૮૩ થી ૭૯૫

૭૮૩. દીક્ષા લઈને મુનિ મહાક્લેશકારી, મહામોહ અને પૂર્ણ ભયકારી સંગનો પરિત્યાગ કરીને પર્યાય ધર્મમાં, વ્રતમાં, શીલમાં, પરીષહોને સમભાવે સહેવામાં અભિરૂચિ રાખે.

૭૮૪. વિદ્વાન મુનિ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ – આ પાંચ મહાવ્રતોને સ્વીકારીને જિનોપદિષ્ટ ધર્મ આચરે.

૭૮૫. ઈન્દ્રિયોનું સમ્યક્ સંવરણ કરનાર ભિક્ષુ બધા જીવો પ્રતિ કરુણાવાન રહે, ક્ષમાથી દુર્વચનાદિ સહે, સંયત થાય, બ્રહ્મચારી થાય, સદૈવ સાવદ્ય યોગનો પરિત્યાગ કરતો વિચરે.

૭૮૬. સાધુ સમયાનુસાર પોતાના બલાબલને જાણીને રાષ્ટ્રોમાં વિચરણ કરે. સિંહની માફક ભયોત્પાદક શબ્દો સાંભળીને પણ સંત્રસ્ત ન થાય. અસભ્ય વચન સાંભળીને બદલામાં અસભ્ય વચન ન કહે.

૭૮૭. સંયમી પ્રતિકૂળતાઓની ઉપેક્ષા કરતો વિચરે. પ્રિય–અપ્રિય પરીષહોને સહન કરે. સર્વત્ર બધી વસ્તુની અભિલાષા ન કરે. પૂજા અને ગર્હાની પણ ઈચ્છા ભિક્ષુ ન કરે.

૭૮૮. અહીં સંસારમાં મનુષ્યોને અનેક પ્રકારના છંદ–અભિપ્રાય હોય છે. ભિક્ષુ તેને પોતામાં પણ ભાવથી જાણે છે. તેથી દેવ–મનુષ્ય–તિર્યંચ કૃત્ ભયોત્પાદક ભીષણ ઉપસર્ગોને સહન કરે.

૭૮૯. અનેક દુર્વિષહ પરીષહ પ્રાપ્ત થતા ઘણા કાયર લોકો ખેદનો અનુભવ કરે છે. પરંતુ ભિક્ષુ પરીષહ પ્રાપ્ત થતા સંગ્રામમાં આગળ રહેનારા હાથીની માફક વ્યથિત ન થાય.

૭૯૦. શીત, ઉષ્ણ, ડાંસ, મચ્છર, દિણ સ્પર્શ તથા બીજા વિવિધ પ્રકારના આતંક જ્યારે ભિક્ષુને સ્પર્શે, ત્યારે તે કુત્સિત શબ્દો ન કરતો, તેને સમભાવથી સહન કરે. પૂર્વકૃત્ કર્મોને ક્ષીણ કરે.

૭૯૧. વિચક્ષણ ભિક્ષુ સતત રાગદ્વેષ અને મોહને છોડીને, વાયુથી અકંપિત મેરુની માફક આત્મગુપ્ત બનીને પરીષહોને સહન કરે.

૭૯૨. પૂજા–પ્રતિષ્ઠામાં ઉન્નત અને ગર્હામાં અવનત ન થનાર મહર્ષિ પૂજા અને ગર્હામાં લિપ્ત ન થાય. તે સમભાવી, વિરત, સંયમી, સરળતાને સ્વીકારીને નિર્વાણ માર્ગને પ્રાપ્ત થાય છે.

૭૯૩. જે અરતિ–રતિને સહન કરે છે, સંસારીજનના પરિચયથી દૂર રહે છે, વિરક્ત છે, આત્મહિતનો સાધક છે; સંયમશીલ છે, શોકરહિત છે, મમત્વરહિત છે, અકિંચન છે, તે પરમાર્થ પદોમાં સ્થિત થાય છે.

૭૯૪. ત્રાયી, મહાયશસ્વી, ઋષિઓ દ્વારા સ્વીકૃત, લેપાદિ કર્મ રહિત, અસંસ્કૃત, એકાંત સ્થાનોને સેવે અને પરીષહોને સહન કરે.

૭૯૫. અનુત્તર ધર્મ સંચયનું આચરણ કરીને સદ્જ્ઞાનથી જ્ઞાનને પ્રાપ્ત કરનારા, અનુત્તર, જ્ઞાનધારી, યશસ્વી, મહર્ષિ, અંતરીક્ષમાં સૂર્યની સમાન ધર્મસંઘમાં પ્રકાશમાન થાય છે.

સૂત્ર–૭૯૬

સમુદ્રપાલ મુનિ પુન્ય–પાપ બંનેને ખપાવીને, સંયમમાં નિશ્ચલ અને સર્વથા વિપ્રમુક્ત થઈને સમુદ્ર જેવા વિશાળ સંસાર પ્રવાહને તરીને અપુનરાગમન સ્થિતિમાં – મોક્ષમાં ગયા. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૨૧ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૨૨ 'રથનેમીય'

## સૂત્ર–૭૯૭ થી ૮૧૨

૭૯૭. સૌરિયપુર નગરમાં રાજલક્ષણોથી યુક્ત મહાન ઋદ્ધિ સંપન્ન વસુદેવ નામે રાજા હતો.

૭૯૮. તેને રોહિણી અને દેવકી નામે બે પત્નીઓ હતી. તેમને અનુક્રમે રામ અને કેશવ (કૃષ્ણ) નામે પ્રિય પુત્ર હતા.

૭૯૯. સૌરિયપુર નગરમાં રાજલક્ષણોથી યુક્ત મહાઋદ્ધિ સંપન્ન સમુદ્રવિજય નામે રાજા હતો.

૮૦૦. તેને શિવા નામે પત્ની હતી. જેના પુત્ર મહાયશસ્વી, દમીશ્વર, લોકનાથ, ભગવન્ અરિષ્ટનેમિ હતા.

૮૦૧. તે અરિષ્ટનેમિ સુસ્વરત્વ અને લક્ષણ સંયુક્ત હતા. તેઓ ૧૦૦૮ શુભ લક્ષણના ધારક હતા, ગૌતમ ગોત્રીય અને શ્યામ વર્ણના હતા.

૮૦૨. તેઓ વજ્રઋષભનારાચ સંહનન અને સમચતુરસ્ર સંસ્થાન વાળા હતા. મત્સ્યોદરા હતા. કેશવે રાજીમતિને તેની પત્ની રૂપે યાચી.

૮૦૩. તે શ્રેષ્ઠ રાજકન્યા સુશીલ, સુંદર, સર્વલક્ષણ સંપન્ન હતી. તેણીના શરીરની કાંતિ વિદ્યુતની પ્રભા સમાન હતી.

૮૦૪. તેના પિતાએ મહર્દ્ધિક વાસુદેવને કહ્યું – કુમાર અહીં આવે. હું મારી કન્યા તેને માટે આપી શકું છું.

૮૦૫. અરિષ્ટનેમિને સર્વ ઔષધિઓના જળથી સ્નાન કરાવ્યુ. કૌતુક, મંગલ કર્યા. દિવ્ય વસ્ત્ર પહેરાવ્યુ. આભરણથી વિભૂષિત કર્યા.

૮૦૬. વાસુદેવના સૌથી મોટા મત્ત ગંધહસ્તિ ઉપર આરૂઢ થયા. મસ્તક ઉપર ચૂડામણિની માફક અધિક સુશોભિત થયા.

૮૦૭. અરિષ્ટનેમિ ઊંચા છત્ર તથા ચામરોથી સુશોભિત હતા. દશાર્હ ચક્રથી તે સર્વતઃ પરિવૃત્ત હતા.

૮૦૮. ચતુરંગિણી સેના યથાક્રમે સજાવી હતી. વાદ્યોનો ગગન સ્પર્શી દિવ્ય નાદ થઈ રહ્યો હતો.

૮૦૯. આવા પ્રકારની ઉત્તમ ઋદ્ધિ અને દ્યુતિ સહિત તે વૃષ્ણિ–પુંગવ પોતાના ભવનથી નીકળ્યો.

૮૧૦. ત્યાર પછી તેણે વાડો અને પીંજરામાં બંધ કરાયેલ ભયત્રસ્ત તથા અતિ દુઃખી પ્રાણીઓને જોયા.

૮૧૧. તે પ્રાણીઓ જીવનના અંતના સન્મુખ હતા. માંસને માટે ખવાનાર હતા. તેને જોઈને મહાપ્રજ્ઞ અરિષ્ઠ–નેમિએ સારથીને આ પ્રમાણે કહ્યું.

૮૧૨. આ બધા સુખના અર્થી પ્રાણી શા માટે આ વાડો અને પીંજરામાં સંનિરુદ્ધ કરાયેલા છે – રોકેલા છે ?

## સૂત્ર–૮૧૩

ત્યારે સારથીએ કહ્યું – આ ભદ્ર પ્રાણીઓ, આપના વિવાહકાર્યમાં ઘણા લોકોને માંસ ખવડાવવાને માટે છે.

## સૂત્ર–૮૧૪ થી ૮૨૦

૮૧૪. અનેક પ્રાણીઓના સંબંધી વચનોને સાંભળીને જીવો પ્રતિ કરુણાશીલ, મહાપ્રજ્ઞ, અરિષ્ટનેમિ ચિંતન કરે છે કે–

૮૧૫. જો મારા નિમિત્તે આ ઘણા પ્રાણીઓનો વધ થાય છે, તો આ પરલોકમાં મારા માટે શ્રેયસ્કર નહીં થાય.

૮૧૬. તે મહાયશસ્વીએ કુંડલયુગલ, સૂત્રક અને બીજા બધા આભૂષણો ઉતારીને સારથીને આપી દીધા.

૮૧૭. મનમાં આવા પરિણામ થતાં જ તેના યથોચિત અભિનિષ્ક્રમણને માટે દેવતા પોતાની ઋદ્ધિ અને પર્ષદા સાથે આવ્યા.

૮૧૮. દેવ અને મનુષ્યોથી પરિવરેલા ભગવન્ શિબિકા રત્નમાં આરૂઢ થયા. દ્વારકાથી નીકળી રેવતક પર્વત ઉપર સ્થિત થયા.

૮૧૯. ઉદ્યાનમાં પહોંચીને, ઉત્તમ શિબિકાથી ઊતરીને ૧૦૦૦ પુરુષો સહિત ચિત્રા નક્ષત્રમાં ભગવંતે નિષ્ક્રમણ કર્યું.

૮૨૦. ત્યાર પછી સમાહિત ભગવંતે તુરંત પોતાના સુગંધ ગંધિત અને ઘુંઘરાળા વાળનો સ્વયં પોતાના હાથો વડે પંચમુષ્ટિક લોચ કર્યો.

## સૂત્ર-૮૨૧ થી ૮૨૩

૮૨૧. વાસુદેવ કૃષ્ણ એ લુપ્ત કેશ અને જિતેન્દ્રિય ભગવંતને કહ્યું – હે દમીશ્વર! તમે તમારા અભિષ્ટ મનોરથને શીઘ્ર પ્રાપ્ત કરો.

૮૨૨. આપ જ્ઞાન, દર્શન, ચારિત્ર, ક્ષમા અને નિર્લોભતા દ્વારા વર્દ્ધમાન થાઓ.

૮૨૩. આ પ્રકારે બલરામ, કેશવ, દશાર્હ, યાદવ અને બીજા ઘણા લોકો અરિષ્ટનેમિને વંદના કરી દ્વારકાપુરી પાછા ગયા.

## સૂત્ર-૮૨૪ થી ૮૨૬

૮૨૪. ભગવંત અરિષ્ટનેમિની પ્રવ્રજ્યાને સાંભળીને રાજકન્યા રાજીમતિના હાસ્ય અને આનંદ ચાલ્યા ગયા. તે શોકથી મૂર્ચ્છિત થઈ ગઈ.

૮૨૫. રાજીમતિએ વિચાર્યું – "ધિક્કાર છે મારા જીવનને, કેમ કે હું અરિષ્ટનેમિ દ્વારા પરિત્યક્તા છું. મારે પ્રવ્રજિત થવું જ શ્રેય છે.

૮૨૬. ધીર તથા કૃતસંકલ્પા રાજીમતિએ કૂર્ચ અને કંઘીથી સંવારેલ, ભ્રમર સદશ કાળા વાળનો પોતાના હાથે જ લોચ કર્યો.

## સૂત્ર-૮૨૭

વાસુદેવે લુપ્તકેશા અને જિતેન્દ્રિયા રાજીમતિને કહ્યું. કન્યા ! તું આ ઘોર સંસાર-સાગરને અતિ શીઘ્ર પાર કર.

## સૂત્ર-૮૨૮ થી ૮૩૧

૮૨૮. શીલવતી અને બહુશ્રુતા રાજીમતિએ પ્રવ્રજિત થઈને પોતાની સાથે ઘણા સ્વજનો તથા પરિજનોને પણ પ્રવ્રજિત કરાવ્યા.

૮૨૯. તેણી રૈવતક પર્વત ઉપર જઈ રહ્યા હતા. વચ્ચે જ વરસાદથી ભીંજાઈ ગયા. વર્ષા ચાલુ હતી, અંધકાર છવાયેલો હતો. એ સ્થિતિમાં તેણી ગુફામાં ગયા.

૮૩૦. સૂકવવાને માટે પોતાના વસ્ત્રો ફેલાવતા રાજીમતિને યથાજાત રૂપમાં રથનેમિએ જોયા. તે ભગ્નચિત્ત થયા. પછી રાજીમતિએ પણ તેમને જોયા.

૮૩૧. ત્યાં એકાંતમાં તે સંયતને જોઈને ડરી ગયા. ભયથી કંપતા પોતાની બંને ભ્રમરથી શરીર આવૃત્ત કરી બેસી ગયા.

## સૂત્ર-૮૩૨ થી ૮૩૪

૮૩૨. ત્યારે સમુદ્રવિજયના અંગજાત તે રાજપુત્રે રાજીમતિને ભયભીત અને કાંપતી જોઈ આવા વચનો કહ્યા

૮૩૩. હે ભદ્રે ! હું રથનેમી છું. હે સુંદરી ! ચારુભાષિણી ! તું મને સ્વીકાર. હે સુતનુ ! તને કોઈ પીડા નહીં થાય.

૮૩૪. નિશ્ચિત મનુષ્યજન્મ અતિ દુર્લભ છે. આવ, આપણે ભોગ ભોગવીએ. પછી ભુક્તભોગી થઈ જિનમાર્ગે

દીક્ષિત થઈશું.

સૂત્ર-૮૩૫ થી ૮૪૨

૮૩૫. સંયમ પ્રત્યે ભગ્નોદ્યોગ તથા ભોગથી પરાજિત રથનેમીને જોઈને તેણી સંભ્રાંત ન થઈ. તેણીએ વસ્ત્રોથી પોતાના શરીરને ફરી ઢાંકી દીધું.

૮૩૬. નિયમો અને વ્રતોમાં સુસ્થિત તે શ્રેષ્ઠ રાજકન્યાએ જાતિ, કુળ અને શીલની રક્ષા કરતા, રથનેમીએ કહ્યું –

૮૩૭. જો તું રૂપમાં વૈશ્રમણ હો, લલિતથી નલકુબેર હો, તું સાક્ષાત્ ઈન્દ્ર હો તો પણ હું તને ઈચ્છતી નથી. અગંધનકુળમાં ઉત્પન્ન સર્પ ધૂમકેતુ, પ્રજ્વલિત, ભયંકર, દુષ્પ્રવેશ્ય અગ્નિમાં પ્રવેશ કરે પણ વમેલને ફરી પીવા ન ઈચ્છે

૮૩૮. હે અયશોકામી ! ધિક્કાર છે તેને કે તું ભોગી જીવનને માટે, ત્યક્ત ભોગોને ફરી ભોગવવા ઈચ્છે છે, તેના કરતા તારું મરવું શ્રેયસ્કર છે.

૮૩૯. હું ભોજરાજાની પુત્રી છું. તું અંધકવૃષ્ણિનો પુત્ર છે. આપણે કુળમાં ગંધન સર્પ જેવા ન બનીએ. તું નિર્ભૃત થઈ સંયમ પાળ.

૮૪૦. જો તું જે કોઈ સ્ત્રીને જોઈને આ પ્રમાણે જ રાગભાવ કરીશ, તો વાયુથી કંપિત હડની માફક અસ્થિ-તાત્મા થઈશ.

૮૪૧. જેમ ગોપાલ અને ભાંડપાલ તે દ્રવ્યના સ્વામી હોતા નથી, તેમ તું પણ શ્રામણ્યનો સ્વામી નહીં થાય.

૮૪૨. તું ક્રોધ, માન, માયા, લોભનો નિગ્રહ કર. ઈન્દ્રિયોને વશ કરી તેને પોતાને ઉપસંહર.

સૂત્ર-૮૪૩, ૮૪૪

૮૪૩. તેણીના સુભાષિત વચનો સાંભળીને રથનેમી ધર્મમાં એ રીતે સ્થિર થઈ ગયા, જે રીતે અંકુશથી હાથી સ્થિર થાય.

૮૪૪. તે મન, વચન, કાયાથી ગુપ્ત, જિતેન્દ્રિય અને દૃઢવ્રતી થયા. જાવજ્જીવ નિશ્ચલભાવે શ્રામણ્યનું પાલન કરવા લાગ્યા.

સૂત્ર-૮૪૫

ઉગ્ર તપનું આચરણ કરીને બંને કેવલી થયા. બધા કર્મોનો ક્ષય કરીને તેઓએ અનુત્તર 'સિદ્ધિ'ને પ્રાપ્ત કરી.

સૂત્ર-૮૪૬

સંબુદ્ધ, પંડિત, પ્રવિચક્ષણો આમ જ કરે છે. પુરુષોત્તમ રથનેમી માફક ભોગોથી નિવૃત્ત થઈ જાય છે

– ૦ – તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૨૨ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૨૩ 'કેશી ગૌતમીય'

**સૂત્ર–૮૪૭**

પાર્શ્વ નામથી એક જિન, અર્હન, લોકપૂજિત, સંબુદ્ધાત્મા, સર્વજ્ઞ, ધર્મતીર્થના પ્રવર્તક અને વીતરાગ હતા.

**સૂત્ર–૮૪૮ થી ૮૫૦**

૮૪૮. લોકપ્રદીપ ભગવંતપાર્શ્વના જ્ઞાન અને ચરણના પારગામી, મહાયશસ્વી 'કેશીકુમાર શ્રમણ' શિષ્ય હતા.

૮૪૯. તે અવધિ અને શ્રુતજ્ઞાનથી પ્રબુદ્ધ હતા. શિષ્યસંઘથી પરિવૃત્ત થઇ ગ્રામાનુગ્રામ વિચરતા શ્રાવસ્તી નગરીમાં આવ્યા.

૮૫૦. નગરની નિકટ તિંદુક ઉદ્યાનમાં, જ્યાં પ્રાસુક શય્યા અને સંસ્તારક સુલભ હતા, ત્યાં વાસ કર્યો – રહ્યા

**સૂત્ર–૮૫૧ થી ૮૫૪**

૮૫૧. તે સમયે ધર્મ–તીર્થના પ્રવર્તક જિન, ભગવાન વર્દ્ધમાન હતા, જે સમગ્ર લોકમાં પ્રખ્યાત હતા.

૮૫૨. તે લોકપ્રદીપ ભગવંતના જ્ઞાન અને ચારિત્રના પારગામી મહાયશસ્વી શિષ્ય ગૌતમ સ્વામી હતા.

૮૫૩. બાર અંગોના જ્ઞાતા પ્રબુદ્ધ ગૌતમ પણ શિષ્યસંઘથી પરિવૃત્ત, ગ્રામાનુગ્રામ વિચરતા શ્રાવસ્તી નગરીમાં આવ્યા.

૮૫૪. નગર નજીક કોષ્ઠક ઉદ્યાનમાં જ્યાં પ્રાસુક શય્યા અને સંસ્તારક સુલભ હતા, ત્યાં રોકાયા – રહ્યા.

**સૂત્ર–૮૫૫ થી ૮૫૯**

૮૫૫. કુમારશ્રમણ કેશી અને મહાયશસ્વી ગૌતમ ત્યાં વિચરતા હતા. બંને આલીન અને સુસમાહિત હતા.

૮૫૬. સંયત, તપસ્વી, ગુણવાન અને છકાય સંરક્ષક બંને શિષ્ય સંઘોમાં આવું ચિંતન ઉત્પન્ન થયું.

૮૫૭. આ ધર્મ કેવો છે ? અને આ ધર્મ કેવો છે ? અમારા આચાર ધર્મની વ્યવસ્થા કેવી છે? અને તેમની આચાર ધર્મની વ્યવસ્થા કેવી છે?

૮૫૮. આ ચાતુર્યામધર્મ છે, તે મહામુનિ પાર્શ્વએ કહેલ છે. આ પંચશિક્ષાત્મક ધર્મ ભગવંત વર્ધમાને કહ્યો છે.

૮૫૯. આ અચેલક ધર્મ છે અને આ સાંતરોત્તર ધર્મ છે. એક લક્ષ્યમાં પ્રવૃત્ત બંનેમાં ભેદ શા માટે છે ?

**સૂત્ર–૮૬૦ થી ૮૬૩**

૮૬૦. કેશી અને ગૌતમ બંનેએ શિષ્યોના પ્રવિતર્કિતને જાણીને પરસ્પર મળવાનો વિચાર કર્યો.

૮૬૧. કેશી શ્રમણના કુળને જ્યેષ્ઠ કુળ જાણીને પ્રતિરૂપજ્ઞ ગૌતમ શિષ્ય સંઘની સાથે તિંદુક વનમાં આવ્યા.

૮૬૨. ગૌતમને આવતા જોઈને કેશી કુમાર શ્રમણે તેમની સમ્યક્ પ્રકારે પ્રતિરૂપ પ્રતિપત્તિ કરી.

૮૬૩. ગૌતમને બેસવાને માટે શીઘ્ર તેમણે પ્રાસુક પયાલ (ચાર પ્રકારના ઘાસ) અને પાંચમું કૃશ–તૃણ સમર્પિત કર્યું.

**સૂત્ર–૮૬૪**

કેશીકુમાર શ્રમણ અને મહાયશસ્વી ગૌતમ બંને બેઠેલા એવા ચંદ્ર અને સૂર્યની માફક સુશોભિત લાગતા હતા.

**સૂત્ર–૮૬૫, ૮૬૬**

કુતૂહલની દષ્ટિથી ત્યાં બીજા સંપ્રદાયના ઘણા પાષંડી આવ્યા. અનેક હજાર ગૃહસ્થો પણ આવ્યા. દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર અને અદશ્ય ભૂતોનો પણ ત્યાં એક પ્રકારે સમાગમ થઈ ગયો હતો.

**સૂત્ર–૮૬૭, ૮૬૮**

કેશીએ ગૌતમને આ પ્રમાણે કહ્યું – હે મહાભાગ ! હું તમને કાંઈક પૂછવા ઈચ્છું છું. કેશીએ આમ કહેતા ગૌતમે

કહ્યું – હે પૂજ્ય ! જેવી ઇચ્છા હોય તે પૂછો. પછી અનુજ્ઞા પામીને કેશીએ ગૌતમને આમ કહ્યું –

સૂત્ર-૮૬૯, ૮૭૦

આ ચતુર્યામ ધર્મ છે. તે મહામુનિ પાર્શ્વનાથે કહેલ છે અને આ પાંચ શિક્ષાત્મક ધર્મ વર્ધમાને કહેલ છે.

હે મેધાવી ! એક જ ઉદ્દેશ માટે પ્રવૃત્ત થયા હોવા છતાં આ ભેદનું શું કારણ છે ? આ બે પ્રકારના ધર્મોમાં તમને સંદેહ કેમ થતો નથી ?

સૂત્ર-૮૭૧ થી ૮૭૩

કેશીશ્રમણે આમ કહેતા, ગૌતમે તેને આ પ્રમાણે કહ્યું – તત્ત્વનો નિર્ણય જેમાં થાય છે, એવા ધર્મતત્ત્વની સમીક્ષા પ્રજ્ઞા કરે છે.

પહેલાં તીર્થંકરના સાધુ ઋજુ અને જડ હોય છે. અંતિમ તીર્થંકરના વક્ર અને જડ હોય છે. મધ્યમના તીર્થંકરોના સાધુ ઋજુ અને પ્રાજ્ઞ હોય છે,

તેથી ધર્મ બે પ્રકારે છે. પહેલાં તીર્થંકરના સાધુને કલ્પને યથાવત્ ગ્રહણ કરવો કઠિન છે, અંતિમ તીર્થંકરના સાધુને પાલન કરવો કઠિન છે. મધ્યના તીર્થંકરના સાધુ દ્વારા યથાવત્ ગ્રહણ અને તેનું પાલન સરળ છે.

સૂત્ર-૮૭૪ થી ૮૭૬

હે ગૌતમ ! તમારી પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. તમે મારો આ સંદેહ દૂર કર્યો. મારો એક બીજો પણ સંદેહ છે. હે ગૌતમ ! તે પણ મને કહો.

આ અચેલક ધર્મ વર્દ્ધમાન સ્વામીએ કહ્યો અને આ સાંતરોત્તર ધર્મ મહાયશસ્વી પાર્શ્વએ પ્રતિપાદિત કર્યો છે.

એક જ કાર્ય માટે પ્રવૃત્ત બંનેમાં ભેદનું શું કારણ ? હે મેધાવી ! આ બે પ્રકારના લિંગમાં તમને કોઈ સંશય થતો નથી ?

સૂત્ર-૮૭૭ થી ૮૭૯

કેશી આ કથન કરતા, ગૌતમે તેને આ પ્રમાણે કહ્યું – વિશિષ્ટ જ્ઞાનથી ધર્મના સાધનોને સારી રીતે જાણીને જ તેની અનુમતિ અપાઈ છે.

વિવિધ પ્રકારના ઉપકરણોનો વિકલ્પ લોકોની પ્રતીતિને માટે છે. સંયમ-યાત્રાના નિર્વાહને માટે અને 'હું સાધુ છું' તેની પ્રતીતિ માટે લોકમાં લિંગનું પ્રયોજન છે.

વાસ્તવમાં બંને તીર્થંકરોનો એક જ સિદ્ધાંત છે. મોક્ષના વાસ્તવિક સાધન જ્ઞાન, દર્શન અને ચારિત્ર જ છે.

સૂત્ર-૮૮૦

ગૌતમ ! તમારી પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. તમે મારો સંદેહ કર્યો. મને બીજો પણ સંદેહ છે. હે ગૌતમ ! તે વિષયમાં કહો.

સૂત્ર-૮૮૧ થી ૮૮૪

૮૮૧. ગૌતમ! અનેકહજાર શત્રુઓ વચ્ચે તમે ઊભા છો. તે તમને જીતવા ઇચ્છે છે, તમે તેને કઈરીતે જીત્યા?

૮૮૨. ગૌતમે કહ્યું – એકને જીતતા પાંચને જીત્યા. પાંચ જીતતા દશને જીત્યા. દશને જીતીને મેં બધા શત્રુને જીતી લીધા.

૮૮૩. હે ગૌતમ ! તે શત્રુઓ કોણ છે ? કેશીએ આ પ્રમાણે પૂછતા ગૌતમે તેને આ પ્રમાણે કહ્યું –

૮૮૪. હે મુનિ ! ન જીતેલો એક પોતાનો આત્મા જ શત્રુ છે. કષાય અને ઇન્દ્રિયો પણ શત્રુ છે. તેને જીતીને નીતિ અનુસાર હું વિચરણ કરું છું.

સૂત્ર-૮૮૫

હે ગૌતમ ! તમારી પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. તમે મારો આ સંદેહ દૂર કર્યો. મારે બીજો પણ એક સંદેહ છે, તે વિષયમાં

તમે મને કહો –

### સૂત્ર–૮૮૬ થી ૮૮૯

૮૮૬. આ સંસારમાં ઘણા જીવો પાશથી બદ્ધ છે. હે મુનિ ! તમે આ બંધનથી મુક્ત અને લઘુભૂત થઈને કેવી રીતે વિચરણ કરો છો ? ત્યારે ગૌતમે કહ્યું –

૮૮૭. હે મુનિ ! તે બંધનોને બધા પ્રકારે કાપીને, ઉપાયોને વિનષ્ટ કરી, હું બંધનમુક્ત અને હળવો થઈને વિચરણ કરું છું.

૮૮૮. હે ગૌતમ ! તે બંધન કયા છે ? કેશીએ આમ પૂછતા, ગૌતમે તેને આ પ્રમાણે કહ્યું –

૮૮૯. તીવ્ર રાગ–દ્વેષાદિ અને સ્નેહ ભયંકર બંધન છે. તેને કાપીને ધર્મનીતિ તથા આચાર અનુસાર હું વિચરણ કરું છું.

### સૂત્ર–૮૯૦

ગૌતમ ! તમારી પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. તમે મારો આ સંદેહ દૂર કર્યો. મારે એક બીજો પણ સંદેહ છે. હે ગૌતમ ! તે વિષયમાં તમે મને કહો –

### સૂત્ર–૮૯૧ થી ૮૯૪

૮૯૧. હે ગૌતમ! હૃદયમાં ઉત્પન્ન એક લતા છે. તેમાં વિષતુલ્ય ફળો થાય છે. તેને તમે કઈ રીતે ઉખેડી?

૮૯૨. કેશી ! તે લતાને સર્વથા છેદીને તથા જડથી ઉખેડીને નીતિ અનુસાર હું વિચરણ કરું છું. તેથી હું વિષફળ ખાવાથી મુક્ત છું.

૮૯૩. કેશીએ ગૌતમને પૂછ્યું – તે લતા કેવી છે ? ગૌતમે તેને આ પ્રમાણે કહ્યું –

૮૯૪. ભવતૃષ્ણા જ ભયંકર લતા છે. તેમાં ભીમ ફલોદયા ફળ ઊગે છે. હે મહામુનિ! તેને જડથી ઉખાડીને હું નીતિ અનુસાર વિચરું છું.

### સૂત્ર–૮૯૫

ગૌતમ ! તમારી પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. તમે મારો આ સંદેહ દૂર કર્યો. મારે એક બીજો સંદેહ છે. ગૌતમ ! તે વિષયમાં પણ તમે મને કહો.

### સૂત્ર–૮૯૬ થી ૮૯૯

૮૯૬. ઘોર પ્રચંડ અગ્નિ પ્રજ્વલિત છે, તે જીવોને બાળે છે. તમે તેને કઈ રીતે બુઝાવી ?

૮૯૭. ગૌતમે કહ્યું – મહામેઘપ્રસૂત પવિત્ર જળ લઈને હું તે અગ્નિમાં નિરંતર સીંચુ છું. તેથી સીંચિત અગ્નિ મને બાળતો નથી.

૮૯૮. કેશીએ ગૌતમને પૂછ્યું – તે કઈ અગ્નિ છે ? ત્યારે ગૌતમે તેને આ પ્રમાણે કહ્યું –

૮૯૯. કષાય અગ્નિ છે. શ્રુત, શીલ અને તપ જળ છે. તે જળધારાથી બુઝાયેલ અને વિનષ્ટ અગ્નિ મને બાળતો નથી.

### સૂત્ર–૯૦૦

હે ગૌતમ ! તમારી પ્રજ્ઞા શ્રેષ્ઠ છે, તમે મારો સંદેહ દૂર કર્યો. મારો એક બીજો પણ સંદેહ છે. ગૌતમ ! તે વિષયમાં તમે મને કહો.

### સૂત્ર–૯૦૧ થી ૯૦૪

૯૦૧. આ સાહસિક, ભયંકર, દુષ્ટ અશ્વ દોડી રહ્યા છે. ગૌતમ! તમે તેના ઉપર આરૂઢ થયેલા છે. તે તમને ઉન્માર્ગે કેમ લઈ જતા નથી ?

૯૦૨. ત્યારે ગૌતમે કહ્યું – દોડતા અશ્વોને મેં શ્રુતરશ્મિથી વશમાં કરેલ છે. મારા અધીન અશ્વો ઉન્માર્ગે જતા નથી, પણ સન્માર્ગે જ જાય છે.

૯૦૩. કેશીએ ગૌતમને પૂછ્યું – અશ્વ કોને કહ્યા છે ? ત્યારે ગૌતમે આ પ્રમાણે કહ્યું –

૯૦૪. મન જ સાહસિક, ભયંકર, દુષ્ટ અશ્વ છે, જે ચારે તરફ દોડે છે. તેને હું સારી રીતે વશ કરું છું. ધર્મશિક્ષાથી તે કંથક અશ્વ થયેલ છે.

સૂત્ર-૯૦૫

હે ગૌતમ ! તારી પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. તમે મારો આ સંદેહ દૂર કર્યો. મને બીજો એક સંદેહ છે. ગૌતમ ! તે વિષયમાં પણ મને કંઈક કહો.

સૂત્ર-૯૦૬ થી ૯૦૯

૯૦૬. ગૌતમ ! લોકમાં કુમાર્ગ ઘણા છે, જેનાથી લોકો ભટકી જાય છે. માર્ગે ચાલતા તમે કેમ નથી ભટકતા?

૯૦૭. જે સન્માર્ગથી ચાલે છે અને જે ઉન્માર્ગથી ચાલે છે, તે બધાને હું જાણુ છું. તેથી હે મુનિ ! હું ભટકી જતો નથી.

૯૦૮. કેશીએ ગૌતમને પૂછ્યું – માર્ગ કોને કહે છે ? ત્યારે ગૌતમે ઉત્તર આપ્યો.

૯૦૯. કુપ્રાવચની પાષંડી લોગ ઉન્માર્ગે ચાલે છે. સન્માર્ગ તો જિનોપદિષ્ટ છે અને આ જ ઉત્તમ માર્ગ છે.

સૂત્ર-૯૧૦

હે ગૌતમ ! તમારી પ્રજ્ઞા શ્રેષ્ઠ છે, તમે મારો સંદેહ દૂર કર્યો. મારે એક બીજો પણ સંદેહ છે. હે ગૌતમ ! તે વિષયમાં મને કહો –

સૂત્ર-૯૧૧ થી ૯૧૪

૯૧૧. મુનિ! મહા જળપ્રવાહના વેગથી ડૂબતા પ્રાણી માટે શરણ, ગતિ, પ્રતિષ્ઠા, દ્વીપ તમે કોનો માનોછો ?

૯૧૨. ગૌતમે કહ્યું – જળમધ્યે એક વિશાળ મહાદ્વીપ છે. ત્યાં મહા જળપ્રવાહના વેગની ગતિ નથી.

૯૧૩. કેશીએ ગૌતમને કહ્યું –

૯૧૪. જરા મરણના વેગથી ડૂબતા એવા પ્રાણીઓ માટે ધર્મ જ દ્વીપ, પ્રતિષ્ઠા, ગતિ અને ઉત્તમ શરણ છે.

સૂત્ર-૯૧૫

ગૌતમ ! તમારી પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. તમે મારો સંદેહ નિવાર્યો. મારે એક બીજો પણ સંદેહ છે. ગૌતમ! તે વિષયમાં પણ મને કહો –

સૂત્ર-૯૧૬ થી ૯૧૯

૯૧૬. ગૌતમ ! મહાપ્રવાહવાળા સમુદ્રમાં નાવ ડગમગી રહી છે, તેના ઉપર ચઢીને તમે કઈ રીતે પાર જશો ?

૯૧૭. જે નાવ છિદ્રવાળી છે, તે પાર જઈ શકતી નથી, છિદ્રરહિત નાવ પાર જઈ શકે છે.

૯૧૮. કેશીએ ગૌતમને પૂછ્યું – તે નાવ કઈ છે ? ત્યારે ગૌતમે આ પ્રમાણે કહ્યું –

૯૧૯. શરીર નાવ છે, જીવ નાવિક છે, સંસાર સમુદ્ર છે, જેને મહર્ષિ તરી જાય છે.

સૂત્ર-૯૨૦

ગૌતમ ! તમારી પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. તમે મારો આ સંદેહ દૂર કર્યો. મારો એક બીજો પણ સંદેહ છે. હે ગૌતમ ! તે વિષયમાં મને કહો –

સૂત્ર-૯૨૧ થી ૯૨૪

૯૨૧. ભયંકર ગાઢ અંધકારમાં ઘણા પ્રાણી રહે છે. સંપૂર્ણ લોકમાં પ્રાણીઓ માટે કોણ પ્રકાશ કરશે ?

૯૨૨. ગૌતમે કહ્યું – સંપૂર્ણ જગતમાં પ્રકાશ કરનાર નિર્મળ સૂર્ય ઉદિત થઈ ચૂક્યો છે. તે બધા પ્રાણીઓ માટે પ્રકાશ કરશે.

૯૨૩. કેશીએ ગૌતમને પૂછ્યું – 'તે સૂર્ય કોણ છે ?' ત્યારે ગૌતમે તેને આ કહ્યું –

૯૨૪. જેનો સંસાર ક્ષીણ થયો હોય, જે સર્વજ્ઞ હોય, એવા જિન ભાસ્કર ઉદિત થયેલ છે, તે બધા પ્રાણી માટે પ્રકાશ કરશે.

**સૂત્ર-૯૨૫**

ગૌતમ ! તમારી પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. તમે મારો આ સંદેહ દૂર કર્યો. મારે બીજો પણ એક સંદેહ છે. ગૌતમ ! તે વિષયમાં મને કહો –

**સૂત્ર-૯૨૬ થી ૯૩૦**

૯૨૬. હે મુનિ ! શારીરિક, માનસિક દુઃખોથી પીડિત પ્રાણીને માટે તમે ક્ષેમ, શિવ, અનાબાધ કયા સ્થાનને માનો છો?

૯૨૭. ગૌતમે કહ્યું – લોકાગ્રે એક એવું સ્થાન છે, જ્યાં જરા નથી, મૃત્યુ નથી, વ્યાધિ કે વેદના નથી. પણ ત્યાં પહોંચવું મુશ્કેલ છે.

૯૨૮. કેશીએ ગૌતમને પૂછ્યું – તે સ્થાન કયું છે ? ત્યારે ગૌતમે તેને આ પ્રમાણે કહ્યું.

૯૨૯. જે સ્થાને મહર્ષિ રહે છે, તે સ્થાન નિર્વાણ, અબાધ, સિદ્ધિ, લોકાગ્ર છે તે ક્ષેમ, શિવ, અનાબાધ છે.

૯૩૦. ભવૌધનો અંત કરનાર મુનિ, જેને પામીને શોક કરતા નથી. તે સ્થાન લોકાગ્રે શાશ્વત રૂપે અવસ્થિત છે. જ્યાં પહોંચવું કઠિન છે.

**સૂત્ર-૯૩૧**

ગૌતમ! તમારી પ્રજ્ઞા શ્રેષ્ઠ છે. તમે મારો આ સંદેહ દૂર કર્યો. હે સંશયાતીત! સર્વશ્રુતમહોદધિ! તમને નમસ્કાર

**સૂત્ર-૯૩૨, ૯૩૩**

આ પ્રમાણે સંશય દૂર થતા ઘોર પરાક્રમી કેશીકુમારે મહાન યશસ્વી ગૌતમને મસ્તકથી વંદના કરી, પ્રથમ અને અંતિમ જિનો દ્વારા ઉપદિષ્ટ અને સુખાવહ પંચમહાવ્રત રૂપ ધર્મ માર્ગમાં ભાવથી પ્રવેશ્યા.

**સૂત્ર-૯૩૪**

તિંદુક ઉદ્યાનમાં કેશી અને ગૌતમ બંનેનો જે આ મેળાપ થયો, તેમાં શ્રુત અને શીલનો ઉત્કર્ષ તથા મહાર્થનો વિનિશ્ચય થયો.

**સૂત્ર-૯૩૫**

સમગ્ર સભા ધર્મચર્ચાથી સંતુષ્ટ થઈ, તેથી સન્માર્ગે ઉપસ્થિત પર્ષદાએ કેશી અને ગૌતમ ભગવાનની સ્તુતિ કરી, તે બંને પ્રસન્ન રહ્યા. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૨૩ નો અનુવાદ પૂર્ણ

## અધ્યયન-૨૪ 'પ્રવચન માતા'

**સૂત્ર–૯૩૬ થી ૯૩૮**

૯૩૬. સમિતિ અને ગુપ્તિ રૂપ આઠ પ્રવચન માતા છે. સમિતિ પાંચ છે, ગુપ્તિ ત્રણ છે.

૯૩૭. ઈર્યા, ભાષા, એષણા, આદાન, ઉચ્ચાર સમિતિ તથા મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એ આઠ છે.

૯૩૮. આ આઠ સમિતિઓ સંક્ષેપમાં કહી છે. તેમાં જિનેન્દ્ર કથિત દ્વાદશાંગ રૂપ સમગ્ર પ્રવચન અંતર્ભૂત છે.

**સૂત્ર–૯૩૯ થી ૯૪૩**

૯૩૯. સંયત આલંબન, કાળ, માર્ગ અને યતના આ ચાર કારણોથી પરિશુદ્ધ ઈર્યા સમિતિથી વિચરણ કરે.

૯૪૦. ઈર્યા સમિતિનું આલંબન – જ્ઞાન, દર્શન, ચારિત્ર છે. કાળ દિવસ છે અને માર્ગ ઉત્પથનું વર્જન છે.

૯૪૧. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાથી યતના ચાર પ્રકારની છે, તેને હું કહું છું, સાંભળો.

૯૪૨. દ્રવ્ય થી આંખો વડે જુઓ. ક્ષેત્રથી યુગમાત્ર ભૂમિને જુએ. કાળથી ચાલતો હોય ત્યાં સુધી જુએ. ભાવથી ઉપયોગપૂર્વક ગમન કરે.

૯૪૩. ઈન્દ્રિયોના વિષય અને પાંચ પ્રકારના સ્વાધ્યાયનું કાર્ય છોડીને માત્ર ગમન ક્રિયામાં તન્મય થાય. તેની જ મુખ્યતા આપીને ઉપયોગપૂર્વક ચાલે.

**સૂત્ર–૯૪૪ , ૯૪૫**

ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, વાચાળતા અને વિકથા પ્રત્યે સતત ઉપયોગ યુક્ત રહે.

પ્રજ્ઞાવાન સંયત આ આઠ સ્થાનોને છોડીને યથા સમય નિરવદ્ય અને પરિમિત ભાષા બોલે.

**સૂત્ર–૯૪૬ , ૯૪૭**

ગવેષણા, ગ્રહણૈષણા અને પરિભોગૈષણાથી આહાર, ઉપધિ અને શય્યાનું પરિશોધન કરે.

યતનાપૂર્વક પ્રવૃત્તિ યતિ પહેલા એષણામાં ઉદ્ગમ અને ઉત્પાદન દોષોનું શોધન કરે. બીજી એષણામાં ગ્રહણના દોષો વિચારે. પરિભોગેષણામાં દોષચતુષ્કનું શોધન કરે.

**સૂત્ર–૯૪૮ , ૯૪૯**

મુનિ ઓઘઉપધિ અને ઔપગ્રહિકઉપધિ બંને પ્રકારના ઉપકરણોને લેવા મૂકવામાં આ વિધિનો પ્રયોગ કરે. યતનાપૂર્વક પ્રવૃત્તિ કરનાર યતિ ઓઘઉપધિ અને ઔપગ્રહિક ઉપધિ ચક્ષુપ્રતિલેખના અને પ્રમાર્જના કરી લે અને મૂકે

**સૂત્ર–૯૫૦ થી ૯૫૩**

૯૫૦. ઉચ્ચાર, પ્રસ્રવણ, શ્લેષ્મ, સિંઘાનક, જલ્લ, આહાર, ઉપધિ, શરીર તથા તેવા પ્રકારની બીજી કોઈ વસ્તુ વિવેકપૂર્વક પરઠવો કઈ રીતે ?.

૯૫૧. અનાપાત અસંલોક, અનાપાત સંલોક, આપાત અસંલોક અને આપાત સંલોક એવી ચાર પ્રકારે સ્થંડિલ ભૂમિ કહી.

૯૫૨. જે ભૂમિ અનાપાત – અસંલોક હોય, પરોપઘાત રહિત હોય, સમ હોય, અશુષિર હોય તથા થોડા સમય પૂર્વે નિર્જીવ થઈ હોય.

૯૫૩. વિસ્તૃત, ગામથી દૂર, ઘણે નીચે સુધી અચિત્ત, ત્રસ પ્રાણી અને બીજ રહિત. એવી ભૂમિમાં ઉચ્ચારાદિનો ત્યાગ કરવો જોઈએ.

**સૂત્ર–૯૫૪**

આ પાંચ સમિતિઓ સંક્ષેપથી કહી, સમિતિ કહીને હવે અનુક્રમે ત્રણે ગુપ્તિ કહીશ.

સૂત્ર-૯૫૫ , ૯૫૬

મનોગુપ્તિ ચાર ભેદે છે – સત્યા, મૃષા, સત્યામૃષા અને ચોથી અસત્યામૃષા. યતના સંપન્ન યતિ સંરંભ, સમારંભ અને આરંભમાં પ્રવૃત્ત મનનું નિવર્તન કરે.

સૂત્ર-૯૫૭ , ૯૫૮

વચન ગુપ્તિ ચાર ભેદે – સત્યા, મૃષા, સત્યામૃષા, અસત્યામૃષા, યતનાવાન મુનિ સંરંભ, સમારંભ, આરંભમાં પ્રવર્તમાન વચનને તજે.

સૂત્ર-૯૫૯ , ૯૬૦

ઉઠવું, બેસવું, સૂવું, ઉલ્લંઘવું, પ્રલંઘવું, શબ્દાદિ વિષય – ઇન્દ્રિયોમાં પ્રવૃત્ત થવું. સંરંભમાં, સમારંભમાં અને આરંભમાં પ્રવૃત્ત કાયાનું નિવર્તન કરવું.

સૂત્ર-૯૬૧

આ પાંચ સમિતિ ચારિત્રની પ્રવૃત્તિ માટે છે. ત્રણ ગુપ્તિઓ બધા અશુભ વિષયોથી નિવૃત્તિને માટે છે.

સૂત્ર-૯૬૨

આ પ્રવચનમાતાનું જે મુનિ સમ્યક્ આચરણ કરે છે, તે પંડિત જલદીથી સર્વ સંસારથી મુક્ત થાય છે – તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૨૪ નો અનુવાદ પૂર્ણ

## અધ્યયન-૨૫ 'યજ્ઞીય'

### સૂત્ર-૯૬૩ થી ૯૬૫

૯૬૩. બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન, મહાયશસ્વી, જયઘોષ નામે બ્રાહ્મણ હતો. જે હિંસક યમરૂપ યજ્ઞમાં અનુરક્ત યાયાજી હતો.

૯૬૪. તે ઇન્દ્રિય સમૂહનો નિગ્રહ કરનાર, માર્ગગામી, મહામુનિ થઈ ગયા. એક દિવસ ગ્રામાનુગ્રામ વિચરતા વારાણસી પહોંચ્યા.

૯૬૫. વારાણસીની બહાર મનોરથ ઉદ્યાનમાં પ્રાસુક શય્યા અને સંસ્તારક લઈને ત્યાં રહ્યા.

### સૂત્ર-૯૬૬, ૯૬૭

તે સમયે તે નગરીમાં વેદજ્ઞાતા વિજયઘોષ બ્રાહ્મણ યજ્ઞ કરી રહ્યો હતો.

માસક્ષમણના પારણે ભિક્ષાને માટે તે જયઘોષ મુનિ ત્યાં વિજયઘોષના યજ્ઞમાં ઉપસ્થિત થયા.

### સૂત્ર-૯૬૮ થી ૯૭૦

૯૬૮. યજ્ઞકર્તા બ્રાહ્મણ ભિક્ષાર્થે આવેલ મુનિને ઇન્કાર કરે છે કે – "હું તમને ભિક્ષા આપીશ નહીં. હે ભિક્ષુ! અન્યત્ર યાચના કરો."

૯૬૯. જે વેદોના જ્ઞાતા છે, વિપ્ર છે, યજ્ઞ કરનાર દ્વિજ છે, જ્યોતિષના અંગોનો જ્ઞાતા છે, ધર્મ શાસ્ત્રોનો પારગામી છે –

૯૭૦. જે પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવામાં સમર્થ છે. ભિક્ષુ! આ સર્વકામિત અન્ન તેને જ આપવાનું છે.

### સૂત્ર-૯૭૧ થી ૯૭૪

૯૭૧. ત્યાં તે રીતે યાજક દ્વારા ઇન્કાર કરાતા ઉત્તમાર્થના ગવેષક તે મહામુનિ ન ક્રુદ્ધ થયા, ન પ્રસન્ન થયા.

૯૭૨. ન અન્નને માટે, ન જળને માટે, ન જીવન-નિર્વાહને માટે, પરંતુ તેમના વિમોક્ષણને માટે મુનિએ આ પ્રમાણે કહ્યું –

૯૭૩. તું વેદના મુખને નથી જાણતો, યજ્ઞને જાણતો નથી, નક્ષત્રોનું મુખને નથી જાણતો, ધર્મોના મુખને પણ જાણતો નથી.

૯૭૪. જે પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવા સમર્થ છે, તેને તું નથી જાણતો, જો જાણે છે તો બતાવ.

### સૂત્ર-૯૭૫ થી ૯૭૭

તેના આક્ષેપોના ઉત્તર દેવામાં અસમર્થ બ્રાહ્મણે પોતાની સમગ્ર પર્ષદા સાથે હાથ જોડી તે મહામુનિને પૂછ્યું–

હે મુનિ ! તમે કહો, વેદોનું મુખ શું છે ? યજ્ઞોનું મુખ શું છે ? નક્ષત્રોનું મુખ શું છે ? ધર્મોનું મુખ પણ કહો.

પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવામાં જે સમર્થ છે, તે પણ મને બતાવો. હે સાધુ! હું મારા આ બધા સંશયો પૂછુ છું, તે બતાવો.

### સૂત્ર-૯૭૮ થી ૯૯૬

૯૭૮. વેદોનું મુખ અગ્નિહોત્ર છે, યજ્ઞોનું મુખ યજ્ઞાર્થી છે. નક્ષત્રોનું મુખ ચંદ્ર છે, ધર્મોનું મુખ કાશ્યપ – ઋષભદેવ છે.

૯૭૯. જેમ ઉત્તમ અને મનોહારી ગ્રહ આદિ હાથ જોડીને ચંદ્રની વંદના અને નમસ્કાર કરતા એવા સ્થિત છે. તે પ્રમાણે જ ઋષભદેવ છે.

૯૮૦. વિદ્યા બ્રાહ્મણની સંપત્તિ છે, યજ્ઞવાદી તેનાથી અનભિજ્ઞ છે, તે સ્વાધ્યાય અને તપથી તે જ રીતે

આચ્છાદિત છે, જે રીતે રાગથી અગ્નિ આચ્છાદિત હોય છે.

૯૮૧. જેને લોકમાં કુશળોએ બ્રાહ્મણ કહ્યા છે, જે અગ્નિ સમાન પૂજનીય છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૯૮૨. જે પ્રિય સ્વજનાદિ આવતા આસક્ત થતા નથી, જાય ત્યારે શોક કરતા નથી. જે આર્ય વચનમાં રમણ કરે છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૯૮૩. કસોટી ઉપર કરેલ અગ્નિ દ્વારા દગ્ધમલ થયેલ સોના જેવા વિશુદ્ધ છે, રાગ–દ્વેષ–ભયથી મુક્ત છે. તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૯૮૪. જે તપસ્વી, કૃશ, દાંત છે. જેના માંસ અને લોહી અપચિત થઈ ગયા છે, જે સુવ્રત છે, શાંત છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૯૮૫. જે ત્રસ અને સ્થાવર જીવોને સમ્યક્‌પણે જાણીને, તેમની મન–વચન–કાયાથી હિંસા કરતા નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૯૮૬. જે ક્રોધ, હાસ્ય, લોભ કે ભયથી જૂઠ બોલતા નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૯૮૭. જે સચિત્ત કે અચિત્ત થોડું કે વધુ અદત્ત લેતા નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૯૮૮. જે દેવ, મનુષ્ય, તિર્યંચ સંબંધી મૈથુનને મન, વચ, કાયાથી સેવતો નથી તેને બ્રાહ્મણ કહીએ છીએ.

૯૮૯. જે પ્રમાણે જળમાં ઉત્પન્ન કમળ જળથી લિપ્ત થતું નથી. તે પ્રમાણે જે કામભોગોથી અલિપ્ત રહે છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૯૯૦. જે રસાદિમાં લોલુપ નથી, નિર્દોષ ભિક્ષાથી જીવન નિર્વાહ કરે છે, ગૃહ–ત્યાગી છે, જે અકિંચન છે, ગૃહસ્થોમાં અનાસક્ત છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

૯૯૧. તે દુઃશીલને પશુબંધના હેતુ સર્વ વેદ અને પાપકર્મોથી કરાતા યજ્ઞ બચાવી શકતા નથી, કેમ કે કર્મો બળવાન છે.

૯૯૨. માત્ર મસ્તક મુંડાવાથી કોઈ શ્રમણ નથી થતો. ઓમ્‌નો જાપ કરવાથી બ્રાહ્મણ નથી થતો, અરણ્યમાં રહેવાથી મુનિ નથી થતો. કુશના વસ્ત્રો પહેરવાથી કોઈ તપસ્વી થતા નથી.

૯૯૩. સમભાવથી શ્રમણ થાય. બ્રહ્મચર્ય થી બ્રાહ્મણ થાય, જ્ઞાનથી મુનિ થાય અને તપથી તપસ્વી થાય.

૯૯૪. કર્મથી બ્રાહ્મણ થાય છે. કર્મથી ક્ષત્રિય થાય છે. કર્મથી જ વૈશ્ય થાય છે અને કર્મથી શુદ્ર થાય છે.

૯૯૫. અરહંતે આ તત્ત્વોની પ્રરૂપણા કરી છે. તેના દ્વારા જે સ્નાતક થાય, તે સર્વ કર્મથી મુક્તને બ્રાહ્મણ કહીએ છીએ.

૯૯૬. આ પ્રમાણે જે ગુણ સંપન્ન દ્વિજોત્તમ હોય છે, તે જ પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવામાં સમર્થ છે.

### સૂત્ર–૯૯૭ થી ૧૦૦૦

૯૯૭. આ પ્રમાણે સંશય નષ્ટ થતા વિજયઘોષ બ્રાહ્મણો મહામુનિ જયઘોષની વાણીને સમ્યક્ રૂપે સ્વીકારી.

૯૯૮. સંતુષ્ટ થયેલા વિજયઘોષે હાથ જોડીને કહ્યું – તમે મને યથાર્થ બ્રાહ્મણત્વનો ઘણો સારો ઉપદેશ –

૯૯૯. તમે યજ્ઞોના યષ્ટા છો, વેદના જ્ઞાતા વિદ્વાન છો. જ્યોતિષના અંગોના જ્ઞાતા છો, તમે જ ધર્મોના પારગામી છો.

૧૦૦૦. તમે તમારો અને બીજાનો ઉદ્ધાર કરવામાં સમર્થ છો. તેથી હે ભિક્ષુ શ્રેષ્ઠ! આ ભિક્ષા સ્વીકાર કરીને અમારા ઉપર અનુગ્રહ કરો.

### સૂત્ર–૧૦૦૧ થી ૧૦૦૪

૧૦૦૧. મારે ભિક્ષાથી કોઈ પ્રયોજન નથી. હે દ્વિજ! જલદી શ્રમણત્વ સ્વીકાર. જેથી તમારે ભયના આવર્ત્ત

વાળા સંસારમાં ભ્રમણ ન કરવું પડે.

૧૦૦૨. ભોગોમાં કર્મોનો ઉપલેપ થાય છે, અભોગી કર્મોથી લિપ્ત થતા નથી. ભોગી સંસારમાં ભ્રમણ કરે છે, અભોગી તેનાથી વિપ્રમુક્ત થઈ જાય છે.

૧૦૦૩. એક ભીનો અને એક સૂકો, બે માટીના ગોળા ફેંક્યા. તે બંને દિવાલ ઉપર પડ્યા, જે ભીનો હતો તે ચોંટી ગયો.

૧૦૦૪. આ પ્રમાણે જ જે મનુષ્ય દુર્બુદ્ધિ અને કામભોગોમાં આસક્ત છે, તે વિષયોમાં ચોંટી જાય છે. વિરત છે તે સૂક્ત ગોળા માફક ચોંટતો નથી.

સૂત્ર-૧૦૦૫

આ પ્રમાણે વિજયઘોષ, જયઘોષ મુનિની પાસે, અનુત્તર ધર્મ સાંભળીને પ્રવ્રજિત થઈ ગયા.

સૂત્ર-૧૦૦૬

જયઘોષ અને વિજયઘોષ મુનિએ સંયમ અને તપ દ્વારા પૂર્વસંચિત કર્મોને ક્ષીણ કરી અનુત્તર સિદ્ધિ પ્રાપ્ત કરી. એમ હું કહું છું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૨૫ નો અનુવાદ પૂર્ણ**

## અધ્યયન-૨૬ 'સામાચારી'

**સૂત્ર–૧૦૦૭**

સામાચારી બધા દુઃખોથી મુક્ત કરાવનારી છે, જેનું આચરણ કરીને નિર્ગ્રન્થ સંસાર સમુદ્રને તરી જાય છે, તે સામાચારી હું કહીશ.

**સૂત્ર–૧૦૦૮ થી ૧૦૧૦**

૧. આવશ્યિકી, ૨. નિષિધીકા, ૩. આપૃચ્છના, ૪. પ્રતિપૃચ્છના, ૫. છંદણા, ૬. ઈચ્છાકાર, ૭. મિચ્છાકાર, ૮. તથાકાર, ૯. અભ્યુત્થાન, ૧૦. ઉપસંપદા. આ દશ અંગોવાળી સાધુ સામાચારી કહેવાઈ છે.

**સૂત્ર–૧૦૧૧ થી ૧૦૧૩**

૧૦૧૧. ગમનમાં 'આવશ્યિકી' કરવું, પ્રવેશ સ્થાને 'નૈષેધિકી' કરવી. પોતાના કાર્ય માટે આપૃચ્છના. બીજાના કાર્ય માટે પ્રતિપૃચ્છના.

૧૦૧૨. આહારદ્રવ્ય વિષયમાં છંદણા, સ્મરણમાં ઈચ્છાકાર, આત્મનિંદામાં મિચ્છાકાર, પ્રતિશ્રુત તે તથાકાર

૧૦૧૩. ગુરુજન પૂજાર્થે અભ્યુત્થાન, પ્રયોજનથી બીજા પાસે રહેવામાં ઉપસંપદા. આ પ્રમાણે દશાંગ સામાચારીનું નિવેદન કર્યું.

**સૂત્ર–૧૦૧૪ થી ૧૦૧૬**

૧૦૧૪. સૂર્યોદય થતા દિવસના પહેલા પ્રહરમાં – પહેલા ચતુર્થ ભાગમાં ઉપકરણોનું પડિલેહણ કરીને, ગુરુને વંદના કરી.

૧૦૧૫. બે હાથ જોડીને પૂછે કે – "હવે મારે શું કરવું જોઈએ ? ભગવન્ ! આપની ઈચ્છા પ્રમાણે મને આજે આપ સ્વાધ્યાયમાં કે વૈયાવચ્ચમાં નિયુક્ત કરો.

૧૦૧૬. વૈયાવચ્ચમાં નિયુક્ત કરાતા અગ્લાનપણે સેવા કરે. કે બધા દુઃખોથી મુક્ત કરનારા સ્વાધ્યાયમાં નિયુક્ત કરતા અગ્લાનપણે સ્વાધ્યાય કરે.

**સૂત્ર–૧૦૧૭, ૧૦૧૮**

વિચક્ષણ ભિક્ષુ દિવસના ચાર ભાગ કરે. તે ચારે ભાગોમાં સ્વાધ્યાય આદિ ગુણોને આરાધે.

પહેલાં પ્રહરમાં સ્વાધ્યાય કરે. બીજામાં ધ્યાન કરે. ત્રીજામાં ભિક્ષાચર્યા કરે. ચોથામાં ફરી સ્વાધ્યાય કરે.

**સૂત્ર–૧૦૧૯ થી ૧૦૨૧**

અષાઢ મહિનામાં દ્વિપદા પોરીસી હોય છે, પોષ મહિનામાં ચતુષ્પદા, ચૈત્ર અને અશ્વીન મહિનામાં ત્રિપદા પોરીસી હોય છે.

સાત રાતમાં એક અંગુલ, પક્ષમાં બે અંગુલ, એક માસમાં ચાર અંગુલની વૃદ્ધિ અને હાનિ થાય છે.

અષાઢ, ભાદરવો, કારતક, પોષ, ફાગણ, વૈશાખના કૃષ્ણપક્ષમાં એક અહોરાત્રિનો ક્ષય થાય છે.

**સૂત્ર–૧૦૨૨**

જેઠ, અષાઢ, શ્રાવણમાં છ અંગુલ, ભાદરવા આદિ ત્રણમાં આઠ અંગુલ, મૃગશિર આદિ ત્રણમાં દશ અંગુલ અને ફાગણ આદિ ત્રણમાં આઠ અંગુલ વૃદ્ધિ કરતા પ્રતિલેખન પોરીસીનો સમય થાય છે.

**સૂત્ર–૧૦૨૩, ૧૦૨૪**

વિચક્ષણ ભિક્ષુ રાત્રિના પણ ચાર ભાગ કરે. તે ચાર ભાગોમાં ઉત્તરગુણોની આરાધના કરે.

પહેલાં પ્રહરમાં સ્વાધ્યાય, બીજામાં ધ્યાન, ત્રીજામાં નિદ્રા, ચોથામાં ફરી સ્વાધ્યાય કરે.

**સૂત્ર-૧૦૨૫, ૧૦૨૬**

જે નક્ષત્ર જે રાત્રિની પૂર્તિ કરે છે, તે જ્યારે આકાશના પહેલાં ચોથા ભાગમાં આવે છે, ત્યારે તે પ્રદોષકાળ થાય છે. તે કાળમાં સ્વાધ્યાયથી નિવૃત્ત થવું જોઈએ.

તે નક્ષત્ર જ્યારે આકાશના અંતિમ ચોથા ભાગમાં આવે છે, ત્યારે તેને 'વૈરાત્રિક કાળ' સમજીને મુનિ સ્વાધ્યાયમાં પ્રવૃત્ત થાય.

**સૂત્ર-૧૦૨૭ થી ૧૦૪૪/૧**

૧૦૨૭. દિવસના પહેલાં પ્રહરના ચોથા ભાગમાં પાત્રાદિનું પડિલેહણ કરી, ગુરુને વંદના કરી, દુઃખ વિમોક્ષક સ્વાધ્યાય કરે.

૧૦૨૮. પોરીસીના ચોથા ભાગમાં ગુરુને વાંદીને કાળને પ્રતિક્રમ્યા વિના જ પાત્રાનું પડિલેહણ કરે.

૧૦૨૯. મુખવસ્ત્રિકાનું પડિલેહણ કરી ગુચ્છાનું પડિલેહણ કરે. આંગળીઓથી ગુચ્છા પકડી વસ્ત્રો પડિલેહે

૧૦૩૦. ઉત્કટુક આસને બેસે. પછી વસ્ત્ર ઊંચું રાખે, સ્થિર રાખે, અત્વરિતતાથી તેનું પડિલેહણ કરે. બીજામાં વસ્ત્રને ધીમે-ધીમે ઝાટકીને પછી વસ્ત્રનું પ્રમાર્જન કરે.

૧૦૩૧. પડિલેહણના સમયે વસ્ત્ર કે શરીરને નચાવે નહીં, વાળે નહીં. દૃષ્ટિથી અલક્ષિત ન કરે, દિવાલ આદિનો સ્પર્શ ન થવા દે. છ પૂર્વ અને નવ ખોટક કરે. જે કોઈ પ્રાણી હોય તેનું વિશોધન કરે.

૧૦૩૨. પડિલેહણના દોષ કહે છે – આરભટા, સંમર્દા, મોસલી, પ્રસ્ફોટના, વિક્ષિપ્તા, વેદિકા.

૧૦૩૩. પ્રશિથિલ, પ્રલંબ, લોલ, એકામર્શા, અનેક રૂપ ધૂનન, પ્રમાણ પ્રમાદ, ગણનોપગણના.

૧૦૩૪. પ્રસ્ફોટન અને પ્રમાર્જનના પ્રમાણથી ન-ન્યૂન, ન અધિક, તથા અવિપરીત પ્રતિલેખના જ શુદ્ધ થાય છે. તેના આઠ વિકલ્પોમાં પહેલો ભેદ જ શુદ્ધ છે, બાકીના ભેદો અપ્રશસ્ત છે.

૧૦૩૫. પડિલેહણ કરતી વખતે જે પરસ્પર વાર્તાલાપ કરે, જનપદની કથા કરે. પચ્ચક્ખાણ આપે, ભણાવે કે સ્વયં ભણે.

૧૦૩૬. તે પડિલેહણમાં પ્રમત્ત મુનિ પૃથ્વી, અપ, તેઉ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય એ છ એ કાયના વિરાધક થાય છે.

૧૦૩૭. છમાનું કોઈ એક કારણ હોય તો ત્રીજા પ્રહરમાં ભોજન-પાનની ગવેષણા કરે.

૧૦૩૮. ક્ષુધાવેદના, વૈયાવચ્ચ, ઈર્યાસમિતિપાલનાર્થે, સંયમાર્થે, પ્રાણરક્ષા માટે, ધર્મચિંતા માટે આહાર ગવેષે

૧૦૩૯. ધૃતિ સંપન્ન સાધુ-સાધ્વી આ છ કારણે ભોજન-પાન ગવેષણા ન કરે, જેનાથી સંયમનું અતિક્રમણ ન થાય.

૧૦૪૦. રોગ આવે, ઉપસર્ગ થાય, બ્રહ્મચર્ય ગુપ્તિની સુરક્ષા, પ્રાણી દયા, તપને માટે, શરીરના વિચ્છેદને માટે મુનિ આહાર ન ગવેષે.

૧૦૪૧. બધા ઉપકરણોની ચક્ષુ પ્રતિલેખના કરે, તેને લઈને અર્ધ યોજન સુધી મુનિ ભિક્ષાને માટે વિહાર કરે.

૧૦૪૨. ચોથા પ્રહરમાં પડિલેહણા કરી બધી પાત્રાને બાંધીને રાખી દે. ત્યાર પછી જીવાદિ સર્વ ભાવોનો પ્રકાશક સ્વાધ્યાય કરે.

૧૦૪૩. પોરીસીના ચોથા ભાગમાં ગુરુને વાંદીને કાળ પ્રતિક્રમણ કરીને શય્યાની પડિલેહણા કરે.

૧૦૪૪/૧. યતનામાં પ્રયત્નશીલ મુનિ પછી પ્રસવણ અને ઉચ્ચાર ભૂમિનું પડિલેહણ કરે.

**સૂત્ર-૧૦૪૪/૨ થી ૧૦૫૭**

૧૦૪૪/૨. ત્યારપછી સર્વ દુઃખોથી મુક્ત કરનારો કાયોત્સર્ગ કરે.

૧૦૪૫. જ્ઞાન, દર્શન અને ચારિત્ર સંબંધી દૈવસિક અતિચારોનું અનુક્રમે ચિંતન કરે.

૧૦૪૬. કાયોત્સર્ગ પૂરો કરીને ગુરુને વંદના કરે. પછી અનુક્રમે દૈવસિક અતિચારોની આલોચના કરે.

૧૦૪૭. પ્રતિક્રમણ કરી, નિઃશલ્ય થઈ ગુરુને વાંદીને, પછી સર્વ દુઃખોથી મુક્ત કરાવનારો કાયોત્સર્ગ કરે.

૧૦૪૮. કાયોત્સર્ગ પારીને ગુરુને વંદના કરે, પછી સ્તુતિમંગલ કરીને કાળની પ્રતિલેખના કરે.

૧૦૪૯. રાત્રિક કૃત્યમાં – પહેલાં પ્રહરમાં સ્વાધ્યાય, બીજામાં ધ્યાન, ત્રીજામાં નિદ્રા અને ચોથામાં ફરી સ્વાધ્યાય કરે.

૧૦૫૦. ચોથા પ્રહરે કાળનું પ્રતિલેખન કરે, અસંયતને જગાડ્યા વિના સ્વાધ્યાય કરે.

૧૦૫૧. ચોથા પ્રહરના ચોથા ભાગે ગુરુને વંદના કરી, કાળનું પ્રતિક્રમણ કરે, કાળનું પ્રતિલેખન કરે.

૧૦૫૨. સર્વ દુઃખોથી મુક્ત કરાવનાર કાયોત્સર્ગનો સમય થતા સર્વ દુઃખ વિમોક્ષક કાયોત્સર્ગ કરે.

૧૦૫૩. જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ સંબંધી રાત્રિક અતિચારોનું અનુક્રમે ચિંતન કરે.

૧૦૫૪. કાયોત્સર્ગ પારીને ગુરુને વંદના કરે. પછી અનુક્રમે રાત્રિક અતિચારોને આલોચે.

૧૦૫૫. પ્રતિક્રમણ કરી નિઃશલ્ય થઈને ગુરુને વંદના કરે, ત્યારપછી બધા દુઃખોથી મુક્ત કરાવનારો કાયોત્સર્ગ કરે.

૧૦૫૬. કાયોત્સર્ગમાં ચિંતવે કે, "હું આજે કયા તપને સ્વીકારું?" કાયોત્સર્ગ પારીને ગુરુને વંદના કરે.

૧૦૫૭. કાયોત્સર્ગ પારી, ગુરુને વંદના કરી, ત્યારપછી યથોચિત તપનો સ્વીકાર કરીને સિદ્ધોની સ્તુતિ કરે.

સૂત્ર-૧૦૫૮

સંક્ષેપમાં આ સામાચારી કહી. તેનું આચરણ કરીને ઘણા જીવો સંસાર સાગરને તરી ગયા છે. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૨૬ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૨૭ ' ખલુંકીય'

**સૂત્ર-૧૦૫૯**

ગાર્ગ્ય મુનિ સ્થવિર, ગણધર અને વિશારદ હતા. ગુણોથી યુક્ત હતા, ગણિભાવમાં સ્થિત હતા અને સમાધિમાં પોતાને જોડેલા હતા.

**સૂત્ર-૧૦૬૦**

વાહનને સમ્યક્ વહન કરનાર બળદ જેમ કાંતારને સુખપૂર્વક પાર કરે છે. તે જ રીતે યોગમાં સંલગ્ન મુનિ સંસારને પાર કરી જાય છે.

**સૂત્ર-૧૦૬૧ થી ૧૦૬૫**

૧૦૬૧. જે ખલુંક બળદોને જોતરે છે, તે તેમને મારતો એવો કલેશ પામે છે. અસમાધિનો અનુભવ કરે છે, અંતે તેનું ચાબુક પણ તૂટી જાય છે.

૧૦૬૨. તે ક્ષુબ્ધ થયેલો વાહક કોઈની પૂંછ કાપે છે, કોઈને વારંવાર વીંધે છે. તેમાંનો કોઈ બળદ સમિલા તોડી નાંખે છે, બીજો ઉન્માર્ગે ચાલવા લાગે છે.

૧૦૬૩. કોઈ માર્ગના એક પડખે પડી જાય છે, કોઈ બેસી જાય છે. કોઈ સૂઈ જાય છે, કોઈ કૂદે છે, કોઈ ઉછળે છે, તો કોઈ શઠ તરુણ ગાયની પાછળ દોડે છે.

૧૦૬૪. કોઈ માયાવી મસ્તક વડે પડે છે, ક્રોધિત થઈ પ્રતિપથે ચાલ્યો જાય છે. કોઈ મડદા જેવો પડી રહે છે, કોઈ વેગથી દોડવા લાગે છે.

૧૦૬૫. કોઈ બળદ રાસને છેદી નાંખે છે, કોઈ દુર્દાન્ત યૂપને તોડી નાંખે છે અને સૂં-સૂં અવાજ કરીને વાહનને છોડીને ભાગી જાય છે.

**સૂત્ર-૧૦૬૬**

અયોગ્ય બળદ જેમ વાહનોને તોડી નાંખે છે, તેમ જ ધૈર્યમાં કમજોર શિષ્યોને ધર્મધ્યાનમાં જોડતા તેઓ પણ તેને તોડી નાંખે છે.

**સૂત્ર-૧૦૬૭ થી ૧૦૭૨**

૧૦૬૭. કોઈ ઋદ્ધિનો ગારવ કરે છે, કોઈ રસનો ગારવ કરે છે, કોઈ સાતાનો ગારવ કરે છે. કોઈ દીર્ઘકાળ સુધી ક્રોધ કરે છે.

૧૦૬૮. કોઈ ભિક્ષાચર્યામાં આળસ કરે છે, કોઈ અપમાનથી ડરે છે. કોઈ સ્તબ્ધ છે. હેતુ અને કારણથી કોઈ અનુશાસિત કરાય છે તો –

૧૦૬૯. તે વચ્ચે જ બોલવા લાગે છે, આચાર્યના વચનમાં દોષ કાઢે છે અને વારંવાર તેમના વચનોની પ્રતિકૂળ આચરણ કરે છે.

૧૦૭૦. ભિક્ષા કાળે કોઈ શિષ્ય ગૃહસ્વામિની વિશે કહે છે – "તેણી મને જાણતી નથી, તેણી મને આપશે નહીં." હું માનું છું કે તે ઘેરથી બહાર ગઈ હશે, તેથી કોઈ બીજો સાધુ ભલે જાય.

૧૦૭૧. કોઈ પ્રયોજનથી મોકલાતા તેઓ કાર્ય કર્યા વિના પાછા આવે છે, ચારે તરફ ભટકે છે, ગુરુ આજ્ઞાને રાજવેષ્ટિ માની મુખ ઉપર ભૃકુટિ ચડાવી દે છે.

૧૦૭૨. જેમ પાંખો આવતા હંસ વિભિન્ન દિશામાં ઊડી જાય છે, તેમજ શિક્ષિત અને દીક્ષિત કરાયેલા, ભોજન-પાનથી પોષિત કરાયેલા કુશિષ્ય અન્યત્ર ચાલ્યા જાય છે.

સૂત્ર–૧૦૭૩, ૧૦૭૪

૧૦૭૩. અવિનીત શિષ્યોથી ખેદ પામીને ધર્મયાનના સારથી આચાર્ય વિચારે છે – મને આ દુષ્ટ શિષ્યોથી શો લાભ ? આનાથી તો મારો આત્મા વ્યાકુળ જ થાય છે.

૧૦૭૪. જેમ ગળીયા ગર્દભ હોય, તેવા જ મારા આ શિષ્યો છે, એમ વિચારી ગર્ગાચાર્યએ તે આળસુ ગધેડા જેવા શિષ્યોને છોડીને દૃઢતાથી તપ–સાધનાને સ્વીકારી લીધી.

સૂત્ર–૧૦૭૫

તે મૃદુ માર્દવસંપન્ન, ગંભીર, સુસમાહિત અને શીલ સંપન્ન મહાન આત્મા ગર્ગ પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા. તેમ હું કહું છું.

મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન–૨૭ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૨૮ 'મોક્ષમાર્ગ-ગતિ'

સૂત્ર-૧૦૭૬

જ્ઞાનાદિ ચાર કારણોથી યુક્ત, જ્ઞાન-દર્શન-લક્ષણ સ્વરૂપ, જિનભાષિત, સમ્યક્ મોક્ષમાર્ગની ગતિને હવે આપ સાંભળો.

સૂત્ર-૧૦૭૭

વરદર્શી જિનવરોએ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને મોક્ષમાર્ગ બતાવેલ છે.

સૂત્ર-૧૦૭૮

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના આ માર્ગ ઉપર આરૂઢ જીવ સદ્‌ગતિને પ્રાપ્ત કરે છે.

સૂત્ર-૧૦૭૯

તેમાં પાંચ ભેદે જ્ઞાન છે - શ્રુતજ્ઞાન, આભિનિબોધિકજ્ઞાન, અવધિજ્ઞાન, મનોજ્ઞાન અને કેવળજ્ઞાન.

સૂત્ર-૧૦૮૦

આ પાંચ પ્રકારનું જ્ઞાન બધા દ્રવ્ય, ગુણ અને પર્યાયોનું જ્ઞાન છે - એ પ્રમાણે જ્ઞાનીઓએ કહેલ છે.

સૂત્ર-૧૦૮૧

દ્રવ્ય, ગુણોનો આશ્રય છે, જે પ્રત્યેક દ્રવ્યના આશ્રિત રહે છે, તે ગુણ હોય છે, પર્યાયોનું લક્ષણ દ્રવ્ય અને ગુણોનું આશ્રિતત્વ છે.

સૂત્ર-૧૦૮૨

ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને જીવ આ છ દ્રવ્યરૂપ લોક વરદર્શી જિનેશ્વરોએ કહેલ છે.

સૂત્ર-૧૦૮૩

ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણે દ્રવ્ય સંખ્યામાં એક-એક છે. કાળ, પુદ્‌ગલ અને જીવ એ ત્રણે દ્રવ્યો અનંત-અનંત છે.

સૂત્ર-૧૦૮૪ થી ૧૦૮૭

૧૦૮૪. ગતિ ધર્મનું લક્ષણ છે, અધર્મ સ્થિતિ લક્ષણ છે. સર્વે દ્રવ્યોનું ભાજન અવગાહ લક્ષણ આકાશ છે.

૧૦૮૫. વર્તના કાળનું લક્ષણ છે, ઉપયોગ જીવનું લક્ષણ છે. જે જ્ઞાન, દર્શન, સુખ અને દુઃખથી ઓળખાય છે

૧૦૮૬. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એ જીવના લક્ષણ છે.

૧૦૮૭. શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ, વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ એ પુદ્‌ગલના લક્ષણ છે.

સૂત્ર-૧૦૮૮

એકત્વ, પૃથક્ત્વ, સંખ્યા, સંસ્થાન, સંયોગ અને વિભાગ; આ પર્યાયોના લક્ષણ છે.

સૂત્ર-૧૦૮૯, ૧૦૯૦

જીવ, અજીવ, બંધ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ આ નવ તત્ત્વો છે.

આ તથ્ય સ્વરૂપ ભાવોના સદ્‌ભાવના નિરૂપણમાં જે ભાવપૂર્વક શ્રદ્ધા છે. તે સમ્યક્ત્વ કહેવાય છે.

સૂત્ર-૧૦૯૧

સમ્યક્ત્વના દશ પ્રકાર છે, તે આ-

નિસર્ગરૂચિ, ઉપદેશરૂચિ, આજ્ઞારૂચિ, સૂત્રરૂચિ, બીજરૂચિ, અભિગમરૂચિ, વિસ્તારરૂચિ, ક્રિયારૂચિ, સંક્ષેપરૂચિ અને ધર્મરૂચિ.

## સૂત્ર–૧૦૯૨ થી ૧૧૦૨

૧૦૯૨. પરોપદેશ વિના, સ્વયંના જ યથાર્થ બોધથી અવગત જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ અને સંવરાદિ તત્ત્વોની જે રૂચિ છે તે નિસર્ગ રૂચિ છે.

૧૦૯૩. જિનેશ્વર દ્વારા દષ્ટ ભાવોમાં તથા દ્રવ્યાદિ ચારથી વિશિષ્ટ પદાર્થોના વિષયમાં 'આ આમ જ છે, અન્યથા નથી.' એવી જે સ્વતઃ થયેલ શ્રદ્ધા છે, તે નિસર્ગ રૂચિ છે.

૧૦૯૪. જે બીજા છદ્મસ્થ કે અર્હત્‌ના ઉપદેશથી જીવાદિ ભાવોમાં શ્રદ્ધાન્‌ કરે છે. તે ઉપદેશરૂચિ જાણવી.

૧૦૯૫. રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાન જેના દૂર થઈ ગયા છે, તેમની આજ્ઞામાં રહેવું તે 'આજ્ઞારૂચિ' છે.

૧૦૯૬. જે અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય શ્રુતનું અવગાહન કરતો શ્રુતથી સમ્યક્‌ત્વની પ્રાપ્તિ કરે છે, તે 'સૂત્રરૂચિ' જાણવી.

૧૦૯૭. જે પ્રમાણે જળમાં તેલના બિંદુ વિસ્તરે છે, તેમજ જો સમ્યક્‌ત્વ એકપદથી અનેક પદોમાં ફેલાઈ જાય છે, તે 'બીજરૂચિ' છે.

૧૦૯૮. જેણે અગિયાર અંગો, પ્રકીર્ણક, દષ્ટિવાદ આદિ શ્રુતજ્ઞાન અર્થ સહિત પ્રાપ્ત કરેલ છે, તે 'અભિગમ–રૂચિ' છે.

૧૦૯૯. સમગ્ર પ્રમાણે અને નયોથી જે દ્રવ્યોના બધા ભાવોને જાણે છે, તે 'વિસ્તારરૂચિ' છે.

૧૧૦૦. દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, સત્ય, સમિતિ અને ગુપ્તિ આદિ ક્રિયાઓમાં જે ભાવથી રૂચિ છે, તે 'ક્રિયારૂચિ' છે.

૧૧૦૧. જે નિર્ગ્રન્થ પ્રવચનમાં અકુશળ છે, મિથ્યા પ્રવચનોથી અનભિજ્ઞ છે, પરંતુ કુદષ્ટિનો આગ્રહ ન હોવાથી અલ્પબોધથી જ જે તત્વ શ્રદ્ધાવાળો છે, તે સંક્ષેપ રૂચિ છે.

૧૧૦૨. જિનકથિત અસ્તિકાય ધર્મમાં, શ્રુત ધર્મમાં અને ચારિત્રધર્મમાં શ્રદ્ધા કરે છે, તે 'ધર્મરૂચિ' જાણવો.

## સૂત્ર–૧૧૦૩

પરમાર્થને જાણવો, પરમાર્થના તત્ત્વદષ્ટાની સેવા કરવી, વ્યાપન્ન દર્શન અને કુદર્શનથી દૂર રહેવું, સમ્યક્‌ત્વનું શ્રદ્ધાન છે.

## સૂત્ર–૧૧૦૪, ૧૧૦૫

ચારિત્ર સમ્યક્‌ત્વ વિના ન થાય, પણ સમ્યક્‌ત્વ ચારિત્ર વિના હોય કે ન હોય. સમ્યક્‌ત્વ અને ચારિત્ર એક સાથે હોય છે. ચારિત્રની પૂર્વે સમ્યક્‌ત્વ હોવું આવશ્યક છે.

સમ્યક્‌ત્વ વિના જ્ઞાન થતું નથી. જ્ઞાન વિના ચારિત્ર ગુણ હોતો નથી. ચારિત્ર વિના મોક્ષ ન થાય. મોક્ષ વિના નિર્વાણ થતુ નથી.

## સૂત્ર–૧૧૦૬

નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢ દષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના આ આઠ દર્શનાચાર છે.

## સૂત્ર–૧૧૦૭, ૧૧૦૮

ચારિત્રના પાંચ પ્રકાર છે – સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને અકષાય એવું યથાખ્યાત ચારિત્ર. તે છદ્મસ્થ અને કેવલી બંનેને હોય છે.

જે ચારિત્ર કર્મના સંચયને રિક્ત કરે છે, તેથી તેને ચારિત્ર કહે છે.

સૂત્ર-૧૧૦૯

તપ બે પ્રકારે કહ્યો છે – બાહ્ય અને અભ્યંતર.

બાહ્ય તપ છ ભેદે કહેલો છે. અભ્યંતર તપ પણ છ ભેદે છે.

સૂત્ર-૧૧૧૦

જ્ઞાનથી જીવાદિ ભાવોને જાણે છે, દર્શનથી તેનું શ્રદ્ધાન કરે છે, ચારિત્રથી કર્મઆશ્રવનો નિરોધ કરે છે, તપથી વિશુદ્ધ થાય છે.

સૂત્ર-૧૧૧૧

સર્વ દુઃખોથી મુક્ત થવાને માટે મહર્ષિ સંયમ અને તપ દ્વારા પૂર્વ કર્મોનો ક્ષય કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે. તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૨૮ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૨૯ 'સમ્યક્ત્વ પરાક્રમ'

**સૂત્ર–૧૧૧૨**

હે આયુષ્યમાન્ ! ભગવંતે જે કહેલ છે, તે મેં સાંભળેલ છે. આ 'સમ્યક્ત્વ પરાક્રમ' અધ્યયનમાં કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવંત મહાવીરે જે પ્રરૂપણા કરી છે, તેની સમ્યક્ શ્રદ્ધા, પ્રતીતિ, રૂચિ, સ્પર્શ અને પાલનથી, તરીને, કીર્તનથી, શુદ્ધ કરીને, આરાધના કરવાથી આજ્ઞાનુસાર અનુપાલન કરવાથી, ઘણા જીવ સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણને પામે છે. બધા દુઃખોનો અંત કરે છે.

**સૂત્ર–૧૧૧૩**

તેનો આ અર્થ છે, જે આ પ્રમાણે કહેવાય છે –

૧. સંવેગ, ૨. નિર્વેદ, ૩. ધર્મશ્રદ્ધા, ૪. ગુરુ અને સાધર્મિક શુશ્રૂષા, ૫. આલોચના, ૬. નિંદા, ૭. ગર્હા,
૮. સામાયિક, ૯. ચતુર્વિંશતિ સ્તવ, ૧૦. વંદન, ૧૧. પ્રતિક્રમણ, ૧૨. કાયોત્સર્ગ, ૧૩. પચ્ચક્ખાણ,
૧૪. સ્તવ, સ્તુતિ મંગલ, ૧૫. કાળ પ્રતિલેખના, ૧૬. પ્રાયશ્ચિત્તકરણ, ૧૭. ક્ષમાપના, ૧૮. સ્વાધ્યાય,
૧૯. વાચના, ૨૦. પ્રતિપૃચ્છના, ૨૧. પરાવર્તના, ૨૨. અનુપ્રેક્ષા, ૨૩. ધર્મકથા, ૨૪. શ્રુતની આરાધના,
૨૫. મનની એકાગ્રતા, ૨૬. સંયમ, ૨૭. તપ, ૨૮. વ્યવદાન, ૨૯. સુખ શાતા, ૩૦. સંભોગ પ્રત્યાખ્યાન,
૩૧. વિવિક્ત શયનાસેવન, ૩૨. વિનિવર્તના, ૩૩. સંભોગ પ્રત્યાખ્યાન, ૩૪. ઉપધિ પ્રત્યાખ્યાન,
૩૫. આહાર પ્રત્યાખ્યાન, ૩૬. કષાય પ્રત્યાખ્યાન, ૩૭. યોગ પ્રત્યાખ્યાન, ૩૮. શરીર પ્રત્યાખ્યાન,
૩૯. સહાય પ્રત્યાખ્યાન, ૪૦. ભક્ત પ્રત્યાખ્યાન, ૪૧. સદ્‌ભાવ પ્રત્યાખ્યાન, ૪૨. પ્રતિરૂપતા,
૪૩. વૈયાવચ્ચ, ૪૪. સર્વ–ગુણ સંપન્નતા, ૪૫. વીતરાગતા, ૪૬. ક્ષાંતિ, ૪૭. મુક્તિ, ૪૮. આર્જવ,
૪૯. માર્દવ, ૫૦. ભાવ સત્ય, ૫૧. કરણ સત્ય, ૫૨. યોગ સત્ય, ૫૩. મનોગુપ્તિ, ૫૪. વચનગુપ્તિ,
૫૫. કાયગુપ્તિ, ૫૬. મન સમાધારણતા, ૫૭. વચન સમાધારણતા, ૫૮. કાય સમાધારણતા,
૫૯. જ્ઞાન સંપન્નતા, ૬૦. દર્શન સંપન્નતા, ૬૧. ચારિત્ર સંપન્નતા, ૬૨. શ્રોત્રેન્દ્રિય નિગ્રહ,
૬૩. ચક્ષુરિન્દ્રિય નિગ્રહ, ૬૪. ઘ્રાણેન્દ્રિય નિગ્રહ, ૬૫. જિહ્વેન્દ્રિય નિગ્રહ, ૬૬. સ્પર્શનેન્દ્રિય નિગ્રહ,
૬૭. ક્રોધ વિજય, ૬૮. માન વિજય, ૬૯. માયા વિજય, ૭૦. લોભ વિજય,
૭૧. પ્રેમ–દ્વેષ–મિથ્યાદર્શન વિજય, ૭૨. શૈલેશી, ૭૩. અકર્મતા.

**સૂત્ર–૧૧૧૪**

ભગવન્ ! સંવેગથી જીવને શું પ્રાપ્ત થશે ?

સંવેગથી જીવ અનુત્તર ધર્મશ્રદ્ધાને પામશે. પરમ ધર્મશ્રદ્ધાથી શીઘ્ર સંવેગ આવે છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનો ક્ષય કરે છે, નવા કર્મોને બાંધતો નથી. અનંતાનુબંધી કષાય ક્ષીણ થતા મિથ્યાત્વ વિશુદ્ધિ કરી દર્શનનો આરાધક થાય છે. દર્શન વિશોધિ દ્વારા વિશુદ્ધ થઈ કેટલાક જીવો તે જ જન્મમાં સિદ્ધ થાય છે અને કેટલાક દર્શન વિશોધિથી શુદ્ધ થતાં ત્રીજા ભવનું અતિક્રમણ કરતો નથી.

**સૂત્ર–૧૧૧૫**

ભગવન્ ! નિર્વેદથી જીવને શું પ્રાપ્ત થાય છે?

નિર્વેદથી જીવ દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી કામભોગોમાં શીઘ્ર નિર્વેદ પામે છે. બધા વિષયોમાં વિરક્ત થાય છે. થઈને આરંભનો પરિત્યાગ કરે છે. આરંભનો પરિત્યાગ કરી સંસાર માર્ગનો વિચ્છેદ કરે છે અને સિદ્ધિ માર્ગને પ્રાપ્ત થાય છે.

સૂત્ર-૧૧૧૬

ભગવન્ ! ધર્મશ્રદ્ધાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

ધર્મશ્રદ્ધા વડે જીવ સાત સુખોની આસક્તિથી વિરક્ત થાય છે. અગાર ધર્મનો ત્યાગ કરે છે. અણગાર થઈને છેદન, ભેદન આદિ શારીરિક તથા સંયોગાદિ માનસિક દુઃખોનો વિચ્છેદ કરે છે. અવ્યાબાધ સુખને પામે છે.

સૂત્ર-૧૧૧૭

ભગવન્ ! ગુરુ અને સાધર્મિકની શુશ્રૂષાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

ગુરુ અને સાધર્મિકની શુશ્રૂષાથી જીવ વિનય પ્રતિપત્તિને પામે છે. વિનય પ્રતિપત્તિવાળા, ગુરુની આશાતના કરતા નથી. તેનાથી તે નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ સંબંધી દુર્ગતિનો નિરોધ કરે છે. વર્ણ, સંજ્વલન, ભક્તિ અને બહુમાનથી મનુષ્ય અને દેવ સંબંધી સુગતિનો બંધ કરે છે. શ્રેષ્ઠ ગતિ સ્વરૂપ સિદ્ધિને વિશુદ્ધ કરે છે. વિનય મૂલક બધા પ્રશસ્ત કાર્યોને સાધે છે. ઘણા બીજા જીવોને પણ વિનયી બનાવે છે

સૂત્ર-૧૧૧૮

ભગવન્ ! આલોચનાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

આલોચનાથી મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનાર અને અનંત સંસારને વધારનાર માયા, નિદાન અને મિથ્યાદર્શન રૂપ શલ્યોને ફેંકી દે છે. ઋજુ ભાવને પ્રાપ્ત થાય છે. ઋજુભાવને પ્રાપ્ત જીવ માયારહિત થાય છે. તેથી તે સ્ત્રીવેદ અને નપુંસક વેદનો બંધ કરતા નથી અને પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

સૂત્ર-૧૧૧૯

ભગવન્ ! નિંદાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

નિંદાથી પશ્ચાત્તાપ પ્રાપ્ત થાય છે. પશ્ચાત્તાપથી થનારી વિરક્તિથી કરણગુણ શ્રેણિ પ્રાપ્ત થાય છે. ગુણ શ્રેણિને પ્રાપ્ત અણગાર મોહનીય કર્મોનો નાશ કરે છે.

સૂત્ર-૧૧૨૦

ભગવન્ ! ગર્હાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

ગર્હાથી જીવને અપુરસ્કાર પ્રાપ્ત થાય છે. અપુરસ્કૃત થવાથી તે અપ્રશસ્ત કાર્યોથી નિવૃત્ત થાય છે. પ્રશસ્ત કાર્યોથી યુક્ત થાય છે. આવા અણગાર જ્ઞાન દર્શનાદિ અનંત ગુણોને ઘાત કરનારા જ્ઞાનાવરણીય આદિ કર્મોના પર્યાયોનો ક્ષય કરે છે.

સૂત્ર-૧૧૨૧

ભગવન્ ! સામાયિકથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

સામાયિક થકી જીવ સાવદ્ય યોગોથી વિરતિને પ્રાપ્ત થાય છે.

સૂત્ર-૧૧૨૨

ભગવન્ ! ચતુર્વિંશતિ સ્તવથી જીવને શું પ્રાપ્ત થાય છે ? ચતુર્વિંશતિ સ્તવથી જીવ દર્શન વિશુદ્ધિને પામે છે.

સૂત્ર-૧૧૨૩

ભગવન્ ! વંદનાથી જીવને શું પ્રાપ્ત થાય છે?

વંદનાથી જીવ નીચગોત્ર કર્મનો ક્ષય કરે છે અને ઉચ્ચ ગોત્રનો બંધ કરે છે. તે અપ્રતિહત સૌભાગ્યને પામે છે, સર્વજનને પ્રિય થાય છે. તેની આજ્ઞા બધે મનાય છે, તે જનતાથી દાક્ષિણ્યને પામે છે.

સૂત્ર-૧૧૨૪

ભગવન્ ! પ્રતિક્રમણથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

પ્રતિક્રમણ વડે જીવ સ્વીકૃત છિદ્રોને બંધ કરે છે. આવા પ્રતોના છિદ્રને બંધ કરનારો જીવ આશ્રયોનો નિરોધ કરે છે, શુદ્ધ ચારિત્રનું પાલન કરે છે. આઠ પ્રવચનમાતામાં ઉપયુક્ત થાય છે. સંયમ યોગમાં અપૃથક્ત્વ થાય છે. સન્માર્ગમાં સમ્યક્ સમાધિસ્થ થઈને વિચરણ કરે છે.

**સૂત્ર-૧૧૨૫**

ભગવન્ ! કાયોત્સર્ગથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

તેનાથી જીવ અતીત અને વર્તમાનના પ્રાયશ્ચિત્ત યોગ્ય અતિચારોનું વિશોધન કરે છે. પ્રાયશ્ચિત્તથી વિશુદ્ધિ થયેલ જીવ, પોતાના ભારને ઊતારી દેનાર ભારવાહકની માફક નિર્વૃત્ત હૃદય થઈ જાય છે. પ્રશસ્ત ધ્યાનમાં લીન થઈને સુખપૂર્વક વિચરણ કરે છે.

**સૂત્ર-૧૧૨૬**

ભગવન્ ! પ્રત્યાખ્યાનથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

પ્રત્યાખ્યાન વડે જીવ આશ્રવદ્વારોનો નિરોધ કરે છે.

**સૂત્ર-૧૧૨૭**

ભગવન્ ! સ્તવ, સ્તુતિ અને મંગલથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

સ્તવ, સ્તુતિ અને મંગલથી જીવને જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વરૂપ બોધિનો લાભ થાય છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વરૂપ બોધિથી સંપન્ન જીવ મોક્ષને યોગ્ય અથવા વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થવાને યોગ્ય આરાધના આરાધે છે.

**સૂત્ર-૧૧૨૮**

ભગવન્ ! કાળ પ્રતિલેખનાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

કાળની પ્રતિલેખનાથી જીવ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરે છે.

**સૂત્ર-૧૧૨૯**

ભગવન્ ! પ્રાયશ્ચિત્તથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

પ્રાયશ્ચિત્ત વડે જીવ પાપકર્મોને દૂર કરે છે અને ધર્મસાધનાને નિરતિચાર બનાવે છે. સમ્યક્ પ્રકારે પ્રાયશ્ચિત્ત કરનાર આત્મા માર્ગ અને માર્ગફળને નિર્મળ કરે છે. આચાર અને આચાર ફળની આરાધના કરે છે.

**સૂત્ર-૧૧૩૦**

ભગવન્ ! ક્ષમાપના કરવાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

ક્ષમાપના કરવાથી જીવ પ્રહ્લાદ ભાવને પ્રાપ્ત થાય છે. પ્રહ્લાદ ભાવ સંપન્ન આત્મા, બધા પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોની સાથે મૈત્રીભાવને પ્રાપ્ત થાય છે. મૈત્રીભાવને પ્રાપ્ત જીવ ભાવ વિશુદ્ધિ કરીને નિર્ભય થાય છે.

**સૂત્ર-૧૧૩૧**

ભગવન્ ! સ્વાધ્યાયથી જીવને શું પ્રાપ્ત થાય છે ? સ્વાધ્યાયથી જીવ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે.

**સૂત્ર-૧૧૩૨**

ભગવન્ ! વાચનાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

વાચનાથી જીવ કર્મોની નિર્જરા કરે છે, શ્રુતજ્ઞાનની આશાતનાના દોષથી દૂર રહે છે. તેના કારણે તીર્થધર્મનું અવલંબન કરે છે. તીર્થધર્મના અવલંબનથી કર્મોની મહાનિર્જરા અને મહા-પર્યવસાન કરે છે.

**સૂત્ર-૧૧૩૩**

ભગવન્ ! પ્રતિપૃચ્છનાથી જીવને શું પ્રાપ્ત થાય ?

પ્રતિપૃચ્છના વડે જીવ સૂત્ર, અર્થ, તદુભય સંબંધિત કાંક્ષા મોહનીયનો વ્યવચ્છેદ થાય.

સૂત્ર-૧૧૩૪

ભગવન્ ! પરાવર્તનાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

પરાવર્તના વડે વ્યંજન-શબ્દપાઠ સ્થિર થાય અને જીવ પદાનુસારિતા આદિ વ્યંજન લબ્ધિને પ્રાપ્ત થાય છે.

સૂત્ર-૧૧૩૫

ભગવન્ ! અનુપ્રેક્ષાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

અનુપ્રેક્ષાથી જીવ આયુકર્મને છોડીને બાકીને જ્ઞાનાવરણીયાદિ સાત કર્મોની પ્રકૃતિઓને પ્રગાઢ બંધનોથી શિથિલ કરે છે. તેની દીર્ઘકાલીન સ્થિતિને અલ્પકાલીન કરે છે, તેના તીવ્ર રસાનુબંધને મંદ કરે છે. બહુકર્મ પ્રદેશોને અલ્પ પ્રદેશવાળા કરે છે. આયુષ્ કર્મોનો બંધ કદાચિત્ કરે છે, કદાચિત્ કરતા નથી. અશાતાવેદનીય કર્મનો પુનઃ પુનઃ ઉપચય કરતા નથી. જે સંસાર અટવી અનાદિ અને અનંત છે, દીર્ઘમાર્ગથી યુક્ત છે, જેના નરકાદિ ગતિરૂપ ચાર અંત છે, તેને શીઘ્ર પાર કરે છે.

સૂત્ર-૧૧૩૬

ભગવન્ ! ધર્મકથાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

ધર્મકથાથી જીવ કર્મોની નિર્જરા કરે છે, પ્રવચનની પ્રભાવના કરે છે. પ્રવચનની પ્રભાવના કરનાર જીવ ભાવિમાં શુભ ફળ દેનારા કર્મોનો બંધ કરે છે.

સૂત્ર-૧૧૩૭

ભગવન્ ! શ્રુતની આરાધનાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

શ્રુત આરાધનાથી જીવ અજ્ઞાનનો ક્ષય કરે છે અને કલેશને પ્રાપ્ત થતા નથી.

સૂત્ર-૧૧૩૮

ભગવન્ ! મનને એકાગ્રતામાં સ્થાપિત કરવાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

મનને એકાગ્રતામાં સ્થાપિત કરવાથી ચિત્તનો નિરોધ થાય છે.

સૂત્ર-૧૧૩૯

ભગવન્ ! સંયમથી જીવને શું પ્રાપ્ત થાય છે ? સંયમથી આશ્રવનો નિરોધ પ્રાપ્ત થાય છે.

સૂત્ર-૧૧૪૦

ભગવન્ ! તપથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

તપથી જીવ પૂર્વસંચિત કર્મોને ક્ષય કરીને વ્યવદાન-વિશુદ્ધિને પ્રાપ્ત થાય છે.

સૂત્ર-૧૧૪૧

ભગવન્ ! વ્યવદાનથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

વ્યવદાનથી જીવને અક્રિયા પ્રાપ્ત થાય છે. અક્રિય થયા પછી તે સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણને પામે છે અને બધા દુઃખોનો અંત કરે છે.

સૂત્ર-૧૧૪૨

ભગવન્ ! સુખના શાતનથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

સુખશાતનથી વિષયો પ્રતિ અનુત્સુકતા થાય છે. અનુત્સુ-કતાથી જીવ અનુકંપા કરનાર અનુદ્ભટ, શોકરહિત થઈને ચારિત્ર મોહનીયનો ક્ષય કરે છે.

સૂત્ર-૧૧૪૩

ભગવન્ ! અપ્રતિબદ્ધતાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

અપ્રતિબદ્ધતાથી જીવ નિસ્સંગ થાય છે. નિસ્સંગ હોવાથી જીવ એકાકી થાય છે, એકાગ્રચિત્ત થાય છે, દિવસ અને રાત્રિ સદા સર્વત્ર વિરક્ત અને અપ્રતિબદ્ધ થઈને વિચરણ કરે છે.

સૂત્ર-૧૧૪૪

ભગવન્ ! વિવિક્ત શયનાસનથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

વિવિક્ત શયનાસનથી જીવ ચારિત્ર ગુપ્તિને પામે છે, ચારિત્રગુપ્તિથી જીવ વિવિક્તાહારી, દઢ ચારિત્રી, એકાંતપ્રિય, મોક્ષભાવ પ્રતિપન્ન થઈ આઠ કર્મોની ગ્રંથિની નિર્જરા – ક્ષય કરે છે.

સૂત્ર-૧૧૪૫

ભગવન્! વિનિવર્તનાથી જીવને શું પ્રાપ્ત થાય છે? વિનિવર્તના થકી પાપકર્મો ન કરવાને માટે ઉદ્યત રહે છે. પૂર્વબદ્ધ કર્મોની નિર્જરાથી કર્મોને નિવૃત્ત કરે છે. પછી ચાતુરંત સંસારકાંતારને શીઘ્ર પાર કરી જાય છે.

સૂત્ર-૧૧૪૬

ભગવન્ ! સંભોગ પ્રત્યાખ્યાનથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

સંભોગ પ્રત્યાખ્યાનથી પરાવલંબનાદિનો ક્ષય કરે છે. નિરાલંબનને આયતાર્થ યોગો થાય છે. સ્વયંના લાભથી સંતુષ્ટ થાય છે. પરલાભને આસ્વાદનો નથી, તેની કલ્પના-સ્પૃહા કે પ્રાર્થના કરતો નથી. અભિલાષા કરતો નથી. તેમ ન કરતો એવો તે બીજી સુખશય્યાને પામીને વિચરણ કરે છે.

સૂત્ર-૧૧૪૭

ભગવન્ ! ઉપધિ પ્રત્યાખ્યાનથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

ઉપધિ પ્રત્યાખ્યાનથી જીવ અપલિમંથને પામે. નિરુપધિક જીવ નિષ્કાંક્ષ થાય, ઉપધિના અભાવમાં સંકલેશ ન પામે.

સૂત્ર-૧૧૪૮

ભગવન્ ! આહારના પ્રત્યાખ્યાનથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

આહાર પ્રત્યાખ્યાનથી જીવ જીવિતની આશંસાના પ્રયત્નોને વિચ્છિન્ન કરી દે છે. તેને વિચ્છિન્ન કરીને તે આહારના અભાવમાં પણ કલેશ પામતો નથી.

સૂત્ર-૧૧૪૯

ભગવન્ ! કષાય પ્રત્યાખ્યાનથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

કષાય પ્રત્યાખ્યાનથી વીતરાગ ભાવ પામે છે. વીતરાગ ભાવ પ્રાપ્ત જીવ સુખ અને દુઃખમાં સમ થઈ જાય છે.

સૂત્ર-૧૧૫૦

ભગવન્! યોગ પ્રત્યાખ્યાનથી જીવ શું પામે છે? યોગ પ્રત્યાખ્યાન વડે અયોગત્વને પામે છે. અયોગી જીવ નવા કર્મો બાંધતો નથી. પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

સૂત્ર-૧૧૫૧

ભગવન્ ! શરીરના પ્રત્યાખ્યાનથી જીવ શું પામે છે ?

શરીરના પ્રત્યાખ્યાનથી જીવ સિદ્ધોના વિશિષ્ટ ગુણો પામે છે. તેવો જીવ લોકાગ્રે પહોંચી પરમસુખી થાય છે.

સૂત્ર-૧૧૫૨

ભગવન્ ! સહાય પ્રત્યાખ્યાનથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

સહાય પ્રત્યાખ્યાનથી જીવ એકીભાવને પામે છે. એકીભાવ પ્રાપ્ત જીવ એકાગ્રતાની ભાવના કરતો વિગ્રહકારી શબ્દ, વાક્કલહ, ક્રોધાદિ કષાય, તું-તું અને હું-હું આદિ મુક્ત રહે છે. સંયમ અને સંચરમાં બહુલતા પામીને સમાધિ

સંપન્ન થાય છે.

સૂત્ર-૧૧૫૩

ભગવન્ ! ભક્ત પ્રત્યાખ્યાનથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

ભક્ત પ્રત્યાખ્યાનથી જીવ અનેક પ્રકારના સેંકડો ભવોના જન્મ-મરણોને રુંધે છે.

સૂત્ર-૧૧૫૪

ભગવન્ ! સદ્‌ભાવ પ્રત્યાખ્યાનથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

જીવ સદ્‌ભાવ પ્રત્યાખ્યાનથી અનિવૃત્તિને પ્રાપ્ત થાય છે. અનિવૃત્તિ પ્રાપ્ત અણગાર કેવલીના શેષ ચારે કર્માંશોનો ક્ષય કરે છે. તે આ પ્રમાણે – વેદનીય, આયુ, નામ અને ગોત્ર. ત્યારપછી તે સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણને પામે છે, બધા દુઃખોનો અંત કરે છે.

સૂત્ર-૧૧૫૫

ભગવન્ ! પ્રતિરૂપતાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

પ્રતિરૂપતાથી જીવ લાઘવતાને પામે છે. લઘુભૂત જીવ અપ્રમત્ત, પ્રકટ લિંગ, પ્રશસ્ત લિંગ, વિશુદ્ધ સમ્યક્‌ત્વ, સત્ય સમિતિ સંપન્ન, સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોને માટે વિશ્વાસનીય, અલ્પ પ્રતિલેખનવાળા, જિતેન્દ્રિય, વિપુલ તપ અને સમિતિનો સર્વત્ર પ્રયોગ કરનારો થાય છે.

સૂત્ર-૧૧૫૬

ભગવન્ ! વૈયાવચ્ચથી જીવને શું પ્રાપ્ત થાય છે ? વૈયાવચ્ચથી જીવ તીર્થંકર નામગોત્રનું ઉપાર્જન કરે છે.

સૂત્ર-૧૧૫૭

ભગવન્ ! સર્વગુણ સંપન્નતાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

સર્વગુણ સંપન્નતાથી જીવ અપુનરાવૃત્તિને પ્રાપ્ત થાય છે. અપુનરાવૃત્તિ પ્રાપ્ત જીવ શારીરિક અને માનસિક દુઃખોનો ભાગી થતો નથી.

સૂત્ર-૧૧૫૮

ભગવન્ ! વીતરાગતાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

વીતરાગતા વડે જીવ સ્નેહ અને તૃષ્ણાના અનુબંધોનો વિચ્છેદ કરે છે. મનોજ્ઞ શબ્દ-સ્પર્શ-રસ-રૂપ અને ગંધથી વિરક્ત થાય છે.

સૂત્ર-૧૧૫૯

ભગવન્ ! ક્ષાંતિથી જીવને શું પ્રાપ્ત થાય છે ? ક્ષાંતિથી જીવ પરીષહો ઉપર વિજય પ્રાપ્ત કરે છે.

સૂત્ર-૧૧૬૦

ભગવન્ ! મુક્તિથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

મુક્તિથી જીવ અકિંચનતાને પામે છે. અકિંચન જીવ અર્થલોભી જનોથી અપ્રાર્થનીય થાય છે.

સૂત્ર-૧૧૬૧

ભગવન્ ! ઋજુતાથી જીવને શું પ્રાપ્ત થાય છે? ઋજુતાથી જીવ કાય સરળતા, ભાવ સરળતા, ભાષા સરળતા અને અવિસંવાદને પ્રાપ્ત થાય છે. અવિસંવાદ સંપન્ન જીવ ધર્મનો આરાધક થાય છે.

સૂત્ર-૧૧૬૨

ભગવન્ ! મૃદુતાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

મૃદુતાથી જીવ અનુદ્ધત ભાવને પ્રાપ્ત થાય છે. અનુદ્ધત જીવ મૃદુ-માર્દવ ભાવથી સંપન્ન થાય છે. આઠ

મદસ્થાનોને વિનષ્ટ કરે છે.

સૂત્ર-૧૧૬૩

ભગવન્ ! ભાવ સત્યથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

ભાવ સત્યથી જીવ ભાવ-વિશુદ્ધિને પામે છે. ભાવ વિશુદ્ધિમાં વર્તતો જીવ અરહંત પ્રજ્ઞપ્ત ધર્મની આરાધનામાં ઉદ્યત થાય છે. અરહંત પ્રજ્ઞપ્ત ધર્મ આરાધનામાં ઉદ્યતથી પરલોકમાં પણ ધર્મનો આરાધક થાય છે.

સૂત્ર-૧૧૬૪

ભગવન્ ! કરણ સત્યથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

કરણ સત્યથી જીવ કરણ શક્તિને પ્રાપ્ત થાય છે. કરણ સત્યમાં વર્તમાન જીવ 'યથાવાદી તથાકારી' થાય છે.

સૂત્ર-૧૧૬૫

ભગવન્ ! યોગ સત્યથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

યોગ સત્ય વડે જીવ યોગને વિશુદ્ધ કરે છે.

સૂત્ર-૧૧૬૬

ભગવન્ ! મનોગુપ્તિથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

મનોગુપ્તિથી જીવ એકાગ્રતાને પામે છે. એકાગ્ર ચિત્તવાળો જીવ અશુભ વિકલ્પોથી મનની રક્ષા કરે છે અને સંયમનો આરાધક થાય છે.

સૂત્ર-૧૧૬૭

ભગવન્ ! વચનગુપ્તિથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

વચનગુપ્તિથી જીવ નિર્વિકાર ભાવને પામે છે. નિર્વિકાર જીવ સર્વથા વાગ્ગુપ્ત તથા અધ્યાત્મ યોગના સાધનભૂત ધ્યાનથી યુક્ત થાય છે.

સૂત્ર-૧૧૬૮

ભગવન્ ! કાયગુપ્તિથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

કાયગુપ્તિથી જીવ સંવરને પામે છે. સંવરથી કાયગુપ્ત થઈને ફરી થનારા પાપાશ્રવનો નિરોધ કરે છે.

સૂત્ર-૧૧૬૯

ભગવન્ ! મન સમાધારણતાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

મનની સમાધારણતા જીવ એકાગ્રતાને પામે છે. એકાગ્રતા પ્રાપ્ત થઈને જ્ઞાન પર્યવોને પામે છે, સમ્યક્ત્વને વિશુદ્ધ કરે છે અને મિથ્યાત્વને નિર્જરે છે.

સૂત્ર-૧૧૭૦

ભગવન્ ! વચન સમાધારણાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

વચન સમાધારણાથી જીવ વાણીના વિષયભૂત દર્શન પર્યવોને વિશુદ્ધ કરે છે. તેનાથી સુલભતાથી બોધિને પામે છે. બોધિની દુર્લભતાને ક્ષીણ કરે છે.

સૂત્ર-૧૧૭૧

ભગવન્ ! કાય વચન સમાધારણાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

કાય સમાધારણાથી જીવ ચારિત્રના પર્યવોને વિશુદ્ધ કરે છે. ચારિત્ર પર્યવ વિશુદ્ધિથી યથાખ્યાત ચારિત્રને વિશુદ્ધ કરે છે. તેનાથી કેવલિસત્ક વેદનીયાદિ ચાર કર્મોનો ક્ષય કરે છે. ત્યાર પછી સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વાણ પ્રાપ્ત થાય છે અને સર્વ દુઃખોનો અંત કરે છે.

સૂત્ર-૧૧૭૨ , ૧૧૭૩

ભગવન્ ! જ્ઞાન સંપન્નતાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

જ્ઞાન સંપન્નતાથી જીવ બધા ભાવોને જાણે છે. જ્ઞાન સંપન્ન જીવ ચાતુરંત સંસાર વનમાં નષ્ટ થતો નથી. જેમ દોરાથી યુક્ત સોય ક્યાંય પણ પડવાથી ખોવાતી નથી. તેમ સૂત્ર સંપન્ન જીવ પણ સંસારમાં વિનષ્ટ થતો નથી. જ્ઞાન, વિનય, તપ અને ચારિત્રના યોગોને પ્રાપ્ત થાય છે, તથા સ્વસમય અને પરસમયમાં પ્રામાણિક મનાય છે.

સૂત્ર-૧૧૭૪

ભગવન્ ! દર્શન સંપન્નતાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

દર્શન સંપન્નતાથી સંસારના હેતુ મિથ્યાત્વનું છેદન કરે છે. પછી સમ્યક્ત્વનો પ્રકાશ બુઝાતો નથી, શ્રેષ્ઠ જ્ઞાન-દર્શનથી આત્માને સંયોજિત કરી, તેને સમ્યક્ પ્રકારે આત્મસાત્ કરતો વિચરણ કરે છે.

સૂત્ર-૧૧૭૫

ભગવન્ ! ચારિત્ર સંપન્નતાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

ચારિત્ર સંપન્નતાથી શૈલેશીભાવને પામે છે. શૈલીશી પ્રતિપન્ન અણગાર ચાર કેવલી કર્માંશોનો ક્ષય કરે છે. પછી સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વાણતા પામી સર્વે દુઃખોનો અંત કરે છે.

સૂત્ર-૧૧૭૬

ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયના નિગ્રહથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

તેનાથી જીવ મનોજ્ઞ-અમનોજ્ઞ શબ્દોમાં થનારા રાગ અને દ્વેષનો નિગ્રહ કરે છે. પછી શબ્દ નિમિત્તક કર્મોનો બંધ કરતો નથી. પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

સૂત્ર-૧૧૭૭ થી ૧૧૮૦

ભગવન્ ! ચક્ષુ ઇન્દ્રિયના નિગ્રહથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

ચક્ષુ ઇન્દ્રિયના નિગ્રહથી જીવ મનોજ્ઞ-અમનોજ્ઞ રૂપોમાં થનારા રાગ-દ્વેષનો નિગ્રહ કરે છે. પછી રૂપ નિમિત્તક, કર્મોને બાંધતો નથી અને પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

ભગવન્ ! ઘ્રાણ ઇન્દ્રિયના નિગ્રહથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

ઘ્રાણ ઇન્દ્રિયના નિગ્રહથી જીવ મનોજ્ઞ-અમનોજ્ઞ ગંધોમાં થનારા રાગ-દ્વેષનો નિગ્રહ કરે છે. પછી ગંધ-નિમિત્તક કર્મોનો બંધ કરતો નથી. પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

ભગવન્ ! જિહ્વા ઇન્દ્રિયના નિગ્રહથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

જિહ્વા ઇન્દ્રિયના નિગ્રહથી જીવ મનોજ્ઞ-અમનોજ્ઞ રસોમાં થનારા રાગ-દ્વેષનો નિગ્રહ કરે છે. પછી રસ નિમિત્તક કર્મોનો બંધ કરતો નથી. પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

ભગવન્ ! સ્પર્શન ઇન્દ્રિયના નિગ્રહથી જીવ શું પ્રાપ્ત કરે છે ?

સ્પર્શન ઇન્દ્રિય નિગ્રહથી જીવ મનોજ્ઞ અને અમનોજ્ઞ સ્પર્શોમાં થનારા રાગ-દ્વેષનો નિગ્રહ કરે છે. પછી સ્પર્શ નિમિત્તક કર્મોનો બંધ કરતો નથી તથા પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

સૂત્ર-૧૧૮૧ થી ૧૧૮૪

ભગવન્ ! ક્રોધ વિજયથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

ક્રોધવિજયથી જીવ ક્ષાંતિને પ્રાપ્ત થાય છે. ક્રોધવેદનીય કર્મનો બંધ નથી કરતા, પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે

ભગવન્ ! માન વિજયથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

માન વિજયથી જીવ મૃદુતાને પામે છે. માન વેદનીય કર્મોનો બંધ કરતો નથી. પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

ભગવન્ ! માયા વિજયથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

માયાવિજયથી ઋજુતાને પ્રાપ્ત થાય છે. માયાવેદનીય કર્મોનો બંધ કરતો નથી. પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે

ભગવન્ ! લોભ વિજયથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

લોભવિજયથી જીવ સંતોષ ભાવને પામે છે. લોભવેદનીય કર્મનો બંધ કરતો નથી. પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરે છે.

## સૂત્ર-૧૧૮૫

ભગવન્ ! રાગ, દ્વેષ, મિથ્યાદર્શનના વિજયથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

રાગ-દ્વેષ-મિથ્યાદર્શનના વિજયથી જીવ જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનાને માટે ઉદ્યત થાય છે. આઠ પ્રકારની કર્મગ્રંથિને ખોલવાને માટે સર્વપ્રથમ મોહનીય કર્મની અઠ્ઠાવીસ પ્રકૃતિઓનો ક્રમશઃ ક્ષય કરે છે.

ત્યારપછી જ્ઞાનાવરણ કર્મની પાંચ, દર્શનાવરણ કર્મની નવ અને અંતરાય કર્મની પાંચ – આ ત્રણ કર્મોની પ્રકૃતિઓનો એક સાથે ક્ષય કરે છે. ત્યારપછી તે અનુત્તર, અનંત સર્વ વસ્તુ વિષયક, પ્રતિપૂર્ણ, નિરાવરણ, અજ્ઞાન-તિમિરથી રહિત, વિશુદ્ધ અને લોકાલોકનું પ્રકાશક કેવળજ્ઞાન અને કેવળ દર્શનને પ્રાપ્ત કરે છે.

જ્યાં સુધી તે સયોગી રહે છે, ત્યાં સુધી ઐર્યાપથિક કર્મોનો બંધ થાય છે. તે બંધ પણ સુખ સ્પર્શી છે. તેની સ્થિતિ બે સમયની છે. પહેલાં સમયે બંધાય છે. બીજા સમયમાં ઉદય થાય છે. ત્રીજા સમયે નિર્જરા થાય છે. તે કર્મ ક્રમશઃ બદ્ધ, સ્પૃષ્ટ, ઉદીરિત અને વેદિત થઈ નિર્જિણર્ણ થાય છે. તેનાથી તે કર્મ આગામી કાળે અકર્મ થઈ જાય છે.

## સૂત્ર-૧૧૮૬

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી, શેષ આયુને ભોગવતો એવો, જ્યારે અંતર્મુહૂર્ત પરિમાણ આયુ બાકી રહે છે, ત્યારે તે યોગ નિરોધમાં પ્રવૃત્ત થાય છે. ત્યારે સૂક્ષ્મ ક્રિયા પ્રતિપાતિ નામક શુક્લ ધ્યાનને ધ્યાતો એવો પહેલાં તે મનોયોગનો નિરોધ કરે છે. અનંતર વચનયોગનો નિરોધ કરે છે. તેના પછી આનાપાનનો નિરોધ કરે છે. તેનો નિરોધ કરીને પાંચ હ્રસ્વ-અક્ષરના ઉચ્ચારણ કાળ સુધી 'સમુચ્છિન્ન ક્રિયા અનવૃત્તિ' નામક શુક્લ ધ્યાનમાં લીન થયેલો અણગાર વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચાર કર્મોને એક સાથે ખપાવે છે.

## સૂત્ર-૧૧૮૭

ત્યારપછી તે ઔદારિક અને કાર્મણ શરીરને સદાને માટે પૂર્ણરૂપે છોડે છે. છોડીને પછી ઋજુ શ્રેણિને પ્રાપ્ત થાય છે. પછી એક સમયમાં અસ્પૃશદ્ ગતિ રૂપ ઉર્ધ્વગતિથી સીધો જ લોકાગ્રમાં જઈને સાકારોપયુક્ત જ્ઞાનોપયોગી સિદ્ધ થાય છે. બુદ્ધ થાય છે. મુક્ત થાય છે. પરિનિર્વાણ પામે છે અને સર્વે દુઃખોનો અંત કરે છે.

## સૂત્ર-૧૧૮૮

શ્રમણ ભગવંત મહાવીર દ્વારા સમ્યક્ત્વ પરાક્રમ અધ્યયનનો આ પૂર્વોક્ત અર્થ આખ્યાત છે, પ્રજ્ઞાપિત છે, પ્રરૂપિત છે, દર્શિત છે અને ઉપદર્શિત છે – તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૨૯ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૩૦ ' તપોમાર્ગ-ગતિ'

સૂત્ર-૧૧૮૯

ભિક્ષુ, રાગ અને દ્વેષથી અર્જિત પાપકર્મનો તપ દ્વારા જે રીતે ક્ષય કરે છે, તેને તમે એકાગ્ર મનથી સાંભળો.

સૂત્ર-૧૧૯૦, ૧૧૯૧

પ્રાણવધ, મૃષાવાદ, અદત્ત, મૈથુન, પરિગ્રહ અને રાત્રિભોજનની વિરતીથી જીવો આશ્રવ રહિત થાય છે.

પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, અકાય, જિતેન્દ્રિય, ગારવરહિત, શલ્ય રહિતતાથી જીવો અનાશ્રવ થાય.

સૂત્ર-૧૧૯૨ થી ૧૧૯૪

ઉક્ત ધર્મસાધનાથી વિપરીત આચરણ કરવાથી રાગ-દ્વેષથી અર્જિત કર્મોને ભિક્ષુ કયા પ્રકારે ક્ષીણ કરે છે, તેને એકાગ્ર મનથી સાંભળો – કોઈ મોટા તળાવનું પાણી, પાણી આવવાનો માર્ગ રોકવાથી અને પહેલાનું પાણી ઉલેચવાથી અને સૂર્યના તાપથી ક્રમશઃ જેમ સૂકાઈ જાય છે. તે જ પ્રકારે સંયતના કરોડો ભવોના સંચિત કર્મ, પાપકર્મોને આવવાનો માર્ગ રોકવાથી અને તપથી નષ્ટ થાય છે.

સૂત્ર-૧૧૯૫

તે તપ બે ભેદે કહેલ છે, બાહ્ય અને અભ્યંતર. બાહ્ય તપ છ ભેદે કહેલ છે, એ પ્રમાણે જ અભ્યંતર તપના પણ છ ભેદ છે.

સૂત્ર-૧૧૯૬

અનશન, ઉણોદરિકા, ભિક્ષાચર્યા, રસપરિત્યાગ, કાયકલેશ અને સંલીનતા, આ છ ભેદે બાહ્ય તપ છે.

સૂત્ર-૧૧૯૭ થી ૧૨૦૧

૧૧૯૭. અનશન તપ બે પ્રકારે છે – ઈત્વરિક અને મરણકાળ. તેમાં ઈત્વરિક સાવકાંક્ષ હોય અને મરણકાળ નિરવકાંક્ષ હોય છે.

૧૧૯૮. સંક્ષેપથી ઈત્વરિક તપ છ પ્રકારે હોય છે – શ્રેણિતપ, પ્રતરતપ, ધનતપ, વર્ગતપ.

૧૧૯૯. વર્ગ વર્ગતપ અને છઠ્ઠો પ્રકીર્ણતપ. આ પ્રમાણે મનોવાંછિત વિવિધ પ્રકારના ફળને દેનારો ઈત્વરિક અનશન તપ જાણવો.

૧૨૦૦. કાય ચેષ્ટાના આધારે મરણકાળ સંબંધી અનશનના બે ભેદ છે – સવિચાર અને અવિચાર.

૧૨૦૧. અથવા મરણકાળ અનશનના સપરિકર્મ અને અપરિકર્મ બે ભેદ છે. અવિચાર અનશનના નિર્હારી અને અનિર્હારી એ બે ભેદો પણ હોય છે. બંનેમાં આહારનો ત્યાગ હોય છે.

સૂત્ર-૧૨૦૨ થી ૧૨૧૨

૧૨૦૨. સંક્ષેપમાં ઉનોદરિકા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પર્યાયોની અપેક્ષાથી પાંચ પ્રકારે છે.

૧૨૦૩. જેનો જેટલો આહાર હોય તેમાં એક સિક્થ – એક કોળિયો આદિ રૂપે જે ઓછું ભોજન કરવું તે દ્રવ્ય ઉણોદરી છે.

૧૨૦૪. ગામ, નગર, રાજધાની, નિગમ, આકર, પલ્લી, ખંડ, કર્બટ, દ્રોણમુખ, પતન, મંડપ, સંબાધ.

૧૨૦૫. આશ્રમપદ, વિહાર, સંનિવેશ સમાજ, ઘોષ, સ્થલી, સેનાની છાવણી, સાર્થ, સંવર્ત, કોટ,

૧૨૦૬. વાડ, રથ્યા, ઘર. આ ક્ષેત્રોમાં તથા આવા પ્રકારના બીજા ક્ષેત્રોમાં નિર્ધારિત ક્ષેત્ર પ્રમાણ અનુસાર ભિક્ષાર્થે જવું તે ક્ષેત્ર ઉણોદરી છે. અથવા

૧૨૦૭. પેટા, અર્ધપેટા, ગોમૂત્રિકા, પતંગવીથિકા, શંબૂકાવર્તા આયત-ગત્વા પ્રત્યાગતા છ પ્રકારે ક્ષેત્ર

ઉણોદરી છે.

૧૨૦૮. દિવસના ચાર પ્રહર હોય છે. તે ચાર પ્રહરોમાં ભિક્ષાનો જે નિયત કાળ હોય, તદનુસાર ભિક્ષા તે માટે જવું, તેને કાળ ઉણોદરી કહે છે.

૧૨૦૯. અથવા કંઈક ન્યૂન ત્રીજા પ્રહરમાં ભિક્ષાની એષણા કરવી. તે કાળથી ઉણોદરી છે.

૧૨૧૦. સ્ત્રી કે પુરુષ, અલંકૃત અથવા અનલંકૃત, વિશિષ્ટ આયુ અને અમુક વર્ણના વસ્ત્ર.

૧૨૧૧. અથવા અમુક વિશિષ્ટ વર્ણ અને ભાવથી યુક્ત દાતા પાસેથી જ ભિક્ષા ગ્રહણ કરવી, અન્યથા ન કરવી. આવા પ્રકારની ચર્યાવાળા મુનિને ભાવથી ઉણોદરી તપ છે.

૧૨૧૨. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં જે જે પર્યાય કથન કરેલ છે, તે બધાથી ઉણોદરી તપ કરનાર ભિક્ષુ પર્યવચરક હોય છે.

**સૂત્ર-૧૨૧૩**

આઠ પ્રકારના ગોચરાગ્ર, સાત પ્રકારે એષણા અને અન્ય અનેક પ્રકારના અભિગ્રહ તે ભિક્ષાચર્યા તપ છે. વૃત્તિસંક્ષેપ તપ છે..

**સૂત્ર-૧૨૧૪**

દૂધ, દહીં, ઘી આદિ પ્રણિત પાન, ભોજન તથા રસોનો ત્યાગ તેને રસ પરિત્યાગ કહે છે.

**સૂત્ર-૧૨૧૫**

આત્માને સુખાવહ જે વીરાસન આદિ ઉગ્ર આસનોનો અભ્યાસ તેને 'કાયકલેશ' તપ કહેલો છે.

**સૂત્ર-૧૨૧૬**

એકાંત, અનાપાત તથા સ્ત્રી-પશુ આદિ રહિત શયન અને આસન ગ્રહણ કરવા. તે વિવિક્ત શયનાસન - સંલીનતા તપ છે.

**સૂત્ર-૧૨૧૭**

સંક્ષેપથી આ બાહ્ય તપનું વ્યાખ્યાન કહ્યું. હવે અનુક્રમથી અભ્યંતર તપનું નિરૂપણ કરીશ –

**સૂત્ર-૧૨૧૮**

પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, વ્યુત્સર્ગ આ અભ્યંતર તપ છે.

**સૂત્ર-૧૨૧૯ થી ૧૨૨૪**

૧૨૧૯. આલોચનાર્હ આદિ દશ પ્રકારે પ્રાયશ્ચિત્ત, જેનું ભિક્ષુ સમ્યક્ પ્રકારે પાલન કરે છે, તે પ્રાયશ્ચિત્ત તપ.

૧૨૨૦. અભ્યુત્થાન અંજલિકરણ, આસન આપવું, ગુરુ ભક્તિ, ભાવ શુશ્રૂષા આને વિનય તપ જાણવો.

૧૨૨૧. આચાર્ય આદિ સંબંધિત દશ પ્રકારની વૈયાવૃત્યનું યથાશક્તિ આસેવન કરવું તે વૈયાવચ્ચ તપ છે.

૧૨૨૨. વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એ પાંચ ભેદે સ્વાધ્યાય કહેલ છે.

૧૨૨૩. આર્ત્ત અને રૌદ્રને છોડીને, સુસમાહિત થઈને જે ધર્મ અને શુક્લ ધ્યાનને ધ્યાવવું, તેને જ્ઞાનીજનો ધ્યાન તપ કહે છે.

૧૨૨૪. શયન, આસન, સ્થાનમાં જે ભિક્ષુ શરીરથી વ્યર્થ ચેષ્ટા ન કરે, તે શરીર વ્યુત્સર્ગ, નામેછઠ્ઠો તપ છે.

**સૂત્ર-૧૨૨૫**

જે પંડિત મુનિ બંને પ્રકારના તપનું સમ્યક્ આચરણ કરે છે, તે જલદી સર્વ સંસારથી વિમુક્ત થઈ જાય છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૩૦ નો અનુવાદ પૂર્ણ**

# અધ્યયન-૩૧ 'ચરણવિધિ'

**સૂત્ર-૧૨૨૬**

જીવને સુખ પ્રદાન કરનારી ચરણવિધિને હું કહીશ, જેનું આચરણ કરીને ઘણા જીવો સંસારસાગર તરી ગયા છે

**સૂત્ર-૧૨૨૭ થી ૧૨૪૫**

૧૨૨૭. સાધકે એક તરફથી નિવૃત્તિ અને એક તરફથી પ્રવૃત્તિ કરવી જોઈએ. અસંયમથી નિવૃત્તિ અને સંયમમાં પ્રવૃત્તિ.

૧૨૨૮. પાપકર્મના પ્રવર્તક રાગ અને દ્વેષ છે. આ બે પાપકર્મોના જે ભિક્ષુ સદા નિરોધ કરે છે, તે સંસારમાં રોકાતો નથી.

૧૨૨૯. ત્રણ દંડ, ત્રણ ગારવ, ત્રણ શલ્યોનો જે ભિક્ષુ સદૈવ ત્યાગ કરે છે, તે સંસારમાં રોકાતા નથી.

૧૨૩૦. દેવ, તિર્યંચ અને મનુષ્ય સંબંધી ઉપસર્ગોને જે ભિક્ષુ સદા સહન કરે છે, તે સંસારમાં રોકાતા નથી.

૧૨૩૧. જે ભિક્ષુ વિકથાઓનો, કષાયોનો, સંજ્ઞાઓનો અને બંને અશુભ ધ્યાનોનું સદા વર્જન કરે છે, તે સંસારમાં રોકાતા નથી.

૧૨૩૨. જે ભિક્ષુ વ્રતો અને સમિતિઓના પાલનમાં તથા ઈન્દ્રિય વિષયો અને ક્રિયાઓના પરિહારમાં સદા યત્નશીલ રહે છે, તે સંસારમાં રોકાતા નથી.

૧૨૩૩. જે ભિક્ષુ છ લેશ્યા, છ કાય, છ આહાર કારણોમાં સદા ઉપયોગવંત રહે છે, તે સંસારમાં રોકાતા નથી.

૧૨૩૪. પિંડાવગ્રહોમાં, સાત આહાર પ્રતિમામાં, સાત ભયસ્થાનોમાં સદા ઉપયોગવંત રહે છે, તે સંસારમાં રોકાતા નથી.

૧૨૩૫. મદ સ્થાનોમાં, બ્રહ્મચર્ય ગુપ્તિમાં, દશવિધ ભિક્ષુ ધર્મમાં, જે ભિક્ષુ સદા ઉપયોગવંત રહે છે, તે સંસારમાં રોકાતા નથી.

૧૨૩૬. ઉપાસકોની પ્રતિમાઓમાં, ભિક્ષુ પ્રતિમાઓમાં જે ભિક્ષુ સદા ઉપયોગવંત રહે છે, તે સંસારમાં રોકાતા નથી.

૧૨૩૭. ક્રિયાઓમાં, જીવ સમુદાયોમાં, પરમાધાર્મિક દેવોમાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રોકાતા નથી.

૧૨૩૮. ગાથા ષોડશકમાં અને અસંયમમાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રોકાતો નથી.

૧૨૩૯. બ્રહ્મચર્યમાં, જ્ઞાત અધ્યયનોમાં, અસમાધિ સ્થાનોમાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રોકાતો નથી.

૧૨૪૦. એકવીશ શબલ દોષોમાં, બાવીશ પરીષહોમાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રોકાતા નથી.

૧૨૪૧. સૂયગડાંગના ત્રેવીશ અધ્યયનોમાં, રૂપાધિકમાં અને દેવોમાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રોકાતા નથી.

૧૨૪૨. પચ્ચીશ ભાવનાઓમાં, દશા આદિના ઉદ્દેશોમાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રોકાતા નથી.

૧૨૪૩. અણગાર ગુણોમાં અને તથૈવ પ્રકલ્પમાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રોકાતા નથી.

૧૨૪૪. પાપશ્રુત પ્રસંગોમાં અને મોહ પ્રકલ્પમાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રોકાતો નથી.

૧૨૪૫. સિદ્ધોના એકત્રીશ ગુણોમાં, યોગ સંગ્રહમાં, ૩૩–આશાતનામાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં રોકાતો નથી.

**સૂત્ર–૧૨૪૬**

આ પ્રમાણે જે પંડિત ભિક્ષુ આ સ્થાનોમાં સતત ઉપયોગ રાખે છે, તે જલદીથી સંસારથી મુક્ત થઈ જાય છે – તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન–૩૧ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૩૨ 'પ્રમાદ સ્થાન'

સૂત્ર-૧૨૪૭

અનંત અનાદિ કાળથી બધા દુઃખો અને તેના મૂળ કારણોથી મુક્તિનો ઉપાય હું કહી રહ્યો છું. તેને પ્રતિપૂર્ણ ચિત્તથી સાંભળો. તે એકાંત હિતરૂપ છે, કલ્યાણને માટે છે.

સૂત્ર-૧૨૪૮

સંપૂર્ણ જ્ઞાનના પ્રકાશનથી અજ્ઞાન અને મોહના પરિહારથી, રાગ-દ્વેષના પૂર્ણ ક્ષયથી, જીવ એકાંત સુખરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે.

સૂત્ર-૧૨૪૯

ગુરુજનો અને વૃદ્ધોની સેવા કરવી, અજ્ઞાની લોકોના સંપર્કથી દૂર રહેવું, સ્વાધ્યાય કરવો, એકાંતમાં નિવાસ કરવો, સૂત્ર અને અર્થનું ચિંતન કરવું, ધૈર્ય રાખવું, એ દુઃખોથી મુક્તિનો ઉપાય છે.

સૂત્ર-૧૨૫૦

જો શ્રમણ તપસ્વી સમાધિની આકાંક્ષા રાખે છે, તો તે પરિમિત અને એષણીય આહારની ઈચ્છા કરે. તત્ત્વાર્થોને જાણવામાં નિપુણ બુદ્ધિવાળા સાથી શોધે, તથા સ્ત્રી આદિથી વિવેકને યોગ્ય- એકાંત ઘરમાં નિવાસ કરે.

સૂત્ર-૧૨૫૧

જો પોતાનાથી અધિક ગુણોવાળો કે પોતાની સમાન ગુણોવાળો નિપુણ સહાયક ન મળે, તો પાપોનું વર્જન કરતો એવો તથા કામભોગોમાં અનાસક્ત રહેતો એવો એકલો જ વિચરણ કરે.

સૂત્ર-૧૨૫૨ થી ૧૨૫૪

જે પ્રકારે ઇંડાથી બગલી ઉત્પન્ન થાય અને બગલીથી ઇંડુ ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે મોહનું જન્મ સ્થાન તૃષ્ણા છે, તૃષ્ણાનું જન્મ સ્થાન મોહ છે. કર્મના બીજ રાગ અને દ્વેષ છે.

કર્મ મોહથી ઉત્પન્ન થાય છે. તે કર્મ જન્મ અને મરણનું મૂળ છે અને જન્મ મરણ જ દુઃખ છે. જેને મોહ નથી તેણે દુઃખને સમાપ્ત કરી દીધેલ છે.

જેને તૃષ્ણા નથી તેણે મોહને હણી નાંખ્યો છે. જેને લોભ નથી તેણે તૃષ્ણાનો નાશ કરેલ છે. જેની પાસે કંઈ નથી - અકિંચન છે, તેણે લોભને હણેલો છે

સૂત્ર-૧૨૫૫

જે રાગ, દ્વેષ અને મોહનું મૂળથી ઉન્મૂલન ઇચ્છે છે, તેણે જે જે ઉપાયોને ઉપયોગમાં લાવવા જોઈએ, તેને હું ક્રમશઃ કહીશ -

સૂત્ર-૧૨૫૬ થી ૧૨૬૬

૧૨૫૬. રસોનો ઉપયોગ પ્રકામ ન કરવો જોઈએ. રસો પ્રાયઃ મનુષ્યને માટે દપ્તિકર - ઉન્માદ વધારનાર હોય છે. વિષયાસક્ત મનુષ્યોને કામ તે જ રીતે ઉત્પીડિત કરે છે, જેમ સ્વાદુ ફળવાળા વૃક્ષને પક્ષી પીડે છે.

૧૨૫૭. જેમ પ્રચંડ પવનની સાથે પ્રચૂર ઇંધણવાળા વનમાં લાગેલ દાવાનળ શાંત થતો નથી, તે પ્રમાણે પ્રકામ ભોજીનો ઇન્દ્રિયાગ્નિ શાંત થતો નથી. બ્રહ્મચારીને માટે પ્રકામ ભોજન ક્યારેય પણ હિતકર નથી.

૧૨૫૮. જે વિવિક્ત શય્યાસનથી યંત્રિત છે, જે અલ્પભોજી છે, તે જિતેન્દ્રિય છે. તેમના ચિત્તને રાગદ્વેષ પરાજિત કરી શકતા નથી. જેમ ઔષધિથી પરાજિત વ્યાધિ ફરી શરીરને આક્રાંત કરતી નથી.

૧૨૫૯. જે પ્રકારે બિલાડાના નિવાસ સ્થાનો પાસે ઉંદરોનું રહેવું પ્રશસ્ત-હિતકર નથી, તે જ પ્રકારે

સ્ત્રીઓના નિવાસ સ્થાન પાસે બ્રહ્મચારીનું રહેવું પણ પ્રશસ્ત નથી.

૧૨૬૦. શ્રમણ તપસ્વી સ્ત્રીઓના રૂપ, લાવણ્ય, વિલાસ, હાસ્ય, આલાપ, ચેષ્ટા અને કટાક્ષને મનમાં નિવિષ્ટ કરી જોવાનો પ્રયત્ન ન કરે.

૧૨૬૧. જે સદા બ્રહ્મચર્યમાં લીન છે, તેમને માટે સ્ત્રીઓનું અદર્શન, અપ્રાર્થન, અચિંતન, અકિર્તન હિતકર છે. આર્યધ્યાનને માટે ઉપયુક્ત છે.

૧૨૬૨. જો કે ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત મુનિને અલંકૃત દેવીઓ પણ વિચલિત કરી શકતી નથી, તો પણ એકાંત હિતની દૃષ્ટિથી મુનિને માટે વિવિક્તવાસ જ પ્રશસ્ત છે.

૧૨૬૩. મોક્ષાભિકાંક્ષી, સંસારભીરુ અને ધર્મમાં સ્થિત મનુષ્યને માટે લોકમાં એવું કંઈ પણ દુસ્તર નથી, જે પ્રમાણે અજ્ઞાનીઓના મનનું હરણ કરનારી સ્ત્રીઓ દુસ્તર છે.

૧૨૬૪. સ્ત્રી વિષયક આ ઉપર્યુક્ત સંસર્ગોનું સમ્યક્ અતિક્રમણ કરવાથી શેષ સંબંધોનું અતિક્રમણ તેમજ સુખોત્તર થઈ જાય છે, જે પ્રમાણે મહાસાગરને તર્યા પછી ગંગા જેવી નદીઓને તરવી સહેલી છે.

૧૨૬૫. સમસ્ત લોકના દેવતાઓના પણ જે કંઈ પણ શારીરિક અને માનસિક દુઃખ છે, તે બધા કામાશક્તિથી ઉત્પન્ન થાય છે. વીતરાગ આત્મા જ તે દુઃખોનો અંત કરી શકે છે.

૧૨૬૬. જેમ કિંપાક ફળ રસ અને રૂપ-રંગની દૃષ્ટિથી જોવા અને ખાવામાં મનોરમ હોય છે, પણ પરિણામમાં જીવનનો અંત કરી દે છે. કામગુણો પણ અંતિમ પરિણામમાં તેવા જ હોય છે.

## સૂત્ર-૧૨૬૭

સમાધિને ભાવનાવાળા તપસ્વી શ્રમણ ઇન્દ્રિયોના શબ્દ, રૂપ આદિ મનોજ્ઞ વિષયમાં રાગભાવ ન કરે અને ઇન્દ્રિયોના અમનોજ્ઞ વિષયોમાં મનથી પણ દ્વેષભાવ ન કરે.

## સૂત્ર-૧૨૬૮ થી ૧૩૪૫

૧૨૬૮. **ચક્ષુ**નો ગ્રાહ્ય વિષય રૂપ છે, જે રૂપ રાગનું કારણ હોય છે, તેને મનોજ્ઞ કહે છે અને જે રૂપ દ્વેષનું કારણ હોય છે, તેને અમનોજ્ઞ કહે છે. આ બંનેમાં જે સમ છે, તે વીતરાગ છે.

૧૨૬૯. ચક્ષુ રૂપનો ગ્રાહક છે અને રૂપ એ ચક્ષુનો ગ્રાહ્ય વિષય છે, જે રાગનું કારણ છે, તેને મનોજ્ઞ કહે છે અને જે દ્વેષનું કારણ છે, તેને અમનોજ્ઞ કહે છે.

૧૨૭૦. જે મનોજ્ઞ રૂપમાં તીવ્ર રૂપે ગૃદ્ધિ રાખે છે, તે રાગાતુર અકાળમાં જ વિનાશને પ્રાપ્ત થાય છે. જેમ પ્રકાશ લોલુપ પતંગીયુ પ્રકાશના રૂપમાં આસક્ત થઈને મૃત્યુને પ્રાપ્ત કરે છે.

૧૨૭૧. જે અમનોજ્ઞ રૂપ પ્રતિ તીવ્ર રૂપથી દ્વેષ કરે છે, તે તે જ ક્ષણે પોતાના દુર્દાન્ત દ્વેષથી દુઃખને પ્રાપ્ત થાય છે. તેમાં રૂપનો કોઈ અપરાધ નથી.

૧૨૭૨. જે સુંદર રૂપમાં એકાંતે આસક્ત થાય છે અને અતાદૃશ રૂપમાં દ્વેષ કરે છે, તે અજ્ઞાની દુઃખની પીડાને પ્રાપ્ત થાય છે. વિરક્ત મુનિ તેમાં લિપ્ત થતા નથી.

૧૨૭૩. મનોજ્ઞ રૂપની આશાનું અનુગમ જ કરનારો અનેકરૂપ ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. પોતાના પ્રયોજનને અધિક મહત્ત્વ દેનાર ક્લિષ્ટ અજ્ઞાની વિવિધ પ્રકારે તેમને પરિતાપ આપે અને પીડા પહોંચાડે છે.

૧૨૭૪. રૂપમાં અનુપાત અને પરિગ્રહને કારણે રૂપના ઉત્પાદનમાં, સંરક્ષણમાં, સંનિયોગમાં તથ્ય વ્યય અને વિયોગમાં તેને સુખ ક્યાંથી? તેને ઉપભોગકાળમાં પણ તૃપ્તિ મળતી નથી.

૧૨૭૫. રૂપમાં અતૃપ્ત તથા પરિગ્રહમાં આસક્ત અને ઉપસક્ત સંતોષને પામતો નથી. તે અસંતોષ દોષથી દુઃખી અને લોભથી વ્યાકુળ બીજાની વસ્તુને ચોરે છે.

૧૨૭૬. રૂપ અને પરિગ્રહમાં અતૃપ્ત તથા તૃષ્ણાથી અભિભૂત થઈને તે બીજાની વસ્તુનું અપહરણ કરે છે. લોભના દોષથી તેનું કપટ અને જૂઠ વધે છે. પરંતુ કપટ અને જૂઠનો પ્રયોગ કરવા છતાં તે દુઃખથી મુક્ત થતો નથી.

૧૨૭૭. જૂઠ બોલતા પહેલાં, તેના પછી અને બોલવાના સમયમાં પણ તે દુઃખી થાય છે. તેનો અંત પણ દુઃખ રૂપ થાય છે. એ પ્રમાણે રૂપથી અતૃપ્ત થઈને તે ચોરી કરનારો દુઃખી અને આશ્રયહીન થાય છે.

૧૨૭૮. આ પ્રમાણે રૂપમાં અનુરક્ત મનુષ્યને ક્યાં, ક્યારે અને કેટલુ સુખ થશે? જે પામવાને માટે મનુષ્ય દુઃખ ભોગવે છે, તેના ઉપભોગમાં પણ કલેશ અને દુઃખ જ થાય છે.

૧૨૭૯. આ પ્રમાણે રૂપ પ્રતિ દ્વેષ કરનાર પણ ઉત્તરોત્તર અનેક દુઃખોની પરંપરાને પ્રાપ્ત થાય છે. દ્વેષયુક્ત ચિત્તથી જે કર્મોનું ઉપાર્જન કરે છે, તે વિપાકના સમયમાં દુઃખનું કારણ બને છે.

૧૨૮૦. રૂપમાં વિરક્ત મનુષ્ય શોક સહિત થાય છે. તે સંસારમાં રહેવા છતાં પણ લિપ્ત થતો નથી. જેમ જળાશયમાં કમળનું પત્ર જળથી લિપ્ત થતું નથી.

૧૨૮૧. **શ્રોત્ર**નું ગ્રહણ શબ્દ છે, જે શબ્દ રાગમાં કારણ છે, તેને મનોજ્ઞ કહે છે. જે શબ્દ દ્વેષમાં કારણ છે, તેને અમનોજ્ઞ કહે છે. તેમાં જે સમ છે તે વીતરાગ છે.

૧૨૮૨. શ્રોત્ર શબ્દનો ગ્રાહક છે. શબ્દ શ્રોત્રનો ગ્રાહ્ય છે. જે રાગનું કારણ છે, તેને મનોજ્ઞ કહે છે, દ્વેષનું કારણ તે અમનોજ્ઞ કહેવાય છે.

૧૨૮૩. જે મનોજ્ઞ શબ્દમાં તીવ્ર રૂપે આસક્ત છે, તે રાગાતુર અકાળમાં જ વિનાશને પામે છે. જેમ શબ્દમાં અતૃપ્ત મુગ્ધ હરણ મૃત્યુને પામે છે.

૧૨૮૪. જે અમનોજ્ઞ શબ્દ પ્રતિ દ્વેષ કરે છે, તે તે જ ક્ષણે પોતાના દુર્દાન્ત દ્વેષથી દુઃખી થાય છે, તેમાં શબ્દનો કોઈ અપરાધ નથી.

૧૨૮૫. જે પ્રિય શબ્દોમાં એકાંત આસક્ત થાય છે અને અપ્રિય શબ્દોમાં દ્વેષ કરે છે, તે અજ્ઞાની દુઃખની પીડાને પ્રાપ્ત થાય છે. વિરક્ત મુનિ તેમાં લેપાતા નથી.

૧૨૮૬. શબ્દની આશાનો અનુગામી અનેક રૂપ ચરાચર જીવોની હિંસા કરે છે. પોતાના પ્રયોજનને જ મુખ્ય માનનારો ક્લિષ્ટ અજ્ઞાની વિવિધ પ્રકારે તેને પરિતાપ આપે છે, પીડા પહોંચાડે છે.

૧૨૮૭. શબ્દમાં અનુરાગ અને મમત્વના કારણે શબ્દના ઉત્પાદનમાં, સંરક્ષણમાં, સંનિયોગમાં તથા વ્યય અને વિયોગમાં તેને સુખ ક્યાં છે ? તેને ઉપભોગ કાળમાં પણ તૃપ્તિ મળતી નથી.

૧૨૮૮. શબ્દમાં અતૃપ્ત તથા પરિગ્રહમાં આસક્ત અને ઉપસક્ત સંતોષને પ્રાપ્ત થતા નથી. તે અસંતોષના દોષથી દુઃખી અને લોભગ્રસ્ત બીજાની વસ્તુને ચોરે છે.

૧૨૮૯. શબ્દ અને પરિગ્રહમાં અતૃપ્ત, તૃષ્ણાથી પરાજિત બીજાની વસ્તુઓનું અપહરણ કરે છે. લોભના દોષથી કપટ અને જૂઠ વધે છે. કપટ અને જૂઠથી પણ તે દુઃખથી મુક્ત થતો નથી.

૧૨૯૦. જૂઠ બોલતા પહેલાં, બોલ્યા પછી અને બોલતી વખતે પણ તે દુઃખી થાય છે. તેનો અંત પણ દુઃખમય છે. આ પ્રમાણે શબ્દમાં અતૃપ્ત ચોરી કરતો એવો દુઃખી અને આશ્રયહીન થઈ જાય છે.

૧૨૯૧. આ પ્રમાણે શબ્દમાં અનુરક્તને ક્યાં ? ક્યારે ? અને કેટલું સુખ થશે ? જે ઉપભોગને માટે તે દુઃખ સહે છે, તે ઉપભોગમાં પણ કલેશ અને દુઃખ જ થાય છે.

૧૨૯૨. આ પ્રમાણે જે અમનોજ્ઞ શબ્દ પ્રતિ દ્વેષ કરે છે, તે ક્રમશઃ અનેક દુઃખોની પરંપરાને પામે છે. દ્વેષયુક્ત ચિત્તથી જે કર્મોનું ઉપાર્જન કરે છે, તે જ કર્મો વિપાકના સમયમાં દુઃખનું કારણ બને છે.

૧૨૯૩. શબ્દમાં વિરક્ત મનુષ્ય શોક રહિત થાય છે તે સંસારમાં રહેવા છતાં પણ લેપાતો નથી. જેમ

જળાશયમાં કમલપત્ર જળથી

૧૨૯૪ થી ૧૩૦૬. **ઘ્રાણ**નો વિષય ગંધ છે, જે ગંધ રાગમાં કારણ છે, તેને મનોજ્ઞ કહે છે અને જે ગંધ દ્વેષમાં કારણ થાય છે તેને અમનોજ્ઞ કહે છે ઇત્યાદિ – ૧૩ – સૂત્રોને ચક્ષુ અને શ્રોત્રમાં કહેલા ૧૩–૧૩ સૂત્રોની માફક જ કહેવા. માત્ર ચક્ષુ કે શ્રોત્રના સ્થાને ઘ્રાણ કહેવું તથા રૂપ અને શબ્દના સ્થાને 'ગંધ' કહેવી. બાકી આલાવા પૂર્વવત્.

૧૩૦૭ થી ૧૩૧૯. **જિહ્વા**નો વિષય રસ છે. જે રસ રાગમાં કારણ છે, તેને મનોજ્ઞ કહે છે અને જે રસ દ્વેષનું કારણ છે, તેને અમનોજ્ઞ કહે છે ઇત્યાદિ – ૧૩ – સૂત્રોને ચક્ષુ અને શ્રોત્રમાં કહેલા ૧૩–૧૩ સૂત્રોની માફક જ કહેવા. માત્ર ચક્ષુ કે શ્રોત્રના સ્થાને જિહ્વા કહેવું. તથા રૂપ અને શબ્દના સ્થાને 'રસ' કહેવો. બાકી આલાવા પૂર્વવત્.

૧૩૨૦ થી ૧૩૩૨. કાયાનો વિષય **સ્પર્શ** છે. જે સ્પર્શ રાગનું કારણ છે, તેને મનોજ્ઞ કહે છે, જે સ્પર્શ દ્વેષનું કારણ છે તેને અમનોજ્ઞ કહે છે ઇત્યાદિ – ૧૩ – સૂત્રોને ચક્ષુ અને શ્રોત્રમાં કહેલાં ૧૩–૧૩ સૂત્રોની માફક જ કહેવા. માત્ર ચક્ષુ કે શ્રોત્રના સ્થાને 'કાય' કહેવું. તથા રૂપ અને શબ્દના સ્થાને 'સ્પર્શ' કહેવો. બાકી આલાવા પૂર્વવત્.

૧૩૩૩ થી ૧૩૪૫. મનનો વિષય **ભાવ** છે. જે ભાવ રાગમાં કારણ છે, તેને મનોજ્ઞ કહે છે, જે ભાવ દ્વેષનું કારણ છે, તેને અમનોજ્ઞ કહે છે ઇત્યાદિ – ૧૩ – સૂત્રોને ચક્ષુ અને શ્રોત્રમાં કહેલા ૧૩–૧૩ સૂત્રોની માફક જ કહેવા. માત્ર ચક્ષુ અને શ્રોત્રના સ્થાને 'મન' કહેવું તથા રૂપ અને શબ્દના સ્થાને 'ભાવ' કહેવો. બાકી પૂર્વવત્.

સૂત્ર–૧૩૪૬

આ પ્રમાણે રાગી મનુષ્યને માટે ઇન્દ્રિય અને મનના જે વિષયો દુઃખનો હેતુ છે, તે જ વીતરાગ માટે ક્યારેય પણ, કિંચિત માત્ર પણ દુઃખના કારણ થતા નથી.

સૂત્ર–૧૩૪૭

કામભોગો સમભાવ પણ લાવતા નથી કે વિકૃતિ પણ લાવતા નથી. જે તેના પ્રત્યે દ્વેષ અને મમત્વ રાખે છે, તે તેમાં મોહને કારણે વિકૃતિને પ્રાપ્ત થાય છે.

સૂત્ર–૧૩૪૮, ૧૩૪૯

ક્રોધ, માન, માયા, લોભ, જુગુપ્સા, અરતિ, રતિ, હાસ્ય, ભય, શોક, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ તથા વિવિધ ભાવોને...

અનેક પ્રકારના વિકારોને, તેનાથી ઉત્પન્ન અન્ય કુપરિણામોને તે પ્રાપ્ત થાય છે. જે કામગુણોમાં આસક્ત છે અને તે કરુણાસ્પદ, દીન, લજ્જિત અને અપ્રિય પણ હોય છે.

સૂત્ર–૧૩૫૦

શરીરની સેવા આદિ સહાયની લિપ્સાથી કલ્પ્ય શિષ્યની પણ ઇચ્છા ન કરે, દીક્ષિત થયા પછી અનુતપ્ત થઈને તપના પ્રભાવની ઇચ્છા ન કરે. ઇન્દ્રિય રૂપી ચોરોને વશીભૂત જીવ અનેક પ્રકારના અપરિમિત વિકારોને પ્રાપ્ત કરે છે.

સૂત્ર–૧૩૫૧

વિકારો થયા પછી મોહરૂપી મહાસાગરમાં ડૂબાડવાને માટે વિષય આસેવન અને હિંસાદિ અનેક પ્રયોજન ઉપસ્થિત થાય છે ત્યારે તે સુખાભિલાષી રાગી જીવ દુઃખથી મુક્ત થવાને માટે પ્રયત્ન કરે છે.

સૂત્ર–૧૩૫૨

ઇન્દ્રિયોના જેટલા પણ શબ્દાદિ વિષયો છે તે બધા વિરક્ત વ્યક્તિના મનમાં મનોજ્ઞતા કે અમનોજ્ઞતા

ઉત્પન્ન કરતા નથી.

સૂત્ર–૧૩૫૩

'પોતાના સંકલ્પ–વિકલ્પો જ બધા દોષોના કારણ છે. ઇન્દ્રિયોના વિષયો નહીં.' - એવો જે સંકલ્પ કરે છે, તેના મનમાં સમતા જાગૃત થાય છે અને તેનાથી તેની કામગુણ તૃષ્ણા ક્ષીણ થાય છે.

સૂત્ર–૧૩૫૪

તે કૃતકૃત્ય વીતરાગ આત્મા ક્ષણભરમાં જ્ઞાનાવરણનો ક્ષય કરે છે. દર્શનાવરણને હટાવે છે અને અંતરાય કર્મોને દૂર કરે છે.

સૂત્ર–૧૩૫૫

ત્યારપછી તે બધું જાણે છે અને જુએ છે, તથા મોહ અને અંતરાયથી રહિત થાય છે. નિરાશ્રવી અને શુદ્ધ થાય છે. ધ્યાન સમાધિથી સંપન્ન થાય છે. આયુનો ક્ષય થતાં મોક્ષને પામે છે.

સૂત્ર–૧૩૫૬

જે જીવને સદૈવ બાધા આપતા રહે છે, તે બધા દુઃખોથી તથા દીર્ઘકાલીન કર્મોથી મુક્ત થાય છે. ત્યારે તે પ્રશસ્ત, અત્યંત સુખી તથા કૃતાર્થ થાય છે.

સૂત્ર–૧૩૫૭

અનાદિ કાળથી ઉત્પન્ન થતા સર્વે દુઃખોથી મુક્તિનો આ માર્ગ બતાવેલ છે. તેને સમ્યક્ પ્રકારે સ્વીકારીને જીવ ક્રમશઃ અત્યંત સુખી થાય છે – તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન–૩૨ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૩૩ 'કર્મપ્રકૃતિ'

**સૂત્ર-૧૩૫૮**

હું આનુપૂર્વી ક્રમાનુસાર આઠ કર્મોનું વર્ણન કરીશ. જેનાથી બંધાયેલો આ જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.

**સૂત્ર-૧૩૫૯, ૧૩૬૦**

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુકર્મ. નામકર્મ, ગોત્ર અને અંતરાય. સંક્ષેપથી આ આઠ કર્મો છે.

**સૂત્ર-૧૩૬૧ થી ૧૩૭૨**

૧૩૬૧) જ્ઞાનાવરણ કર્મ પાંચ પ્રકારે છે – શ્રુત, આભિનિબોધિક, અવધિ, મન અને કેવલ પાંચે સાથે જ્ઞાનાવરણ શબ્દ જોડવો.)

૧૩૬૨, ૧૩૬૩) નિદ્રા, પ્રચલા, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિ તે પાંચમી. ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલ દર્શનાવરણ એ ચાર. બંને મળીને દર્શનાવરણ કર્મના નવ ભેદો છે.

૧૩૬૪) વેદનીય કર્મના બે ભેદ છે – સાતા અને અસાતા. સાતા અને અસાતા વેદનીયના અનેક ભેદો છે.

૧૩૬૫ થી ૧૩૬૮) મોહનીય કર્મના પણ બે ભેદો છે – દર્શન અને ચારિત્ર મોહનીય. દર્શન મોહનીયના ત્રણ ભેદ અને ચારિત્રમોહનીયના બે ભેદ છે. દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિઓ છે – સમ્યક્ત્વ મોહનીય, મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીય. ચારિત્ર મોહનીયના બે ભેદ છે – કષાય મોહનીય અને નોકષાય મોહનીય. કષાય મોહનીય કર્મના સોળ ભેદ છે અને નોકષાય મોહનીય કર્મના નવ ભેદો છે.

૧૩૬૯) આયુકર્મના ચાર ભેદ છે – નૈરયિકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ.

૧૩૭૦) નામકર્મના બે ભેદ છે–શુભ નામ અને અશુભ નામ. શુભ નામ અને અશુભ નામના પણ ઘણા ભેદો છે.

૧૩૭૧) ગોત્રકર્મના બે ભેદો છે – ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર. ઉચ્ચ ગોત્ર આઠ ભેદે છે અને નીચ ગોત્ર પણ આઠ ભેદે છે.

૧૩૭૨) સંક્ષેપથી અંતરાય કર્મના પાંચ ભેદો છે – દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય.

**સૂત્ર-૧૩૭૩**

આ કર્મોની મૂળ પ્રકૃતિઓ અને ઉત્તર પ્રકૃતિઓ કહી. આનાથી આગળ તેના પ્રદેશાગ્ર – દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને સાંભળો.

**સૂત્ર-૧૩૭૪**

એક સમયમાં બદ્ધ થનારા બધા કર્મોના કર્મપુદ્ગલ રૂપ દ્રવ્ય અનંત હોય છે. તે ગ્રંથિભેદ ન કરનારા અનંત અભવ્ય જીવોથી અનંત ગુણ અધિક અને સિદ્ધોના અનંતમાં ભાગ જેટલું હોય છે.

**સૂત્ર-૧૩૭૫**

બધા જીવોને માટે સંગ્રહ કર્મપુદ્ગલ છે. એ દિશાઓમાં આત્માથી સ્પૃષ્ટ બધા આકાશ પ્રદેશોમાં છે. તે બધા કર્મ પુદ્ગલ બંધના સમયે આત્માના બધા પ્રદેશોની સાથે બદ્ધ થાય છે.

**સૂત્ર-૧૩૭૬ થી ૧૩૮૦**

૧૩૭૬, ૧૩૭૭) જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય કર્મની આ સ્થિતિ બતાવેલી છે –

ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ – કોડાકોડી સાગરોપમની છે. જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. ૧૩૭૮) મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે. ૧૩૭૯) આયુકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ – ૩૩ સાગરોપમ છે, જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે. ૧૩૮૦) નામ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ – કોડાકોડી સાગરોપમ છે અને જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત છે.

**સૂત્ર–૧૩૮૧, ૧૩૮૨**

સિદ્ધોના અનંતમાં ભાગ જેટલા કર્મોના અનુભાગ છે. બધા અનુભાગોના પ્રદેશ પરિમાણ બધા જીવોથી અધિક છે. તેથી આ કર્મોના અનુભાગોને જાણીને બુદ્ધિમાન સાધક કર્મોનો સંવર અને ક્ષય કરવાનો પ્રયત્ન કરે – તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન–૩૩ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૩૪ 'લેશ્યા'

**સૂત્ર–૧૩૮૩**

હું આનુપૂર્વીના ક્રમાનુસાર લેશ્યા અધ્યયનનું નિરૂપણ કરીશ. મારી પાસે છ લેશ્યાના અનુભાવોને સાંભળો.

**સૂત્ર–૧૩૮૪**

લેશ્યાના નામ, વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, પરિણામ, લક્ષણ, સ્થાન, સ્થિતિ, ગતિ, આયુષ્ય મારી પાસેથી સાંભળો

**સૂત્ર–૧૩૮૫**

લેશ્યાઓના નામો ક્રમશઃ આ પ્રમાણે છે – કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ.

**સૂત્ર–૧૩૮૬ થી ૧૩૯૧**

૧૩૮૬. કૃષ્ણલેશ્યાનો વર્ણ સ્નિગ્ધ અર્થાત્ સજળમેઘ, ભેંસનું શીંગડું, અરીઠા, ખંજન, અંજન અને આંખની કીકી સમાન કાળો છે.

૧૩૮૭. નીલલેશ્યાનો વર્ણ– નીલ અશોક વૃક્ષ, ચાસ પક્ષીની પાંખ અને સ્નિગ્ધ વૈડૂર્યમણિ સમાન નીલો છે

૧૩૮૮. કાપોતલેશ્યાનો વર્ણ – અલસીના ફૂલ, કોયલની પાંખ, કબૂતરની ડોકના વર્ણ સમાન કાળા અને લાલ જેવો મિશ્રિત છે.

૧૩૮૯. તેજોલેશ્યાનો વર્ણ–હિંગુલ, ગેરુ, ઉદય પામતો સૂર્ય, પોપટની ચાંચ, પ્રદીપની લવ સમાન લાલ હોય

૧૩૯૦. પદ્મ લેશ્યાનો વર્ણ – હરિતાલ અને હળદરના ખંડ, શણ અને અશનના ફૂલ સમાન પીળો હોય છે.

૧૩૯૧. શુક્લ લેશ્યાનો વર્ણ – શંખ, ચક્રરત્ન. કુંદપુષ્પ, દૂધધારા, ચાંદીના હાર સમાન શ્વેત હોય છે.

**સૂત્ર–૧૩૯૨ થી ૧૩૯૭**

૧૩૯૨. કડવી તુંબડી, લીમડા, કડવી રોહિણીનો રસ જેટલો કડવો હોય છે તેનાથી અનંત ગુણ અધિક કડવો કૃષ્ણ લેશ્યાનો રસ હોય છે.

૧૩૯૩. ત્રિકટુ અને ગજપીપલનો રસ જેટલો તીખો છે, તેનાથી અનંતગુણ અધિક તીખો રસ નીલ લેશ્યાનો હોય છે.

૧૩૯૪. કાચી કેરી અને કાચા કપિત્થનો રસ જેટલો કસાયેલો હોય છે તેનાથી અનંતગુણ અધિક કસાયેલો કાપોત લેશ્યાનો રસ હોય.

૧૩૯૫. પાકી કેરી અને પાકા કપિત્થનો રસ જેટલો ખાટોમીઠો હોય છે, તેનાથી અનંતગુણ અધિક ખટમીઠો તેજોલેશ્યાનો રસ હોય છે.

૧૩૯૬. ઉત્તમ સુરા, ફૂલોના બનેલા વિવિધ આસવ, મધુ, મૈરેયક રસ જેવો અમલ હોય તેનાથી અનંતગુણ અધિક અમ્લ પદ્મલેશ્યાનો રસ હોય.

૧૩૯૭. ખજૂર, દ્રાક્ષ, દૂધ, ખાંડ અને સાકરનો રસ જેટલો મીઠો છે, તેનાથી અનંતગુણ અધિક મીઠો રસ શુક્લ લેશ્યાનો હોય છે.

**સૂત્ર–૧૩૯૮, ૧૩૯૯**

ગાય, કૂતરા, સર્પના મરેલા શરીરની જેવી દુર્ગંધ હોય છે, તેનાથી અનંતગુણ અધિક દુર્ગંધ ત્રણે અપ્રશસ્ત લેશ્યાઓની હોય છે.

..... સુગંધી ફૂલ, પીસાતા સુગંધી પદાર્થોની જેવી ગંધ છે, તેનાથી અનંત ગુણ અધિક સુગંધ ત્રણે પ્રશસ્ત લેશ્યાની હોય છે.

### સૂત્ર-૧૪૦૦ , ૧૪૦૧

કરવત, ગાયની જીભ, શાકવૃક્ષના પાનનો સ્પર્શ જેવો કર્કશ હોય છે, તેનાથી અનંતગણો અધિક કર્કશ સ્પર્શ ત્રણ અપ્રશસ્ત લેશ્યાઓનો હોય છે.

બૂર, નવનીત, શિરીષ પુષ્પોનો સ્પર્શ જેવો કોમળ હોય છે, તેનાથી અનંતગણો કોમળ સ્પર્શ ત્રણ પ્રશસ્ત લેશ્યાઓનો છે.

### સૂત્ર-૧૪૦૨

લેશ્યાઓના ત્રણ, નવ, સત્તાવીશ, એક્યાશી કે બસો તેતાલીશ પરિણામો હોય છે.

### સૂત્ર-૧૪૦૩ થી ૧૪૧૪

૧૪૦૩, ૧૪૦૪. જે મનુષ્ય પાંચ આશ્રવોમાં પ્રવૃત્ત છે. ત્રણ ગુપ્તિઓમાં અગુપ્ત છે, છ કાયમાં અવિરત છે, તીવ્ર આરંભમાં સંલગ્ન છે, ક્ષુદ્ર છે, અવિવેકી છે, નિઃશંક પરિણામવાળા છે, નૃશંસ છે, અજિતેન્દ્રિય છે,

આ બધા યોગોથી યુક્ત છે, તે કૃષ્ણ લેશ્યા પરિણત હોય છે.

૧૪૦૫, ૧૪૦૬. જે ઈર્ષ્યાળુ છે, અમર્ષ છે, અતપસ્વી છે, અજ્ઞાની છે, માયાવી છે, લજ્જા રહિત છે, વિષયા-સક્ત છે, દ્વેષી છે, ધૂર્ત છે, પ્રમાદી છે, રસલોલુપ છે, સુખનો ગવેષક છે, આરંભથી અવિરત છે, ક્ષુદ્ર છે, દુઃસાહસી છે –

આ બધા યોગોથી યુક્ત મનુષ્ય નીલ લેશ્યામાં પરિણત હોય.

૧૪૦૭, ૧૪૦૮. જે મનુષ્ય વક્ર છે, આચાર વક્ર છે, કપટ કરે છે, સરળતા રહિત છે, પ્રતિકુંચક છે, પોતાના દોષોને છૂપાવે છે, ઔપધિક છે, સર્વત્ર છદ્મનો પ્રયોગ કરે છે, મિથ્યાદષ્ટિ છે, અનાર્ય છે, ઉત્પ્રાસક છે, દુષ્ટ વચનો બોલે છે, ચોર છે, મત્સરી છે –

આ બધા યોગોથી યુક્ત તે કાપોત લેશ્યામાં પરિણત હોય છે.

૧૪૦૯, ૧૪૧૦. જે નમ્ર છે, અચપલ છે, માયા રહિત છે, અકુતૂહલ છે, વિનય કરવામાં નિપુણ છે, દાંત છે, યોગવાન છે, ઉપધાનવાન છે, પ્રિયધર્મી છે, દઢ ધર્મી છે, પાપભીરુ છે, હિતૈષી છે –

આ બધા યોગોથી યુક્ત તે તેજો-લેશ્યામાં પરિણત હોય છે.

૧૪૧૧, ૧૪૧૨. ક્રોધ, માન, માયા, લોભ જેના અત્યંત અલ્પ છે, જે પ્રશાંત ચિત્ર છે, પોતાના આત્માનું દમન કરે છે, યોગવાન છે, ઉપધાન કરનાર છે. જે મિતભાષી છે, ઉપશાંત છે, જિતેન્દ્રિય છે –

આ બધા યોગોથી યુક્ત હોય તે પદ્મ લેશ્યામાં પરિણત હોય છે.

૧૪૧૩, ૧૪૧૪. આર્ત્ત અને રૌદ્ર ધ્યાનોને છોડીને જે ધર્મ અને શુક્લધ્યાનમાં લીન છે, જે પ્રશાંત ચિત્ત અને દાંત છે. પાંચ સમિતિથી સમિત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત છે. સરાગ હોય કે વીતરાગ પરંતુ જે ઉપશાંત છે, જિતેન્દ્રિય છે –

આ બધા યોગોથી યુક્ત તે શુક્લ લેશ્યામાં પરિણત હોય છે.

### સૂત્ર-૧૪૧૫

અસંખ્ય અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળના જેટલા સમય હોય છે, અસંખ્ય યોજન પ્રમાણે લોકના જેટલા આકાશ પ્રદેશ હોય છે, તેટલા જ લેશ્યાઓના સ્થાન હોય છે.

### સૂત્ર-૧૪૧૬ થી ૧૪૨૧

૧૪૧૬. કૃષ્ણ લેશ્યાની જઘન્ય સ્થિતિ મુહૂર્ત્તાર્ધ અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક મુહૂર્ત્ત અધિક તેત્રીશ સાગરોપમની હોય છે.

૧૪૧૭. નીલ લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત છે, ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક દશ સાગરોપમ છે.

૧૪૧૮. કાપોત લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાત ભાગ અધિક ત્રણ સાગરોપમ છે.

૧૪૧૯. તેજો લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાત ભાગ અધિક બે સાગરોપમ છે.

૧૪૨૦. પદ્મ લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક મુહૂર્ત્ત અધિક દશ સાગરોપમ છે.

૧૪૨૧. શુક્લ લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત છે, ઉત્કૃષ્ટ સ્થિતિ મુહૂર્ત્ત અધિક તેત્રીશ સાગરોપમ છે.

**સૂત્ર-૧૪૨૨**

લેશ્યાની આ સ્થિતિ ઓઘથી કહી છે. હવે ચારે ગતિમાં આ લેશ્યાની સ્થિતિને કહીશ.

**સૂત્ર-૧૪૨૩ થી ૧૪૩૭**

૧૪૨૩. કાપોત લેશ્યાની સ્થિતિ – જઘન્ય ૧૦૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક ત્રણ સાગરોપમ છે.

૧૪૨૪. નીલ લેશ્યાની સ્થિતિ – જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ અધિક ત્રણ સાગરોપમ, ઉત્કૃષ્ટ પલ્યો-પમનો અસંખ્યાત ભાગ અધિક દશ સાગરોપમ છે.

૧૪૨૫. કૃષ્ણ લેશ્યાની સ્થિતિ – જઘન્ય પલ્યોપમનો અસંખ્યાત ભાગ અધિક દશ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ છે.

૧૪૨૬. નૈરયિક જીવોની લેશ્યાઓની સ્થિતિ વર્ણવી, હવે તિર્યંચ, મનુષ્ય અને દેવોની લેશ્યા સ્થિતિનું વર્ણન કરીશ.

૧૪૨૭. કેવળ શુક્લ લેશ્યાને છોડીને મનુષ્ય અને તિર્યંચોની જેટલી પણ લેશ્યાઓ છે, તે બધાની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત્ત છે.

૧૪૨૮. શુક્લ લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૯૦૦ વર્ષ ન્યૂન એક કરોડ પૂર્વ છે.

૧૪૨૯. મનુષ્ય અને તિર્યંચોની લેશ્યાની સ્થિતિનું આ વર્ણન છે. હવે દેવોની લેશ્યાઓની સ્થિતિનું વર્ણન કરીશ.

૧૪૩૦. કૃષ્ણલેશ્યાની જઘન્ય સ્થિતિ ૧૦૦૦૦ વર્ષ છે, ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે.

૧૪૩૧. કૃષ્ણ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિથી એક સમય અધિક નીલ લેશ્યાની જઘન્ય સ્થિતિ છે, ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગાધિક છે.

૧૪૩૨. નીલ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિથી એક સમયાધિક કાપોત લેશ્યાની જઘન્ય સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાત ભાગાધિક છે.

૧૪૩૩. હવે આગળ હું ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોની તેજોલેશ્યાની સ્થિતિનું નિરૂપણ કરીશ.

૧૪૩૪. તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાત ભાગ અધિક બે સાગરોપમ છે.

૧૪૩૫. તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ ૧૦૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાત ભાગ અધિક બે સાગરોપમ છે.

૧૪૩૬. તેજોલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિથી એક સમય અધિક પદ્મલેશ્યાની જઘન્ય સ્થિતિ છે, ઉત્કૃષ્ટ સ્થિતિ એક મુહૂર્ત્ત અધિક દશ સાગરોપમ છે.

૧૪૩૭. પદ્મલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી એક સમય અધિક શુક્લ લેશ્યાની જઘન્ય છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક મુહૂર્ત્તાધિક ૩૩–સાગરોપમ છે.

સૂત્ર–૧૪૩૮, ૧૪૩૯

કૃષ્ણ, નીલ અને કાપોત આ ત્રણે અધર્મ લેશ્યાઓ છે. આ ત્રણથી જીવ અનેકવાર દુર્ગતિને પ્રાપ્ત થાય છે.

તેજો, પદ્મ અને શુક્લ લેશ્યા, આ ત્રણે ધર્મ લેશ્યાઓ છે. આ ત્રણેથી જીવ અનેકવાર સુગતિને પ્રાપ્ત થાય છે.

સૂત્ર–૧૪૪૦ થી ૧૪૪૨

૧૪૪૦. પ્રથમ સમયમાં પરિણત બધી લેશ્યાઓથી કોઈપણ જીવ બીજા ભવમાં ઉત્પન્ન થતો નથી.

૧૪૪૧. અંતિમ સમયમાં પરિણત બધી લેશ્યાઓથી કોઈપણ જીવ બીજા ભવમાં ઉત્પન્ન થતો નથી.

૧૪૪૨. લેશ્યાઓની પરિણતિ થતા અંતર્મુહૂર્ત્ત વ્યતીત થઈ જાય છે અને જ્યારે અંતર્મુહૂર્ત્ત શેષ રહે છે, તે સમયે જીવ પરલોકમાં જાય છે.

સૂત્ર–૧૪૪૩

આ પ્રમાણે લેશ્યાઓના અનુભાગને જાણીને અપ્રશસ્ત લેશ્યાઓના પરિત્યાગ કરીને, પ્રશસ્ત લેશ્યાઓમાં અધિષ્ઠિત થવું જોઈએ – તેમ હું કહું છું.

## મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન–૩૪ નો અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૩૫ 'અણગારમાર્ગ ગતિ'

**સૂત્ર–૧૪૪૪**

જ્ઞાની દ્વારા ઉપદિષ્ટ માર્ગ મારી પાસેથી એકાગ્ર મનથી સાંભળો, જેનું આચરણ કરી ભિક્ષુ દુઃખોનો અંત કરેછે

**સૂત્ર–૧૪૪૫ થી ૧૪૬૪**

૧૪૪૫. ગૃહવાસનો પરિત્યાગ કરી પ્રવ્રજિત થયેલ મુનિ, આ સંગોને જાણે, જેમાં મનુષ્ય આસક્ત થાય છે.

૧૪૪૬. સંયત ભિક્ષુ હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મચર્ય, ઈચ્છા, કામ અને લોભથી દૂર રહે.

૧૪૪૭, ૧૪૪૮. મનોહર ચિત્રોથી યુક્ત, માળા અને ધૂપથી સુવાસિત, કમાડો અને સફેદ ચંદરવાથી યુક્ત – એવા ચિત્તાકર્ષક સ્થાનની મનથી પણ ઈચ્છા ન કરે.

કામ રાગ વધારનારા આવા પ્રકારના ઉપાશ્રયોમાં ઈન્દ્રિયોનો નિરોધ કરવો ભિક્ષુને માટે દુષ્કર છે.

૧૪૪૯, ૧૪૫૦. આથી એકાકી ભિક્ષુ સ્મશાનમાં, શૂન્યઘરમાં, વૃક્ષની નીચે તથા પરકૃત એકાંત સ્થાનમાં રહેવાની અભિરૂચિ રાખે. પરમ સંયત ભિક્ષુ પ્રાસુક, અનાબાધ, સ્ત્રી ઉપદ્રવથી રહિત સ્થાનમાં રહેવાનો સંકલ્પ કરે.

૧૪૫૧, ૧૪૫૨. ભિક્ષુ સ્વયં ઘર ન બનાવે, બીજા પાસે ન બનાવડાવે, કેમ કે ગૃહકર્મના સમારંભમાં પ્રાણીનો વધ જોવાયેલ છે.

ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ અને બાદર જીવોનો વધ થાય છે તેથી સંયત ભિક્ષુ ગૃહકર્મના સમારંભનો પરિત્યાગ કરે.

૧૪૫૩, ૧૪૫૪. એ જ પ્રમાણે ભોજન–પાન રાંધવા અને રંધાવવામાં હિંસા થાય છે. તેથી પ્રાણ અને ભૂત જીવોની દયાને માટે રાંધે કે રંધાવે નહીં. ભોજન અને પાનને પકાવવામાં પાણી, ધાન્ય, પૃથ્વી અને કાષ્ઠને આશ્રિત જીવોનો વધ થાય છે. તેથી સાધુ રંધાવે નહીં.

૧૪૫૫. અગ્નિ સમાન બીજું શસ્ત્ર નથી, તે ઘણા પ્રાણનું વિનાશક છે, સર્વતઃ તીક્ષ્ણ ધારથી યુક્ત છે, તેથી ભિક્ષુ અગ્નિ જ સળગાવે.

૧૪૫૬ થી ૧૪૫૮. ક્રય–વિક્રયથી વિરક્ત ભિક્ષુ સુવર્ણ અને માટીને સમાન સમજનાર છે, તેથી તે સોના–ચાંદીની મનથી પણ ઈચ્છા ન કરે. ... વસ્તુને ખરીદનાર ક્રયિક હોય છે, વેચનાર વણિક હોય છે. તેથી ક્રય–વિક્રયમાં પ્રવૃત્ત સાધુ – 'સાધુ' નથી. ... ભિક્ષાવૃત્તિથી જ ભિક્ષુએ ભિક્ષા કરવી જોઈએ. ક્રય–વિક્રયથી નહીં. ક્રય–વિક્રય મહાદોષ છે, ભિક્ષાવૃત્તિ સુખાવહ છે.

૧૪૫૯, ૧૪૬૦. મુનિ શ્રુતાનુસાર અનિંદિત અને સામુદાયિક ઉંછની એષણા કરે તે લાભ અને અલાભમાં સંતુષ્ટ રહીને ભિક્ષા ચર્યા કરે.

અલોલુપ, રસમાં અનાસક્ત, રસનેન્દ્રિય વિજેતા, અમૂર્ચ્છિત, જીવન–નિર્વાહને માટે જ ખાય, રસને માટે નહીં.

૧૪૬૧. મુનિ અર્ચના, રચના, પૂજા, ઋદ્ધિ, સત્કાર અને સન્માનની મનથી પણ પ્રાર્થના ન કરે.

૧૪૬૨. મુનિ શુક્લ ધ્યાનમાં લીન રહે. નિદાન રહિત અને અકિંચન રહે, જીવન પર્યન્ત શરીરની આસક્તિને છોડીને વિચરણ કરે.

૧૪૬૩. કાળધર્મ ઉપસ્થિત થતા મુનિ આહારનો પરિત્યાગ કરી, મનુષ્ય શરીર છોડીને દુઃખોથી મુક્તિ અને સામર્થ્યવાન થઈ જાય છે.

૧૪૬૪. નિર્મમ, નિરહંકાર, વીતરાગ અને અનાશ્રવ મુનિ કેવળજ્ઞાન પામીને શાશ્વત પરિનિર્વાણ પામે છે –

**મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૩૫નો અનુવાદ પૂર્ણ**

# અધ્યયન-૩૬ 'જીવાજીવ વિભક્તિ'

**સૂત્ર–૧૪૬૫**

જીવ અને અજીવના વિભાગને તમે એકાગ્ર મને મારી પાસેથી સાંભળો, જેને જાણીને ભિક્ષુ સમ્યક્ પ્રકારે સંયમમાં યત્નશીલ થાય.

**સૂત્ર–૧૪૬૬**

આ લોક જીવ અને અજીવમય કહેવાયેલો છે અને જ્યાં અજીવનો એક દેશ કેવળ આકાશ છે, તે અલોક કહેવાય છે.

**સૂત્ર–૧૪૬૭**

દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી જીવ અને અજીવની પ્રરૂપણા થાય છે.

**સૂત્ર–૧૪૬૮ થી ૧૪૭૦**

સજીવના બે ભેદ છે – રૂપી અને અરૂપી. અરૂપીના દશ ભેદ છે અને રૂપીના ચાર ભેદ છે.

ધર્માસ્તિકાય, તેનો દેશ, તેનો પ્રદેશ, અધર્માસ્તિકાય, તેનો દેશ, તેનો પ્રદેશ, આકાશાસ્તિકાય, તેનો દેશ, તેનો પ્રદેશ અને અદ્ધાસમય આ દશ ભેદ અરૂપી અજીવના કહ્યા છે.

**સૂત્ર–૧૪૭૧**

ધર્મ અને અધર્મ લોક પ્રમાણ છે. આકાશ લોક અને અલોકમાં વ્યાપ્ત છે. કાળ કેવલ સમય ક્ષેત્રમાં જ છે.

**સૂત્ર–૧૪૭૨, ૧૪૭૩**

ધર્મ, અધર્મ, આકાશ આ ત્રણે દ્રવ્ય અનાદિ, અનંત અને સર્વકાળ છે. પ્રવાહથી સમય પણ અનાદિ અનંત છે અને પ્રતિનિયત વ્યક્તિ રૂપ એક એક ક્ષણની અપેક્ષાથી આદિ સાંત છે.

**સૂત્ર–૧૪૭૪**

રૂપી દ્રવ્યોના ચાર ભેદ છે તે આ પ્રમાણે – ૧. સ્કંધ, ૨. સ્કંધદેશ, ૩. સ્કંધપ્રદેશ અને ૪. પરમાણુ.

**સૂત્ર–૧૪૭૫**

પરમાણુના એકત્વ થવાથી સ્કંધ થાય છે. સ્કંધોના પૃથક્ થવાથી પરમાણુ થાય. આ દ્રવ્યની અપેક્ષાથી છે.

ક્ષેત્રની અપેક્ષાથી તે સ્કંધ આદિ લોકના એક દેશથી લઈને સંપૂર્ણ લોક સુધીમાં ભાજ્ય છે – અસંખ્ય વિકલ્પરૂપ છે.

અહીંથી આગળ સ્કંધ અને પરમાણુના કાળની અપેક્ષાથી ચાર ભેદોને હવે હું કહું છું.

**સૂત્ર–૧૪૭૬ થી ૧૪૭૮**

૧૪૭૬. સ્કંધ આદિ પ્રવાહની અપેક્ષાથી અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાથી આદિ સાંત સાદિ સપર્ય–વસિત. છે.

૧૪૭૭. રૂપી અજીવ-પુદ્ગલ દ્રવ્યોની સ્થિતિ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળની બતાવાયેલી છે.

૧૪૭૮. રૂપી અજીવોનું અંતર – પોતાના પૂર્વાવગહિત સ્થાનથી ચ્યવીને ફરી પાછા ત્યાં જ આવવાનો કાળ. – જઘન્યથી એક સમય છે અને ઉત્કૃષ્ટથી અનંતકાળ હોય છે.

**સૂત્ર–૧૪૭૯ થી ૧૫૧૦**

૧૪૭૯. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાથી સ્કંધ આદિનું પરિણમન પાંચ પ્રકારનું છે.

૧૪૮૦. જે સ્કંધ આદિ પુદ્‌ગલ વર્ણથી પરિણત છે, તે પાંચ પ્રકારે છે – કૃષ્ણ, નીલ, રક્ત, પીત, શુક્લ.

૧૪૮૧. જે પુદ્‌ગલ ગંધથી પરિણત છે. તે બે પ્રકારના છે – સુરભિગંધ અને દુરભિગંધ.

૧૪૮૨. જે પુદ્‌ગલ રસથી પરિણત છે તે પાંચ પ્રકારે છે – તીખા, કડવા, કષાય, અમ્લ, મધુર.

૧૪૮૩. જે પુદ્‌ગલ સ્પર્શથી પરિણત છે, તે આઠ પ્રકારથી છે – કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ – તથા –

૧૪૮૪. શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ. આ પ્રકારે આ સ્પર્શથી પરિણત પુદ્‌ગલ કહેવાયેલ છે.

૧૪૮૫. જે પુદ્‌ગલ સંસ્થાનથી પરિણત છે, તે પાંચ પ્રકારે છે – પરિમંડલ, વૃત્ત, ત્રિકોણ, ચતુષ્કોણ, દીર્ઘ.

૧૪૮૬ થી ૧૪૯૦. ૧. જે પુદ્‌ગલ વર્ણથી કૃષ્ણ છે. ૨. જે પુદ્‌ગલ વર્ણથી નીલ છે. ૩. જે પુદ્‌ગલ વર્ણથી લાલ છે. ૪. જે પુદ્‌ગલ વર્ણથી પીળા છે. ૫. જે પુદ્‌ગલ વર્ણથી શ્વેત છે.

તે-તે પુદ્‌ગલ ગંધ-રસ-સ્પર્શ સંસ્થાનથી ભાજ્ય છે.

૧૪૯૧, ૧૪૯૨. જે પુદ્‌ગલ ગંધથી સુગંધિત છે અથવા ગંધથી દુર્ગન્ધિત છે.

તે-તે પુદ્‌ગલ વર્ણ, રસ, સ્પર્શ, સંસ્થાનથી ભાજ્ય છે.

૧૪૯૩ થી ૧૪૯૭. ૧. જે પુદ્‌ગલ રસથી તિક્ત છે, કે ૨. જે પુદ્‌ગલ રસથી કટુ છે, કે ૩. જે પુદ્‌ગલ રસથી તિક્ત છે, કે ૪. જે પુદ્‌ગલ રસથી ખાટા છે, કે ૫. જે પુદ્‌ગલ રસથી મધુર છે,

તે-તે પુદ્‌ગલો વર્ણ, ગંધ, સ્પર્શ અને સંસ્થાનથી ભાજ્ય છે.

૧૪૯૮ થી ૧૫૦૫. ૧. જે પુદ્‌ગલ સ્પર્શથી કર્કશ છે, કે ૨. જે પુદ્‌ગલ સ્પર્શથી મૃદુ છે, કે ૩. જે પુદ્‌ગલ સ્પર્શથી ગુરુ છે, કે ૪. જે પુદ્‌ગલ સ્પર્શથી લઘુ છે, કે ૫. જે પુદ્‌ગલ સ્પર્શથી શીત છે, કે ૬. જે પુદ્‌ગલ સ્પર્શથી ઉષ્ણ છે, કે ૭. જે પુદ્‌ગલ સ્પર્શથી સ્નિગ્ધ છે, કે ૮. જે પુદ્‌ગલ સ્પર્શથી રૂક્ષ છે,

તે-તે પુદ્‌ગલો વર્ણ, ગંધ, રસ, સંસ્થાનથી ભાજ્ય છે.

૧૫૦૬ થી ૧૫૧૦. ૧. જે પુદ્‌ગલ સંસ્થાનથી પરિમંડલ છે, કે ૨. જે પુદ્‌ગલ સંસ્થાનથી વૃત્ત છે, કે ૩. જે પુદ્‌ગલ સંસ્થાનથી ત્રિકોણ છે, કે ૪. જે પુદ્‌ગલ સંસ્થાનથી ચતુષ્કોણ છે, કે ૫. જે પુદ્‌ગલ સંસ્થાનથી આયાત છે,

તે-તે પુદ્‌ગલો વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી ભાજ્ય છે.

**સૂત્ર-૧૫૧૧**

આ સંક્ષેપથી અજીવ વિભાગનું નિરૂપણ કરેલ છે. હવે ક્રમશઃ જીવ વિભાગનું હું નિરૂપણ કરીશ –

**સૂત્ર-૧૫૧૨**

જીવના બે ભેદ કહેલા છે – સંસારી અને સિદ્ધ. સિદ્ધ અનેક પ્રકારે છે, તેનું કથન કહું છું, તે તમે સાંભળો.

**સૂત્ર-૧૫૧૩, ૧૫૧૪**

સ્ત્રીલિંગ સિદ્ધ, પુરુષલિંગ સિદ્ધ, નપુંસકલિંગ સિદ્ધ, સ્વલિંગ સિદ્ધ, અન્યલિંગ સિદ્ધ, ગૃહલિંગ સિદ્ધ. ઉત્કૃષ્ટ, જઘન્ય, મધ્યમ અવગાહનામાં તથા ઉર્ધ્વ-અધો-તીર્છા લોકમાં, સમુદ્ર-જળાશયમાં જીવો સિદ્ધ થાય છે.

**સૂત્ર-૧૫૧૫ થી ૧૫૧૮**

૧૫૧૫. એક સમયમાં દશ નપુંસક, વીસ સ્ત્રીઓ અને ૧૦૮. એકસો આઠ પુરુષ સિદ્ધ થઈ શકે છે.

૧૫૧૬. એક સમયમાં ગૃહસ્થલિંગે ચાર, અન્યલિંગમાં દશ, સ્વલિંગમાં એકસો આઠ ૧૦૮. જીવો સિદ્ધ થઈ

શકે છે.

૧૫૧૭. એક સમયમાં ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બે, જઘન્યવાળા ચાર અને મધ્યમ અવગાહનાવાળા એકસો આઠ જીવ સિદ્ધ થઈ શકે છે.

૧૫૧૮. એક સમયમાં ઉર્ધ્વલોકમાં ચાર, સમુદ્રમાં બે, જળાશયમાં ત્રણ, અધોલોકમાં વીસ, તીર્છાલોકમાં ૧૦૮ જીવો સિદ્ધ થઈ શકે છે.

**સૂત્ર–૧૫૧૯, ૧૫૨૦**

૧૫૧૯. સિદ્ધો ક્યાં પ્રતિહત થાય ? સિદ્ધો ક્યાં પ્રતિષ્ઠિત છે ? શરીરને ક્યાં છોડી, ક્યાં જઈને સિદ્ધ થાય છે ?

૧૫૨૦. સિદ્ધો અલોકમાં પ્રતિહત થાય છે. લોકના અગ્રભાગમાં પ્રતિષ્ઠિત છે. મનુષ્યલોકમાં શરીરને છોડીને ત્યાં જઈને સિદ્ધ થાય છે.

**સૂત્ર–૧૫૨૧ થી ૧૫૨૫/૧**

૧૫૨૧. સર્વાર્થસિદ્ધ વિમાનથી ૧૨–યોજન ઉપર ઈષત્ પ્રાગ્ભારા નામે પૃથ્વી છે. તે છત્રાકાર છે.

૧૫૨૨. તેની લંબાઈ ૪૫ લાખ યોજન અને તેની પહોળાઈ પણ તેટલી જ છે, તેની પરિધિ ત્રણ ગણી છે.

૧૫૨૩. મધ્યમાં તે આઠ યોજન સ્થૂળ છે. ક્રમશઃ તે પાતળી થતા–થતા અંતિમ ભાગમાં માખીની પાંખથી પણ અધિક પાતળી થઈ જાય છે.

૧૫૨૪. જિનેશ્વરોએ કહેલ છે કે – તે પૃથ્વી અર્જુન સ્વર્ણમયી છે, સ્વભાવથી નિર્મળ છે અને ઉલટા છત્રાકારે રહેલ છે.

૧૫૨૫. તે શંખ, અંકરત્ન અને કુંદપુષ્પ સમાન શ્વેત છે. નિર્મળ અને શુભ છે. આ સીતા નામની ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીથી એક હજાર ૧૦૦૦. યોજન ઉપર લોકનો અંત બતાવેલો છે.

સીતા નામક્ ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીથી એક યોજન ઉપર જઈને લોકનો અંત બતાવેલો–કહેલો છે.

**સૂત્ર–૧૫૨૬**

તે યોજનનો ઉપરનો જે કોશ છે, તે કોશના છઠ્ઠા ભાગમાં સિદ્ધોની અવગાહના હોય છે.

**સૂત્ર–૧૫૨૭**

ભવપ્રપંચથી મુક્ત, મહાભાગ, પરમગતિ ‘સિદ્ધિ’ને પ્રાપ્ત સિદ્ધ ત્યાં અગ્રભાગમાં સ્થિત છે – રહે છે.

**સૂત્ર–૧૫૨૮**

અંતિમ ભવમાં જેની જેટલી ઊંચાઈ હોય છે, તેનાથી ત્રણ ભાગ ન્યૂન સિદ્ધોની અવગાહના હોય છે.

**સૂત્ર–૧૫૨૯**

એકની અપેક્ષાથી સિદ્ધ સાદિ અનંત છે અને પૃથુપણાથી બહુત્વની અપેક્ષાથી સિદ્ધો અનાદિ અનંત છે.

**સૂત્ર–૧૫૩૦**

તેઓ અરૂપ છે. જીવઘન છે. જ્ઞાન અને દર્શનથી સંપન્ન છે. જેની કોઈ ઉપમા નથી તેવું અતુલ સુખ તેમને પ્રાપ્ત છે.

**સૂત્ર–૧૫૩૧**

જ્ઞાન–દર્શનથી યુક્ત, સંસારની પાર પહોંચેલ, પરમગતિ સિદ્ધિને પ્રાપ્ત તે બધા સિદ્ધો લોકના એક દેશમાં સ્થિત છે.

**સૂત્ર–૧૫૩૨**

સંસારી જીવોના બે ભેદો કહેલા છે – ત્રસ અને સ્થાવર. તેમાં સ્થાવર જીવો ત્રણ ભેદે કહેલા છે.

**સૂત્ર–૧૫૩૩**

પૃથ્વી, જળ, વનસ્પતિ આ ત્રણ પ્રકારે સ્થાવર જીવો કહેલા છે, હવે તેના ભેદો તમે મારી પાસેથી સાંભળો.

**સૂત્ર–૧૫૩૪ થી ૧૫૪૦**

૧૫૩૪. પૃથ્વીકાય જીવના બે ભેદ છે – સૂક્ષ્મ અને બાદર. તે બંનેના પણ વળી બબ્બે ભેદો છે – પર્યાપ્ત અને અપર્યાપ્ત.

૧૫૩૫. બાદર પર્યાપ્ત પૃથ્વીકાય જીવના બે ભેદો છે – શ્લક્ષ્ણ અર્થાત્ મૃદુ અને ખર–કઠોર, આ મૃદુના પણ સાત ભેદો છે.

૧૫૩૬. કૃષ્ણ, નીલ, રક્ત, પીત, શ્વેત એવી પાંડુ માટી, પનક અને ખર અર્થાત્ કઠોર પૃથ્વીના ૩૬–ભેદો છે.

૧૫૩૭ થી ૧૫૪૦. શુદ્ધ પૃથ્વી, શર્કરા, બાલૂ, ઉપલ–પથ્થર, શિલા, લવણ, ઉસ–ક્ષારરૂપ, લોઢુ, તાંબુ, ત્રપુક, શીશુ, ચાંદી, સોનું, વજ્ર...

... હડતાલ, હિંગુલ, મૈનસિલ, સસ્યક, અંજન, પ્રવાલ, અભ્રપટલ, અભ્રવાલુક અને વિવિધ મણિ પણ બાદર પૃથ્વીકાય છે. ...

... ગોમેદક, રુચક, અંક, સ્ફટિક, લોહિતાક્ષ, મરકત, મસારગલ્લ, ભ્રજમોચક અને ઇંદ્રનીલ...

... ચંદન, ગેરુક, હંસગર્ભ, પુલક, સૌગંધિક, ચંદ્રપ્રભ, વૈડુર્ય. જળકાંત અને સૂર્યકાંત એ ૩૬–ભેદો કહેલા છે..

**સૂત્ર–૧૫૪૧**

આ પ્રમાણે કઠોર પૃથ્વીકાયના છત્રીશ ભેદો કહ્યા.

સૂક્ષ્મ પૃથ્વીકાયના જીવો એક જ પ્રકારના છે, તેથી તે વિવિધ પ્રકારના ભેદોથી રહિત છે, તેમ જાણવુ.

**સૂત્ર–૧૫૪૨**

સૂક્ષ્મ પૃથ્વીકાયના જીવો સંપૂર્ણ લોકમાં અને બાદર પૃથ્વીકાયના જીવો લોકના એક દેશમાં વ્યાપ્ત છે.

હવે ચાર પ્રકારથી પૃથ્વીકાયિક જીવોનો કાલવિભાગ કહીશ.

**સૂત્ર–૧૫૪૩ થી ૧૫૪૬**

૧૫૪૩. પૃથ્વીકાયિક જીવ પ્રવાહની અપેક્ષાથી અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાથી સાદિ સાંત છે.

૧૫૪૪. પૃથ્વીકાયિક જીવની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૨૦૦૦ વર્ષ અને જઘન્ય સ્થિતિ – આયુ અંતર્મુહૂર્ત કહેલ છે.

૧૫૪૫. પૃથ્વીકાયિકની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્યાત કાળની, જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત છે. પૃથ્વીના શરીરને ન છોડીને નિરંતર પૃથ્વીકાયમાં જ ઉત્પન્ન થતા રહેવું તે કાયસ્થિતિ છે.

૧૫૪૬. પૃથ્વીના શરીરને એક વખત છોડીને ફરી પૃથ્વીના જ શરીરમાં ઉત્પન્ન થવામાં વચ્ચેનો અંતરકાળ જઘન્ય અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ અનંતકાળ છે.

**સૂત્ર–૧૫૪૭**

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનના આદેશથી તો પૃથ્વીના હજારો ભેદ કહેલા છે –

**સૂત્ર–૧૫૪૮ થી ૧૫૫૫**

૧૫૪૮. અપ્કાય જીવોના બે ભેદ છે – સૂક્ષ્મ અને બાદર. તે બંનેના પણ બબ્બે ભેદો છે – પર્યાપ્ત અને અપર્યાપ્ત.

૧૫૪૯. બાદર પર્યાપ્ત અપ્કાય જીવોના પાંચ ભેદો છે – શુદ્ધ, જળ, ઓસ, હરતનુ, મહિકા અને હિમ.

૧૫૫૦. સૂક્ષ્મ અપ્કાયના જીવ એક પ્રકારના છે. તેના ભેદ નથી. સૂક્ષ્મ અપ્કાય જીવ સંપૂર્ણ લોકમાં છે,

બાદર અપ્કાય જીવો લોકના એક ભાગમાં વ્યાપ્ત છે.

૧૫૫૧. અપ્કાયિક જીવ પ્રવાહની અપેક્ષાથી અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાથી સાદિ-સાંત છે.

૧૫૫૨. તેમની આયુ સ્થિતિ ઉત્કૃષ્ટથી ૭૦૦૦ વર્ષ અને જઘન્યથી અંતર્મુહૂર્ત છે.

૧૫૫૩. તેની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળની, જઘન્ય આયુ અંતર્મુહૂર્ત છે. અપ્કાયને ન છોડીને નિરંતર અપ્કાયમાં ઉત્પન્ન થવું તે જ કાયસ્થિતિ છે.

૧૫૫૪. અપ્કાય છોડીને ફરી અપ્કાયમાં ઉત્પન્ન થવાનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનંત કાળનું છે.

૧૫૫૫. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનના આદેશથી તો અપ્કાયના હજારો ભેદ કહેલા છે.

## સૂત્ર-૧૫૫૬ થી ૧૫૬૯

૧૫૫૬. વનસ્પતિના જીવોના બે ભેદ છે – સૂક્ષ્મ અને બાદર. તે બંનેના પણ બબ્બે ભેદો છે – પર્યાપ્ત અને અપર્યાપ્ત.

૧૫૫૭. બાદર પર્યાપ્ત વનસ્પતિકાય જીવોના બે ભેદ છે – સાધારણ શરીર૦ અને પ્રત્યેક શરીર૦

૧૫૫૮. પ્રત્યેક શરીર વનસ્પતિકાયના જીવોના અનેક પ્રકારો છે. જેમ કે – વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વલ્લી અને તૃણ. ૧૫૫૯. લતાવલય, પર્વજ, કુહણ, જલરુહ, ઔષધિ – ચણા આદિ ધાન્ય. તૃણ અને હરિતકાય આ બધા જ પ્રત્યેક શરીરી છે.

૧૫૬૦. સાધારણ શરીરી અનેક પ્રકારના છે – આલુ, મૂળો, આદુ.

૧૫૬૧. હિરિલીકંદ, સિરિલીકંદ, સિસ્સિ-રિલીકંદ, જાવઈકંદ, કંદલી કંદ, પ્યાજ – ડુંગળી, લષણ, કંદલી, કુસ્તુમ્બક.

૧૫૬૨. લોહી, સ્નિહુ, કુહક, કૃષ્ણ, વજ્ર, કંદ, સુરણકંદ.

૧૫૬૩. અશ્વકર્ણી, સિંહકર્ણી, મુસુંઢી, હરિદ્રા ઈત્યાદિ અનેક પ્રકારે જાણવા.

૧૫૬૪. સૂક્ષ્મ વનસ્પતિકાયના જીવ એક જ પ્રકારના હોય છે. તેમાં વિવિધતા નથી. સૂક્ષ્મ વનસ્પતિકાયના જીવો સંપૂર્ણ લોકમાં એ બાદર વનસ્પતિકાયના જીવો લોકના એક ભાગમાં વ્યાપ્ત છે.

૧૫૬૫. વનસ્પતિ જીવો પ્રવાહની અપેક્ષાથી અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાથી સાદિ સાંત છે.

૧૫૬૬. વનસ્પતિની આયુસ્થિતિ ઉત્કૃષ્ટ ૧૦,૦૦૦ વર્ષ, જઘન્ય થકી અંતર્મુહૂર્ત છે.

૧૫૬૭. વનસ્પતિની કાયસ્થિતિ ઉત્કૃષ્ટથી અનંતકાળ, જઘન્યથી અંતર્મુહૂર્ત છે. વનસ્પતિનું શરીર ન છોડીને નિરંતર વનસ્પતિના શરીરમાં જ ઉત્પન્ન થવું તે કાયસ્થિતિ છે.

૧૫૬૮. વનસ્પતિના શરીરને છોડીને ફરી વનસ્પતિ શરીરમાં ઉત્પન્ન થવામાં અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ છે.

૧૫૬૯. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાથી વનસ્પતિકાયના હજારો ભેદ છે.

## સૂત્ર-૧૫૭૦

આ પ્રમાણે સંક્ષેપથી ત્રણ પ્રકારે સ્થાવર જીવોનું નિરૂપણ કરેલ છે. હવે ક્રમશઃ ત્રણ પ્રકારના ત્રસ જીવોનું નિરૂપણ કરીશ.

## સૂત્ર-૧૫૭૧

તેજસ, વાયુ અને ઉદાર ત્રસ એ ત્રણ ત્રસકાયના ભેદો છે. તે ભેદોને તમે મારી પાસેથી સાંભળો.

### સૂત્ર-૧૫૭૨ થી ૧૫૮૦

૧૫૭૨. તેઉકાયના જીવોના બે ભેદો છે-સૂક્ષ્મ અને બાદર. ફરી તે બંનેના પર્યાપ્ત અને અપર્યાપ્ત બબ્બે ભેદો છે.

૧૫૭૩. બાદર પર્યાપ્ત તેઉકાય જીવોના અનેક ભેદો છે – અંગાર, મુર્મુર, અગ્નિ, અર્ચિ, જ્વાલા.

૧૫૭૪. ઉલ્કા, વિદ્યુત તથા આવા પ્રકારના અનેક ભેદો કહેલા છે. સૂક્ષ્મ તેઉકાયના જીવ અનેક પ્રકારના છે, તેના પેટા ભેદો નથી.

૧૫૭૫. સૂક્ષ્મ તેઉકાયના જીવ સંપૂર્ણ લોકમાં અને બાદર તેઉકાયના જીવ લોકના એક ભાગમાં વ્યાપ્ત છે.

૧૫૭૬. તે જીવો પ્રવાહની અપેક્ષાથી અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાથી સાદિ સાંત છે.

૧૫૭૭. તેઉકાયની આયુસ્થિતિ ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્રની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે.

૧૫૭૮. તેઉ-કાયની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળ છે, જઘન્યથી અંતર્મુહૂર્ત છે. તૈજસ શરીરને ન છોડીને નિરંતર તૈજસ શરીરમાં જ ઉત્પન્ન થવું તે કાયસ્થિતિ છે.

૧૫૭૯. તૈજસ શરીરને છોડીને ફરી તૈજસ શરીરમાં ઉત્પન્ન થવાનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત છે, ઉત્કૃષ્ટ અનંતકાળ છે.

૧૫૮૦. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાથી તેઉકાયના હજારો ભેદો છે.

### સૂત્ર-૧૫૮૧ થી ૧૫૮૯

૧૫૮૧. વાયુકાયના જીવોના બે ભેદો છે – સૂક્ષ્મ અને બાદર. ફરી તે બંનેના પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત બબ્બે ભેદો છે.

૧૫૮૨. બાદર પર્યાપ્તવાયુકાયના જીવોના પાંચ ભેદ- ઉત્કલિકા, મંડલિકા, ઘનવાત, ગુંજાવાત અને શુદ્ધ વાત

૧૫૮૩. સંવર્તક વાત આદિ બીજા પણ આવા ભેદો છે

– ૦ – સૂક્ષ્મ વાયુકાયના જીવો અનેક પ્રકારે છે. તેના પેટા ભેદો નથી.

૧૫૮૪. સૂક્ષ્મ વાયુકાય જીવો સંપૂર્ણ લોકમાં અને બાદર વાયુકાયના જીવ લોકના એક ભાગમાં વ્યાપ્ત છે.

હવે હું ચાર પ્રકારે વાયુકાયિક જીવોના કાળ વિભાગોનું કથન કરીશ.

૧૫૮૫. તે જીવો પ્રવાહની અપેક્ષાથી અનાદિ અનંત છે અને સ્થિતિ અપેક્ષાથી તે સાદિ સાંત છે.

૧૫૮૬. તે જીવોની આયુસ્થિતિ ઉત્કૃષ્ટ ૩૦૦૦ વર્ષ છે, જઘન્યથી અંતર્મુહૂર્ત છે.

૧૫૮૭. તેની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળની છે. જઘન્ય અંતર્મુહૂર્ત છે. વાયુ શરીર ન છોડીને નિરંતર વાયુના શરીરમાં જ ઉત્પન્ન થવું તે કાયસ્થિતિ છે.

૧૫૮૮. વાયુ શરીરને છોડીને પછી ફરી તે શરીરમાં ઉત્પન્ન થવામાં અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ છે.

૧૫૮૯. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાથી વાયુકાયના હજારો ભેદ હોય છે.

### સૂત્ર-૧૫૯૦

ઉદાર ત્રસને ચાર ભેદો વર્ણવેલ છે. તે આ – બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય.

### સૂત્ર-૧૫૯૧ થી ૧૫૯૯

૧૫૯૧. બેઈન્દ્રિય જીવોના બે ભેદો વર્ણવેલા છે – પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેના ભેદો મારી પાસેથી સાંભળો.

૧૫૯૨ થી ૧૫૯૪. કૃમિ, સીમંગલ, અલસ, માતૃવાહક, વાસીમુખ, સીપ, શંખ, શંખનક. પલ્લોય, અણુલ્લક, વરાટક, જલૌકા, જાલક અને ચંદનિકા. ઈત્યાદિ અનેક પ્રકારના બેઇન્દ્રિય જીવો છે.

તેઓ લોકના એક ભાગમાં વ્યાપ્ત છે, સંપૂર્ણ લોકમાં નથી.

૧૫૯૫. પ્રવાહની અપેક્ષાથી બેઇન્દ્રિય જીવો અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાથી સાદિ–સાંત છે.

૧૫૯૬. બેઇન્દ્રિયોની આયુ સ્થિતિ ઉત્કૃષ્ટ બાર વર્ષ, જઘન્યથી અંતર્મુહૂર્ત્ત છે.

૧૫૯૭. તેમની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ છે, જઘન્ય અંતર્મુહૂર્ત્ત છે. બેઇન્દ્રિય શરીર ન છોડીને નિરંતર બેઇન્દ્રિય શરીરમાં જ ઉત્પન્ન થવું તે કાયસ્થિતિ છે.

૧૫૯૮. બેઇન્દ્રિય શરીરને છોડીને ફરી બેઇન્દ્રિય શરીરમાં ઉત્પન્ન થવામાં જે અંતર છે, તે જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ છે.

૧૫૯૯. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાથી બેઇન્દ્રિયથી હજારો ભેદ થાય છે.

## સૂત્ર–૧૬૦૦ થી ૧૬૦૮

૧૬૦૦. તેઇન્દ્રિય જીવોના બે ભેદ વર્ણવેલા છે – પર્યાપ્ત, અપર્યાપ્ત. આ બે ભેદ મારી પાસેથી સાંભળો.

૧૬૦૧. કુંથુ, કીડી, માંકડ, મકડી, દીમક, તૃણાહારક, ઘુણો, માલુક, પત્રહાર કે –

૧૬૦૨. મિંજક, તિંદુક, ત્રપુષ ભિંજક, શતાવરી, ગુલ્મી, ઇંદ્રકાયિક –

૧૬૦૩. ઇંદ્રગોપક ઇત્યાદિ અનેક પ્રકારથી તેઇન્દ્રિય જીવો છે.

તે લોકના એક ભાગમાં વ્યાપ્ત છે, સંપૂર્ણ લોકમાં નહીં.

૧૬૦૪. પ્રવાહની અપેક્ષાથી તેઇન્દ્રિયો અનંત છે અને સ્થિતિની અપેક્ષાથી સાદિ સાંત છે.

૧૬૦૫. તેઇન્દ્રિયોની આયુસ્થિતિ ઉત્કૃષ્ટથી ઓગણપચાશ દિવસ અને જઘન્યથી અંતર્મુહૂર્ત્તની છે.

૧૬૦૬. તેઇન્દ્રિયોની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ સંખ્યાત કાળ, જઘન્યથી અંતર્મુહૂર્ત્ત છે. તેઇન્દ્રિય શરીર ન છોડીને નિરંતર તેઇન્દ્રિય શરીરમાં ઉત્પન્ન થવું, તે કાયસ્થિતિ કહી છે.

૧૬૦૭. તેઇન્દ્રિય શરીર છોડીને ફરી તેઇન્દ્રિયમાં ઉત્પન્ન થવાનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ છે.

૧૬૦૮. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાથી તેઇન્દ્રિયોના હજારો ભેદ છે.

## સૂત્ર–૧૬૦૯ થી ૧૬૧૮

૧૬૦૯. ચઉરિન્દ્રિય જીવના બે ભેદો વર્ણવેલ છે – પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેના ભેદો મારી પાસેથી સાંભળો.

૧૬૧૦. અંધિકા, પોતિકા, મક્ષિકા, મશક, મચ્છર, ભ્રમર, કીડ, પતંગ, ઢિંકુણ, કુંકુણ,

૧૬૧૧. કુક્કુડ, શૃંગિરિટી, નંદાવર્ત્ત, વીંછી, ડોલ, ભૃંગરીટક, વિરણી, અક્ષિવેધક,

૧૬૧૨. અક્ષિલ, માગધ, અક્ષિરોડક, વિચિત્ર, ચિત્રપત્રક, ઓહિંજલિયા, જલકારી, નીચક, તંતવક,

૧૬૧૩. ઇત્યાદિ ચઉરિન્દ્રિય અનેક પ્રકારના છે.

તે લોકના એક ભાગમાં વ્યાપ્ત છે, સંપૂર્ણ લોકમાં નહીં.

૧૬૧૪. પ્રવાહની અપેક્ષાથી ચઉરિન્દ્રિય અનાદિ અનંત છે, સ્થિતિની અપેક્ષાથી સાદિ–સાંત છે.

૧૬૧૫. ચઉરિન્દ્રિયની આયુસ્થિતિ ઉત્કૃષ્ટથી છ માસ છે અને જઘન્યથી અંતર્મુહૂર્ત્તની છે.

૧૬૧૬. ચઉરિન્દ્રિયની કાયસ્થિતિ ઉત્કૃષ્ટથી સંખ્યાતકાળની, જઘન્યથી અંતર્મુહૂર્ત્તની છે. ચઉરિન્દ્રિયના શરીરને ન છોડીને નિરંતર ચઉરિન્દ્રિયના શરીરમાં ઉત્પન્ન થતા રહેવું તે કાયસ્થિતિ છે.

૧૬૧૭. ચઉરિન્દ્રિય શરીરને છોડીને ફરી ચઉરિન્દ્રિય શરીરમાં ઉત્પન્ન થવામાં અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ છે.

૧૬૧૮. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાથી ચઉરિન્દ્રિયના હજારો ભેદો છે.

## સૂત્ર-૧૬૧૯

પંચેન્દ્રિય જે જીવો છે, તે ચાર ભેદે વ્યાખ્યાયિત છે. તે આ – નૈરયિક, તિર્યંચ, મનુષ્ય અને દેવ છે.

## સૂત્ર-૧૬૨૦ થી ૧૬૩૩

૧૬૨૦. નૈરયિક જીવો સાત પ્રકારના છે, તે સાત પૃથ્વીમાં થાય છે. આ સાત પૃથ્વી આ પ્રમાણે છે –. રત્નાભા, શર્કરાભા, વાલુકાભા.

૧૬૨૧. પંકાભા, ધૂમાભા, તમા અને તમસ્તમા.

આ સાત પ્રકારની પૃથ્વીઓમાં ઉત્પન્ન થનારા નૈરયિકોને સાત પ્રકારે વર્ણવેલા છે – પરિકીર્તિત છે.

૧૬૨૨. નૈરયિકો લોકના એક ભાગમાં વ્યાપ્ત છે.

આ નિરૂપણ પછી ચાર પ્રકારથી નૈરયિક જીવોના કાલવિભાગનું હું કથન કરીશ. તે આ પ્રમાણે –.

૧૬૨૩. નૈરયિકો પ્રવાહની અપેક્ષાથી અનાદિ અનંત છે. સ્થિતિની અપેક્ષાથી તેઓ સાદિ સાંત છે.

૧૬૨૪. પહેલી પૃથ્વીમાં નૈરયિક જીવોની આયુ સ્થિતિ જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષની છે. ઉત્કૃષ્ટથી એક સાગરોપમની છે.

૧૬૨૫. બીજી પૃથ્વીમાં નૈરયિક જીવોની આયુસ્થિતિ જઘન્યથી એક સાગરોપમની છે, ઉત્કૃષ્ટથી ત્રણ સાગરોપમની છે.

૧૬૨૬. ત્રીજી પૃથ્વીમાં નૈરયિક જીવોની આયુસ્થિતિ જઘન્યથી ત્રણ સાગરોપમની છે. ઉત્કૃષ્ટથી સાત સાગરોપમની છે.

૧૬૨૭. ચોથી પૃથ્વીમાં નૈરયિક જીવોની આયુસ્થિતિ જઘન્યથી સાત સાગરોપમની છે. ઉત્કૃષ્ટથી દશ સાગરોપમની છે.

૧૬૨૮. પાંચમી પૃથ્વીમાં નૈરયિક જીવોની આયુસ્થિતિ જઘન્યથી દશ સાગરોપમની છે, ઉત્કૃષ્ટથી સત્તર સાગરોપમની છે.

૧૬૨૯. છઠ્ઠી પૃથ્વીમાં નૈરયિક જીવોની આયુસ્થિતિ જઘન્યથી સત્તર સાગરોપમની છે, ઉત્કૃષ્ટથી બાવીશ સાગરોપમની છે.

૧૬૩૦. સાતમી પૃથ્વીમાં નૈરયિક જીવોની આયુસ્થિતિ જઘન્યથી બાવીશ સાગરોપમની છે, ઉત્કૃષ્ટથી તેત્રીશ સાગરોપમની છે.

૧૬૩૧. નૈરયિકોની જે આયુસ્થિતિ વર્ણવેલી છે, તે જ તેમની જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કાયસ્થિતિ છે.

૧૬૩૨. નૈરયિક શરીરને છોડીને ફરી નૈરયિક શરીરમાં ઉત્પન્ન થવામાં અંતર જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ છે.

૧૬૩૩. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાથી આ નૈરયિકોના હજારો ભેદો છે.

## સૂત્ર-૧૬૩૪ થી ૧૬૫૭

૧૬૩૪. પંચેન્દ્રિય તિર્યંચ જીવના બે ભેદ વર્ણવેલા છે – સંમૂર્ચ્છિમ તિર્યંચ અને ગર્ભજ તિર્યંચ.

૧૬૩૫. આ બંનેના પણ ત્રણ-ત્રણ ભેદો છે- જલચર, સ્થલચર અને ખેચર. તે ભેદો મારી પાસેથી સાંભળો

૧૬૩૬. જળચર પાંચ પ્રકારથી કહેલા છે – મત્સ્ય, કચ્છપ, ગ્રાહ, મગર અને સુંસુમાર.

૧૬૩૭. તેઓ લોકના એક ભાગમાં વ્યાપ્ત છે, સંપૂર્ણ લોકમાં નહીં. અહીંથી આગળ તેના ચાર પ્રકારે કાલ વિભાગને હું કહીશ.

૧૬૩૮. જલચરો પ્રવાહની અપેક્ષાથી અનાદિ અનંત છે, સ્થિતિની અપેક્ષાથી તે સાદિ સાંત છે.

૧૬૩૯. જલચરોની આયુસ્થિતિ ઉત્કૃષ્ટથી એક કરોડ પૂર્વની છે. જઘન્યથી અંતર્મુહૂર્તની છે.

૧૬૪૦. જલચરોની કાયસ્થિતિ ઉત્કૃષ્ટથી પૂર્વકોડી પૃથક્ત્વ છે અને જઘન્યથી અંતર્મુહૂર્તની છે.

૧૬૪૧. જલચરના શરીરને છોડીને ફરી જલચરના શરીરમાં ઉત્પન્ન થવાનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અનંતકાળ છે.

૧૬૪૨. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાથી જલચરોના હજારો ભેદો છે.

૧૬૪૩. સ્થલચર જીવોના બે ભેદ છે – ચતુષ્પદ અને પરિસર્પ. ચતુષ્પદના ચાર ભેદો છે, તેનું હું કીર્તન કરીશ, તે સાંભળો.

૧૬૪૪. એકખુર તે અશ્વ આદિ, દ્વિખુર તે બળદ આદિ, ગંડીપદ તે હાથી આદિ, સનખપદ તે સિંહ આદિ.

૧૬૪૫. પરિસર્પ બે પ્રકારના છે – ભૂજપરિસર્પ તે ગોધાદિ, ઉરઃપરિસર્પ તે સાપ આદિ. આ બંનેના અનેક પ્રકારો છે.

૧૬૪૬. તે લોકના એક ભાગમાં વ્યાપ્ત છે, સંપૂર્ણ લોકમાં નહીં. હવે આગળ હું ચાર પ્રકારના સ્થળચરનો કાળ વિભાગ કહીશ.

૧૬૪૭. પ્રવાહની અપેક્ષાથી સ્થળચર જીવો અનાદિ અનંત છે. સ્થિતિની અપેક્ષાથી સાદિ-સાંત છે.

૧૬૪૮. સ્થળચરની આયુસ્થિતિ ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે. જઘન્ય અંતર્મુહૂર્તની છે.

૧૬૪૯. ઉત્કૃષ્ટથી પૂર્વ કોટિ પૃથક્ત્વ અને સાધિક ત્રણ પલ્યોપમ, જઘન્યથી અંતર્મુહૂર્ત સ્થળચરોની કાયસ્થિતિ છે.

૧૬૫૦. સ્થળચરનું ફરી સ્થળચરમાં ઉત્પન્ન થવાનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનંતકાળ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનથી સ્થળચરના હજારો ભેદો છે..

૧૬૫૧. ખેચર જીવના ચાર પ્રકાર કહેલ છે – ચર્મ પક્ષી, રોમ પક્ષી, સમુદ્ગ પક્ષી અને વિતત પક્ષી.

૧૬૫૨. તે લોકના એક ભાગમાં વ્યાપ્ત છે, સંપૂર્ણ લોકમાં નહીં. હવે આગળ ચાર પ્રકારથી ખેચર જીવોના કાળ વિભાગને કહીશ.

૧૬૫૩. પ્રવાહની અપેક્ષાથી ખેચર જીવો અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાથી તે સાદિ-સાંત છે.

૧૬૫૪. ખેચર જીવોની આયુસ્થિતિ ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાત ભાગની છે, જઘન્યથી અંતર્મુહૂર્ત છે.

૧૬૫૫. ઉત્કૃષ્ટથી પૃથક્ત્વ કરોડ પૂર્વ અધિક પલ્યોપમનો અસંખ્યાત ભાગ, જઘન્યથી અંતર્મુહૂર્ત ખેચરોની કાયસ્થિતિ છે.

૧૬૫૬. ખેચર જીવોનું પુનઃ તેમાં ઉપજવાનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ છે.

૧૬૫૭. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાથી ખેચર જીવોના હજારો ભેદો કહેવાયેલા છે.

**સૂત્ર-૧૬૫૮ થી ૧૬૬૬**

૧૬૫૮. મનુષ્યોના બે ભેદો છે – સંમૂર્ચ્છિમ મનુષ્ય અને ગર્ભજ મનુષ્ય. હું તેનું વર્ણન કરું છું, તે કહીશ.

૧૬૫૯. ગર્ભવ્યુત્ક્રાંતિક – ગર્ભજ મનુષ્યના ત્રણ ભેદો છે – અકર્મભૂમિક, કર્મભૂમિક અને અંતર્દ્વીપક.

૧૬૬૦. કર્મભૂમિક મનુષ્યોના પંદર, અકર્મભૂમિક મનુષ્યોના ત્રીશ, અંતર્દ્વીપક મનુષ્યોના અઠ્ઠાવીશ ભેદો છે

૧૬૬૧. સંમૂર્ચ્છિમ મનુષ્યોના ભેદ પણ આ પ્રમાણે જ છે. તેઓ બધા લોકના એક ભાગમાં વ્યાપ્ત છે.

૧૬૬૨. ઉક્ત મનુષ્ય પ્રવાહની અપેક્ષાથી અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાથી સાદિ સાંત છે.

૧૬૬૩. મનુષ્યોની આયુસ્થિતિ ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ અને જઘન્યથી અંતર્મુહૂર્ત કહેલી છે.

૧૬૬૪. મનુષ્યોની કાયસ્થિતિ ઉત્કૃષ્ટથી પૃથક્ત્વ કરોડ પૂર્વ અધિક ત્રણ પલ્યોપમ અને જઘન્યથી અંતર્મુહૂર્ત છે

૧૬૬૫. મનુષ્યનું ફરી મનુષ્યમાં ઉત્પન્ન થવાનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ છે.

૧૬૬૬. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાથી મનુષ્યના હજારો ભેદ કહેલા છે.

## સૂત્ર-૧૬૬૭

દેવોના ચાર ભેદો કહેલા છે, તે આ પ્રમાણે – ૧. ભવનવાસી, ૨. વ્યંતર, ૩. જ્યોતિષ્ક, ૪. વૈમાનિક.

## સૂત્ર-૧૬૬૮

ભવનવાસીના દશ, વ્યંતર દેવોના આઠ, જ્યોતિષ્કના પાંચ અને વૈમાનિક દેવો બે ભેદે કહેલા છે.

## સૂત્ર-૧૬૬૯ થી ૧૬૭૯

૧૬૬૯. અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિક્કુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર એ દશ ભવનવાસી દેવો છે.

૧૬૭૦. પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ અને ગંધર્વ એ આઠ વ્યંતર દેવો છે.

૧૬૭૧. ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, ગ્રહ, તારા એ પાંચ જ્યોતિષ્ક દેવો છે. આ દેવો દિશાવિચારી છે – મેરુને પ્રદક્ષિણા કરે છે..

૧૬૭૨. વૈમાનિકોના બે ભેદો વર્ણવેલા છે – કલ્પોપગ અને કલ્પાતીત એ બે નામે તેઓને જાણવા.

૧૬૭૩. કલ્પોપગ દેવો બાર પ્રકારે કહેલા છે. તે આ પ્રમાણે – ૧. સૌધર્મ, ૨. ઈશાનક, ૩. સનત્કુમાર, ૪. માહેન્દ્ર, ૫. બ્રહ્મલોક, ૬. લાંતક – તથા – ૧૬૭૪. ૭. મહાશુક્ર, ૮. સહસ્રાર, ૯. આનત, ૧૦. પ્રાણત, ૧૧. આરણ અને ૧૨. અચ્યુત. આ કલ્પોપગ દેવ છે.

૧૬૭૫. કલ્પાતીત દેવોના બે ભેદો વર્ણવેલ છે. ૧. ગ્રૈવેયક અને ૨. અનુત્તર. તેમાં ગ્રૈવેયક દેવોના નવ પ્રકારો છે.

૧૬૭૬ થી ૧૬૭૮. ગ્રૈવેયક દેવોના નવ ભેદો આ પ્રમાણે છે – ૧. અધસ્તન – અધસ્તન, ૨. અધસ્તન – મધ્યમ, ૩. અધસ્તન – ઉપરિતન, ૪. મધ્યમ – અધસ્તન, ૫. મધ્યમ – મધ્યમ, ૬. મધ્યમ – ઉપરિતન, ૭. ઉપરિતન – અધસ્તન, ૮. ઉપરિતન મધ્યમ, ૯. ઉપરિતન – ઉપરિતન.

અનુત્તર દેવના પાંચ ભેદો છે – ૧. વિજય, ૨. વૈજયંત, ૩. જયંત, ૪. અપરાજિત અને ૫. સર્વાર્થસિદ્ધ.

૧૬૭૯. આ પ્રમાણે વૈમાનિક દેવો અનેક પ્રકારે છે.

## સૂત્ર-૧૬૮૦ થી ૧૭૦૮

૧૬૮૦. તે બધા દેવો લોકના એક ભાગમાં વ્યાપ્ત છે.

હવે આગળ હું ચાર પ્રકારે તેમના કાળ વિભાગનું કથન કરીશ.

૧૬૮૧. દેવો પ્રવાહની અપેક્ષાથી અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાથી સાદિ સાંત છે.

૧૬૮૨. ભવનવાસી દેવોની ઉત્કૃષ્ટ આયુ સ્થિતિ સાધિક એક સાગરોપમ છે, જઘન્ય આયુ ૧૦,૦૦૦ વર્ષ છે

૧૬૮૩. વ્યંતર દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ એક પલ્યોપમ અને જઘન્ય આયુ ૧૦,૦૦૦ વર્ષની છે.

૧૬૮૪. જ્યોતિષી દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમ અને જઘન્યાયુ પલ્યોપમનો આઠમો ભાગ છે.

૧૬૮૫. સૌધર્મ દેવોની આયુસ્થિતિ ઉત્કૃષ્ટથી બે સાગરોપમ અને જઘન્યથી એક પલ્યોપમ છે.

૧૬૮૬. ઈશાન દેવોની આયુસ્થિતિ ઉત્કૃષ્ટથી કંઈક અધિક બે સાગરોપમ, જઘન્ય કંઈક અધિક પલ્યોપમ છે

૧૬૮૭. સનત્કુમાર દેવોની આયુસ્થિતિ ઉત્કૃષ્ટથી સાત સાગરોપમ અને જઘન્યથી બે સાગરોપમ છે.

૧૬૮૮. માહેન્દ્રકુમાર દેવોની આયુસ્થિતિ ઉત્કૃષ્ટથી સાધિક સાત સાગરોપમ અને જઘન્યથી સાધિક બે સાગરોપમ છે.

૧૬૮૯. બ્રહ્મલોક દેવોની આયુસ્થિતિ ઉત્કૃષ્ટથી દશ સાગરોપમ અને જઘન્યથી સાત સાગરોપમ છે.

૧૬૯૦. લાંતક દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ચૌદ સાગરોપમ અને જઘન્યથી દશ સાગરોપમ છે.

૧૬૯૧. મહાશુક્ર દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ સત્તર સાગરોપમ અને જઘન્યથી ચૌદ સાગરોપમ છે.

૧૬૯૨. સહસ્રાર દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ અઢાર સાગરોપમ અને જઘન્યથી સત્તર સાગરોપમ છે.

૧૬૯૩. આનત દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ઓગણીસ સાગરોપમ અને જઘન્યથી અઢાર સાગરોપમ છે.

૧૬૯૪. પ્રાણત દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ વીસ સાગરોપમ છે અને જઘન્યથી ઓગણીસ સાગરોપમ છે.

૧૬૯૫. આરણ દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ એકવીસ સાગરોપમ છે અને જઘન્યથી વીસ સાગરોપમ છે.

૧૬૯૬. અચ્યુત દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ બાવીશ સાગરોપમ અને જઘન્યથી એકવીસ સાગરોપમ છે.

૧૬૯૭. પહેલા ગ્રૈવેયક દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ તેવીશ સાગરોપમ, જઘન્યથી બાવીશ સાગરોપમ છે.

૧૬૯૮. બીજી ગ્રૈવેયકના દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ચોવીશ સાગરોપમ, જઘન્યથી તેવીશ સાગરોપમ છે.

૧૬૯૯. ત્રીજી ગ્રૈવેયકના દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ પચીશ સાગરોપમ, જઘન્યથી ચોવીશ સાગરોપમ છે.

૧૭૦૦. ચોથા ગ્રૈવેયકના દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ છવ્વીશ સાગરોપમ, જઘન્યથી પચીશ સાગરોપમ છે.

૧૭૦૧. પાંચમા ગ્રૈવેયકના દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ સત્તાવીશ સાગરોપમ, જઘન્યછવ્વીશ સાગરોપમ છે

૧૭૦૨. છઠ્ઠા ગ્રૈવેયકના દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ અઠ્ઠાવીશ સાગરોપમ, જઘન્ય સત્તાવીશ સાગરોપમ છે

૧૭૦૩. સાતમા ગ્રૈવેયકના દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ઓગણત્રીશ સાગરોપમ અને જઘન્યથી અઠ્ઠાવીસ સાગરોપમ છે.

૧૭૦૪. આઠમા ગ્રૈવેયકન દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ત્રીશ સાગરોપમ, જઘન્ય ઓગણત્રીશ સાગરોપમ છે

૧૭૦૫. નવમા ગ્રૈવેયકના દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ એકત્રીશ સાગરોપમ, જઘન્યથી ત્રીશ સાગરોપમ છે.

૧૭૦૬. વિજય, વૈજયંત, જયંત અને અપરાજિતના દેવોની આયુસ્થિતિ ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ, જઘન્ય એકત્રીશ સાગરોપમ છે.

૧૭૦૭. મહાવિમાન સર્વાર્થ સિદ્ધના દેવોના અજઘન્યોત્કૃષ્ટ આયુસ્થિતિ તેત્રીશ સાગરોપમની છે.

૧૭૦૮. દેવોની જે આ આયુસ્થિતિ છે તે જ તેની અજઘન્યોત્કૃષ્ટ કાયસ્થિતિ છે.

### સૂત્ર–૧૭૦૯, ૧૭૧૦

દેવનું શરીર છોડીને ફરી દેવ શરીરમાં ઉત્પન્ન થવાનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ છે.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાનની અપેક્ષાથી દેવોના હજારો ભેદો પણ થાય છે.

સૂત્ર-૧૭૧૧

આ પ્રમાણે સંસારી અને સિદ્ધ જીવોનું વ્યાખ્યાન કર્યું.

રૂપી અને અરૂપીના ભેદથી બે પ્રકારે અજીવોનું વ્યાખ્યાન પણ કર્યું.

સૂત્ર-૧૭૧૨

આ જીવ, અજીવનું વ્યાખ્યાન સાંભળીને તેમાં શ્રદ્ધા કરી જ્ઞાન અને ક્રિયા આદિ બધા નયોથી અનુમત સંયમમાં મુનિ રમે.

સૂત્ર-૧૭૧૩

ત્યારપછી અનેક વર્ષો સુધી શ્રામણ્ય પાલન કરીને મુનિ આ અનુક્રમથી આત્માની સંલેખના કરે –

સૂત્ર-૧૭૧૪ થી ૧૭૧૮

૧૭૧૪. ઉત્કૃષ્ટ સંલેખના બાર વર્ષની હોય છે, મધ્યમ સંલેખના એક વર્ષની. જઘન્ય સંલેખના છ માસની હોય.

૧૭૧૫. પહેલાં ચાર વર્ષોમાં દૂધ આદિ વિગઈઓનો ત્યાગ કરે. બીજા ચાર વર્ષોમાં વિવિધ પ્રકારનો તપ કરે.

૧૭૧૬. પછી બે વર્ષ સુધી એકાંતર તપ કરે. ભોજનના દિવસે આયંબિલ કરે. પછી અગિયારમાં વર્ષે પહેલાં છ મહિના સુધી કોઈપણ અતિ વિકૃષ્ટ તપ ન કરે.

૧૭૧૭. પછીના છ માસ વિકૃષ્ટ તપ કરે. આ પૂરા વર્ષમાં પરિમિત આયંબિલ કરે.

૧૭૧૮. બારમાં વર્ષમાં નિરંતર આયંબિલ કરીને પછી મુનિ એક પક્ષ કે એક માસનું અનશન કરે.

સૂત્ર-૧૭૧૯ થી ૧૭૨૨

૧૭૧૯. કાંદર્પી, આભિયોગી, કિલ્બિષિકી, મોહી અને આસુરી ભાવના દુર્ગતિ દેનારી છે. એ મૃત્યુ સમયે સંયમ વિરાધિકા થાય છે.

૧૭૨૦. જે મરતી વેળાએ મિથ્યાદર્શનમાં અનુરક્ત છે, નિદાન વડે યુક્ત છે, હિંસક અને તેમને બોધિ ઘણી દુર્લભ છે.

૧૭૨૧. જે સમ્યગ્‌દર્શનમાં અનુરક્ત છે, નિયાણા રહિત છે, શુક્લ લેશ્યામાં અવગાઢ છે, તેમને બોધિ સુલભ છે.

૧૭૨૨. જે મરતી વેળાએ મિથ્યાદર્શનમાં અનુરક્ત છે, નિયાણાયુક્ત છે, કૃષ્ણ લેશ્યાવગાઢ છે, તેમને બોધિ ઘણી દુર્લભ છે.

સૂત્ર-૧૭૨૩, ૧૭૨૪

જે જિનવચનમાં અનુરક્ત છે, જિનવચનોનું ભાવપૂર્વક આચરણ કરે છે, તેઓ નિર્મળ અને રાગાદિથી અસંક્લિષ્ટ થઈને પરિમિત સંસારી થાય છે.

જે જીવ જિનવચનથી અપરિચિત છે, તે બિચારા અનેક વખત બાલમરણ તથા અકાળ મરણથી મરે છે.

સૂત્ર-૧૭૨૫

જે ઘણા આગમોના વિજ્ઞાતા છે, આલોચના કરનારને સમાધિ ઉત્પન્ન કરનારા છે, ગુણગ્રાહી હોય છે, તેઓ આ કારણોથી આલોચનાને સાંભળવામાં સમર્થ થાય છે – હોય છે.

સૂત્ર-૧૭૨૬ થી ૧૭૩૦

૧૭૨૬. જે કંદર્પ અને કૌત્કુચ્ય કરે છે, તથા શીલ, સ્વભાવ, હાસ્ય અને વિકથા વડે બીજાને હસાવે છે, તે કાંદર્પી ભાવનાનું આચરણ કરે છે, તેમ જાણવું.

૧૭૨૭. જે સુખ, ઘૃનાદિ રસ અને સમૃદ્ધિને માટે મંત્ર, યોગ અને ભૂમિકર્મનો પ્રયોગ કરે છે, તે અભિયોગી ભાવનાનું આચરણ કરે છે, તેમ જાણવુ.

૧૭૨૮. જે જ્ઞાનની, કેવલીની, ધર્માચાર્યની, સંઘની તથા સાધુની નિંદા–અવર્ણવાદ કરે છે, તે માયાવી કિલ્બિષિકી ભાવનાનું આચરણ કરે છે, તેમ જાણવુ.

૧૭૨૯. જે નિરંતર ક્રોધને વધારતો રહે છે અને નિમિત્ત વિદ્યાનો પ્રયોગ કરે છે, તે આસુરી ભાવનાનું આચરણ કરે છે.

૧૭૩૦. જે શસ્ત્રથી વિષભક્ષણથી અથવા અગ્નિમાં બળીને અથવા પાણીમાં ડૂબીને આત્મહત્યા કરે છે, જે સાધુ આચારથી વિરુદ્ધ ભાંડ–ઉપકરણ રાખે છે, તે અનેક જન્મો–મરણોનું બંધન કરે છે.

સૂત્ર–૧૭૩૧

આ પ્રમાણે ભવ્ય જીવોને અભિપ્રેત છત્રીશ ઉત્તરાધ્યયનો અથવા ઉત્તમ અધ્યાયોને પ્રગટ કરીને બુદ્ધ, જ્ઞાત વંશીય ભગવન મહાવીર નિર્વાણને પામ્યા – તેમ હું કહું છું.

મુનિ દીપરત્નસાગરે કરેલ અધ્યયન-૩૬ નો અનુવાદ પૂર્ણ

મુનિ દીપરત્નસાગરે કરેલ
ઉત્તરાધ્યયનસૂત્ર સટીક અનુવાદ પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति-**1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति-**2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [४] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [५] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम-मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम-सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र-गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:- 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:- મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે-ટચ
Post: - ઠેબા, Dis:-જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૪૩

# ઉત્તરાધ્યયન

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

'વેબ સાઈટ:– (1) **www.jainelibrary.org** **(2) deepratnasagar.in**

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ **09825967397**